ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-09

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૨

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)

(મુખ્ય વિષય)

વિભાગ

# 1

## રાષ્ટ્રવાદ : આંતરયુદ્ધનાં વર્ષો - 2
## (Nationalism : The Inter War Years-II)


એકમ 23

સ્વાતંત્ર્યની લડત અને રાષ્ટ્રીય સાહિત્ય
(Freedom Movement and Nationalist Literature) 7

એકમ 24

ક્રાંતિકારી અને ત્રાસવાદી ચળવળ : ભગતસિંહ અને ચિત્તાગોંગ શસ્ત્રાગાર પર હુમલો
(Revolutionary and Terrorist Movement : Bhagat Singh and Chittagong Armoury Raid) 22

એકમ 25

સવિનય કાનૂન ભંગની લડત (1930-1934)
(Civil Disobedience Movement– 1930-1934) 35

એકમ 26

હિંદી રાષ્ટ્રીય મહાસભા – સમાજવાદી વિચારો : નેહરુ અને બોઝની ભૂમિકા
(Indian National Congress – Socialist Ideas : Role of Nehru and Bose) 51

એકમ 27

ભારતમાં ડાબેરી પક્ષોનો ઉદય : ભારતીય સામ્યવાદી પક્ષ અને કૉંગ્રેસ સમાજવાદી પક્ષ (Growth of Left : Communist Party of India and Congress Socialist Party) 64

એકમ 28

મજૂર સંગઠન અને ખેડૂત ચળવળનો વિકાસ : (1920-1930)
(Growth of Trade Union and Peasant Movement : 1920-1930) 81

## Expert Committee

Prof. Ravinder Kumar (*Chairman*)
Director
Nehru Memorial Museum and Library
New Delhi

Prof. S. Gopal
Nehru Memorial Fund
New Delhi

Prof. Satish Chandra (C.H.S.)
Prof. Romila Thapar (C.H.S.)
Dr. Muzaffar Alam (C.H.S.)
Jawaharlal Nehru University
New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P.L. Mehra
Dr. R.I. Malhotra
Department of History
Panjab University
Chandigarh

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor (*Academic*)

Prof. Bakshish Singh (*Convenor*)
IGNOU
New Delhi

## Course Preparation Team

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Bipan Chandra (C.H.S.)
Jawaharlal Nehru University
New Delhi

Dr. Tanika Sarkar
St. Stephen's College
Delhi University
Delhi

Prof. Amit K. Gupta
Nehru Memorial Museum and Library
New Delhi

Dr. Atul Chandra Pradhan
History Department
Utkal University
Bhuwaneswar

Prof. Sunil Kumar Sen
Department of History
Rabindra Bharti University
Calcutta

Prof. V.N. Datta (*Course Editor*)
Department of History
Kurukshetra University
Kurukshetra

Prof. S. Bhattacharya (*Consultant*)
(C.H.S.)
Jawaharlal Nehru University
New Delhi

Prof. O.P. Grewal (*Language Editor*)
Department of English
Kurukshetra University
Kurukshetra

**Faculty Members: Indira Gandhi National Open University**

Dr. Kapil Kumar
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi

Prof. B.N. Koul (*Format Editor*)
Director
Division of Distance Education

Ms. Anju Sahgal (*Language Editor*)

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

September, 1991 (Reprint)

© *Indira Gandhi National Open University, 1989.*

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સુધા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, હ. કા. વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |


**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481



© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 1 રાષ્ટ્રવાદ : આંતરયુદ્ધનાં વર્ષો-2 (Nationalism : The Inter War Years-II)

આ ખંડમાં આ સદીના બીજા (1920-29) તથા ત્રીજા (1930-37) દાયકાના ગાળામાં થયેલ હિંદી રાષ્ટ્રીય લડતનાં જુદાં જુદાં પાસાંઓથી તમને પરિચિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

એકમ 23માં સ્વાતંત્ર્યની લડત પર સાહિત્યની થયેલી અસરોની ચર્ચા કરવામાં આવી છે. સાહિત્યે માત્ર પ્રચલિત સામાજિક અનિષ્ટો પ્રત્યે જ નહિ પરંતુ સાથોસાથ રાષ્ટ્રીય સ્વાધીનતા પ્રત્યે પણ સમાજમાં જાગૃતિની ભાવના લાવવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો. રાષ્ટ્રીય લડતમાં ભજવેલ ભાગની બધી જ ભાષાઓનાં સાહિત્યનું વિવરણ કરવાનું અત્રે શક્ય નથી. સગવડતા ખાતર માત્ર ત્રણ ભાષાઓમાં સાહિત્યે ભજવેલ ભાગનું અત્રે વર્ણન કરવામાં આવ્યું છે.

એકમ 24માં બીજા દાયકામાં થયેલી ક્રાંતિકારી અને ત્રાસવાદી ચળવળનું વિવેચન કરવામાં આવ્યું છે. અત્રે ક્રાંતિકારી સંગઠનોના હેતુઓ તથા તેમની વિચારસરણી અને તેમાં થયેલ રૂપાન્તરનું વિવરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ એકમમાં ક્રાંતિકારી સંગઠનોનાં ઉદ્ભવ તથા સ્વરૂપની નોંધ લેવામાં આવી છે અને ક્રાંતિકારી ત્રાસવાદી ચળવળના પતન માટેના જવાબદાર પરિબળોની પણ ચર્ચા કરવામાં આવી છે.

કૉંગ્રેસે 1930માં બીજી લોકલડત શરૂ કરી. એકમ 25માં સવિનય કાનૂનભંગની લડતનાં કારણોનું વિવરણ કરવામાં આવ્યું છે. લડતને જુદા જુદા વર્ગો તથા જુદા જુદા પ્રદેશો તરફથી મળેલ પ્રતિભાવની આ એકમમાં નોંધ લેવામાં આવી છે. આ એકમમાં ગાંધી-ઈર્વિન કરાર, લડતની મોકૂફી તથા લડતના બીજા તબક્કાનું વિવરણ કરવામાં આવ્યું છે.

કૉંગ્રેસમાં સમાજવાદી વિચારસરણીનો ઉદય થયો, આ વિચારસરણી કૉંગ્રેસની બહાર તથા અંદર ફેલાવવામાં જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝે શી ભૂમિકા ભજવી તેનો તમોને પરિચય કરાવવાનો પ્રયત્ન એકમ 26માં કરવામાં આવ્યો છે.

એકમ 27માં ભારતમાં સામ્યવાદી પક્ષની સ્થાપના તથા તેના વિકાસની ચર્ચા કરવામાં આવી છે. આ એકમમાં સામ્યવાદી ચળવળની મર્યાદાઓ અને તેણે મજૂરો તથા ખેડૂતોનાં આંદોલનો પર પાડેલી અસરોનું વિવરણ કરવામાં આવ્યું છે. આ એકમમાં કૉંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના, તેના કાર્યક્રમ અને તેની રાષ્ટ્રીય રાજકારણ પરની અસરોનું પણ વિવેચન કરવામાં આવ્યું છે.

આ બીજા (1920-29) તથા ત્રીજા (1930-39) દાયકામાં સ્થપાયેલા મજૂર સંઘો તેમ જ થયેલ ખેડૂત આંદોલનોનું એકમ 28માં વિવરણ કરવામાં આવ્યું છે. તેમાં મજૂરો તથા ખેડૂતોની સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી છે. અહીં મજૂરો તેમ જ ખેડૂત સંસ્થાઓની સ્થાપના અને તેમણે કરેલી ચળવળોની સમીક્ષા કરવામાં આવી છે.

# એકમ 23 સ્વાતંત્ર્યની લડત અને રાષ્ટ્રીય સાહિત્ય (Freedom Movement and Nationalist Literature)

**રૂપરેખા**


23.0 ઉદ્દેશો
23.1 પ્રસ્તાવના
23.2 19મી સદીમાં સાહિત્ય
 23.2.1 બંગાળી
 23.2.2 ગુજરાતી
 23.2.3 હિંદી
23.3 20મી સદીનું સાહિત્ય
23.4 સારાંશ
23.5 ચાવીરૂપ શબ્દો
23.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 23.0 ઉદ્દેશો

રાજકીય પ્રવૃત્તિઓ અને ચળવળો મારફત દેશભરમાં થયેલા રાષ્ટ્રીય વિચારોના ફેલાવા અંગેની માહિતી તમને આ પહેલાંના ખંડોના અભ્યાસથી મળી. આ પ્રક્રિયામાં રાષ્ટ્રીય સાહિત્યે આપેલાં પ્રદાનની વિગત આ એકમાંથી તમે જાણી શકશો. આ એકમની વિગતો જાણ્યા બાદ તમે :

- દેશની વિવિધ ભાષાઓમાં આગળ પડતા લેખકોએ આપેલાં સાહિત્યિક પ્રદાનથી પરિચિત થશો.
- આ સાહિત્યિક કૃતિઓમાંની રાજકીય હકીકતથી વાકેફ થશો. અને
- રાજકીય હકીકતની વિશિષ્ટતાઓ સમજી શકશો.

## 23.1 પ્રસ્તાવના

ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સાહિત્યે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. 19મી સદીના પ્રારંભે રાષ્ટ્રીય વિચારોના ઉદય તેમ જ દેશની વિવિધ ભાષાઓના સાહિત્યે આધુનિક સ્વરૂપ ધારણ કર્યાની સાથે વધારે અને વધારે સ્વાતંત્ર્યની લડત અને રાષ્ટ્રીય સાહિત્ય લેખકોએ દેશભક્તિના હેતુસર સાહિત્યનો ઉપયોગ કર્યો. તેઓ પરાધીન દેશના વતની હોવાથી તેમના સમાજનું બધી રીતે પુનરુત્થાન થાય તથા તેનાથી રાષ્ટ્રીય સ્વાધીનતાનો માર્ગ મોકળો થાય તેવું સાહિત્ય સર્જવાની તેમની ફરજ હતી તેવું આમાંના મોટા ભાગના લેખકો માનતા હતા. જ્યારે કોઈ પણ રાજકીય સંસ્થા કે ચળવળે હજી અંગ્રેજોના શાસનથી મુક્ત થવાનો કાર્યક્રમ અપનાવ્યો ન હતો અને હિંદી રાષ્ટ્રીય મહાસભા માત્ર બંધારણીય ઝુંબેશ ચલાવતી હતી, ત્યારે પણ સાહિત્યમાં ગુલામીની પ્રતીતિ તથા સ્વાધીનતાની જરૂરિયાત વિશેના વિચારો સ્પષ્ટપણે વ્યક્ત કરવામાં આવ્યા હતા. સમય જતાં સ્વાતંત્ર્ય-સંગ્રામે ઘણાને આકર્ષ્યા અને સ્વાધીનતા માટેની માગણી પ્રબળ બની, ત્યારે સાહિત્યે લોકોની વધતી જતી રાષ્ટ્રીય ભાવનાને બળવત્તર બનાવી; પણ સાહિત્યે કંઈક વિશેષ પણ કર્યું. તેણે દેશની સ્વતંત્રતા માટે બધા પ્રકારનાં બલિદાન આપવાની લોકોને પ્રેરણા આપી, એટલું જ નહિ, પરંતુ રાષ્ટ્રીય લડત અને નેતાઓની નબળાઈઓને પણ સ્પષ્ટ કરી. આ બંને પાસાંઓનું આલેખન હવે પછીના વિભાગોમાં કરવામાં આવ્યું છે.

## 23.2 19મી સદીમાં સાહિત્ય (Literature in the 19th Century)

દેશની બધી જ મુખ્ય ભાષાઓમાં સાહિત્યનો નિર્દેશ કરવાનું અત્રે શક્ય નથી. સગવડતા ખાતર ત્રણ ભાષાઓ – હિંદી, ગુજરાતી અને બંગાળી ભાષામાં લખાયેલાં સાહિત્ય પૂરતું આલેખન આપણે મર્યાદિત રાખીશું. ત્રણે ભાષાઓનાં સાહિત્યમાં એકસરખી લાગણીઓ અને વિચારસરણી વ્યક્ત થયેલી છે એ આપણે જાણી શકીશું. દેશની બધી ભાષાઓનાં સાહિત્યમાં નોંધપાત્ર રીતે આ પ્રકારની એકસરખી લાગણી વ્યક્ત થતી જોવા મળે છે; એટલે કે સમસ્ત દેશમાં સ્વાધીનતાની લડત સંબંધે લાગણીઓ અને વિચારોની એકરૂપતા દેખાય છે.

ખાસ કરીને 19મી સદીના ઉત્તરાર્ધમાં દેશના જુદા જુદા પ્રદેશોમાં આધુનિક ઢબે રાષ્ટ્રીય જાગૃતિ તથા રાજકીય સંસ્થાઓનો ઉદય થયો. 1885માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની થયેલી સ્થાપના એ રાષ્ટ્રીય જાગૃતિનું ચરમબિંદુ હતું. આ સમયગાળામાં સર્જાયેલાં સાહિત્ય પર રાષ્ટ્રીય જાગૃતિની અસર થઈ, એટલું જ નહિ, પરંતુ તેણે પણ રાષ્ટ્રીય જાગૃતિનાં સ્વરૂપ અને આદર્શ પર અસર કરી.

### 23.2.1 બંગાળી (Bengali)

શરૂઆતના આધુનિક હિંદના સાહિત્યના ઇતિહાસમાં બે ઉદાત્ત વ્યક્તિઓ - બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (1838-94) અને ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (1855 - 1907) ખાસ નોંધપાત્ર છે. તેઓ બંને નવલકથાકાર હોવા ઉપરાંત તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા અને તેમણે પોતાના સમાજ તથા દેશની સમસ્યાઓને સમજવાનું પોતાનું ધ્યેય રાખ્યું હતું. તેઓની નવલકથાઓ દેશવાસીઓને સ્વદેશાભિમાનની પ્રેરણા આપતી હતી.



ચિત્ર-1 બંકિમચંદ્ર

વિશેષતઃ બંકિમચંદ્રે નિબંધો લખ્યા અને તે નિબંધો દેશની દુઃખદ પરિસ્થિતિનાં કારણો વિશે વાંચકોને વિચાર કરવાની ફરજ પાડતા હતા. બંકિમચંદ્રે પોતાના દેશવાસીઓને પ્રેરણા તેમ જ તાલીમ આપવા "બંગદર્શન" નામે સામયિક પણ પ્રસિદ્ધ કરેલું. બંકિમચંદ્ર ઘણી વખત રમૂજી તથા કટાક્ષમય શૈલીમાં નિબંધો લખતા અને તેના વાંચકોને મનોરંજન પૂરું પાડતા એટલું જ નહિ, પરંતુ તેમને વિચાર કરવાની ફરજ પણ પાડતા. નવલકથાઓમાં મનોરંજન અને તાલીમનું સાયુજ્ય વધારે અસરકારક બનતું.

જોકે બંકિમચંદ્રે સામાજિક નવલકથાઓ લખી, તોપણ તેણે પોતાની ઐતિહાસિક અદ્‌ભુત નવલકથાઓ મારફત સ્વદેશાભિમાનનો સંદેશો વિશેષ પ્રમાણમાં આપ્યો. તેમણે ઐતિહાસિક તથા કાલ્પનિક પાત્રો સર્જ્યાં. આ પાત્રો અન્યાય, ત્રાસ તથા પરાધીનતા સામેની લડતમાં કોઈ પણ પ્રકારનું બલિદાન - પોતાના જીવનનું પણ બલિદાન આપવા તૈયાર હતાં. 'આનંદમઠ' (1882)માં ઐતિહાસિક તથા કાલ્પનિક પાત્રોનું જોડાણ ખૂબ જ અસરકારક રહ્યું.

'આનંદમઠ'ના વિખ્યાત ગીત "વંદે માતરમ્"થી દેશભક્તો તથા ક્રાંતિકારીઓની પેઢીઓને તેમના જીવનધ્યેયની પ્રેરણા આપી.

આમ છતાં બંકિમચંદ્રના રાષ્ટ્રવાદના ખ્યાલમાં હિંદુઓ તરફી એક પ્રકારનો વિશેષભાવ હતો. આનંદમઠમાં મુસ્લિમ જુલમગારો સામેની લડાઈનો નિર્દેશ છે, જેથી તેમાં મુસ્લિમો પ્રત્યે વિરોધી લાગણી દર્શાવી હોવાનો ભાસ થયો. બંકિમચંદ્રના રાષ્ટ્રવાદ વિશેના આવા ખ્યાલ પરત્વે વિધાનોમાં ઘણી વિવાદાસ્પદ ચર્ચાઓ થઈ. તેની વિગતોમાં ઊતરવાની જરૂર નથી. આ સંબંધે હિંદુ તરફી આવો વિશેષભાવ માત્ર બંકિમચંદ્ર પૂરતો જ મર્યાદિત ન હતો એ નોંધવું અગત્યનું છે. વળી, આપણા ગ્રંથો જેને પુનરુત્થાનવાદીઓ કે ધાર્મિક રાષ્ટ્રવાદીઓ તરીકે વર્ણવે છે તેવા દેશભક્તો અથવા રાષ્ટ્રવાદીઓ પૂરતાં પણ આવો વિશેષભાવ મર્યાદિત નથી. એકબીજાથી વિરોધી વલણ ધરાવતા રાષ્ટ્રવાદીઓમાં પણ આ વિશેષભાવ દેખાય છે. 19મી સદીના ઉત્તરાર્ધમાં હિંદી રાષ્ટ્રવાદની જે ઉચ્ચ વિચારસરણી ઉદ્ભવી તેનો આ વિશેષભાવ એક ભાગ નથી એ પણ નોંધવું ઘટે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે મુસ્લિમ તરફી પૂર્વગ્રહ અવારનવાર ખુલ્લો પડ્યો ત્યારે તે રાષ્ટ્રીય વિચારસરણીના એક ભાગ તરીકે રજૂ થયો ન હતો.

આ બાબતમાં આર. સી. દત્ત (1848-1909) સૌથી ખાતરીલાયક દૃષ્ટાંત કહેવાય. અંગ્રેજોના શાસન હેઠળ દેશના થયેલા આર્થિક શોષણનું સ્પષ્ટ નિરૂપણ કરનાર અને આર્થિક રાષ્ટ્રવાદની અભિવ્યક્તિના અગ્રણી તરીકે ખ્યાતિ પામેલ દત્ત પોતાના વિચારો, ટેવો અને પોશાકમાં સંપૂર્ણ રીતે પાશ્ચાત્ય ઢબના હતા. વાસ્તવમાં, અંગ્રેજો એ પોતાને હસ્તક કરેલ હિંદી સનદી સેવાના દત્ત સભ્ય હોવાથી તેમને માટે આ સ્વાભાવિક હતું. પરંતુ દત્ત પાશ્ચાત્ય ઢબની વિચારસરણી ધરાવતા હોવા છતાં સંપૂર્ણ રીતે હિંદુ હતા અને હિંદુ પ્રણાલિકા અને સંસ્કૃતિ પ્રત્યે માન ધરાવતા હતા. તેમના આ વ્યક્તિત્વના આવિષ્કારરૂપ તેમણે 'ધી ઇકોનોમિક હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા' (The Economic History of India) અને 'હિસ્ટ્રી ઓફ સિવિલીઝેશન ઇન એન્સિયન્ટ ઇન્ડિયા' (History of Civilisation in Ancient India) લખ્યાં તથા ઋગ્વેદ, રામાયણ અને મહાભારતનાં ભાષાન્તર કર્યાં. તેથી તેઓ સાહિત્યિક દેશભક્તિથી આમ કરવા પ્રેરાયા હતા. ઐતિહાસિક અદ્ભુત કથાઓને લગતી તેમની પ્રથમ ચાર નવલકથાઓના લેખનમાં પણ દત્ત આ જ પ્રકારની સાહિત્યિક દેશભક્તિથી પ્રભાવિત થયેલા હતા.

દત્તનાં સાહિત્યિક લખાણોએ હિંદના રાષ્ટ્રવાદના વિકાસમાં ભજવેલો ભાગ વર્તમાન સમયમાં ભુલાઈ ગયો છે તોપણ તેમના જીવનકાળ દરમિયાન અને ત્યાર બાદ થોડો વખત સુધી તેમનાં આર્થિક લખાણોની માફક તેમની ઐતિહાસિક નવલકથાઓએ પણ બંગાળના તથા હિંદના અન્ય પ્રદેશોના લોકોને દેશભક્તિની પ્રેરણા આપી હતી. આમ, દત્તનો આર્થિક રાષ્ટ્રવાદ ભારતીય સંસ્કૃતિનો પૂરક કહેવાય. વાસ્તવમાં, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને આર્થિક રાષ્ટ્રવાદ વચ્ચેનો તફાવત કૃત્રિમ અને આપખુદ છે. વિશ્વના અન્ય પ્રદેશોના રાષ્ટ્રવાદની માફક હિંદી રાષ્ટ્રવાદ પણ સંપૂર્ણ હતો અને તેણે લોકો પર બધા સ્તરે પ્રભાવ પાડ્યો હતો. તેણે લોકોનાં આદર્શવાદ તથા ભૌતિક હિતો પર પણ અસર પાડી હતી. એક જ સમાજનાં અંગો તરીકે લોકો પર તેણે જુદાં જુદાં ક્ષેત્રોમાં પ્રભાવ પાડ્યો હતો. હિંદી રાષ્ટ્રવાદે માનવજીવનનાં વિવિધ પાસાંઓ જેવાં કે ધંધાદારી કે આર્થિક, જ્ઞાતિવિષયક, ધાર્મિક કે સાંપ્રદાયિક, ભાષાકીય કે પ્રાદેશિક, પુરુષ કે સ્ત્રી વગેરે પરત્વે ઘેરી અસર કરી હતી.

દત્તની ઐતિહાસિક નવલકથાઓમાં મુસ્લિમ વિરોધી વલણ વ્યક્ત થયેલાં છે. હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેના ભૂતકાલીન સંઘર્ષને યાદ કરતો રાષ્ટ્રવાદનો ખ્યાલ રાજકીય ભયસ્થાનો યુક્ત છે તેવી દત્તને ક્રમશઃ પ્રતીતિ થઈ. આથી તેમણે આ પ્રકારની ઐતિહાસિક નવલકથાઓ લખવાનું બંધ કર્યું અને સામાજિક નવલકથાઓ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. આમ છતાં, આવી ખાતરી થયા પછી પણ જ્યારે દત્તે "સમાજ" (1893) નામે પોતાની સામાજિક નવલકથામાં પ્રાચીન ભૂતકાળને આદર્શ સ્વરૂપે રજૂ કર્યો ત્યારે પણ તેના હિંદી રાષ્ટ્રવાદના ખ્યાલમાં હિંદુઓને પ્રાધાન્ય અપાયેલું એ નોંધવું જરૂરી છે. પરંતુ, તેવો તેનો અર્થ થતો નથી કે દત્ત કોમવાદી હતા.

19મી સદીના ઉત્તરાર્ધના સાંસ્થાનિક હિંદના સંજોગો તથા અન્ય રાજકીય-આર્થિક પરિબળોને લક્ષ્યમાં લેતાં દત્તનો રાષ્ટ્રવાદનો ખ્યાલ પરસ્પર વિરોધી વલણો તરફ દોરી જાય તેમ હતો. મહાન સર્જક લેખકોનું પણ માત્ર વ્યક્તિગત લેખકો તરીકે મૂલ્યાંકન કરવું જોઈએ નહિ તેવો તેનો અર્થ થયો. તેમને તેમનાં સમયના પ્રવાહો અને વલણોને વ્યક્ત કરતા પ્રતિનિધિ લેખકો તરીકે મૂલવવા જોઈએ. આથી જ બંકિમચંદ્ર અને આર. સી. દત્ત જેવા સિદ્ધહસ્ત લેખકો બીજી બાબતોમાં ભિન્ન મંતવ્યો ધરાવતા હતા, તોપણ ઉપર્યુક્ત બાબતમાં તેમના વિચારો સમાન હતા.

આપણે હિંદી રાષ્ટ્રવાદના આ પાસાંની વિગતથી ચર્ચા કરી, કારણ કે સમકાલીન સાહિત્યના સંદર્ભમાં તેના આવા ખ્યાલને સમજવાનું આપણા માટે સરળ બને છે. જે આધુનિક રાષ્ટ્રવાદના પ્રમાણભૂત સાહિત્યમાં કરાયેલા વિભાગો - બિન-સાંપ્રદાયિક અને કોમવાદી (પાંથિક) આર્થિક તથા સાંસ્કૃતિક અને વિનમ્ર તથા ઉગ્ર સાથે બંધબેસતું નથી એવું રાષ્ટ્રવાદનું આ પાસું હતું. હિંદી રાષ્ટ્રવાદના એ પ્રણાલિકાગત ખ્યાલને બદલવાનું તથા તેને મુશ્કેલ છતાંયે સંકલિત સ્વરૂપે મૂલવવાનું અનિવાર્ય છે.

### 23.2.2 ગુજરાતી (Gujarati)

આધુનિક ગુજરાતી સાહિત્યના એક ઘડવૈયા અને આશરે ચૌદ વર્ષ (1887-1901)ના સમય દરમિયાન ચાર ભાગમાં વિખ્યાત નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠીની આ બાબતમાં જાણકારી મેળવવી અનિવાર્ય છે. ગદ્યમાં મહાકાવ્ય તરીકે રચાયેલ અને દેશના ભાવિ વિશે ગુજરાતના વાચક વર્ગને પ્રેરણા અને શિક્ષા આપવાના હેતુથી લખાયેલી નવલકથા 'સરસ્વતીચંદ્ર' પરાધીન હિંદની અનેકવિધ સમસ્યાઓનો નિર્દેશ કરે છે તથા આ બાબતમાં દેશદાઝવાળા હિંદીઓએ શાં પગલાં લેવાં જોઈએ તેનું સૂચન કરે છે. દેશની પરાધીનતા પ્રત્યે તે દુઃખ વ્યક્ત કરે છે. સાથોસાથ બીજી પ્રજાઓના રાજ્ય કરતાં હિંદ પરના અંગ્રેજોના રાજ્યને તે આવકારે છે, કારણ કે તેને આશા છે બ્રિટનની ન્યાયી બુદ્ધિ તથા લોકશાહી પ્રણાલિકાથી તે દેશને રાષ્ટ્રભક્તિ તરફ દોરી જશે. જોકે ગોવર્ધનરામે બ્રિટનની ન્યાયબુદ્ધિમાં વિશ્વાસ મૂક્યો તોપણ તેમના જણાવ્યા પ્રમાણે હિંદીઓ પોતાનાં હિતો પ્રત્યે બેદરકાર રહેશે તો અંગ્રેજ સરકાર પણ હિંદીઓનાં હિતો પ્રત્યે બેકાળજી દાખવશે.

જોકે અંગ્રેજ સરકારમાં આ રીતે વિશ્વાસ વ્યક્ત કરવો તે વર્તમાન સમયના હિંદીઓને જરા વિચિત્ર લાગે છે. આમ છતાં સાંસ્થાનિક સંબંધો પ્રત્યેના હિંદુઓના વલણનો આ વિશ્વાસ એક અનિવાર્ય ભાગ હતો. ઈશ્વરની ઇચ્છા અનુસાર દેશને અંગ્રેજોના શાસન હેઠળ મૂકવામાં આવ્યું હતું એવી દલીલ કરવામાં આવી હતી. વાસ્તવમાં અંગ્રેજ શાસકોએ વિશેષતઃ અંગ્રેજી શિક્ષણ મારફત આધુનિક હિંદનું જે રીતે ઘડતર કર્યું તે લક્ષ્યમાં લેતાં આ વિચાર સાથે આપણામાંના ઘણા ખરા સંમત થશે. દેશમાં રાષ્ટ્રવાદનો ઉગમ પણ પાશ્ચાત્ય અસરોને પરિણામે થયો હોવાનું મનાય એ વિચિત્ર છે. આ વાસ્તવિકતાને કારણે શરૂઆતના હિંદી રાષ્ટ્રવાદીઓ બ્રિટનની શોષણખોર નીતિ વિશે સજાગ હોવા છતાંય અંગ્રેજોના શાસનને આવકારતા હતા તે સમજવાનું મુશ્કેલ નથી.


આથી 19મી સદીના ઉત્તરાર્ધમાં દેશના સાહિત્યમાં અંગ્રેજોના શાસન પ્રત્યે વ્યક્ત થયેલા આવા બેવડા વલણની ચર્ચા કરવી અનિવાર્ય છે.

વિષ્ણુ કૃષ્ણ ચિપ્લુણકરે (1850-'82) એ પરત્વે કરેલા સૂચક વિધાનથી ચર્ચાની શરૂઆત કરીએ. અંગ્રેજોના શાસનની વિવેચનાત્મક ટીકા કરતા તેણે પોતાના પુસ્તક "નિબંધમાળા"માં અંગ્રેજી શિક્ષણ પામેલા હિંદીઓ પર - અંગ્રેજોના શાસનની કેવી અસર થયેલી હતી તે વિશે લખ્યું છે — 'અંગ્રેજી કવિતા નીચે કચડાયેલી આપણી સ્વાધીનતાનો નાશ થયેલો છે.' આ ટીકામાં અંગ્રેજી કવિતાનો અર્થ અંગ્રેજી શિક્ષણ, તેમ જ અન્ય બુદ્ધિજીવી અસરો જેનાથી હિંદીઓને એમ લાગે કે અંગ્રેજોનું શાસન ઈશ્વરી ઇચ્છાના પરિણામ સ્વરૂપ તેમના કલ્યાણ માટે છે. હિંદ પર અંગ્રેજોનું આધિપત્યનું આ અદશ્ય છતાંય દઢ પાસું સમજવાની સૂઝ ચિપ્લુણકર ધરાવતા હતા. ચિપ્લુણકરની આ બાબતની સમજ છતાંયે તેણે અંગ્રેજોના શાસનને દૈવી ઇચ્છાના ફળ સ્વરૂપ કહેતા અંગ્રેજોના તથા સાંસ્થાનિક સંબંધથી ભારતને થયેલા ફાયદાઓનું વર્ણન કરતા તેવું હિંદ પરનું અંગ્રેજોનું આધિપત્ય એટલું પ્રબળ હતું. જે નિબંધમાં તેમણે અંગ્રેજી કવિતા મારફત હિંદની સ્વાધીનતાના થયેલા નાશનો ઉલ્લેખ કરેલો હતો તેમાં જ તેમણે ઉપર્યુક્ત વિધાન કરેલું એ સૂચક છે.

ચિપ્લુણકરે આવું વિધાન સો કરતાં પણ વધારે વર્ષો (1850-82) પહેલાં કરેલું તે લક્ષ્યમાં લેતાં વર્તમાન સંદર્ભમાં તે બંધબેસતું નથી, કારણ કે હાલમાં આપણે આપણા 48માં વર્ષના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી રહ્યા છીએ. આ વિધાનનો 19મી સદીના રાષ્ટ્રવાદીઓનું અંગ્રેજોના શાસન પ્રત્યેનું પરસ્પર વિરોધી અને બેવડું વલણ દર્શાવવાના હેતુથી કરવામાં આવ્યું છે.

### 23.2.3 હિંદી (Hindi)

હવે આપણે હિંદી સાહિત્યની ચર્ચા કરીશું. આ સંબંધે હિંદી સાહિત્યનો આધુનિક તબક્કો શરૂ કરનાર ભારતેન્દુ હરિશ્ચન્દ્ર (1850-'85)નો ઉલ્લેખ કરવો ખાસ જરૂરી છે. ભારતેન્દુનું અકાળ




ચિત્ર-2 ભારતેન્દુ હરિશ્ચન્દ્ર

અવસાન થયું. છતાં તેમણે કાવ્ય, નાટક, નિબંધ જેવા સાહિત્યનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વિવિધ પ્રકારનું વિપુલ સાહિત્ય રચ્યું. પોતાના દેશ અને સમાજની સમસ્યાઓની સમજણ આપવા માટે તેમણે કેટલાંક સામયિકો પણ પ્રસિદ્ધ કર્યાં.

ભારતેન્દુનું મોટા ભાગનું સાહિત્ય દેશની પરાધીનતાની સમસ્યાને લગતું છે. જેમ કે, તેમણે હિંદીને પ્રોત્સાહન આપવા માટે 1877 માં આપેલા જાહેર વ્યાખ્યાનમાં નીચેનો ધારદાર સવાલ લોકોને પૂછ્યો, "મનુષ્યો તરીકે આપણે હિંદીઓ પરાધીન અને અંગ્રેજો શાસકો બન્યા તે કઈ રીતે શક્ય બન્યું ?" દેશની રાજકીય સ્થિતિનું મૂળ દર્શાવતો આ સવાલ હતો અને બધા લોકો તે સમજી શકે એ રીતે આ પ્રશ્ન સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ સવાલે શક્તિશાળી શાસક (અંગ્રેજ સરકાર) સામેની લોકોની લાગણીને ઉત્તેજિત કરી. ભારતેન્દુએ લોકોને એક બીજો સવાલ પણ પૂછ્યો, (તેમની નિરાશા દૂર કરવા માટે જરૂરી હતો) "ગુલામ તરીકેની યાતના તમે ક્યાં સુધી ભોગવશો ?" તેમણે પોતાના વ્યાખ્યાનમાં એ પણ કહ્યું હતું : કોઈ પણ પ્રજાએ પોતાની સ્વાધીનતા માટે વિદેશી સરકાર પર આધાર રાખવો તે આત્મઘાતક હતું. તેમણે લોકોને પોતાનો ભય દૂર કરવા તથા પરસ્પરના મતભેદો મિટાવી દેવા અને પોતાની ભાષા, ધર્મ, સંસ્કૃતિ અને દેશનું ગૌરવ જાળવવા કટીબદ્ધ થવા અનુરોધ કર્યો. એ વ્યાખ્યાન બે લીટીની સાદી કાવ્યશૈલીમાં અપાયું હતું અને તેણે તેના શ્રોતાઓ તથા વાચકો પર ભારે પ્રભાવ પાડ્યો હતો એ નોંધવું ઘટે.

આમ, ભારતેન્દુએ લોકોમાં દેશભક્તિ પ્રેરવા કવિતાનો ઉપયોગ કર્યો. એ હેતુ સિદ્ધ કરવા માટે તેમણે પ્રણાલિકાગત લોકપ્રિય ભજનો અને એવાં બીજાં સાહિત્યિક સાધનો અપનાવ્યાં. તેમણે દેશની રાજકીય સ્થિતિ દર્શાવતાં ભજનો લખ્યાં. આ રીતે તેઓ પોતાનાં કથનો અને સંદેશાનો બહોળો વિસ્તાર કરી શક્યા. તેમણે આવાં લોકપ્રિય સાહિત્યિક સાધનોનો ઉપયોગ કરવા પોતાના સમકાલીન સાહિત્યકારોને પણ પ્રેરણા આપી. ત્યાર બાદ આ પરિપાટી પર સ્વાતંત્ર્ય-સંગ્રામો

દર્શાવતાં આવાં લોકપ્રિય ગીતો રચાયાં અને પ્રભાતફેરિઓ તેમ જ જાહેર દેખાવોમાં તેનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો એ નોંધવું જોઈએ. આમાંનાં ઘણાંખરાં ગીતો પર અંગ્રેજ સરકારે પ્રતિબંધ મૂક્યો, પરંતુ તે તેનો અમલ કરાવવામાં નિષ્ફળ ગઈ હતી.

લાખો નિરક્ષર લોકો પણ તે સહેલાઈથી સમજી શકે અને તેનાથી પ્રભાવિત થઈને વિદેશી શાસનની વાસ્તવિકતાનો ખ્યાલ મેળવી શકે એ ભજન જેવાં સાહિત્યિક માધ્યમોનો મોટો ફાયદો હતો. આમાં સામ્રાજ્યવાદના સિદ્ધાંતો સહિતનું આંટીઘૂંટીવાળું રાજકીય અર્થશાસ્ત્ર જાણવાની જરૂર ન હતી, માત્ર દેશમાં અંગ્રેજોના શાસનથી કેટલું બધું નુકસાન થયેલું હતું તે જ સમજવાની આવશ્યકતા હતી, અને તે ભજનો જેવાં માધ્યમો દ્વારા પરિપૂર્ણ થતી હતી, જેમકે, દેશમાંથી થતું સંપત્તિનું ધોવાણ (drain of wealth) અંગ્રેજોના શાસનના રાષ્ટ્રીય વિવેચકો માટે અગત્યનો મુદ્દો હતો. આ મુદ્દા પર ભારે વિવાદાસ્પદ ચર્ચાઓ થતી તેમાં આંકડાઓ અને હકીકતોની થતી રજૂઆત સામાન્ય લોકો માટે સમજવી ખૂબ જ મુશ્કેલ હતી. છતાં "સંપત્તિનું ધોવાણ" શબ્દપ્રયોગ ખૂબ પ્રચલિત થવાથી લોકોને તે સમજવામાં ખાસ મુશ્કેલી રહી નહીં. આ શબ્દને લોકો સુધી પહોંચાડવામાં સાહિત્યે અગત્યનો ભાગ ભજવ્યો, જેમકે હિંદીને પ્રોત્સાહિત કરવા માટે ભારતેન્દુએ આપેલા જાહેર વ્યાખ્યાનમાં "સંપત્તિનું ધોવાણ"ને વિદેશી શાસનનું સૌથી મોટું અનિષ્ટ ગણાવ્યું. એ સંપત્તિના ધોવાણ માટે અંગ્રેજોના શાસનનું દેશમાં અસ્તિત્વ હતું. આ પરત્વે ભારતેન્દુએ લોકભાષામાં નીચે મુજબ જણાવ્યું –


> લોકોને યંત્રોની છેતરપિંડી અને શક્તિથી મૂર્ખ બનાવવામાં આવ્યા છે. હંમેશાં તેઓ પોતાની મિલકત ગુમાવતા જાય છે અને તેમની યાતના વધી રહી છે. તેઓ વિદેશી કાપડ વગર ચલાવી શકે તેમ નથી. માટે તેવો વિદેશી વણકરોના ગુલામ બનેલા છે.

ભારતેન્દુ માન્ચેસ્ટરના શક્તિશાળી ઔદ્યોગિક હિત ધરાવનારા માટે "વિદેશી વણકરો" જેવો સાદો શબ્દ વાપરે છે અને પરાધીન હિંદના સામાન્ય માણસો અને સ્ત્રીઓના જીવનની સાથે સામ્રાજ્યવાદનાં ઊંડાં પરિબળોનું અનુસંધાન કરે છે. પ્રત્યેક હિંદીની ચેતના જાગ્રત કરવા માટે ભારતેન્દુ બ્રિટન અને હિંદ વચ્ચેના શોષણાત્મક સંબંધનાં પ્રતીકો તરીકે બે શબ્દો – "માન્ચેસ્ટર અને સંપત્તિનું ધોવાણ"નો નિર્દેશ કરે છે. આમ ફક્ત ચાર લીટીવાળા "મુકારી" નામે પ્રણાલિકાગત કાવ્યસ્વરૂપમાં ભારતેન્દુ આવા સંબંધ (શોષણાત્મક)ની તીવ્ર વાસ્તવિકતા રજૂ કરી શક્યા હતા. આધુનિક સમય માટે "મુકારી" તરીકે વર્ણવેલા કાવ્યસ્વરૂપમાં ભારતેન્દુએ સંપત્તિનું ધોવાણનું નીચેનું વિવરણ આપ્યું.

> ખાનગી રીતે અંદરથી સમસ્ત સત્ત્વ ચૂસી લેતો,
> હસતા હસતા શરીર, હૃદય અને મિલકતને જકડી રાખતો,
> વચનો આપવામાં ખૂબ ઉદાર દેખાતો,
> હે મિત્ર, શું આ તારો માલિક છે ? ના, આ તો અંગ્રેજ છે.

લોકપ્રિય રચનાઓની પસંદગી માત્ર કાવ્ય પૂરતી જ મર્યાદિત ન હતી. તેમનાં કેટલાંક નાટકોમાં પણ ભારતેન્દુએ પ્રણાલિકાગત અને જાણીતાં લોકપ્રિય સ્વરૂપો અને વાર્તાઓનો ઉપયોગ કર્યો હતો. જેમકે અંગ્રેજોના શાસનનું શોષિત અને જુલમી સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે દેશના વિવિધ ભાગોમાં ખૂબ જ જાણીતી થયેલી વાર્તા-"અંધેર નગરી અને ગંડુ રાજા"ને ભારતેન્દુએ પોતાના નાટકમાં રજૂ કરી છે. તેમાં રાજકીય સંદેશો તદ્દન સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો છે. તેની સાથે વાંચકને મનોરંજન પણ પૂરું પાડવામાં આવ્યું છે. રાજકીય હેતુ સિદ્ધ કરવા રમૂજનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો છે. રમૂજની બાબતમાં ભારતેન્દુએ પોતાનાં ગંભીર લખાણોમાં પણ વાંચકોને મનોરંજન પૂરું પાડ્યું છે. રાજકીય નાટક "ભારત દુર્દશા" (1880)માં પણ ભારતેન્દુએ શ્રેણીબદ્ધ રમૂજી વાક્યો મૂક્યાં છે.

ભારતેન્દુએ પોતાનાં વ્યાખ્યાનો તથા લખાણોમાં દેશની પરાધીનતા વિશે તથા હિંદીને ઉત્તેજન આપવા માટે અવારનવાર રજૂઆત કરેલી છે. પરંતુ સાથોસાથ તેમણે અંગ્રેજોના શાસનની પ્રશંસા પણ કરેલી છે; જેમકે, હિંદમાં અંગ્રેજોના શાસનની સ્થાપનાથી દેશમાં નવા યુગની શરૂઆત થઈ છે એવું ભારતેન્દુએ "ભારત દુર્દશા"માં પ્રબળ દેશભક્તિની લાગણી વ્યક્ત કરી હોવા છતાંયે જણાવ્યું છે. તેમણે કબૂલ્યું છે કે હિંદમાં અંગ્રેજોનું શાસન ન સ્થપાયું હોત તો દેશનો વિનાશ કોઈ વિઘ્ન વગર થયો હોત. એવું તેમણે તેમના અન્ય રાજકીય નાટક 'ભારત જનની' (1877)માં જણાવ્યું છે.




3. 'ભારત દુર્દશા'માંથી લીધેલાં અવતરણો

અંગ્રેજો પ્રત્યેનું આવું બેવડું વલણ માત્ર ચિપલુણકર કે ભારતેન્દુ પૂરતું મર્યાદિત ન હતું એ નોંધવું ઘટે. એ વલણ સામાન્યતઃ પશ્ચિમ તરફના તથા વિશેષતઃ અંગ્રેજોના શાસન પ્રત્યેના શિક્ષિત હિંદીઓના મનોવલણનું સૂચક છે. સમય જતાં શિક્ષિત લોકોને ગુલામી અને તેનાં અનર્થકારી પરિણામોનો ખ્યાલ આવ્યો. આથી તેઓએ અંગ્રેજોના શાસનની પ્રશંસા અને તેના લાભો વિશેની રજૂઆતનો ત્યાગ કર્યો. આમ છતાં, પ્રત્યેક હિંદી અંગ્રેજોના શાસનની પ્રશંસા કરવાનું છોડી ન દે ત્યાં સુધી આવું વલણ સાવ નાબૂદ થશે નહિ.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નીચેનામાંથી કયાં વિધાનો સાચાં (√) તથા કયાં વિધાનો ખોટાં (×) છે ?
   (i) રાજકીય સંસ્થાઓની સ્થાપના પહેલા સાહિત્યમાં સ્વાધીનતાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.
   (ii) બંકિમચંદ્રની ઐતિહાસિક નવલકથાઓમાં હિંદુ તરફી વિશેષ ભાવ દેખાય છે.
   (iii) ભારતેન્દુ હરિશ્ચન્દ્રે પોતાનાં લખાણોમાં અંગ્રેજોના શાસનનાં વખાણ કર્યાં છે.
   (iv) 19મી સદીના સાહિત્યે અંગ્રેજોના શાસન પ્રત્યે બેવડું વલણ દાખવ્યું છે.

2. નીચેના પ્રશ્નોના જવાબ આપો :
   (i) 'બંગદર્શન' નામે સામયિક કોણે પ્રસિદ્ધ કર્યું ?

   .................................................................................................

   .................................................................................................

   (ii) બંકિમચંદ્રે 'આનંદમઠ' કયા વર્ષે લખ્યું ?

   .................................................................................................

   .................................................................................................

   (iii) આર્થિક રાષ્ટ્રવાદના અગ્રણી તરીકે કોને યાદ કરાય છે ?

   .................................................................................................

   .................................................................................................

   (iv) 'અંધેર નગરી ગંડુ રાજા' નાટક કોણે લખ્યું ?

   .................................................................................................

   .................................................................................................

3. પુસ્તકમાં દર્શાવ્યા પ્રમાણે જોડકાં જોડો :

| | |
|---|---|
| (i) આનંદમઠ | (ક) સાહિત્યિક દેશભક્તિ |
| (ii) ભારતદર્શન | (ખ) મુકારી |
| (iii) આર. સી. દત્ત | (ગ) રાજકીય નાટક |
| (iv) ભારતેન્દુ હરિશ્ચન્દ્ર | (ઘ) ઐતિહાસિક રોમાંચ કથા |

## 23.3 20મી સદીનું સાહિત્ય (Literature in the 20th Century)

પ્રથમ વિશ્વયુદ્ધ (1914-18) તથા રશિયાની ક્રાંતિ (1917) સુધી ગુલામી અને સ્વાધીનતાને લગતી ચર્ચાનું વલણ બહુધા 19મી સદીના ઉત્તરાર્ધના વલણ પર આધારિત હતું. કોઈ પણ દેશની પ્રજા માટે સ્વાધીનતા સ્વાભાવિક શરત હોઈ શકે. ભારત આ નિયમમાં અપવાદ હોઈ શકે નહિ. કેટલીક ફરિયાદોના નિવારણ તથા અમુક રાહતોની માગણીને બદલે અંગ્રેજોના શાસનના ઉગ્ર ટીકાકારો 'સ્વરાજ્ય એ જ ભારતના પ્રશ્નનો નિકાલ' છે તેવું સ્પષ્ટ વિધાન કરવા લાગ્યા હતા. જોકે એ સમયગાળા દરમિયાન સ્વરાજ્યનો અર્થ શો છે તે બાબતની ચર્ચા

ગૌણ હતી. 1914-18ના પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં સાહિત્યમાં પણ અંગ્રેજો દ્વારા શોષણની સાથોસાથ હિંદી સમાજની અંદર પણ ગરીબી અને શોષણનો ઉલ્લેખ થયો હતો. એ સમયના સાહિત્યમાં ખેડૂતોની ગરીબીનું અસરકારક વર્ણન કરતાં ઘણાં દૃષ્ટાંતો અપાયેલાં છે. ઓરિસાના આધુનિક સાહિત્યના ઘડવૈયા સેનાપતિ ફકીર મોહને લખેલી નવલકથા – "છમણ આઠ ગુંઠા" (1897) (છ વીઘા જમીન)માં આવું એક નોંધપાત્ર ઉદાહરણ મળે છે. આવાં અસરકારક વર્ણનોની સાથે સામાજિક સંગઠનના પ્રચલિત માળખા સંબંધે પણ ઉદ્દામ વિધાનો કરવામાં આવ્યાં છે. જેમકે આગેવાન હિંદી લેખક રાધાચરણ ગોસ્વામી (1859-1923) એ ગામડાંની ગરીબાઈથી દ્રવી ઊઠીને છેક 1833માં લખ્યું હતું : "જમીન સરકાર કે જમીનદારની નહિ પરંતુ તે ખેડનાર ખેડૂતની માલિકીની હોવી ઘટે." જોકે આવો ઉદ્દામવાદ માત્ર લાગણીઓ દર્શાવવા પૂરતો મર્યાદિત રહ્યો હતો. તે સમાજના પુનર્ગઠનની વ્યવસ્થિત યોજનાના ભાગરૂપ ન હતો. તે રાષ્ટ્રીય સ્વાધીનતાના પ્રશ્ન સાથે પણ સંકળાયેલો ન હતો. વિશેષમાં આ સાહિત્યમાં હિંદી સમાજની અંદર આર્થિક અસમાનતા તથા શોષણખોરી, સામાજિક અસમાનતા અને જ્ઞાતિ આધારિત ત્રાસની પણ ચર્ચા થતી, પરંતુ એ પણ માત્ર ભાવાત્મક પ્રકારની હતી.

પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ બાદ પરિસ્થિતિ ઝડપથી બદલાઈ. દેશને સ્વતંત્રતા મળવી જોઈએ કે કેમ તે પ્રશ્ન હવે રહ્યો ન હતો; પરંતુ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટે આંદોલન કરવાનો જ સવાલ હતો. હવેની ચર્ચાનો મુખ્ય મુદ્દો સ્વરાજ્યના અર્થ તથા તેની વિગતને લગતો જ હતો. સ્વરાજ્ય કોને માટે ? ખરેખર સ્વરાજ્ય એટલે અંગ્રેજ માલિકોને ખસેડીને હિંદી માલિકોને સ્થાપિત કરવાનો નહિ. પ્રેમચંદજીની એક ટૂંકી વાર્તા "આહુતિ"નું પાત્ર રૂપમતી કહે છે "સ્વરાજ્યનો અર્થ જોહનને ખસેડીને ગોવિંદને બેસાડવાનો થતો નથી." તે પૂછે છે, "જે અનિષ્ટો નાબૂદ કરવા માટે આપણે આપણું જીવન જોખમમાં મૂકીએ છીએ તે વિદેશી નથી, પરંતુ સ્વદેશી છે માટે તેમને ફરી આવકારવાં ?" તેની પસંદગી સ્પષ્ટ છે. તે કહે છે, "સ્વરાજ્ય પછી પણ ધનિકો એવી જ સત્તા ભોગવે તથા શિક્ષિત લોકો પહેલાંના જેવા જ સ્વાર્થી રહે તો એવું સ્વરાજ્ય ન આવે તે સારું."


સ્વાતંત્ર્ય-સંગ્રામનાં છેલ્લાં ત્રીસ વર્ષો દરમિયાન દેશનાં સાહિત્યે સ્વરાજ્યના હેતુઓના ગંભીર પ્રશ્ન સંબંધે ભારે આતુરતા દાખવી. આથી તેણે સ્વાતંત્ર્ય-સંગ્રામના વિચારાત્મક પાસાં તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું. આ પ્રક્રિયામાં દેશના સાહિત્યે સ્વતંત્ર દેશના જ માત્ર સ્વરૂપ વિશે નહિ, પરંતુ સ્વાતંત્ર્ય-સંગ્રામના સ્વરૂપ વિશે પણ ચર્ચા કરી. છેવટે તે સ્વાતંત્ર્ય આંદોલનનાં લક્ષણો અને તેના નેતાઓ સહિત તેની વિચારસરણી અને વાસ્તવિકતા પરત્વે બેકાળજી દર્શાવી શકે નહિ, કારણ કે તેને દેશના સ્વરાજ્યની પ્રાપ્તિ બાદ સમાજની નવરચના કરવાની છે. જો લડતના કાર્યક્રમો, આદર્શો અને નેતાઓ યોગ્ય કે સાચા સ્તરના ન હોય તો જે પ્રકારના સ્વતંત્ર ભારતનું સર્જન કરવાનું છે તે શક્ય બને નહિ. આ કાળજીનું મહત્ત્વ પ્રેમચંદની નવલકથા "ગબન" (1931) માં નીચેની ટીકા પરથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે :

> રાષ્ટ્રીય માનસ ધરાવતો દેવીદિન નામનો સામાન્ય માણસ નેતાઓને કહે છે : "તમે સત્તામાં નથી ત્યારે પણ મોજશોખમાં રાચો છો, તો પછી તમે સત્તા પર આવશો ત્યારે તો લોકોને ખાઈ જશો."

મહાન હિંદી-ઊર્દૂ નવલકથાકાર અને ચુસ્ત રાષ્ટ્રવાદી પ્રેમચંદ (1880-1936)ની કૃતિઓ રાષ્ટ્રીય લડતની બેચેન બનાવતી બાજુ પરત્વે ચિંતાની લાગણી વ્યક્ત કરે છે. તેની મુખ્ય બે નવલકથાઓ 'રંગભૂમિ' (1925) અને 'કર્મભૂમિ' (1932)માં શિક્ષિત રાષ્ટ્રવાદી નેતાઓની સ્વાર્થી નીતિ બહુ સ્પષ્ટ રીતે ખુલ્લી પાડવામાં આવી છે. આવી સ્વાર્થી નીતિને માનવતાવાદ અને ઉદ્દામવાદના નામે છાવરવામાં આવી છે. આ નીતિને એવી ગર્ભિત રીતે છુપાવવામાં આવ્યા પ્રમાણે તેઓ જે કંઈ કરે છે તે લોકો અને દેશના હિત માટે કરે છે તેવું નેતાઓ પણ પોતાની જાતને છેતરતા કહે છે. તેમના શાસકો સાથેનાં સમાધાનો અને ખાનગી સમજૂતીઓ પણ રાષ્ટ્રીય લડતના હિતમાં છે. પરંતુ, રાષ્ટ્રીય રાજકારણનું સૌથી દુઃખદ ચિત્ર પ્રેમચંદની શ્રેષ્ઠ કૃતિ ગણાતી અને દેશની સૌથી વિશેષ પ્રસિદ્ધિ પામેલી નવલકથાઓમાંની એક 'ગોદાન' (1936)માં અપાયેલું છે.

'રંગભૂમિ' અને 'કર્મભૂમિ' નાટકોમાં તેમની નિષ્ફળતાઓ છતાંયે રાષ્ટ્રીય પાત્રો છેવટે શહીદો તરીકે દેખાય છે. તેમને પોતાની નિર્બળતાઓની ખાતરી થાય છે તેથી તેઓ જીવનમાં જરૂરી ફેરફારો કરે છે. 'રંગભૂમિ'માં મહાત્મા ગાંધીના સ્વરૂપે રજૂ થયેલા અંધ નાયક સૂરદાસ રાષ્ટ્રીય રાજકારણ અને નેતાગીરીનું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે. પ્રેમચંદ તેને માટે માન અને પ્રશંસાની લાગણી વ્યક્ત કરે છે; જોકે 'ગોદાન'માં આવાં દોષમુક્ત [illegible]ગ નથી. દા.ત., ત્રણ

પાત્રો રાયસાહેબ, ખન્ના અને પંડિત ઓમકારનાથ રાષ્ટ્રીય રાજકારણમાં ક્ષુલ્લક ભૌતિક વિચારો અને દ્રવ્યના ઉપયોગથી સ્થાન મેળવનારનાં સૂચક દૃષ્ટાંતો છે. રાયસાહેબ નામના ધનિક જમીનદાર સત્યાગ્રહમાં જોડાય છે અને પછી બદલામાં ધારાસભાનું સભ્યપદ મેળવવા દ્રવ્યનો ઉપયોગ કરે છે. ખન્ના નામે બૅન્કર, વેપારી અને નાના ઉદ્યોગપતિ સવિનય કાનૂનભંગની લડતમાં જોડાય છે અને ત્યાર બાદ સાચાં-ખોટાં સાધનોથી દ્રવ્ય મેળવે છે, ઓમકારનાથ પત્રકાર છે અને તે પોતાના અખબારમાં સરકાર વિરુદ્ધ અગ્નિ ઝરતા અગ્રલેખો લખે છે. પરંતુ, આગ વેરનાર એ રાષ્ટ્રવાદી પત્રકાર સ્વાર્થી છે અને તેને માટે પણ રાષ્ટ્રવાદ એ સ્વ-ઉન્નતિનું સાધન છે.




ચિત્ર-4 પ્રેમચંદ

'ગોદાન'નો મુખ્ય હેતુ શોષણખોરીને ખુલ્લી પાડવાનો હોઈને તે જગતને દુઃખી અને નિરાશાવાદી તરીકે આલેખે છે. અત્રે પ્રેમચંદ ભાવુકતામાં ખેંચાયા નથી. તે આ સમસ્યાનો કોઈ સરળ ઉપાય પણ સૂચવતા નથી. ગોદાનમાં કુપાત્રોનું હૃદય પરિવર્તન થતું હોય તેવું પણ દર્શાવવામાં આવ્યું નથી.વાસ્તવમાં આ નવલકથામાં કોઈ કુપાત્રો નથી. વ્યક્તિઓની દુષ્ટતા તેમનાં ગરીબ

માનવબંધુઓનું શોષણ કરવા તથા તેમને પીડવા પ્રેરતી નથી. શોષણ સમાજની અંદરની અમુક સામાજિક, આર્થિક તથા રાજકીય પરિસ્થિતિઓનું પરિણામ છે. સમાજ પર વર્ચસ્વ ધરાવતા વર્ગોના લોકો વ્યક્તિગત રીતે ભલા અને માયાળુ હોય તોપણ પીડિત વર્ગો સમાજ પાસેથી સારા વર્તનની આશા રાખી શકે નહિ. રાયરાહેબ વ્યક્તિગત રીતે માયાળુ જમીનદાર છે. તે આ હકીકતને સ્પષ્ટ કરતાં કહે છે 'હું મારા સ્વહિતની ઉપેક્ષા કરી શકું નહિ.' તે ઉમેરે છે : "હું ઇચ્છું કે વહીવટીતંત્ર અને નૈતિક્તાનું દબાણ મારા વર્ગની તેની સ્વહિતની ભાવના ત્યજી દેવાની ફરજ પાડે." સ્વાભાવિક રીતે રાયસાહેબ સત્ય સમજવામાં નિષ્ફળ ગયા છે તે પ્રમાણે જમીનદાર વર્ગ પર દબાણ લાવવામાં સમસ્યાનું નિવારણ રહેલું નથી, પરંતુ જમીનદાર વર્ગને નાબૂદ કરીને પ્રત્યેક ખેડૂતને જમીનદાર બનાવવામાં સમસ્યાનો ઉકેલ રહેલો છે. "ગોદાન"ના સમસ્ત લખાણનો સાર સમસ્યાનો આ ઉકેલ સૂચવે છે. જોકે ગોદાન નવલકથા હોવાથી સામાન્ય રીતે તે ઉપાયો સૂચવતી નથી.

માત્ર જમીનદારો એકલા જ શોષક વર્ગ નથી તેવું 'ગોદાન' દર્શાવે છે. વેપારીઓ અને ઉદ્યોગપતિઓનાં હિતો પણ જમીનદારોની સાથે શોષણખોરીના સ્વહિતો સાથે સંકળાયેલાં છે. અલબત્ત, આ શોષક વર્ગને પ્રચલિત રાજ્યવ્યવસ્થાનો ટેકો મળે છે. જોકે આવા ધનિક શોષક વર્ગોમાં પણ પરસ્પર દુશ્માનવટ છે, તોપણ તેઓ પોતાનાં સ્વહિતો માટે પોતાની સર્વોપરિતાને પડકારતાં પરિબળો (શ્રમિકો) સામે એકત્ર થાય છે. આથી ખેડૂતો અને શ્રમિકોનું શોષણ થયા કરે છે.

આમ 'ગોદાન'માં રાષ્ટ્ર અને વર્ગ વિશેનું ગૂંચવણભર્યું બેવડું વલણ દેખાય છે. રાષ્ટ્ર માટે સ્વાધીનતા અનિવાર્ય છે. પરંતુ, આ સ્વાધીનતા સમાજના નીચલા સ્તરના લોકોનું શોષણ કરવા માટે વર્ચસ્વ ધરાવતા વર્ગોની સ્વાધીનતા ન હોવી જોઈએ. ઘણાને ભોગે થોડાંનાં હિતો પોષવાને માટે સ્વદેશાભિમાની આદર્શવાદનાં નામે છુપાયેલા રાષ્ટ્રવાદનો અમલ થવા દેવો જોઈએ નહિ. વર્ગ અને રાષ્ટ્રનું બેવડાપણું સમજવા માટે રશિયાની ક્રાંતિનાં પરિણામ સ્વરૂપ વિકસેલા સમાજવાદી વિચારોએ મહત્ત્વનો ભાગ ભજવેલો છે. જેમકે, રશિયાની ક્રાંતિ પછી પ્રેમચંદે "પ્રેમશર્મા" નામે નવલકથા લખવાની શરૂઆત કરી; તેમાં તેમણે રશિયાની ક્રાંતિથી પ્રભાવિત થયેલા બલરાજ નામે એક ક્રોધિત યુવાન ગ્રામવાસીને દર્શાવ્યો છે. અન્યાય અને જુલમ સામે લડવા માટે પોતાના ગ્રામવાસી બંધુઓને અપીલ કરતા બલરાજ કહે છે : રશિયામાં ખેડૂતો શાસકો બન્યા છે. જ્યારે વર્ગ અને રાષ્ટ્ર વચ્ચે બેવડાપણું દેખાયું ત્યારે તેનું નિવારણ કઈ રીતે કરવું તે સમજવું સહેલું ન હતું. દેશ ખૂબ બળવાન સામ્રાજ્યવાદી સત્તા સામે લડતો હોય ત્યારે બધા વર્ગોના લોકોની એકતા સાધવી અનિવાર્ય હતી. તેનો અર્થ સ્વહિત ધરાવતા વર્ગો સાથે અમુક પ્રકારનું સમાધાન સાધવાનો થાય. વિશેષમાં બે આદર્શવાદી વિચારસરણીઓ વચ્ચે પસંદગી કરવાનો પણ પ્રશ્ન હતો. સમાજવાદી વિચારસરણી વર્ગનાં હિતોનો સંઘર્ષ દ્વારા નિકાલ કરવામાં માનતી હતી, જ્યારે ગાંધીવાદી વિચારધારા ટ્રસ્ટીપણા તથા હૃદયપલટામાં વિશ્વાસ ધરાવતી હતી. જો પ્રેમચંદની કૃતિ (ગોદાન)ને આપણે તેના સમયની પ્રતિનિધિરૂપ ગણીએ (અને તે છે જ) તો સ્વરાજ્ય માટેની લડત દરમિયાન બેમાંથી એક પણ વિચારસરણીનો સ્પષ્ટ રીતે સ્વીકાર કરવાનું મુશ્કેલ બને.

પ્રેમચંદે પોતાની નવલકથા 'ગોદાન'માં વ્યક્તિગત ભલાઈ તથા હૃદયપલટાની બાબતને નિરર્થક ગણાવી છે, તો બીજી બાજુ તેમણે લખેલ પત્રમાં તેનાથી ભિન્ન વાત કહી છે. તેમણે કહ્યું હતું તે પ્રમાણે ડહાપણભરી રીતોની નિષ્ફળતા હોઈ લોકોનું વલણ જ આખરી પરિણામ લાવી શકે. વ્યક્તિગત રીતે લોકો ઉન્નત ન બને તો કોઈ પણ સામાજિક વ્યવસ્થા વિકસી શકે નહિ. ક્રાંતિ આપણે માટે કેવું નસીબ લાવે તે શંકાસ્પદ છે. બધી જ વ્યક્તિગત સ્વતંત્રતાને ખૂંચવી લેતી વધારે ખરાબ સરમુખત્યારશાહી તરફ પણ ક્રાંતિ આપણને દોરી જાય. હું સમાજની નવરચના ઇચ્છું છું, પરંતુ તેનો નાશ ઇચ્છતો નથી. પ્રેમચંદ પણ તેના મોટા ભાગના સમકાલીન શિક્ષિતોની માફક આ બેમાંથી કઈ વિચારસરણી સ્વીકારવી તેનો નિર્ણય કરી શક્યા ન હતા.

ઘણા વિદ્વાનોની દલીલ પ્રમાણે પ્રેમચંદ શરૂઆતમાં ગાંધીવાદી વિચારસરણીથી પ્રભાવિત થયેલા, પરંતુ પછીથી તેમણે ઉદ્દામવાદી પ્રગતિશીલ વિચારસરણી અપનાવેલી એવું આ સંદર્ભમાં નોંધવું ઘટે. બીજી બાજુ અમુક વિદ્વાનોના જણાવ્યા પ્રમાણે પ્રેમચંદ છેવટ સુધી ગાંધીવાદી વિચારસરણીમાં માનતા હતા. પરંતુ આ બન્ને પ્રયત્નો ગૂંચવણભરી ઐતિહાસિક પરિસ્થિતિને સરળ બનાવે છે. તેની સ્વીકૃતિ માટે આપણે બંગાળના 'કલ્લોલ,જૂથે (તેના સભ્યોમાં વિખ્યાત ઉદ્દામવાદી રાષ્ટ્રીય કવિ કાઝી નઝરુલ ઇસ્લામનો સમાવેશ થતો હતો) [illegible] સાહિત્યનું દૃષ્ટાંત આપવું જોઈએ.

સમાજમાં વિશિષ્ટ હકો ભોગવતા વર્ગોની જીવનપદ્ધતિ ત્યજીને પ્રગતિશીલ અને વાસ્તવવાદી લેખકોએ પીડિત અને કચડાયેલા લોકોનું સાહિત્ય સર્જ્યું. એ લેખકોએ પ્રેમચંદ કરતાં પણ વધારે ઊંચા અવાજે બળવો પોકાર્યો. આમ છતાં તેઓ પોતાના સમયની સામાજિક સ્થિતિથી દોરવાયેલા રહ્યા તેથી આ પ્રશ્ન પરત્વે સ્પષ્ટ વિચારસરણી રજૂ કરવામાં નિષ્ફળ ગયા.

આ સંદર્ભમાં મધ્યમ વર્ગના લોકોની સમસ્યાઓ તથા સ્ત્રીઓની દુઃખદ સ્થિતિનું વાસ્તવિક આલેખન કરનાર વિખ્યાત બંગાળી નવલકથાકાર શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય(1896-1938)નું ઉદાહરણ આપવું આવશ્યક છે. પ્રેમચંદની માફક શરતચંદ્રની સહાનુભૂતિ પણ કૉંગ્રેસ પ્રતિ હતી. તેઓ ગાંધીજીની પ્રશંસા કરતા અને દેશબંધુ ચિતરંજન દાસ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા. શરતચંદ્ર તો કૉંગ્રેસના સભ્ય પણ હતા. આમ છતાં તેમણે 'પથેર દાબી' (1926) નામે નવલકથા લખી. તેમાં શરતચંદ્રે દેશને મુક્ત કરવા માટે હિંસાત્મક ક્રાંતિનો માર્ગ અપનાવનાર ક્રાંતિવીરોને બીરદાવ્યા છે. આ નવલકથા પર સરકારે પ્રતિબંધ મૂક્યો હતો એ નોંધવું ઘટે. એક બાજુ ગાંધીજીના પ્રશંસક અને કૉંગ્રેસના સભ્ય તથા બીજી બાજુ હિંસાત્મક વિચારસરણીના પુરસ્કર્તા - શરતચંદ્રમાં આવો વિરોધાભાસ આશ્ચર્યકારક છે. પોતાના રાજકીય સ્થાન વિશે પણ શરતચંદ્ર વિરોધાભાસી વલણ દાખવે છે. તેમણે 1929 અને 1931ની વચ્ચે પોતાની નવલકથા 'વિપ્રદાસ' લખી. આ વર્ષો દરમિયાન કૉંગ્રેસે પોતાના ધ્યેય તરીકે પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ કર્યો હતો અને એ માટે સવિનય કાનૂન ભંગની લડત શરૂ કરી હતી. આવાં મહત્ત્વનાં વર્ષો દરમિયાન લખાયેલી નવલકથા 'વિપ્રદાસ'માં તેની પ્રજા દ્વારા પૂજાતા જમીનદારનું ચિત્ર રજૂ કરે છે. એટલું જ નહિ પરંતુ તેની સામેની રાષ્ટ્રવાદીઓની માંગણીને ટેકો આપવાનો પ્રજા વિરોધ કરે છે.



ચિત્ર-5 શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય

આમ પરસ્પર તદ્દન વિરોધી એવા વિચારો વ્યક્ત કરતું ઉપર્યુક્ત સાહિત્ય વર્તમાન ઇતિહાસ રચવા માટે આપણને નવી દૃષ્ટિ પૂરી પાડે છે. રાજકીય પક્ષો અને અન્ય સંગઠનોના કાર્યક્રમો તથા જાહેરાતો કરતાં પણ વધારે ઊંડાણમાં જવાની આ સાહિત્ય આપણને જરૂરિયાત દર્શાવે છે. આવા તૈયાર કરાયેલા કાર્યક્રમો પાછળ મતમતાંતરો અને ખેંચાખેંચીના ભાવ હોય છે અને તેનાથી સામાન્ય લોકો અજાણ હોય છે. 'ગોદાન'ના લેખક પોતે પોતાની નવલકથામાં વ્યક્ત કરેલ ક્રાંતિકારી વિચારસરણીથી પૂરેપૂરા વાકેફ ન હોય એ શક્ય છે; નહિતર આપણે ઉપર

નિર્દેશ કરેલા તેના પત્રમાં તેમણે ક્રાંતિવિરોધી વિચારો વ્યક્ત કર્યા ન હોત. સાહિત્ય મારફત પ્રગતિશીલ વિચારોને ઉત્તેજન આપવા માટે પ્રગતિશીલ લેખકોનું મંડળ સ્થપાયું ત્યારે પ્રેમચંદને તેની પ્રથમ બેઠકનું પ્રમુખસ્થાન સ્વીકારવાની વિનંતી કરવામાં આવી (1936). એવું પણ બન્યું કે પ્રેમચંદ વર્ગવિગ્રહના ખ્યાલને ટેકો આપવા ખુશી ન હતા. પ્રેમચંદે પ્રગતિશીલ લેખકોના મંડળની પ્રથમ બેઠકનું પ્રમુખપદ સ્વીકાર્યું માટે તે પ્રગતિશીલ હતા એવી માન્યતામાં ઐતિહાસિક તથ્ય નથી. વળી, પ્રેમચંદ વ્યક્તિઓને જે હકીકત લાગુ પાડે છે તે લડતને પણ લાગુ પાડે. કારણ કે કોઈ પણ લડત તેના સભ્યોથી અલગ રીતે લડી શકાતી નથી. અલબત્ત, તે પોતાના નિયમો અને હેતુઓ ઘડી શકે છે. તે સમાજનાં બીજાં સંગઠનો તથા આંદોલનોથી પોતાને અલગ પણ પાડી શકે છે. પરંતુ, તેના બધા જ સભ્યો મંડળે ઘડેલા નિયમો અને હેતુઓનું પાલન કરે છે તેવી ખાતરી આપી શકે નહિ. લડતમાં જોડાયેલા સભ્યો પર બીજાં પરિબળો પણ અસર કરતાં હોય છે.

સ્વાતંત્ર્ય-સંગ્રામને લગતું છેલ્લાં ત્રીસ વર્ષનું સાહિત્ય દર્શાવે છે તે મુજબ લોકો રાજકીય સ્વાતંત્ર્ય માટે ખૂબ ઉત્સાહિત હતા. સાથેસાથે તેઓ સામાજિક-આર્થિક મુદ્દાઓ પરત્વે પણ જાગ્રત બન્યા હતા. તેઓ જુદા જુદા અને પરસ્પર વિરોધી કહી શકાય તેવા પ્રવાહોની અસર નીચે આવ્યા હતા. વાસ્તવમાં તેઓ આવી વિચારસરણીનું પરસ્પર વિરોધી સ્વરૂપ સમજી શક્યા ન હતા. આપણે પ્રેમચદનાં લખાણો ઉપર વિગતથી ચર્ચા કરી છે કારણ કે તેઓ તેમનાં જીવન તથા લખાણોમાં આવી પરસ્પર વિરોધી વિચારસરણીથી પ્રભાવિત થયેલા અને ખૂબ જ ભાવુક તેમ જ બુદ્ધિશાળી પુરુષો અને સ્ત્રીઓ પણ આ બંનેમાંની એક વિચારસરણીની સ્પષ્ટ પસંદગી કરી શક્યા ન હતા. પ્રેમચંદ તેના ઘણાખરા સમકાલીન લેખકોની જેમ ગાંધીવાદી અને સમાજવાદી વિચારસરણીથી પ્રભાવિત થયેલા છે. તે રાષ્ટ્રીય ચળવળનું જે નિરાશાવાદી ચિત્ર આપે છે, તેની સાથોસાથ તે ચળવળનું ઉત્તેજનાત્મક ચિત્ર પણ રજૂ કરે છે. આ બેમાંથી એક જ ચિત્ર વાસ્તવિક હોઈ શકે. તેથી ઇતિહાસકારે તેવું માની લેવાની જરૂર નથી. ગૂંચવણભરી સમસ્ત પરિસ્થિતિનું પરસ્પર વિરોધી એવું આ એક ચિત્ર છે. આમાં તેણે આ પરિસ્થિતિના સામાજિક-આર્થિક પરિબળોને પણ લક્ષ્યમાં લેવાં જોઈએ. સમકાલીન સાહિત્ય ભૌતિક હિતો સહિતની વિરોધી તેમ જ સમન્વયકારી વિચારસરણીનું અવલોકન કરવાની તક ઇતિહાસકારને પૂરી પાડે છે. 'કર્મભૂમિ', 'રંગભૂમિ' અને 'ગોદાન'નાં વર્ણન પરથી એ બાબત સ્પષ્ટ થાય છે. આપણા સ્વાતંત્ર્ય-સંગ્રામમાં મહત્ત્વનો ભાગ ભજવનાર જટિલ પરિબળોની સમજણ માટે આપણે મહાન બંગાળી નવલકથાકાર તારાશંકર બંધ્યાપાધ્યાયે (1898-1971) 1947 પહેલા લખેલાં "ધાત્રીદેવતા", "ગણદેવતા" અને "પંચગ્રામ" નામની નવલકથાઓનો અભ્યાસ કરવો જરૂરી છે. "ધાત્રીદેવતા" અર્ધ-આત્મવૃત્તાંતો વર્ણવતી નવલકથા છે અને વાસ્તવમાં બે ભાગમાં એક જ નવલકથા એવી 'ગણદેવતા' અને 'પંચગ્રામ'ની તૈયારીરૂપ છે. મહાકાવ્યનું પરિમાણ ધરાવતી 'ગણદેવતા' તથા 'પંચગ્રામ' નવલકથાઓનો કેન્દ્રીય વિષયવસ્તુ શોષણ અને ઉદ્યોગીકરણની અસર તળે ગ્રામીણ સંસ્થાનું વિઘટન છે. તારાશંકરને વ્યક્તિઓમાં રસ નથી. તેમની ચિંતા લોકો તથા સમાજ વિશે છે. સ્વાભાવિક રીતે સ્વરાજ્યની લડત સમાજજીવનને અસર કર છે. કૉંગ્રેસ, મુસ્લિમ લીગ તથા ક્રાંતિકારીઓને આ નવલકથાઓમાં આવરી લેવાયેલા છે. પહેલા બેનો ઉલ્લેખ ત્રીજા કરતાં વિશેષ છે. નીચલા સ્તરથી આપણે વિશાળ ફલકનાં ઐતિહાસિક પરિબળોનું અવલોકન કરીએ છીએ. 'ગણદેવતા' અને 'પંચગ્રામ'માં નિર્દેશિત પાંચ ગામોના લોકોના ભાવિ પર અસર કરતાં આદર્શ, સત્તા તથા ભૌતિક હિતો વિવિધ પ્રમાણમાં ભેળસેળ થયેલાં છે. જે રીતે 'ગોદાન' બે ગામડાંઓના અને 'રંગભૂમિ' એક ગામડાંના વર્ણન મારફત ગ્રામસમાજના કરુણ ભાવીનો નિર્દેશ કરે છે, તે રીતે તારાશંકર પાંચ ગામડાંના વર્ણન મારફત સ્વરાજ્યની લડત દરમિયાન શોષણ તથા ઉગીગિકરણ દ્વારા ગ્રામસમાજના થયેલા વિઘટનનું વિગતપૂર્ણ અને હૃદયદ્રાવક ચિત્ર રજૂ કરે છે.

જેનો આપણે નિર્દેશ કરેલો છે તેવી પ્રવાહી આદર્શમય સ્થિતિને ભાવુકતા અને તટસ્થતા છતાંયે તારાશંકરે આ ત્રણે નવલકથાઓ મારફત સ્પષ્ટ રીતે ખુલ્લી કરેલી છે. તેઓ ખૂબ લાગણીપૂર્વક ગ્રામસમાજના ગરીબ લોકો પર વધતા જતા જુલમનું વિવરણ કરે છે. વળી તારાશંકર જુલમો સામે ગ્રામસમાજના લોકોની લડતનો પણ ઉલ્લેખ કરે છે. પરંતુ, એ લડત નિષ્ફળ જવાની છે કારણ કે ગ્રામ અર્થતંત્ર અને ગ્રામ સંસ્થા વધતા જતા ઉદ્યોગીકરણ તથા મૂડીપતિઓના વર્ચસ્વ સામે ટકી શકે તેમ નથી. પરંતુ પુરાણી [illegible] વિઘટન થઈ રહ્યું છે તેની પ્રતીક

સમી ગરીબો અને પીડિતો પ્રત્યેની આ અમૂક સહાનુભૂતિ જેવી સંસ્કૃતિ પ્રત્યેની ચોક્કસ સહાનુભૂતિની પણ સૂચક છે. બીજા શબ્દોમાં કહીએ તો તારાશંકર આ નવલકથાઓમાં એક બાજુ આદર્શમય ઉદ્દામવાદ તથા બીજી બાજુ સામાજિક રૂઢિવાદનું સાયુજ્ય દર્શાવે છે.



ચિત્ર-6 રવીન્દ્રનાથ ટાગોર .

આમ છતાં, સમકાલીન સાહિત્ય સ્પષ્ટ આદર્શમય પસંદગી દર્શાવતું નથી એમ નહીં કહી શકાય. મહાન સાહિત્યકાર રવીન્દ્રનાથ ટાગોરે (1861-1941) પોતાની નવલકથા – 'ચાર અધ્યાય' (1934)માં ક્રાંતિકારી હિંસક પ્રવૃત્તિઓને સ્પષ્ટ શબ્દોમાં વખોડી કાઢી છે. તોપણ 'ચાર અધ્યાય' ટાગોરની ઉત્તમ કૃતિ નથી. આ નવલકથા મારફત તેમણે રાજકીય નિવેદન કર્યું છે, તે જ રીતે તે સમયના સૌથી લોકપ્રિય ગુજરાતી નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈ (1892-1954) એ પોતાની નવલકથા 'દિવ્યચક્ષુ' (1932)માં મુખ્ય પાત્ર અર્જુનને હિંસક ક્રાંતિકારી માર્ગેથી ગાંધીજીની અહિંસક નીતિ તરફ વળતો દર્શાવ્યો છે. પરંતુ 'ચાર અધ્યાય'ના જેવી 'દિવ્યચક્ષુ' પ્રતિનિધિ કૃતિ ગણાય નહીં, કારણ કે ટાગોરે જે રીતે જીવન અને સમાજની ગૂંચવણભરી સમસ્યાનું નિરૂપણ કરેલું છે, તેવું નિરૂપણ કરનાર નવલકથાકાર રમણલાલ દેસાઈ હતા નહીં.

સમકાલીન ગુજરાતી સાહિત્યના વધારે અગત્યના પ્રતિનિધિ એવા કનૈયાલાલ માણેકલાલ મુનશી, રમણલાલ દેસાઈ પહેલાં પાંચ વર્ષે જન્મ્યા હતા અને સ્વતંત્ર દેશમાં રમણલાલ દેસાઈ કરતાં વધારે સમય જીવિત રહ્યા હતા. અગ્રગણ્ય વકીલ અને વિદ્વાન લેખક એવા મુનશી કૉંગ્રેસના સભ્ય પણ હતા. આગળ પડતા કૉંગ્રેસ નેતા તરીકે તે બિનસાંપ્રદાયિક નીતિના પુરસ્કર્તા હતા, પરંતુ વાસ્તવમાં કનૈયાલાલ મુનશીનું નવલકથાકાર તરીકેનું સમસ્ત લખાણ ગૌરવવંતા હિંદુ ભૂતકાળનું વર્ણન કરે છે, એટલું જ નહિ પરંતુ હિંદી રાષ્ટ્રવાદમાં હિન્દુત્વના ખ્યાલને પ્રેરણા આપે છે.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નીચેનાં વિધાનો વાંચો અને તેમની સામે ખરાં (√) કે ખોટાં (×)ની નિશાની કરો :

   (i) હિંદુનું સાહિત્ય સ્વાતંત્ર્યનાં વિવિધ પાસાંઓનું દઢ રીતે પૃથક્કરણ કરતું હતું.

   (ii) 'ગોદાન' નવલકથા માત્ર સ્વાતંત્ર્યના પ્રશ્ન સાથે સંબંધિત હતી.

   (iii) પ્રેમચંદને રશિયાની ક્રાંતિમાંથી પ્રેરણા મળી હતી.

   (iv) જોકે શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય ગાંધીજીની પ્રશંસા કરતા હતા, તો પણ હિંસક ક્રાંતિમાં માનનારાને બિરાદાવતા હતા.

2. પ્રેમચંદની સાહિત્યિક કૃતિઓનું રાજકીય પ્રદાન 10 લીટીઓમાં લખો :

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

3. જોડકાં બનાવો :

| | |
|---|---|
| (i) છમણ આઠ ગુંઠા | ક. શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય |
| (ii) કર્મભૂમિ | ખ. તારાશંકર બંદ્યોપાધ્યાય |
| (iii) વિપ્રદાસ | ગ. ફકીરમોહન સેનાપતિ |
| (iv) ગણદેવતા | ઘ. પ્રેમચંદ |

## 23.4 સારાંશ

સ્વરાજ્યની લડત દરમિયાન દેશના સાહિત્યના ટૂંકા આલેખન મારફત આપણે સ્વરાજ્યની લડતના શુદ્ધ સ્વરૂપ કરતાં તેનાં અન્ય પાસાંઓ પર ચર્ચા કરેલી છે. આપણે સ્વરાજ્યની લડતનાં પરસ્પર વિરોધી પરિબળો અને પાસાંઓનું વિવરણ કરેલું છે. તે ભારતના આધુનિક સમાજના ઘડતરના પ્રતીકરૂપ છે. સમાજનું એક જૂથ બિનસાંપ્રદાયિક, પ્રગતિશીલ અને રાષ્ટ્રવાદી છે, જ્યારે બીજું જૂથ પ્રત્યાઘાતી અને કોમવાદી છે એ સાચું નથી. આવું વર્ગીકરણ કરી શકાય નહિ તેટલા જટિલ સમાજ અને લોકો હોય છે. આ બોધપાઠ આપણને સાહિત્ય શ્રેષ્ઠ રીતે આપે છે. ઇતિહાસકારો અને અન્ય સમાજશાસ્ત્રીઓએ આ બોધપાઠ બરોબર ગ્રહણ કરવો જોઈએ.

## 23.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઐતિહાસિક રોમાન્સ** (અદ્ભૂત કથા) : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કલ્પનાયુક્ત કૃતિ.

**ધાર્મિક રાષ્ટ્રવાદીઓ** : પોતાના ધર્મમાંથી રાષ્ટ્રવાદની પ્રેરણા લેનાર વ્યક્તિઓ.

**સાહિત્યિક રાષ્ટ્રવાદ** : રાષ્ટ્રીય વિચારો વ્યક્ત કરવા માટે સાહિત્યનો ઉપયોગ.

**આર્થિક રાષ્ટ્રવાદ** : અંગ્રેજોના શાસનની આર્થિક નીતિની ટીકા કરીને હિંદી રાષ્ટ્રવાદના આર્થિક મૂળ સ્થાપિત કરનાર 19મી સદીના નેતાઓ અને બુદ્ધિજીવીઓનો એક પ્રયાસ.

## 23.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (i) √ (ii) √ (iii) × (iv) √
2. (i) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
   (ii) 1882
   (iii) આર. સી. દત્ત
   (iv) ભારતેન્દુ હરિશ્ચન્દ્ર
3. (i) 1 - ઘ (ii) 2 - ગ (iii) 3 - ખ (iv) 4 - ક

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. (i) × (ii) × (iii) √ (iv) √
2. તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :
   (a) તેમની સાહિત્યિક કૃતિઓમાં પ્રેમચંદે સ્વરાજ્યની લડત પર મૂકેલો ભાર
   (b) તેમની નવલકથાઓમાં પાત્રોએ કરેલી રાજકીય પસંદગી અને નિવેદનો
   (c) પ્રેમચંદના પોતાના રાજકીય વિચારો
3. (i) 1 - ગ (ii) 2 - ઘ (iii) 3 - ક (iv) 4 - ખ

# એકમ 24 ક્રાંતિકારી અને ત્રાસવાદી ચળવળ : ભગતસિંહ અને ચિત્તાગોંગ શસ્ત્રાગાર પર હુમલો (Revolutionary and Terrorist Movement : Bhagat Singh and Chittagong Armoury Raid)

**રૂપરેખા**


24.0 ઉદ્દેશો
24.1 પ્રસ્તાવના
24.2 પૂર્વભૂમિકા
24.3 ઉત્તર હિંદના ક્રાંતિકારીઓ
24.4 'હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીએશન'
24.5 ઉત્તર હિંદુસ્તાનના ક્રાંતિકારીઓમાં વિચારસરણીનો વિકાસ
24.5.1 હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશન
24.5.2 ભગતસિંહ અને હિંદુસ્તાન સમાજવાદી પ્રજાસત્તાક સભા
24.6 બંગાળના ત્રાસવાદી ક્રાંતિકારીઓ
24.7 ચિત્તાગોંગ શસ્ત્રાગાર પર ધાડ
24.8 ત્રાસવાદી ક્રાંતિકારી ચળવળનો અંત
24.9 સારાંશ
24.10 ચાવીરૂપ શબ્દો
24.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 24.0 ઉદ્દેશો

આ એકમમાં આપણે 1922 પછી દેશમાં વિકસેલી ત્રાસવાદી ક્રાંતિકારી સ્વરૂપની ચર્ચા કરીશું. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :

- દેશમાં ક્રાંતિકારી સંગઠનોનાં સ્વરૂપ અને મૂળ વિશેની સમજણ મેળવી શકશો.
- આ ક્રાંતિકારી સંગઠનોની વિચારસરણી અને હેતુઓ દર્શાવી શકશો.
- ક્રાંતિકારી સંગઠનોની વિચારસરણીમાં કેવા પ્રકારનું પરિવર્તન થયું તેનું પૃથક્કરણ કરી શકશો.
- ક્રાંતિકારી ત્રાસવાદના અંતનાં કારણો ચર્ચી શકશો.

## 24.1 પ્રસ્તાવના

એકમ 15(વિભાગ 3)માં 20મી સદીના પ્રારંભે ભારતમાં ક્રાંતિકારી વલણો કઈ રીતે ઉદ્ભવ્યાં તેનો તમે અભ્યાસ કરી ગયાં છો. આ એકમમાં 1922 પછી દેશમાં વિકસેલી ક્રાંતિકારી ત્રાસવાદના બે મુખ્ય પ્રવાહોની સમજણ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ક્રાંતિકારીઓ મુખ્યત્વે પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ અને બંગાળમાં વધારે સક્રિય હતા. ક્રાંતિકારી ત્રાસવાદી ચળવળને ગાંધીજીની નેતાગીરીથી તેમ જ અસહકારના આંદોલનની મોકૂફી બાદ તેમની સ્વરાજ્ય માટેની અહિંસક ફિલસૂફીથી, પ્રેરણા મળી હતી. ઉપર્યુક્ત દર્શાવેલા પ્રદેશોની ક્રાંતિકારી ચળવળના સ્વરૂપમાં ફેરફાર થતાં રહ્યાં. તે વ્યક્તિગત વીરતાભર્યા કાર્યમાંથી સામૂહિક લડત અને પ્રાદેશિક રાષ્ટ્રવાદમાંથી બિનસાંપ્રદાયિક રાષ્ટ્રવાદમાં પરિવર્તન પામી. આવા ફેરફારોની લડત પર શી અસર થઈ તેની આપણે અહીં ચર્ચા કરીશું. ઉપર્યુક્ત પ્રદેશોમાં ક્રાંતિકારી સંગઠનોની મુખ્ય પ્રવૃત્તિઓની રૂપરેખા દર્શાવીશું. ક્રાંતિકારી ત્રાસવાદીઓના સ્વતંત્રતા પરત્વેના આદર્શે તેઓને પ્રેરણા આપી. તેણે તેમનામાં શોષણમુક્ત નવા સમાજની રચના કરવાનો જુસ્સો જગાડ્યો. અંતમાં ક્રાંતિકારી ચળવળના અંત માટેનાં જવાબદાર પરિબળોની પણ ચર્ચા કરીશું.

## 24.2 પૂર્વભૂમિકા (Background)

20મી સદીના પ્રારંભનાં વર્ષોમાં રાજકીય લડતની નિષ્ફળતાને પરિણામે ઉદ્ભવેલી નિરાશા, તેમ જ સરકારી દમનને કારણે ક્રાંતિકારી ત્રાસવાદનો આવિર્ભાવ થયો. માત્ર અહિંસક લડતથી રાષ્ટ્રીય ધ્યેય સિદ્ધ થઈ શકે નહિ તેવું ક્રાંતિકારી ત્રાસવાદીઓ માનતા હતા. તેથી, તેમણે બૉમ્બ પ્રવૃત્તિ અપનાવી. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ક્રાંતિકારી ત્રાસવાદીઓ પર ભારે દમન ગુજારવામાં આવ્યો. પરિણામે 1918 બાદ તેમની પ્રવૃત્તિઓ ઘણી મંદ પડી. સરકાર, મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા માટે અનુકૂળ વાતાવરણ સર્જવા માગતી હતી તેથી 1919-1920 દરમિયાન ઘણાખરા ક્રાંતિકારીઓને જેલમુક્ત કરવામાં આવ્યા. 1920માં અસહકારનું આંદોલન શરૂ કરવામાં આવ્યું. મહાત્મા ગાંધી અને ચિત્તરંજન દાસ ઘણાખરા ક્રાંતિકારી નેતાઓને મળ્યા અને તેમને અસહકારની લડતમાં જોડાવા અનુરોધ કર્યો અથવા તો આ લડત દરમિયાન તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બંધ કરવા માટે અપીલ કરી. દેશમાં નવી પરિસ્થિતિ ઉદ્ભવી હતી તેવું ક્રાંતિકારીઓને સમજાયું કે તેથી તેમાંના ઘણાખરાએ નાગપુરના કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી આપી અને તેઓ કૉંગ્રેસમાં જોડાયા.

ચૌરી-ચૌરાના બનાવને લીધે ફેબ્રુઆરી, 1922માં એકાએક મોકૂફ રખાયેલા અસહકારના આંદોલનથી લડતમાં ભાગ લેતા યુવાન વર્ગમાં નિરાશા અને અસંતોષની લાગણી ઉદ્ભવી. તેમાંના ઘણા ગાંધીજીની નેતાગીરીથી અલગ થઈ ગયા અને અહિંસક લડતની યથાર્થતા વિશે શંકા કરતા થયા. તેથી ફરી તેઓ અંગ્રેજોના શાસનને ઉથલાવવા માટે હિંસાને માર્ગે વળ્યા. આ બાબતમાં તેમને રશિયા, આયર્લૅન્ડ, તુર્કસ્તાન, ઇજિપ્ત અને ચીનની ક્રાંતિકારી ચળવળોમાંથી પણ પ્રેરણા મળી. એક બાજુ પહેલાંના ક્રાંતિકારી નેતાઓએ પોતાનાં સંગઠનો પુનર્જીવિત કર્યાં, જ્યારે બીજી બાજુ અસહકારમાં ભાગ લેતા યુવાનોમાંથી નવા ક્રાંતિકારી નેતાઓનો ઉદય થયો. આમ, જોગેશચંદ્ર ચેટરજી, સુખદેવ, ભગવતીચરણ વોહરા જેવાએ અસહકારના આંદોલનમાં ભાગ લીધો હતો.

1922 બાદ ક્રાંતિકારી ત્રાસવાદના બે બહોળા પ્રવાહો વિકાસ પામ્યા : (1) પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશમાં, તથા (2) બંગાળમાં. આ બંને પ્રવાહો નવી સામાજિક વિચારસરણીનાં પરિબળોની અસર હેઠળ ઉદ્ભવ્યા હતા.

- આવી એક અસરને પરિણામે દેશભરમાં સમાજવાદી વિચારો અને સમાજવાદી સંગઠનોનો વિકાસ થયો.
- બીજી અસરને પરિણામે ઉગ્રવાદી મજૂર સંગઠનોની ચળવળનો ઉદય થયો; અને
- ત્રીજી અસર તરીકે 1917માં રશિયાની ક્રાંતિ થઈ. તેને પરિણામે સોવિયેત પ્રજાસત્તાકની સ્થાપના થઈ.

લગભગ બધાં જ ક્રાંતિકારી જૂથો નવા સમાજવાદી રાજ્યની નેતાગીરી સાથે સંપર્ક વધારવા તથા તેના વિચારો, સંગઠન તેમ જ આર્થિક બાબતમાં તેમની સહાય મેળવવા ઇચ્છતાં હતાં.

## 24.3 ઉત્તર હિંદના ક્રાંતિકારીઓ (Revolutionaries in Northern India)

ઉત્તર હિંદના ક્રાંતિકારીઓએ સચીન્દ્રનાથ સન્યાલ, જોગેશ ચેટરજી તથા રામપ્રસાદ બિસ્મિલની નેતાગીરી નીચે પોતાનું સંગઠન પુનર્જીવિત કર્યું. તેઓ ઑક્ટોબર, 1924માં કાનપુરમાં મળ્યા અને હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશન(HRA)ની સ્થાપના કરી અને સાંસ્થાનિક શાસન સામે સશસ્ત્ર ક્રાંતિ કરવાનું ધ્યેય નક્કી કર્યું તથા પુખ્તવય મતાધિકારને ધોરણે ચૂંટાયેલી સરકારવાળું હિંદનું સમવાયી પ્રજાતંત્ર રચવાનો નિર્ણય કર્યો. શસ્ત્રો એકઠાં કરવાં તથા પ્રચાર કરવા નાણાં ઊભાં કરવા માટે સંગઠને સરકાર વિરુદ્ધ ત્રાસવાદી હુમલા કરવાનું નક્કી કર્યું. તેમાં સૌથી અગત્યનો કાકોરી તરીકે જાણીતો થયેલો હુમલો હતો. 9મી ઑગસ્ટ, 1925ના રોજ દસ ક્રાંતિકારીઓએ સહરાનપુરથી લખનૌ જતી 8 ડાઉન રેલગાડી લખનૌ પાસેના નાના કાકોરી સ્ટેશને થોભાવીને તેમાં લઈ જવાતી સરકારી રોકડ રકમ લૂંટી લીધી. જોકે સરકાર હુમલામાં સંડોવાયેલા 'હિંદુસ્તાન રિપબ્લિકન અસોસિયેશન' મોટી સંખ્યાના સભ્યોને તથા નેતાઓને પકડવામાં સફળ

રહી. તેમના પર કાકોરી કાવતરા બદલ કેસ ચલાવવામાં આવ્યો. જેલમાં તેમના પર અમાનુષી જુલમ ગુજારવામાં આવ્યો, તેના વિરોધમાં તેથી તેમણે અવારનવાર ભૂખ હડતાલનો આશરો લીધો. અસફ્ફાકુલાખાન, રામપ્રસાદ બિસ્મિલ, રોશન સિંગ તથા રાજેન્દ્ર લાહીરીને ફાંસી આપવામાં આવી. ચારને જીવનભર આંદામાન (કાળાપાણી) મોકલવાની અને બાકીના 17ને વર્ષો સુધીની સજા કરવામાં આવી.

ચારેય શહીદો દૃષ્ટાંતરૂપ વીરતાથી મૃત્યુને ભેટ્યા. રામપ્રસાદ બિસ્મિલ અને અસફાકુલા ગીતા તથા કુરાનમાંથી શ્લોકો ગાતા ગાતા ફાંસીને માંચડે ચઢ્યા. રામપ્રસાદે જાહેર કર્યું, "અમે ફરી જન્મ લઈશું, ફરી મળીશું અને માતૃભૂમિની ખાતર ફરી શસ્ત્રો ઉઠાવીશું." અસફાકુલાએ પોતાની શહીદીને આગલે દિવસે પોતાના ભત્રીજાને કહ્યું કે હિંદુ જાતિએ ખુદીરામ અને કનૈયાલાલ જેવા મહાન આત્માઓનું સમર્પણ કરેલું છે તે તેણે હંમેશાં યાદ રાખવું. તેમણે ઉમેર્યું કે તે મુસ્લિમ હોવા છતાં આ મહાન શહીદોને અનુસરવાનું સદ્ભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું. 'હિન્દુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશન'(એચ.આર.એ.)ના નેતાઓમાં ફક્ત ચંદ્રશેખર આઝાદ પોલીસ પકડમાંથી નાસી છૂટવામાં સફળ થયા. તેમને ભાગેડુ આરોપી તરીકે જાહેર કરવામાં આવ્યા.

## 24.4 હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિયેશન (The Hindustan Socialist Republican Association)

કાકોરી કેસથી ક્રાંતિકારી તત્ત્વો વેરવિખેર થઈ ગયાં, પરંતુ તરત જ યુવાનોનો એક નવો ક્રાંતિકારી વર્ગ આ ખોટ પૂરવા આગળ આવ્યો. ઉત્તર પ્રદેશમાં વિજયકુમાર સિંહા, શિવ વર્મા અને જયદેવકુમારે તથા પંજાબમાં ભગતસિંહ, ભગવતીચરણ વહોરા અને સુખદેવે ચંદ્રશેખર આઝાદની નેતાગીરી નીચે 'હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશન'નું પુનઃ સંગઠન કર્યું. તેમના પર સમાજવાદી વિચારસરણીની પણ અસર પડી. છેવટે ઉત્તર હિંદના પ્રતિનિધિ ક્રાંતિકારી ત્રાસવાદીઓ 1928માં સપ્ટેમ્બર 9 તથા 10ના રોજ દિલ્હીમાં ફિરોઝશાહ કોટલા મેદાનમાં મળ્યા. તેમણે સમાજવાદનો પોતાનો અધિકૃત ધ્યેય તરીકે સ્વીકાર કર્યો અને સંસ્થાનું નામ 'હિન્દુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિએશન' રાખ્યું.

'હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિએશન'ની (HSRA) નેતાગીરી વ્યક્તિગત વીરતાભર્યા કાર્યને બદલે ઝડપથી સામૂહિક સશસ્ત્ર લડત ચલાવવાના વિચાર તરફ આગળ ધપતી હતી;પરંતુ, જ્યારે મહાન રાષ્ટ્રીય નેતા લાલા લજપતરાય 30મી ઑક્ટોબર 1928ના રોજ લાહોર મુકામે સાયમન કમિશનના વિરોધમાં નીકળેલા સરઘસની લીધેલી નેતાગીરી વખતે અમાનુષી લાઠીમારથી ઘવાઈને મૃત્યુ પામ્યા, ત્યારે રાષ્ટ્રના ગુસ્સે ભરાયેલા યુવાન વર્ગને આ ભારે અપમાનનો બદલો લેવાનું અનિવાર્ય લાગ્યું. તેનાથી વ્યક્તિગત હત્યા તરફ વળવાની તેમને ફરજ પડી. તેથી ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ અને રાજગુરુએ લાઠીચાર્જનો આદેશ આપનાર પોલીસ અધિકારી સોન્ડર્સની લાહોર મુકામે 17મી ડિસેમ્બર, 1928ના રોજ હત્યા કરી.

હિન્દુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિયેશને પ્રસિદ્ધ કરેલ પત્રિકામાં હત્યાને નીચે પ્રમાણે ન્યાયી ઠરાવી :

> એક અયોગ્ય અને સામાન્ય પોલીસ અધિકારીને હાથે લાખો લોકો દ્વારા સન્માનિત નેતાની કરાયેલી હત્યા એ રાષ્ટ્રનું અપમાન હતું. તેનો બદલો લેવાની હિંદુસ્તાનના યુવાનોની અચૂક જવાબદારી હતી. અમે આ વ્યક્તિની હત્યા કરવા માટે દિલગીર છીએ, પરંતુ જેનો અંત લાવવો જોઈએ તેવી અમાનુષી અને અન્યાયી શાસનવ્યવસ્થાની આ વ્યક્તિ એક અંગરૂપ હતી.

વ્યક્તિગત વીરતાભર્યા કાર્યમાંથી હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશનના નેતાઓએ ક્રાંતિકારી સામૂહિક લડત સંગઠિત કરી શકાય તે માટે પોતાની રાજકીય વિચારસરણીનો પ્રચાર કરવાનો નિર્ણય લીધો. વ્યક્તિ સ્વાતંત્ર્ય પર તેમજ ચળવળ ચલાવવાના મજૂરોના હક પર નિયંત્રણ મૂકતો તથા મજૂર ચળવળના નેતાઓની સામુદાયિક ધરપકડને વાજબી ઠરાવતા સરકારી જાહેર સલામતી પ્રસ્તાવ અને મજૂર-માલિકના ઝઘડાના પ્રસ્તાવ સામે વિરોધ વ્યક્ત કરવા ભગતસિંહ તથા બટુકેશ્વર દત્તે મધ્યસ્થ ધારાસભામાં 8મી એપ્રિલ, 1929ના રોજ બૉમ્બ ફેંક્યો. બૉમ્બ ફેંકવાનું કાર્ય કોઈના મૃત્યુ માટે ન હતું. તેનો આશય કોઈની હત્યા કરવાનો પણ ન હતો, કારણ

કે તે નુકસાનકર્તા ન હતો, કારણ કે ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે ધારાસભામાં ફેંકેલી પત્રિકામાં જણાવ્યા પ્રમાણે તેમનો આશય "બધિર કાનોને સાંભળતા" કરવાનો હતો. તે બંનેએ નાસી જવાનો પ્રયત્ન પણ કર્યો નહિ. તેમનો ઇરાદો ધરપકડ વહોરીને પોતાના પર ચાલનાર દાવાનો ઉપયોગ મંડળના વિચારો અને કાર્યક્રમનો લોકોમાં બહોળા પ્રમાણમાં પ્રચાર કરવાનો હતો. ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત પર ધારાસભામાં બૉમ્બ ફેંકવા બદલ કેસ ચલાવવામાં આવ્યો. પછીથી પોલીસે સોન્ડર્સની હત્યા સંબંધેની માહિતી પણ મેળવી લીધી જેને પરિણામે ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ અને થોડા અન્ય ક્રાંતિકારીઓ પર લાહોર કાવતરા કેસ તરીકે જાણીતો થયેલો કેસ ચલાવવામાં આવ્યો. ભગતસિંહ અને તેના સાથીદારોએ અદાલતને પ્રચારનું માધ્યમ બનાવી તેમનાં નિવેદનો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં અને લોકોમાં તેમનો બહોળો પ્રચાર કરવામાં આવ્યો. અદાલતમાં તેમની નીડર અને હિંમતભરી વર્તણૂકે લોકોની પ્રશંસા મેળવી. અહિંસામાં માનનાર લોકોએ પણ તેમની દેશભક્તિ પ્રત્યે ચાહના વ્યક્ત કરી. અદાલતમાં દાખલ થતા દરરોજ તેઓ "ઇન્કિલાબ ઝિંદાબાદ", "સામ્રાજ્યવાદનો નાશ થાઓ" અને "શ્રમજીવી ચળવળ અમર રહો"ના નારા લગાવતા તથા રાષ્ટ્રભક્તિનાં ગીતો ગાતા. દેશભરમાં ભગતસિંહનું નામ ગુંજતું થયું.

કારાવાસમાં ભયંકર સ્થિતિ સામે વિરોધ વ્યક્ત કરવા ક્રાંતિકારીઓએ અવારનવાર ભૂખ હડતાલનાં લીધેલાં પગલાંથી પણ દેશમાં હલચલ મચી ગઈ. તેમની પ્રત્યે ફોજદારી ગુનેગારો તરીકે નહિ, પરંતુ રાજકીય કેદીઓ તરીકે વર્તાવ થવો જોઈએ તેવી તેમની માગણી હતી. નિર્બળ શરીર પરંતુ મક્કમ મનોબળ ધરાવતા યુવાન ક્રાંતિકાર જતિનદાસ લાંબા ઉપવાસ બાદ 13મી સપ્ટેમ્બર, 1929નાં રોજ જેલમાં અવસાન પામ્યા. આખો દેશ હલબલી ઊઠ્યો. તેમના મૃતદેહને લાહોરથી કલકત્તા ટ્રેનમાં લઈ જવાયો ત્યારે પ્રત્યેક સ્ટેશને હજારો લોકોએ તેમને શ્રદ્ધાંજલિ આપી. કલકત્તામાં છ લાખ કરતાં વધારે લોકોના બે માઈલ લાંબા સરઘસે તેમના મૃતદેહને સ્મશાનગૃહ પહોંચાડ્યો. જતિનદાસની શહીદી પર લાહોરના "ટ્રિબ્યુન" અખબારે નીચે મુજબ લખ્યું :

> જે માણસ વીર તરીકે ઉમદા કાર્યને માટે શહીદ થાય તે જતિનદાસ જ હોય અને પ્રત્યેક સમયે અને પ્રત્યેક દેશમાં શહીદોનું લોહી વધારે ઉમદા જીવન તથા વધારે સારી સામાજિક અને રાજકીય વ્યવસ્થાનું બીજારોપણ કરનાર છે.

લાહોર કાવતરા કેસ તથા એવા બીજા કેસોમાં ક્રાંતિકારીઓ પર દાવો ચલાવવામાં આવ્યો અને તેમના મોટા ભાગનાને લાંબા ગાળાની સજા કરવામાં આવી. ઘણાને આંદામાનની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. ભગતસિંહ, સુખદેવ તથા રાજગુરુને ફાંસીની સજા કરવામાં આવી અને તેમને 23મી માર્ચ, 1931ના રોજ ફાંસી આપવામાં આવી. તેમને ફાંસી અપાયાના સમાચાર જાહેર થતા, દેશભરમાં આઘાતજનક શાંતિ અને શોકની લાગણી ફેલાઈ. સમસ્ત દેશમાં લાખો લોકોએ આંસુ સાર્યાં, ઉપવાસ કર્યા અને હડતાલ પાડીને શાળા-કૉલેજો, કચેરીઓ અને પેઢીઓનાં કામકાજ બંધ રાખ્યાં. ભગતસિંહ દેશની વીરગાથાનું મુખ્ય પાત્ર બન્યા. ઘરો અને દુકાનોમાં તેના ફોટોગ્રાફ મૂકવામાં આવ્યા. તેમની યાદમાં સેંકડો ગીતો રચાયાં અને ગવાયાં. તેમની લોકપ્રિયતા એ ગાંધીજીની લોકપ્રિયતાની બરોબરી કરી.

## તમારી પ્રગતિ ચકાસો (ક)

1. 1922 બાદ ભારતમાં વિકાસ પામેલા ક્રાંતિકારી ત્રાસવાદના બે બહોળા પ્રવાહો પર અસર કરનારાં સામાજિક તથા આદર્શવાદી પરિબળોનું આશરે પાંચ લીટીમાં વર્ણન કરો :

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશનના હેતુઓ કયા હતા ? આશરે પાંચ લીટીમાં જવાબ લખો :

   ..........................................................................................

   ..........................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

3. 'હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિયેશન'ની વિચારસરણી તથા નીતિરીતિઓ વિશે પાંચ લીટીમાં ચર્ચા કરો :

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 24.5 ઉત્તર હિંદુસ્તાનમાં ક્રાંતિકારીઓની વિચારસરણીનો વિકાસ (Ideological Development of the North–Indian Revolutionaries)

હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિયેશને પોતાની પ્રવૃત્તિઓના માર્ગદર્શન માટે સામાજિક વિચારસરણી વિકસાવી તથા ક્રાંતિકારી લડતનું સ્વરૂપ પણ તેઓએ સ્પષ્ટ કર્યું.

### 24.5.1 હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશન (HRA)

હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશનની વિચારસરણી તથા પ્રવૃત્તિ સંબંધીનું પુનઃવિચારણા વહેલા શરૂ થયું હતું. તેના અનુસંધાનમાં તેણે વ્યાપક બિનસાંપ્રદાયિક, લોકશાહી તથા સમાજવાદી કાર્યક્રમ અપનાવ્યો હતો. 1925માં તેણે પ્રસિદ્ધ કરેલા નિવેદનમાં સંગઠિત અને સશસ્ત્ર ક્રાંતિ દ્વારા હિંદ સમવાયી પ્રજાતંત્ર સ્થાપવાનું પોતાનું ધ્યેય જાહેર કર્યું હતું. સભાએ પુખ્તવય મતાધિકાર તથા એક માણસ મારફત બીજા માણસનું શોષણ કરતી પદ્ધતિના અંતને પ્રજાતંત્રના મૂળભૂત સિદ્ધાંત તરીકે સ્વીકાર કર્યો હતો. તેની સ્થાપક સમિતિએ ઑક્ટોબર, 1924ની બેઠકમાં સામાજિક ક્રાંતિકારી અને સામ્યવાદી સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો નિર્ણય લીધો હતો. તેણે મજૂરો તથા ખેડૂતોનાં સંગઠન રચવાનું પણ નક્કી કર્યું હતું. તેણે રેલવે તથા લોખંડ, વહાણબાંધકામ અને ખાણ જેવા મોટા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાની પણ હિમાયત કરી હતી.

જ્યારે વિજયસિંહા, શિવ વર્મા, સુખદેવ, ભગવતીચરણ વોહરા અને ભગતસિંહ જેવા જુવાન નેતાઓ સમાજવાદ અને માર્ક્સવાદ તરફ વળ્યા ત્યારે ક્રાંતિકારી ત્રાસવાદીઓની વિચારસરણીમાં મોટો વળાંક આવ્યો. તે નવો વળાંક ભગતસિંહનાં જીવન અને વિચારોમાં વધારે સ્પષ્ટ થયો હતો, જે તેમનાં પ્રાપ્ત થયેલાં પત્રો, લખાણો અને નિવેદનોથી તે વિશે જાણી શકાય છે.

ભગતસિંહ દેશભક્તિને વરેલા વિખ્યાત કુટુંબમાં 1907માં જન્મ્યા હતા. તેના પિતા કૉંગ્રેસના સભ્ય હતા તથા કાકા અજિતસિંહ જાણીતા ક્રાંતિકારી નેતા હતા. ભગતસિંહ ગદ્દર નેતા કર્તારસિંહ સરભથી ખૂબ પ્રભાવિત થયેલા. ભગતસિંહનું વાંચન બહોળુ હતું. તેમણે સમાજવાદ, સોવિયેટ સંઘ તથા વિશ્વની ક્રાંતિકારી ચળવળો વિશેનું સાહિત્ય મોટા પ્રમાણમાં વાંચ્યું હતું. તેમણે તથા સુખદેવે લાહોરમાં યુવાન વિદ્યાર્થીઓ માટે અભ્યાસ વર્તુળો શરૂ કર્યાં હતાં. હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિયેશનના નેતાઓ પરસ્પર રાજકીય પરિસ્થિતિની ઘનિષ્ઠ ચર્ચાઓ કરતા. પોતાની ધરપકડ બાદ ભગતસિંહે જેલમાં ઘનિષ્ઠ વાંચન કર્યું. અન્ય ક્રાંતિકારી નેતાઓ વિજયસિંહા, યશપાલ, શિવ વર્મા અને ભગવતીચરણ વહોરા પણ જેલમાં ઘનિષ્ઠ વાંચન કરતા. ચંદ્રશેખર આઝાદને અંગ્રેજીનું જ્ઞાન ઘણું ઓછું હતું. તો પણ તે રાજકીય ચર્ચામાં સક્રિય રસ લેતા અને સમાજવાદી વિચારસરણીના મુખ્ય મુદ્દાઓ સમજી લેતા. ભગતસિંહ અને અન્ય ક્રાંતિકારીઓની સાથે જેના પર લાહોર કાવતરા કેસમાં દાવો ચલાવવામાં આવ્યો હતો તે અજય કુમાર ઘોષે ચંદ્રશેખર આઝાદ વિશે લખ્યું છે તે મુજબ સક્રિય પ્રવૃત્તિઓ વચ્ચે પણ તે સઘન વાંચન કરતા. દિન પ્રતિદિન તેના વિચારો પરિપક્વ થતા હતા. ઘણા મુદ્દાઓની સ્પષ્ટતા માટે

તેઓ અંગ્રેજી જાણતા પોતાના સાથીદારો પાસેથી સમજણ મેળવવામાં જરાય ખચકાતા નહિ. ખેડૂતો તથા મજૂરોમાં સમાજવાદી ધ્યેયની જાણકારી લાવવા વધારે સંખ્યામાં ક્રાંતિકારીઓએ આગળ આવવું જોઈએ તેવો તેમનો અભિપ્રાય હતો.

ભગતસિંહે 1929માં પોતાની ધરપકડ થઈ તે પહેલા ત્રાસવાદ અને વ્યક્તિગત વીરતામાં પોતાની શ્રદ્ધા ત્યજી દીધી હતી. તેમની દઢ માન્યતા પ્રમાણે બહોળા પ્રમાણમાં લોકલડત જ હિંદુસ્તાન અને માનવજાતને ગુલામીમાંથી મુક્ત કરી શકે તેમ હતી. તેમના જણાવ્યા મુજબ લોકો વડે અને લોકો માટે જ ક્રાંતિ સફળતાપૂર્વક કરી શકાય. તે કારણથી ભગતસિંહે યુવાનો, ખેડૂતો તથા મજૂરોમાં રાજકીય કામ કરવા માટે 1926માં નવજુવાન ભારત સભાની સ્થાપનામાં સહાય કરી હતી. તે સભાના તેઓ સ્થાપક મંત્રી પણ બન્યા હતા. ગામડાંમાં સભાની શાખાઓ શરૂ કરવાનું પણ વિચારવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રાજકીય વિચારસરણી ફેલાવવા માટે ભગતસિંહ અને સુખદેવે લાહોર વિદ્યાર્થી સંઘની પણ રચના કરી હતી. વાસ્તવમાં ભગતસિંહે બૉમ્બની આરાધનાને ક્રાંતિ સાથે કદી સાંકળી ન હતી. આથી જ અગાઉ જણાવ્યા મુજબ ભગતસિંહ તથા બટુકેશ્વર દત્તે 1929માં મધ્યસ્થ ધારાસભામાં પ્રમાણમાં નુકસાન ન કરે તેવો બૉમ્બ ફેંક્યો હતો. તેમની નીતિ ધરપકડ વહોરી લઈને અદાલત તથા અદાલત બહાર લોકોમાં પોતાની ક્રાંતિકારી વિચારસરણી ફેલાવવાની હતી. આ નીતિ તેમણે ઘણી સારી રીતે પાર પાડી.

1929 થી 1931 સુધીનાં તેમનાં નિવેદનો તથા જાહેરનામાંમાં ભગતસિંહ અને તેમના સાથીદારોએ અવારનવાર જાહેર કર્યું તે મુજબ લોકશક્તિને સામૂહિક લડત માટે સંગઠિત કરવી તેને જ ક્રાંતિ કહી શકાય. તેમને ફાંસી અપાયા પહેલાં થોડા સમયે ભગતસિંહે જાહેર કર્યું કે ખરેખરાં ક્રાંતિકારી દળો ગામડાં તથા કારખાનાંમાં રહેલાં હતાં. 2જી ફેબ્રુઆરી, 1931ના રોજ યુવાન રાજકીય કાર્યકરોને સંબોધીને કરેલા તેમના છેલ્લા નિવેદનમાં ભગતસિંહે કહ્યું કે

> "જોકે દેખીતી રીતે હું ત્રાસવાદી તરીકે વર્ત્યો છું, પણ હું ત્રાસવાદી નથી. મારી બધી શક્તિ સાથે હું જાહેર કરું છું કે હું ત્રાસવાદી નથી અને મારી પ્રારંભિક કારકિર્દી સિવાય હું કદી ત્રાસવાદી હતો નહિ. મને ખાતરી થઈ છે કે આવી ત્રાસવાદી પદ્ધતિથી આપણે કશું મેળવી શકીએ તેમ નથી."

તો પછી ભગતસિંહે ત્રાસવાદ સામે પોતાનો ખુલ્લો વિરોધ વ્યક્ત કેમ ન કર્યો ? આ બાબત પણ તેમણે પોતાના અંતિમ સંદેશામાં સ્પષ્ટ કરેલી હતી. પોતાની શરૂઆતની કારકિર્દીની વીરતાભર્યા ત્યાગની ભાવના તેમ જ અન્ય મહાન ત્રાસવાદી નેતાઓની આ પ્રકારની ભાવનાને આઘાત પહોંચાડ્યા વગર યુવાનોને તે ત્રાસવાદી પદ્ધતિ ત્યજી દેવા જણાવતા હતા. પોતાને થયેલી મૃત્યુદંડની સજાને લીધે તે પોતાની શરૂઆતની રાજકીય વિચારસરણીનું પુનર્અવલોકન કરવા ઇચ્છતા હતા અથવા સામ્રાજ્યવાદી શાસકો પાસે પોતાના જીવનની યાચના કરવા માટે તે પીછેહઠ કરતા હતા તેવી જાહેરમાં ભગતસિંહ છાપ પાડવા દેવા માગતા ન હતા. વહેલા મોડા જીવન સાચું રાજકારણ શીખવવાનું હતું જ. એક વખત ત્યાગની ભાવના નષ્ટ થાય તો તે ફરી પાછી મેળવી શકાતી નથી.

ભગતસિંહ અને તેમના સાથીદારોએ ક્રાંતિના અર્થ તથા તેના વિસ્તારની પણ પુનર્વ્યાખ્યા કરી. ક્રાંતિનો અર્થ માત્ર હિંસા કે ઉગ્ર લશ્કરી પ્રવૃત્તિ ન હતો. તેમનો પ્રથમ ઉદ્દેશ રાષ્ટ્રની મુક્તિનો હતો અને ત્યાર બાદ સમાજવાદી સમાજરચના કરવાનો હતો. મધ્યસ્થ ધારાસભામાં બૉમ્બ પ્રકરણ સંબંધે દિલ્હીની અદાલતમાં નિવેદન કરતા ભગતસિંહ અને તેમના સાથીદારે ક્રાંતિના પોતાના અર્થઘટન વિશે જણાવ્યું–

> ક્રાંતિકારી ફેરફારો આવશ્યક છે તેવું સમજનાર પ્રત્યેકની સમાજવાદી ધોરણે સમાજની નવરચના કરવાની ફરજ છે. એક માણસ દ્વારા બીજા માણસના તથા એક પ્રજા મારફત બીજી પ્રજાના થતા શોષણનો અંત લાવવાનું જરૂરી છે.

1929માં કૉંગ્રેસને ઉદ્દેશીને હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિયેશન મારફત પ્રસિદ્ધ કરવામાં આવેલા નિવદેનમાં જણાવવામાં આવ્યું તે પ્રમાણે શ્રમજીવીઓની આશા સમાજવાદની પ્રાપ્તિમાં કેન્દ્રિત થયેલી હતી. ફક્ત તે જ સમાજવાદ સંપૂર્ણ સ્વરાજ્ય લાવી શકે તથા તમામ પ્રકારના વિશિષ્ટ હકો અને સામાજિક ભેદભાવો નાબૂદ કરી શકે. ભગવતીચરણ વહોરા, ચંદ્રશેખર આઝાદ તથા યથપાલે લખેલા પુસ્તક "Philosophy of Bomb" માં ક્રાંતિને સામાજિક, રાજકીય તથા આર્થિક સ્વાધીનતા તરીકે વર્ણવવામાં આવેલ હતી. તેનો આશય રાજકીય તથા આર્થિક શોષણખોરીને કોઈ અવકાશ ન રહે તેવી સમાજરચના કરવાનો હતો. ધારાસભામાં ફેંકાયેલા

બૉમ્બ સંબંધમાં ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે અદાલતને જણાવ્યું તે મુજબ ક્રાંતિનો અર્થ વ્યક્તિ સામે સંઘર્ષ કરવાનો કે તેની સામે બદલો લેવાનો થતો નહોતો. તે બૉમ્બ તથા પીસ્તોલની નીતિ પણ નથી. ક્રાંતિનો વાસ્તવિક અર્થ અન્યાય પર રચાયેલી હાલની સમાજવ્યવસ્થા બદલવાનો હતો.

ભગતસિંહે સમાજવાદની બુદ્ધિગ્રાહ્ય વ્યાખ્યા કરી. તેનો અર્થ મૂડીવાદ તથા વર્ગીય વર્ચસ્વની નાબૂદી થાય. તેમણે માર્ક્સના વર્ગવિગ્રહના સિદ્ધાંતનો પૂર્ણપણે સ્વીકાર કર્યો હતો. ભગતસિંહે પોતાની જાતને સમાજવાદ અને સામ્યવાદના પ્રચારક તેમ જ હિંદમાં સમાજવાદી ચળવળના પ્રણેતા તરીકે ઓળખાવી હતી. ઑક્ટોબર, 1930માં જેલમાંથી મોકલેલા એક સંદેશામાં પોતાના રાજકીય વિચારસરણીનો સારસંક્ષેપ આપતા તેમણે જણાવ્યા પ્રમાણે તે સમયની સમાજવ્યવસ્થાની નાબૂદી એ તેમના મત મુજબ ક્રાંતિનો અર્થ થતો હતો. તે સિદ્ધ કરવા માટે રાજ્યસત્તાનો કબજો લેવો જરૂરી હતો. વિશિષ્ટ હકો ધરાવતા વર્ગ પાસે રાજ્યસત્તા હતી. આમ, જનતાનાં હિતોની રક્ષા માટે, તેમના આદર્શને વ્યવહારમાં મૂકવા માટે તથા કાર્લ માર્ક્સના સિદ્ધાંતો અનુસાર સમાજની નવરચના કરવા માટે રાજ્યસત્તા અમારે હસ્તક હોવાનું અનિવાર્ય હતું તેવું તેમણે જણાવ્યું હતું. હિંદી સમાજ તથા હિંદની રાષ્ટ્રીય લડતને કોમવાદથી થતા જોખમ તેમ જ નુકસાન વિશે જે થોડાએક સમકાલીન નેતાઓ સજાગ હતા, તેમાંના એક ભગતસિંહ પણ હતા. તેઓ પોતાના શ્રોતાજનોને અવારનવાર કહેતા કે દેશ માટે સંસ્થાનવાદ જેવો જ ભયરૂપ કોમવાદ પણ હતો. 1924 પછી લાલા લજપતરાય વર્ગવિગ્રહી રાજકારણ તરફ વળ્યા ત્યારે ભગતસિંહ તેમની ટીકા કરતા જરાયે ખચકાયા નહિ. ભગતસિંહે નૌજવાન ભારતસભાના ઘડેલા નિયમોમાંથી બે નીચે મુજબ હતા :

(1) જે પક્ષ કે જૂથ કોમવાદી વિચારો ફેલાવે તેની સાથે નવજુવાન ભારતસભાને કોઈ સંબંધ નથી.

(2) ધર્મ માણસની અંગત માન્યતા છે એમ સમજીને લોકોમાં પૂરેપૂરી સામૂહિક સહિષ્ણુતાની ભાવના કેળવવી.

લોકોએ ધર્મ અને વહેમોના માનસિક બંધનથી પોતાની જાતને મુક્ત કરવી જોઈએ તેવું ભગતસિંહ માનતા હતા. પોતાની શહીદી પહેલાં તેમણે એક લેખ લખ્યો. તેમાં તેમણે જણાવ્યા પ્રમાણે પ્રચલિત ધર્મને કારણે તેઓ નાસ્તિક બન્યા હતા. ક્રાંતિકારી નીડર હોવો જોઈએ એટલું જ પૂરતું નથી, પરંતુ તે સ્વતંત્ર વિચાર અને વિવેચનશક્તિ ધરાવતો પણ હોવો જોઈએ; જે પોતાને પ્રગતિનો પુરસ્કર્તા માને છે તેણે રૂઢિચુસ્ત માન્યતાઓની ટીકા કરવા તેમને પડકાર ફેંકવા તથા નાસ્તિક વિચારો વ્યક્ત કરવા પણ તૈયાર રહેવું જોઈએ તેવું તેમણે લખ્યું. પ્રચલિત ધાર્મિક શ્રદ્ધાની પ્રત્યેક બાબતને તેમણે બુદ્ધિમત્તાની કસોટીથી ચકાસવી જોઈએ. ફાંસીએ ચડતી વખતે પણ તેઓ ઉન્નત મસ્તકે ઊભા રહેશે તેવું ભગતસિંહે નાસ્તિકવાદ તથા ભૌતિકવાદમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિયેશનની વિચારસરણી અને નીતિરીતિ શી હતી ? આશરે પાંચ લીટીમાં જવાબ આપો :

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

2. ભગતસિંહની રાજકીય વિચારસરણીની ચર્ચા કરો. આશરે પાંચ લીટીમાં લખો :

........................................................................

........................................................................

........................................................................

..........................................................................................

..........................................................................................

3. હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિયેશનના કેટલાક નેતાઓનાં નામ જણાવો :

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 24.6 બંગાળના ત્રાસવાદી ક્રાંતિકારીઓ (Revolutionary Terrorists in Bengal)

બંગાળના ત્રાસવાદી ક્રાંતિકારીઓએ પણ 1922 બાદ પુનઃ સંગઠન શરૂ કર્યું. તેમણે મોટા પાયા પર અખબારો મારફત ક્રાંતિકારી પ્રચાર ફરી શરૂ કર્યો અને ભૂગર્ભ પ્રવૃત્તિઓ વિકસાવી. આ સમયે ગાંધીજીની નેતાગીરી નીચે કૉંગ્રેસ આમ જનતાની પ્રતિનિધિ બની હતી અને કૉંગ્રેસમાં કાર્ય કરવાથી તેઓ સામાન્ય લોકો ખાસ કરીને યુવાનોનો સંપર્ક સાધી શકે તેમ હતા એવી તેમને ખાતરી હતી માટે તેમણે ગ્રામથી પ્રાંતિક કક્ષા સુધીની કૉંગ્રેસની પ્રવૃત્તિમાં કામ ચાલુ રાખ્યું. વળી કૉંગ્રેસમાં કાર્ય કરવાથી તેઓ નાનાં શહેરો અને ગામડાંમાંથી સક્રિય યુવાન કાર્યકરો મેળવી શકે તેમ હતા. ચિતરંજનદાસ ઘણી રીતે કૉંગ્રેસ અને ક્રાંતિકારીઓ વચ્ચે કડી સમાન હતા. તેમના મૃત્યુ પછી બંગાળની કૉંગ્રેસની નેતાગીરી બે વિભાગોમાં વહેંચાઈ ગઈ – એક, સુભાષચંદ્ર બોઝની આગેવાની નીચેની અને બે, જે. એચ. સેનગુપ્તાની આગેવાની નીચેની. એ રીતે ક્રાંતિકારીઓ પણ બે વિભાગોમાં વહેંચાઈ ગયા. યુગાન્તર જૂથ બોઝની સાથે જોડાયું જ્યારે અનુશીલન સમિતિ સેનગુપ્તાની સાથે જોડાઈ.

છેક 1924થી મુખ્ય ક્રાંતિકારી ત્રાસવાદીઓ વ્યક્તિગત વીરતાભર્યા કાર્યને સ્વરાજ્ય પ્રાપ્તિ માટે તદ્દન અપર્યાપ્ત માનતા થયા હતા. તે માટે તેમણે બૌદ્ધિક પદ્ધતિએ વિવિધ કાર્યક્રમો દ્વારા લોકલડતને વ્યાપક બનાવીને સશસ્ત્ર બળવા મારફત સત્તા કબજે કરીને દેશને મુક્ત કરવાની નીતિ અપનાવી હતી. આમ છતાં, વ્યવહારમાં હજુ પણ તેઓ નાનાં નાનાં ત્રાસવાદી કાર્યો જેવાં કે સશસ્ર હુમલા કરવા, અધિકારીઓની કતલ કરવી વગેરે પર આધાર રાખતા હતા. કલકત્તાના દમનકારી પોલીસ કમિશનર ચાર્લ્સ ટેગાર્ટની જાન્યુઆરી, 1924માં કતલ કરવાના ગોપીનાથ સહાએ કરેલા પ્રયાસ આવા કાર્યનું ઉદાહરણ કહી શકાય. જોકે આ પ્રયાસ નિષ્ફળ ગયો, તો પણ ગોપીનાથ સહાની ધરપકડ કરવામાં આવી, તેના પર મુકદ્દમો ચલાવવામાં આવ્યો અને લોકોનો પ્રચંડ વિરોધ છતાં તેને 1 માર્ચ, 1924ના રોજ ફાંસી આપવામાં આવી. આ પછી સરકાર ચેતી ગઈ અને તેણે મોટા પાયા પર દમન આચર્યું. નવા બહાર પડાયેલા આદેશ મુજબ સરકારે ઘણા ક્રાંતિકારી નેતાઓની ધરપકડ કરી. વિશેષમાં ક્રાંતિકારીઓ તરફ સહાનુભૂતિ હોવાના શક પરથી સુભાષચંદ્ર સહિત ઘણા કૉંગ્રેસ નેતાઓની પણ સરકારે ધરપકડ કરી. આમ મુખ્ય ક્રાંતિકારી નેતાઓ જેલમાં હોવાથી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ મંદ પડી.

વળી પહેલાંના ક્રાંતિકારી નેતાઓમાં પરસ્પર સંઘર્ષ અને જૂથવાદને કારણે પણ ક્રાંતિકારી પ્રવૃત્તિઓને ઘણું સહન કરવું પડ્યું. યુગાન્તર વિરુદ્ધ અનુશીલન પર આધારિત કલહો નિરંતર ચાલ્યા કરતા હતા. આમ છતાં, 1926 બાદ ક્રાંતિકારીઓની જેલમુક્તિ પછી પહેલાંના ક્રાંતિકારીઓની ટીકા કરતા યુવાન ક્રાંતિકારીઓએ પોતાનાં અલગ જૂથો રચ્યાં, અને તે બળવાખોર જૂથો તરીકે ઓળખાયાં. તે જૂથોએ રશિયાની અને આઈરિશ ક્રાંતિઓના અનુભવોને આધારે પોતાનો કાર્યક્રમ નિશ્ચિત કર્યો. ભૂતકાળના અનુભવમાંથી બોધપાઠ લઈને તે જૂથોએ અનુશીલન તથા યુગાન્તર સમિતિઓ સાથે સારા સંબંધો કેળવ્યા. નવાં બળવાખોર જૂથોમાં સૂર્યસેનની નેતાગીરી નીચેનું ચિત્તાગોંગ જૂથ વધારે વિખ્યાત અને જાણીતું બન્યું.

## 24.7 ચિત્તાગોંગ શસ્ત્રાગાર પર ધાડ (The Chittagong Armoury Raid)

સૂર્યસેને અસહકારના આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો અને તે ચિત્તાગોંગમાં એક ગામડાની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયો હતો. તેથી તે માસ્તર સાહેબ તરીકે લોકપ્રિય બન્યો. તેની 1926માં ધરપકડ કરવામાં આવી હતી તથા 1928માં તેને મુક્ત કરવામાં આવ્યો હતો. 1929માં સૂર્યસેન ચિત્તાગોંગ જિલ્લા કૉંગ્રેસ સમિતિનો મંત્રી હતો. સૂર્યસેન શરીરે નબળો, દિલનો નિખાલસ અને ઘણો સહૃદયી હતો. તેની તેજસ્વી સંગઠન શક્તિથી યુવાનો અને યુવતીઓ તેના તરફ આકર્ષાયા હતા.

સૂર્યસેને અનન્ત સિંહ, ગણેશ ઘોષ, અંબિકા ચક્રવર્તી તથા લોકનાથ સહિત યુવાન ક્રાંતિકારીઓનું એક મોટું જૂથ ઊભું કર્યું. અંગ્રેજોના શાસનને શસ્રો મારફત પડકાર ફેંકી શકાય છે તે દર્શાવવા સૂર્યસેનના જૂથે શરૂઆતમાં નાના પાયા પર 1929ના પ્રારંભે એક સશસ્ર બળવાની યોજના કરી. પોતાને પૂરતાં શસ્રો મળી રહે તે માટે તેમણે જિલ્લાઓનાં શસ્રાગારો પર ધાડ પાડવાનું આયોજન કર્યું. તેમણે યુવાનોમાં તેનો જોરદાર પ્રચાર પણ કર્યો.

સૌ પ્રથમ ચિત્તાગોંગના શસ્રાગાર પર ધાડ પાડવાની યોજના ઘડાઈ. તે મુજબ ચિતાગોંગનાં બે મુખ્ય શસ્રાગારોનો કબજો લઈને તેમાંથી મળેલાં શસ્રો વડે ક્રાંતિકારીઓના મોટા જૂથને શસ્રોથી સુસજ્જ કરવાનું નક્કી કરવામાં આવ્યું. ચિતાગોંગ અને બંગાળના અન્ય પ્રદેશો વચ્ચેના ટેલિફોન, તાર તેમજ રેલવે વ્યવહાર કાપી નાખવાનું પણ આયોજન કરવામાં આવ્યું. ચિત્તાગોંગ શસ્રાગાર પર ધાડ પાડવા માટેના ક્રાંતિકારી જૂથને આ અંગેની ખાસ તાલીમ આપવામાં આવી. 1930ની 18મી એપ્રિલના રાત્રિના 10 વાગે આ યોજનાનો અમલ કરવાનો હતો. ગણેશ ઘોષની આગેવાની નીચે છ યુવાન ક્રાંતિકારીઓએ "ઇન્કિલાબ ઝિંદાબાદ", "સામ્રાજ્યવાદનો નાશ થાઓ" તથા "ગાંધીજીનું રાજ સ્થાપિત થાઓ"ના નારા સાથે ચિત્તાગોંગ પોલીસ શસ્રાગારનો કબજો લીધો. ક્રાંતિકારીઓના બીજા જૂથે સહાયક લશ્કરી દળના શસ્રાગારનો કબજો લીધો. ઇન્ડિયન રીપબ્લિકન આર્મીની ચિત્તાગોંગ શાખાને નામે આ હુમલો કરવામાં આવ્યો હતો. બધાં જ ક્રાંતિકારી જૂથો પોલીસ શસ્રાગારની બહાર એકઠાં થયાં. સૂર્યસેનને કામચલાઉ ક્રાંતિકારી સરકારના પ્રમુખ તરીકે જાહેર કરાયા. યુનિયન જેક (બ્રિટનનો રાષ્ટ્રધ્વજ)ને નીચે ઉતારી લેવામાં આવ્યો અને તેને સ્થાને "વંદે માતરમ્" તથા "ઇન્કિલાબ ઝિંદાબાદ"નાં સૂત્રો સાથેનો રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો.

અંગ્રેજ સેનાનાં દળો સામે ખુલ્લી રીતે લડવાનું શક્ય ન હોવાથી, ક્રાંતિકારી જૂથોએ જલાલાબાદની ટેકરી પર પોતાનું સ્થાન લીધું ત્યાં હજારોની સંખ્યાના અંગ્રેજોનાં દળોએ 22મી એપ્રિલના રોજ તેમને ઘેરી લીધા. ભારે અને વીરતાભરી લડાઈમાં 12 ક્રાંતિકારીઓ માર્યા ગયા બાદ સૂર્યસેને ખુલ્લી લડાઈ છોડી નજીકનાં ગામડાંમાંથી અંગ્રેજોનાં લશ્કરી દળોને ગેરીલા-પદ્ધતિની લડાઈ આપવાનો નિર્ણય લીધો. સરકારી દળોનાં ભારે દમનકારી પગલાં છતાં ગામડાંનાં લોકો (જેમાંના મોટા ભાગના મુસ્લિમ હતા)ના આશ્રય તથા સાથથી ક્રાંતિકારીઓ આશરે ત્રણ વર્ષ સુધી સરકારી દળો સામે ટકી રહ્યા. સૂર્યસેનની આખરે 16મી ફેબ્રુઆરી, 1933ના રોજ ધરપકડ કરવામાં આવી અને તેને 12મી જાન્યુઆરી, 1934ના રોજ ફાંસી આપવામાં આવી.

ચિત્તાગોંગ શસ્રાગાર પરની ધાડે બંગાળનાં લોકો પર ઘેરી અસર કરી. સરકારી અહેવાલ પ્રમાણે બંગાળના યુવાનોમાં ભારે ઉશ્કેરાટ વ્યાપ્યો. ક્રાંતિકારી જૂથોમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાયા. આ બનાવે અમલદાર વર્ગ, પોલીસ તથા લશ્કર પર પણ અંશતઃ અસર કરી. કલ્પના જોશી(પછીની કલ્પના દત્ત)એ આ સંબંધે એક રસપ્રદ ઉદાહરણ નોંધેલું છે. કલ્પના દત્ત સાથેનું એક ક્રાંતિકારી જૂથ સખત લડાઈ પછી મે, 1933માં શરણે થયું. ત્યારે જાટ ટુકડીના એક સૂબેદારે તેણીને તમાચો માર્યો. બીજા સૈનિકો કલ્પનાને વીંટળાઈ વળ્યા અને તેમણે સૂબેદારને કલ્પનાને નહિ અડકવાની અને જો તે ફરી હાથ ઉગામશે અને તે એમ કરશે તો તેઓ સૂબેદારના હુકમની અવગણના કરશે તેવી ચેતવણી આપી.


ચિત્તાગોંગ શસ્રાગાર પરની ધાડના પરિણામે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ફરી જીવંત બની. મિદનાપુરમાં ત્રણ અંગ્રેજ ન્યાયાધીશોની હત્યા કરવામાં આવી. બે ઉચ્ચ પોલીસ અધિકારીઓને ઠાર કરવામાં આવ્યા અને બે ગવર્નરોના જાન લેવાનો પ્રયાસ થયો.

સરકારે આની સામે ભારે દમનકારી પગલાં લીધાં. તેણે 20 દમનકારી કાયદા પ્રસિદ્ધ કર્યા.

ચિત્તાગોંગ જિલ્લામાં સરકારે કેટલાંક ગામડાં બાળી નાખ્યાં અને અન્ય ગામો પર ભારે શિક્ષાત્મક દંડ નાખ્યો. તેણે રાષ્ટ્રીય નેતાઓની આડેધડ ધરપકડ કરી. સરકારે 1933માં હિંસાત્મક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતા હતા એ બહાના તળે જવાહરલાલ નેહરુની ધરપકડ કરીને તેમને બે વર્ષની જેલવાસની સજા કરી. જોકે જવાહરલાલે ક્રાંતિકારીઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓની ટીકા કરી હતી, તો પણ તેમની વીરતાની તેમણે પ્રશંસા કરી હતી અને પોલીસદમનને વખોડી કાઢ્યું હતું. બંગાળમાં નવા ઉદ્ભવેલા ક્રાંતિકારી ત્રાસવાદે ત્રણ રીતે પ્રગતિ કરી. યુવાન સ્રીઓએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં મોટી સંખ્યામાં ભાગ લીધો. સૂર્યસેનના જૂથમાં એ સ્ત્રીઓએ ક્રાંતિકારીઓને આશ્રય આપ્યો. સંદેશવાહકો તથા શસ્રો લઈ જનારની કામગીરી બજાવી અને તેઓ બંદૂકોથી સરકાર સામે લડી પણ ખરી. પ્રીતિલતા વડેદાર ચિતાગોંગના પહરતાલી પાસેના રેલવે મથક પર ધાડ પાડતાં મૃત્યુ પામી, જ્યારે કલ્પના દત્તની સૂર્યસેન સાથે ધરપકડ કરવામાં આવી. અને તેને આજીવન કેદની સજા કરવામાં આવી. કોમિલાની શાળામાં ભણતી બે છોકરીઓ – શાંતિ ઘોષ અને સુનીતિ ચૌધરીએ ડિસેમ્બર, 1931માં જિલ્લા ન્યાયાધીશની હત્યા કરી. ફેબ્રુઆરી, 1932માં પદવીદાન સમારંભમાં પોતાની ડીગ્રી લેતી વખતે બિના દાસ નામની છોકરીએ ગવર્નર પર ગોળીબાર કર્યો.

બંગાળનાં નવાં બળવાખોર જૂથો બંગાળના પહેલાંના ક્રાંતિકારીઓ તથા ઉત્તર હિંદના અગાઉના ક્રાંતિકારીઓની માફક માત્ર વ્યક્તિગત હત્યામાં માનતાં ન હતાં, પરંતુ તેઓ સશસ્ર બળવો કરવાના ઇરાદે સામુદાયિક કાર્યક્રમ તરફ આગળ વધ્યા હતાં તેવું ચિત્તાગોંગ શસ્રાગાર પરની ધાડે સાબિત કર્યુ. જોકે તેઓ સામુદાયિક બળવો મોટા પ્રમાણમાં યોજવામાં નિષ્ફળ ગયા, તોપણ તેમના કાર્યક્રમની દિશા સ્પષ્ટ હતી.

બંગાળના ક્રાંતિકારીઓ કદીયે કોમવાદી હતા નહિ, તોપણ તેમની વિચારસરણી શરૂઆતમાં હિંદુ ધર્મની વિચારસરણી પર આધારિત હતી. વીસી અને ત્રીસીના ગાળાના ક્રાંતિકારીઓએ ધર્મનું આવરણ દૂર કર્યું. ક્રાંતિકારીઓનાં જૂથોમાં મુસ્લિમો પણ હતા. ચિત્તાગોંગના ક્રાંતિકારી જૂથમાં સત્તાર, મીર અહમદ, ફકીર અહમદ મીયાં તથા તનુ મીઆન વગેરે મુસ્લિમોનો સમાવેશ થતો હતો. સૂર્યસેન અને તેમના સાથીદારોને ગામડાંના મુસ્લિમોએ સક્રિય સાથ આપ્યો હતો;



7. ચંદ્રશેખર આઝાદનું ચિત્ર

તેનાથી આ ક્રાંતિકારીઓ ત્રણ વર્ષ સુધી સરકારી દળો સામે ટકી શક્યા હતા અને પોતાની ધરપકડને નિવારી શક્યા હતા. કલકત્તાનો અબ્દુર રઝાક ખાન એક ક્રાંતિકારી જૂથનો નેતા હતો અને તેણે યુગાન્તર, અનુશીલન તથા અન્ય ક્રાંતિકારી જૂથોને સહકાર આપ્યો હતો. સિરાજુલ હક્ક અને હમીદુલ હક્કને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે આંદામાનમાં કાળાપાણીની સજા કરવામાં આવી હતી. રઝિઆ ખાતુન સહિતની ઘણી મુસ્લિમ બાનુઓ યુગાન્તર તથા અનુશીલન સમિતિ સાથે સંકળાયેલી હતી. બોગરાના ડૉ. ફઝલુલ કાદર ચૌધરીએ લૂંટ કરવામાં ભાગ લીધો હતો. તેથી તેઓને આંદામાન મોકલી આપવામાં આવ્યા હતા.

આમ છતાં ભગતસિંહ અને તેમના સાથીદારોએ જે રીતનો ઉદ્દામ સામાજિક-આર્થિક કાર્યક્રમ અપનાવ્યો હતો, તેવો કાર્યક્રમ અપનાવવામાં બંગાળના ક્રાંતિકારીઓ નિષ્ફળ ગયા. સ્વરાજ્ય પક્ષમાં કાર્ય કરતા મોટા ભાગના ક્રાંતિકારીઓ પણ જમીનદારો વિરુદ્ધ ખેડૂતોને સાથ આપવામાં નિષ્ફળ ગયા.

## 24.8 ત્રાસવાદી ક્રાંતિકારી ચળવળનો અંત (Decline of the Revolutionary Terrorist Movement)

1930ના ગાળામાં ત્રાસવાદી ક્રાંતિકારી ચળવળ મંદ પડી ગઈ. તેનાં ઘણાં કારણો હતાં. ગાંધીજીની નેતાગીરી નીચેની મુખ્ય રાષ્ટ્રીય ચળવળ હિંસા તથા ત્રાસવાદની વિરોધી હતી. જોકે આ ચળવળના નેતાઓ ક્રાંતિકારીઓની વીરતાની પ્રશંસા કરતા હતા તથા અદાલતમાં તેમનો બચાવ કરતા હતા અને તેમની સામેના પોલીસ દમનને વખોડતા પણ હતા. સરકારના ભારે દમનથી પણ ક્રાંતિકારી દળો વેરવિખેર થઈ ગયાં. અલ્હાબાદમાં જાહેર બગીચા પાસે પોલીસ સાથેની અથડામણમાં ચન્દ્રશેખર આઝાદનું 27મી ફેબ્રુઆરી, 1931ના રોજ મૃત્યુ થતાં ઉત્તર હિંદમાં ક્રાંતિકારી ચળવળનો લગભગ અંત આવી ગયો. સૂર્યસેનની શહીદીથી બંગાળમાં ત્રાસવાદી ક્રાંતિકારી ચળવળ લગભગ વિલીન થઈ ગઈ. આંદામાનમાંના તથા અન્ય કારાવાસના ક્રાંતિકારીઓએ પોતાની નીતિ વિશે પુનર્વિચારણા કરી. 1920ના ગાળામાં ભગતસિંહ તથા તેના સાથીદારોએ માર્ક્સવાદ અપનાવ્યો હતો, તે રીતે 1930ના ગાળામાં ઘણાખરા ક્રાંતિકારીઓએ માર્ક્સની વિચારધારા અપનાવી. ઘણા ક્રાંતિકારીઓ હિંદુસ્તાનના સામ્યવાદી પક્ષ, કૉંગ્રેસ સમાજવાદી પક્ષ, ક્રાંતિકારી સમાજવાદી પક્ષ તથા અન્ય ડાબેરી પક્ષો કે જૂથોમાં જોડાયા. બાકીના ગાંધીજીની નેતાગીરી નીચેના કૉંગ્રેસ પક્ષમાં જોડાયા.

જોકે 1920 તથા 1930ના ગાળાના ક્રાંતિકારી ત્રાસવાદીઓ લોકોના સાથ સહિતનો સશસ્ત્ર બળવો જગાવવાના પોતાના ધ્યેયમાં નિષ્ફળ ગયા. વળી તેઓ આમજનતા સાથે પણ સંપર્ક સાધી શક્યા નહિ તોપણ સામ્રાજ્યવાદી સરકાર સામે ચાલતી રાષ્ટ્રીય ચળવળમાં તેમણે મહત્ત્વનું પ્રદાન કર્યું. તેમની નીડરતા અને ત્યાગ તથા દેશપ્રેમની ભાવનાએ દેશના લોકોમાં રાષ્ટ્રીય ચેતના જગાવી. ખાસ કરીને યુવાનોમાં તેમણે આત્મવિશ્વાસ પ્રેર્યો. ઉત્તર હિંદમાં ભગતસિંહ અને તેમના સાથીદારોએ સમાજવાદી વિચારસરણી અને ઉદ્દામવાદી ચળવળનાં બીજ રોપ્યાં.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. બંગાળના ક્રાંતિકારી ત્રાસવાદીઓની મુખ્ય પ્રવૃત્તિઓની આશરે પાંચ લીટીમાં ચર્ચા કરો :

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

2. બંગાળના લોકો પર ચિત્તાગોંગ શસ્ત્રાગાર પરની ધાડની શી અસર થઈ ? આશરે પાંચ લીટીમાં લખો :

......................................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

3. ક્રાંતિકારી ત્રાસવાદી ચળવળના અંતનાં કારણો કયાં હતાં ? આશરે પાંચ લીટીમાં જવાબ આપો :

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 24.9 સારાંશ

1922 પછી દેશમાં વિકસેલા ક્રાંતિકારી ત્રાસવાદના બે બહોળા પ્રવાહો (એક પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશમાં બીજો બંગાળમાં) – નો આ એકમમાં તમે અભ્યાસ કર્યો. ક્રાંતિકારીઓ કઈ રીતે સંગઠિત થયા, તેમણે કેવી નીતિ અપનાવી તથા કઈ વિચારસરણીને આધારે તેમણે પોતાની પ્રવૃત્તિઓ કરી તેનો પણ આ એકમમાં તમે અભ્યાસ કર્યો. ઉપર દર્શાવેલા બંને પ્રદેશોમાં ક્રાંતિકારીઓ વ્યક્તિગત વીરતાભર્યા કાર્યથી વિમુખ થઈને લોકો પર આધારિત સશસ્ત્ર લડત તરફ વળ્યા હતા. જોકે લડત લોકો પર આધારિત સશસ્ત્ર સંગ્રામ કરવાનો પોતાનો હેતુ પાર પાડી શકી નહિ, તો પણ સંસ્થાનવાદ સામે ચાલતી રાષ્ટ્રીય લડતમાં તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું. ક્રાંતિકારી ત્રાસવાદીઓની નીડરતા, ત્યાગભાવના અને દેશપ્રેમે દેશના યુવાનોને પ્રેરણા આપી અને તેમનામાં ગૌરવ અને આત્મવિશ્વાસની ભાવના પ્રેરી.

## 24.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પુખ્ત વય મતાધિકાર** : 21 વર્ષના (હવે 18 વર્ષના) અને તેની ઉપરની વયના બધા નાગરિકોને મત આપવાનો હક.

**સામ્યવાદ** : માર્ક્સના પૃથક્કરણ મુજબ ઇતિહાસનો અંતિમ તબક્કો. તેમાં વર્ગવિહીન સમાજરચનાનો ખ્યાલ છે.

**શહીદી** : ઉમદા કાર્ય માટે વ્યક્તિનું મૃત્યુ થાય તેવી સ્થિતિ.

**માર્ક્સવાદ** : માર્ક્સની વિચારસરણી. માર્ક્સે સમાજના ઘડતરમાં સમાજ, રાજ્યશાસ્ત્ર તથા સંસ્કૃતિના સંદર્ભમાં ઉત્પાદક પરિબળોની ભાગીદારી પર ભાર મૂક્યો.

**ક્રાંતિકારી ત્રાસવાદી ચળવળ** : હિંસાત્મક કાર્યો મારફત ત્રાસ ફેલાવીને સામાજિક પરિવર્તન લાવવા ઇચ્છતી ચળવળ.

**સમાજવાદ** : સામ્યવાદ પ્રતિનું પગલું, તે શ્રમજીવીઓની સરમુખત્યારશાહી સ્થાપવામાં માને છે તથા તેના અંકુશ નીચે ઉત્પાદનનાં સાધનો અને સંપત્તિની સમાન વહેંચણી શક્ય છે.

## 24.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   સમાજવાદી વિચારો અને સમાજવાદી જૂથોનો વિકાસ, ઉદ્દામવાદી મજૂર સંઘ ચળવળનો ઉદય તથા સોવિયેટ પ્રજાસત્તાકનો ઉદય (વિભાગ-24.2 જુઓ.)

2. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   સંસ્થાનવાદી શાસન સામે સશસ્ત્ર ક્રાંતિનું આયોજન, પુખ્ત વય મતાધિકારને ધોરણે ચૂંટાયેલા સમવાયી પ્રજાતંત્રની સ્થાપના (વિભાગ 24.3 જુઓ.)

3. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   તે સમાજવાદી વિચારસરણીથી પ્રભાવિત થયેલા. તે લોકો પર આધારિત સશસ્ત્ર સંગ્રામ તરફ આગળ વધેલા વગેરે. (વિભાગ 24.4 જુઓ.)

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   વિસ્તૃત સમાજવાદી, લોકશાહી તથા બિનસાંપ્રદાયિક સંગઠન સ્થાપવા માટેના કાર્યક્રમનો અમલ. સશસ્ત્ર ક્રાંતિ મારફત સમવાયી પ્રજાતંત્રની સ્થાપના - સામાજિક ક્રાંતિકારી સિદ્ધાંતોનો પ્રચાર (પેટા વિભાગ-24.5.1 જુઓ.)

2. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   લડતનું સમાજવાદ તથા માર્ક્સવાદ તરફી વલણ, ત્રાસવાદ અને વ્યક્તિગત વીરતાના ધ્યેયનો ત્યાગ, લોકો પર આધારિત સામુદાયિક લડત જ દેશને મુક્ત કરી શકે તેવી માન્યતામાં શ્રદ્ધા (પેટા વિભાગ 24.5.2 જુઓ.)

3. વિજય સિંહા, શિવ વર્મા વગેરે (પેટા વિભાગ 24.5.2 જુઓ.)

## તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   વર્તમાનપત્રોમાં ત્રાસવાદી ચળવળનો મોટા પાયા પર પ્રચાર તથા ભૂગર્ભ પ્રવૃત્તિઓનો વિકાસ, ગામડાંથી પ્રાંત સુધીના કૉંગ્રેસ સંગઠનમાં કાર્ય ચાલુ રાખ્યું, કારણ કે કૉંગ્રેસ વાસ્તવિક અર્થમાં લોકોની પ્રતિનિધિ સંસ્થા હતી તેવી તેમને ખાતરી થઈ. તેમણે લોકો પર આધારિત સશસ્ત્ર ક્રાંતિથી રાષ્ટ્રની મુક્તિ માટેની યોજના અપનાવી (વિભાગ-24.6 જુઓ).

2. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   અમલદાર વર્ગ પોલીસ તથા લશ્કરનો એક વિભાગ ચિત્તાગોંગ શસ્ત્રાગારના ધાડની અસર તળે આવ્યો. સ્ત્રીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ક્રાંતિકારી લડતમાં જોડાયા (વિભાગ 24.7 જુઓ).

3. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

   રાષ્ટ્રીય લડતનો મુખ્ય પ્રવાહ ત્રાસવાદી ચળવળની વિરુદ્ધ હતો. ઘણાખરા ક્રાંતિકારી નેતાઓના અવસાન, સરકારી દમન વગેરે (વિભાગ 24.8 જુઓ).

# એકમ 25 સવિનય કાનૂન ભંગની લડત 1930–1934 (Civil Disobedience Movement — 1930-1934)

**રૂપરેખા**


25.0 ઉદ્દેશો
25.1 પ્રસ્તાવના
25.2 પૂર્વભૂમિકા
25.3 સવિનય કાનૂન ભંગ, 1930 - માર્ચ 1931
25.3.1 ગાંધીજીના પ્રયત્નો
25.3.2 લડતની શરૂઆત
25.3.3 લડતનો ફેલાવો
25.3.4 જુદા જુદા વર્ગોનો પ્રતિભાવ
25.3.5 પ્રાદેશિક તફાવતો
25.4 સમાધાનના મહિનાઓ – માર્ચ-ડિસેમ્બર 1931
25.5 1932-34 – સવિનય કાનૂન ભંગનો બીજો તબક્કો
25.6 પરિણામો
25.7 સારાંશ
25.8 ચાવીરૂપ શબ્દો
25.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 25.0 ઉદ્દેશો

1930-34 દરમિયાન ગાંધીજીના નેતૃત્વ તળે કૉંગ્રેસે ચલાવેલી સવિનય કાનૂન ભંગની લડતની આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચેની જાણકારી મેળવી શકશો :

- સવિનય કાનૂન ભંગની લડત માટેનાં પરિબળો.
- લડતની શરૂઆત કેવી રીતે થઈ અને તેનો શો કાર્યક્રમ હતો ?
- લડત કામચલાઉ શા માટે મોકૂફ રાખવામાં આવી ?
- તે પોતાનું ધ્યેય સિદ્ધ કરવામાં શા માટે નિષ્ફળ ગઈ ?
- ભારતીય ઇતિહાસમાં તે લડતનું મહત્ત્વ.

## 25.1 પ્રસ્તાવના

કૉંગ્રેસે શરૂ કરેલા અસહકારના આંદોલન વિશે તમે ખંડ 5ના એકમ 18માં અભ્યાસ કર્યો. જોકે તે આંદોલન તેનું ધ્યેય સિદ્ધ કરવામાં નિષ્ફળ નીવડ્યું; તોપણ અંગ્રેજોના શાસન સામેની લોકલડતમાં લાખો લોકોને સામેલ કરવામાં તે સફળ નીવડ્યું. ત્યાર બાદ આશરે 8 વર્ષના સમય બાદ કૉંગ્રેસે 1930માં સવિનય કાનૂન ભંગ તરીકે જાણીતી થયેલી લડતની શરૂઆત કરી. અસહકારના આંદોલનની મોકૂફી બાદ ભારતમાં વિકસેલા રાજકીય સંજોગોએ તથા હિંદનો પ્રશ્ન ઉકેલવામાં અંગ્રેજ સરકારના નકારાત્મક અક્કડ વલણોએ સવિનય કાનૂન ભંગની લડતની ભૂમિકા તૈયાર કરી. આ એકમમાં આપણે સવિનય કાનૂન ભંગની લડતની પૂર્વભૂમિકા તેના તબક્કા મુજબના વિકાસ, તેમ જ છેવટે તેની નિષ્ફળતા અને તેનાં પરિણામોની ચર્ચા કરીશું.

## 25.2 પૂર્વભૂમિકા (Background)

ફેબ્રુઆરી 1922ના ચૌરીચૌરાના બનાવ બાદ ગાંધીજીએ અસહકારનું આંદોલન એકાએક પાછું ખેંચી લેતાં, ઘણા કૉંગ્રેસી નેતાઓમાં હતાશાની લાગણી ફેલાઈ તથા રાષ્ટ્રીય લડતમાં એકદમ

ઓટ આવી. માર્ચ, 1923માં અખિલ હિંદ કૉંગ્રેસના સભ્યોની સંખ્યા 1,06,000ની થઈ. મે, 1924માં તે ઘટીને ફક્ત 56,000ની થઈ. ધારાસભામાં પ્રવેશ મેળવીને દ્વિમુખી શાસનને રદ કરાવવાના સ્વરાજ્ય પક્ષના કાર્યક્રમ (જેનો તમે એકમ 21માં અભ્યાસ કરેલો છે)નો ધારાસભા તથા મ્યુનિસિપલમાંના રાજકીય કાવાદાવાને લીધે અંત આવ્યો. ગામડાંમાં ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનો અમલ કરવા માગતા નાફેરવાદીઓ પણ સંગઠિત રીતે કાર્ય કરી શક્યા નહિ તથા તેમણે પોતાની જાતને રાજકીય પ્રવાહોથી અલગ રાખી. અસહકાર તથા ખિલાફતના આંદોલન સમયની હિંદુ-મુસ્લિમ એકતા અદૃશ્ય થઈ અને 1920-29ના ગાળામાં વ્યાપક પ્રમાણમાં કોમી હુલ્લડો થયાં, જેમ કે સપ્ટેમ્બર, 1924માં સરહદ પ્રાંતમાં કોહાર મુકામે હિંદુ વિરોધી હુલ્લડ થયું. કલકત્તામાં એપ્રિલ અને જુલાઈ, 1926ની વચ્ચે થયેલાં ત્રણ કોમી હુલ્લડોમાં 138 વ્યક્તિઓએ જાન ગુમાવ્યા. આ જ વર્ષમાં ઢાકા, પટણા, રાવળપીંડી, દિલ્હી તથા ઉત્તર પ્રદેશમાં કોમી હુલ્લડો થયાં. હિંદુ સભાઓની સાથે કોમી સંગઠનો પણ રચાયાં અને અમુક પ્રદેશોમાં સ્વરાજ્ય પક્ષના સભ્યો આવા કોમી સંગઠનોના પણ સભ્ય થયાં હતાં. હિંદુ મહાસભાના વિરોધ તથા જિન્નાહના અક્કડ વલણને લીધે વૈકલ્પિક બંધારણ ઘડવા માટેના નેહરુ અહેવાલના મુસદ્દા પરત્વેની જિન્નાહ સાથેની વાટાઘાટો 1927-28માં પડી ભાંગી.

1919-22ના સમયની હિંદુ-મુસ્લિમ એકતા ફરી કદી સ્થાપિત થઈ શકી નહિ. આમ છતાં, 1928થી સામ્રાજ્યવાદ વિરોધી લડત માટેના ઘણા સંજોગો ઊભા થયા હતા. આ સંજોગો નીચે મુજબ હતા :

- સાયમન કમિશનના બહિષ્કાર સમયે શહેરોમાં પડેલી હડતાળો અને યોજાયેલા દેખાવો.
- મુંબઈ અને કલકત્તામાં સામ્યવાદીઓ પ્રેરિત શ્રમજીવીઓની ક્રાંતિકારી ચળવળો. તેનાથી હિંદી વેપારીઓ, અંગ્રેજ અધિકારીઓ અને ધનિકોમાં ચિંતા.
- બંગાળ અને ઉત્તર હિંદમાં ક્રાંતિકારી જૂથોનું પુનરાગમન (નવી બિનસાંપ્રદાયિક અને સમાજવાદી વિચારસરણી ધરાવતી ભગતસિંહની હિંદુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સભા સહિત)
- જુદા જુદા પ્રદેશોમાં ખેડૂત આંદોલનો; ખાસ કરીને જમીન મહેસૂલના વધારા સામે 1928માં ગુજરાતમાં વલ્લભભાઈ પટેલની આગેવાની નીચે થયેલો બારડોલી સત્યાગ્રહ વિશેષ નોંધપાત્ર હતો.

તે સમય દરમિયાન કૉંગ્રેસમાં જ્યારે જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝની આગેવાની નીચે ડાબેરી યુવાન પાંખનો ઉદય થયો, ત્યારે સાંસ્થાનિક સ્વરાજ્યને બદલે પૂર્ણ સ્વરાજ્યના ધ્યેય માટેની પ્રબળ માગ ઊઠી. (એકમ 26 જુઓ.) ગાંધીજીએ આનાકાની સાથે ડિસેમ્બર, 1929માં કૉંગ્રેસના લાહોર મુકામે મળેલા અધિવેશનમાં આ માગણીનો સ્વીકાર કર્યો. તે રીતે 1930-35ની બીજી દેશવ્યાપી લડતની ભૂમિકા બંધાઈ.

1930 પહેલાંનાં વર્ષોમાં જ્યારે રાષ્ટ્રવાદનો જુવાળ ઓસરી ગયો હતો અને યુવાન વર્ગમાં હતાશા વ્યાપી હતી ત્યારે તે નવું રાષ્ટ્રીય ઉત્થાન કઈ રીતે શક્ય બન્યું તે જાણવું આવશ્યક છે. "કેમ્બ્રિજ સ્કૂલ"ના ઇતિહાસકારોએ અંગ્રેજ સરકારની નીતિ-રીતિ તથા રાષ્ટ્રીય લડતના ચઢાવ-ઉતારને કાર્ય-કારણના સંબંધથી આ નવા ઉત્થાનને સાંકળવાનો પ્રયાસ કર્યો છે. સાયમન કમિશનની નિયુક્તિએ નિષ્ક્રિય થયેલા રાષ્ટ્રવાદને સતેજ કર્યો. સમાનતાના ધોરણે ગાંધીજી સાથે વાતચીત કરીને વાઇસરોય ઇર્વિને કૉંગ્રેસને મહત્ત્વ આપ્યું. પરંતુ તે વિધાનને ઊંડાણથી તપાસતાં તે યથાર્થ લાગતું નથી કારણ કે અંગ્રેજોની નીતિ રાષ્ટ્રીય દબાણના પ્રતિભાવ રૂપે બદલાઈ હતી એટલે તેનાથી વિરુદ્ધ બાબત સાચી નથી. જેમ કે, બધા જ અંગ્રેજોના બનેલા સાયમન કમિશને હિંદીઓની માગણીઓ સંબંધમાં મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાની જોગવાઈઓ કરતા પણ પીછેહઠ કરતી ભલામણો કરી હતી. પરંતુ, 1930ની વ્યાપક લોકલડતે કેન્દ્રમાં પણ મર્યાદિત પ્રમાણમાં જવાબદાર રાજ્યતંત્રના અમલની ખાતરી આપવાની અંગ્રેજ સરકારને ફરજ પાડી હતી. વિશેષમાં રાષ્ટ્રીય લડતના દબાણથી તથા લોકોના વીરતાભર્યા બલિદાનથી વાઇસરોય ઇર્વિનને ગાંધીજી સાથે ફેબ્રુઆરી-માર્ચ, 1931માં વાટાઘાટો કરવાની ફરજ પડી હતી.

1928 અને 1929નાં વર્ષો દરમિયાન અંગ્રેજોના આધિપત્ય અને હિંદના વિવિધ પ્રકારનાં હિત ધરાવતા વર્ગો વચ્ચે રાજકીય અને આર્થિક તનાવો વધ્યા હતા.

- 1929થી વિશ્વવ્યાપી મંદી આવી તેનાથી પણ પરસ્પર વિરોધી વલણો વધારે તીવ્ર બન્યાં. વેપારી તથા ધંધાદારી વર્ગ અંગ્રેજ સરકારની જકાત નીતિથી નારાજ હતો. લેંકેશાયરના

કાપડની આયાત ભારતમાં વધી હતી. શણના ઉદ્યોગ સંબંધમાં કલકત્તામાં બિરલા અને બ્રિટિશ હિતો વચ્ચે તથા વહાણવટાના ઉદ્યોગ સંબંધમાં મુંબઈમાં હિંદીઓ અને અંગ્રેજોના હિતો વચ્ચે સંઘર્ષ વધતો જતો હતો.

- મોટા પાયા પર રુખસદ થવાના ભયે શ્રમજીવીઓનાં સંગઠનો ઉગ્ર આંદોલનો તરફ વળ્યાં હતાં.
- જ્યાં સુધી વિજયી બારડોલી સત્યાગ્રહે કાયમને માટે મહેસૂલ વધારો અટકાવી ન દીધો ત્યાં સુધી 1920 થી 1928ની વચ્ચે રૈયતવારી પ્રદેશોમાં અંગ્રેજ સરકારે વધારેલા મહેસૂલના દરને કારણે ખેતીવાડી લગભગ સ્થગિત થઈ ગઈ હોવાથી વ્યાપક પ્રમાણમાં ખેડૂત આંદોલનો થયાં.

પરંતુ સામાજિક-આર્થિક તનાવોએ તરત અંગ્રેજ વિરોધી વળાંક લીધો નહિ, કારણ કે ભારતીય જમીનદારો, ધીરધાર કરનાર, કારખાનાના માલિકો તેમના પ્રથમ શોષકો હતા, તેમને રાષ્ટ્રીય નેતાઓ સાથે સંબંધો હતા અને રાષ્ટ્રીય નેતાઓ તેમને પોતાના પક્ષે રાખવા માગતા હતા. આમ છતાં, 1930માં વ્યાપક પ્રમાણમાં લોકલડત થઈ. તે કઈ રીતે બન્યું તેની ચર્ચા અત્રે કરીએ.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. સવિનય કાનૂન ભંગની લડતની ભૂમિકા તૈયાર કરનાર 1928 પછીના હિંદી રાજકારણના કયા કયા પ્રવાહો હતા ? આશરે 100 શબ્દોમાં જવાબ આપો :

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

2. નીચેનાં વિધાનોમાં ક્યાં સાચાં (√) છે અને ક્યા ખોટાં (×) છે ? નિશાની કરો :
   (ક) અસહકારના આંદોલન પછીના સમયમાં જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝની નેતાગીરી નીચે કૉંગ્રેસમાં ડાબેરી પાંખનો ઉદય થયો. ( )
   (ખ) 1929માં લાહોર મુકામે કૉંગ્રેસ મહાસમિતિની યોજાયેલી બેઠકમાં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ( )
   (ગ) વિશ્વ મહામંદીની અસરથી સામાજિક-આર્થિક તનાવો તીવ્ર બન્યા. ( )
   (ઘ) સામાજિક-આર્થિક તનાવોથી તરત અંગ્રેજો વિરોધી ચળવળ શરૂ થઈ ( )

## 25.3 સવિનય કાનૂન ભંગ, 1930–માર્ચ 1931 (Civil Disobedience, 1930 – March 1931)

1929માં લાહોર મુકામે કૉંગ્રેસના યોજાયેલ અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિ માટે ગાંધીજીને અહિંસક લડત શરૂ કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો હતો. એવું ઠરાવવામાં આવ્યું હતું કે 26મી જાન્યુઆરી, 1930ના રોજ શક્ય તેટલા વધારે લોકો મારફત સ્વાતંત્ર્ય માટેનું જાહેરનામું દેશના બધા જ પ્રદેશોમાં પહોંચાડવું. આ દિવસે સવિનય કાનૂન ભંગની લડત શરૂ કરવાની ધારણા હતી.આથી આ દિવસને સ્વાતંત્ર્ય દિન તરીકે જાહેર કરવામાં આવ્યો.

### 25.3.1 ગાંધીજીના પ્રયત્નો (Gandhi's Efforts)

ગાંધીજીને પોતાની યોજના વિશે હજુ પૂરી ખાતરી ન હતી. લડત શરૂ કરતા પહેલાં તેમણે સરકાર સાથે સમાધાન સાધવાનો એક વધુ પ્રયાસ કર્યો. ગાંધીજીએ સરકાર સમક્ષ વહીવટી સુધારણા માટેના 11 મુદ્દાઓ રજૂ કર્યા અને જણાવ્યું કે સરકાર જો આ મુદ્દાઓનો સ્વીકાર કરે તો તેઓ સવિનય કાનૂન ભંગની લડત શરૂ કરશે નહિ. આમાંની અગત્યની માગણીઓ નીચે મુજબ હતી :

1. રૂપિયા તથા પાઉન્ડનું પ્રમાણ 1 શિલિંગ 4 પેન્સનું કરવું.
2. જમીન મહેસૂલ અર્ધું કરવું અને તેને ધારાસભાના અંકુશ નીચે મૂકવું.
3. મીઠા વેરો તથા સરકારનો તેનો ઇજારો નાબૂદ કરવો.
4. સૌથી ઊંચા પગારદારોનો પગાર અર્ધો કરવો.
5. લશ્કરી ખર્ચમાં 50 ટકાનો કાપ મૂકવો.
6. ભારતના કાપડ ઉદ્યોગ તથા વહાણવટાના ઉદ્યોગને રક્ષણ આપવું.
7. બધા રાજકીય કેદીઓને મુક્ત કરવા.

ઘણાખરા સમીક્ષકોને આ માગણીઓ પૂર્ણ સ્વરાજ્યની માગણીમાંથી પીછેહઠ સમાન લાગી. જવાહરલાલ નેહરુએ તેની આત્મકથામાં લખ્યું કે :

> "જ્યારે પૂર્ણ સ્વરાજ્યની માગણી કરી રહ્યા હતા, ત્યારે રાજકીય અને સામાજિક સુધારાને લગતી માગણીઓ કરવાનો શો અર્થ હતો ? અમે સ્વરાજ્ય શબ્દનો જે અર્થ કર્યો હતો તે જ અર્થ શું ગાંધીજીએ પણ કર્યો હતો ખરો ?"

ગાંધીજીની માગણીઓ પ્રત્યે સરકારનું વલણ નકારાત્મક હતું, તોપણ ગાંધીજીનું વલણ અનિશ્ચિત હતું. તેમણે વાઇસરોય ઈર્વિનને લખ્યું :

> "આ અનિષ્ટો તમે નાબૂદ કરવા તેમ જ મારા પત્રનો અમલ કરવા માગતા ન હો, તો હું આશ્રમના મારા સાથીદારો સાથે મીઠાના કાયદાનો ભંગ કરવા આગળ વધીશ. આ વેરાને ગરીબ લ[illegible]ના દષ્ટિએ હું તેમના પર સૌથી ઘેરી અને વિપરીત અસર કરનારો માનું છું."


વાઇસરોયે ગાંધીજીના પત્રનો ટૂંકો જવાબ [illegible]પ્યો અને જણાવ્યું કે જેમાં કાયદાનો તેમ જ શાંતિનો ભંગ થાય તેવી ચળવળ ગાંધી શરૂ કરવા માગે છે તેથી તેમને દુઃખ થયેલ છે.
ગાંધીજીએ તેના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે તેમણે ખૂબ જ નમ્રપણે રોટી માગી અને જવાબમાં સરકારે પથ્થર આપ્યો. અંગ્રેજ પ્રજા માત્ર બળને જ તાબે થાય છે અને તેથી વાઇસરોયના પત્રથી તેમને આશ્ચર્ય થયું ન હતું.

### 25.3.2 લડતની શરૂઆત (Beginning of the Movement))

ગાંધીજીએ લડત શરૂ કરવાનો નિર્ણય લીધો. 12મી માર્ચ, 1930ના રોજ ગાંધીજીએ પોતાના 78 અનુયાયીઓ સાથે સાબરમતી આશ્રમથી દાંડીના સમુદ્રકિનારા સુધીની ઐતિહાસિક કૂચ શરૂ કરી. ત્યાં ગાંધીજી અને તેમના અનુયાયીઓએ સમુદ્રના કિનારે મીઠુ પકવીને મીઠાના કાયદાનો ભંગ કર્યો. લડતનો કાર્યક્રમ નીચે મુજબ હતો :

(1) મીઠાના કાયદાનો પ્રત્યેક જગ્યાએ ભંગ કરવો.
(2) વિદ્યાર્થીઓએ કૉલેજો છોડી દેવી અને સરકારી કર્મચારીઓએ રાજીનામાં આપવાં.
(3) પરદેશી કાપડની હોળી કરવી.
(4) સરકારને કર આપવા નહિ.
(5) સ્ત્રીઓએ દારૂની દુકાનો પર ધરણાં કરવાં.

લડતના મુખ્ય મુદ્દા તરીકે મીઠાની પસંદગી શરૂઆતમાં મૂંઝવણભરી લાગી. પરંતુ તે પછીના ઝડપી બનાવોએ મીઠાની પસંદગીને યથાર્થ ઠેરવી. વાઇસરોય ઈર્વિને પછીથી ગાંધીજી સમક્ષ કબૂલ્યું કે તેણે (ગાંધીજીએ) મીઠાના મુદ્દા પર લડતની યોજનાબદ્ધ વ્યૂહરચના કરી હતી. મીઠા વેરો એ ગામડાંના ગરીબ લોકો માટે નક્કર અને સાર્વત્રિક ફરિયાદનો મુદ્દો હતો. તેમાં સામાજિક વિભાજનને માટે કોઈ અવકાશ ન હતો. ખોરાકમાં મીઠું એ પ્રત્યેકની રોજની જરૂરિયાત હતી. વળી તેમાં શ્રદ્ધા, આતિથ્ય તેમ જ પરસ્પર આભારનો ધ્વની પણ વ્યક્ત થતો હતો. આ રીતે તેમાં દૂરગામી અસર કરનારી ભાવાત્મક સંતોષની લાગણી હતી. વિશેષમાં મીઠાના કાયદાનો ભંગ એ પ્રજાની વફાદારી પરત્વે સરકારી દાવાના ઇન્કાર સમાન હતો. દરિયા કિનારાના પ્રદેશો



ચિત્ર-8 મીઠાના કાયદાના ભંગ કરતા લોકો

જ્યાં બ્રિટિશ મીઠાના આયાતથી સદી પહેલાં સ્થાનિક મીઠાનો ઉદ્યોગ નાશ પામ્યો હતો, ત્યાં લોકોએ ગેરકાયદેસર મીઠું પકવીને થોડી આવક કરી. વળી મીઠાનું ઉત્પાદન પણ ખાદીના ઉ... ની માફક ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનું અંગ બન્યું. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની અસર હેઠળના ગામડાંઓએ મીઠાના સત્યાગ્રહ માટે સારી સંખ્યામાં સ્વયંસેવકો પૂરા પાડ્યા. ખાસ નોંધપાત્ર બાબત એ હતી કે દાંડીકૂચે અને તે પછીના મીઠાના કાયદાના ભંગના દેશવ્યાપી આંદોલને આમજનતાની સામુદાયિક અહિંસક લડતની અદ્ભુત શક્તિનાં દર્શન કરાવ્યાં. આ લડતને પરિણામે સરકારની લોકકલ્યાણ માટેની કહેવાતી પિતા-તુલ્ય ભાવના તેમ જ તેની નૈતિક પ્રતિષ્ઠાને ઘણું નુકસાન થયું. નવેમ્બર, 1930માં મીદનાપુર (બંગાળ)ના વધારાના જિલ્લા ન્યાયાધીશે અહેવાલ આપ્યો કે ગામડાંના લોકો ઉદ્ધતાઈથી સરકાર વિરુદ્ધ વાતો કરતા હતા તથા સામાન્ય ખેડૂતો પણ નિરાંતે બેસીને સરકાર વિરુદ્ધ કટાક્ષભરી રીતે હસીને કહેતા હતા કે સરકાર કેટલી શક્તિશાળી છે તેની અમને જાણ થઈ ગયેલી છે.

### 25.3.3 લડતનો ફેલાવો (Movement Spreads)

પોલીસો અને નીચલા થરના વહીવટી અધિકારીઓના થયેલ સામાજિક બહિષ્કારથી કેટલાકે ત્યાગપત્ર આપી દીધા. અમેરિકન પત્રકાર વેલ મીલરે જાતે જોયા પછી અમેરિકાના વર્તમાનપત્રમાં અહેવાલ પ્રસિદ્ધ કર્યો કે બ્રિટિશ સરકાર બિલકુલ શાંત સત્યાગ્રહીઓ પર તેઓને લોહી નીતરે ત્યાં સુધી સખત માર મારીને પાશવી દમનનીતિનું પ્રદર્શન કરી રહી હતી. આ અહેવાલથી સરકારને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવ્યો. પરંતુ મક્કમતાથી અસહ્ય ત્રાસ સહન કરતા નિઃશસ્ત્ર તથા શાંત સત્યાગ્રહીઓનું દશ્ય જોઈને સ્થાનિક લોકોમાં તેમના પ્રત્યે સહાનુભૂતિ અને માનની લાગણી જન્મી. આવા અમાનુષી જુલ્મે પોલીસ તેમ જ સ્થાનિક અધિકારીઓ મારફત થયેલ અસંખ્ય નાનાં નાનાં ત્રાસદાયક કાર્યોની યાદ તાજી કરી. આમ ગામડાંના લોકોએ સહન કરેલ ત્રાસદાયક સરકારી પગલાંથી તેમનું (લોકોનું) અખિલ હિંદ લડત સાથેનું જોડાણ થયું, અને તેઓએ લડતમાં ઉત્સાહથી ભાગ લીધો. જેથી લડતનો વ્યાપ છેક ગામડાં સુધી પહોંચ્યો, જેમાં ગામડાંના લોકોએ પોલીસો પર હુમલા કરવાના હિંસક બનાવો પણ બન્યા. કૉંગ્રેસના ઘણાખરા નેતાઓની સરકારે શરૂઆતમાં ધરપકડ કરી હોવાથી ગાંધીવાદી વિચારસરણી તથા પદ્ધતિનો લડત પરનો પ્રભાવ ઓછો થયો.

જ્યારે મીઠાનો સત્યાગ્રહ પુરજોશમાં ચાલુ હતો, ત્યારે સવિનય કાનૂન ભંગની મર્યાદા તેમ જ ક્ષેત્ર બહારના ત્રણ ગંભીર બનાવોએ સરકારે વધારે ચિંતિત કરી.

(1) 18મી એપ્રિલ, 1930ના રોજ બંગાળના ક્રાંતિકારીઓએ ચિતાગોંગ શસ્ત્રાગારનો કબજો લઈને તથા 22મી એપ્રિલ, 1930ના રોજ જલાલાબાદની ટેકરી પર સરકાર સામે ખુલ્લી લડત લડીને ત્રાસવાદી ક્રાંતિકારી ચળવળના ઇતિહાસમાં એક નોંધપાત્ર પ્રકરણ ઉમેર્યું. 1919થી 1929 વચ્ચેના દશકામાં બંગાળમાં 47 હિંસક બનાવોની તુલનામાં 1930માં 56 હિંસાત્મક બનાવો સાથે સવિનય કાનૂન ભંગની લડતમાં ક્રાંતિકારી ત્રાસવાદ પણ સક્રિય રહ્યો. ગામડાંના ખેડૂતોના સાથથી ચિતાગોંગ ધાડનો મુખ્ય નેતા સૂર્યસેન 1933 સુધી ભૂગર્ભમાં રહી શક્યો. શિક્ષિત મધ્યમ વર્ગના હિંદુઓની મનાતી ક્રાંતિકારી ચળવળમાં મુસ્લિમોએ પણ ભાગ લીધો હતો.

(2) પેશાવરમાં 23મી એપ્રિલ, 1930ના રોજ ખાન અબ્દુલ ગફાર ખાનની ધરપકડ થતાં લોકોમાં ભારે ઉશ્કેરાટ વ્યાપ્યો અને વ્યાપક દેખાવો થયા. ત્યારે ગઢવાલ રાઇફલના સૈનિકો (મુસ્લિમ ટોળાનો સામનો કરતા હિંદુ સૈનિકો)એ ટોળા પર ગોળીબાર કરવાનો ઇન્કાર કર્યો. આનાથી દેશભક્તિ, સ્વાર્પણ, અહિંસા તથા કોમી એકતાનો હંમેશાં યાદ રહે તેવો ઉમદા દાખલો નોંધાયો.

(3) મહારાષ્ટ્રના ઔદ્યોગિક શહેર શોલાપુરમાં મે, 1930માં કાપડની મિલોના કામદારોની હડતાળ પડી, દારૂની દુકાનો, પોલીસ સ્ટેશનો, સરકારી મકાનો વગેરે પર હુમલા કરવામાં આવ્યા તથા થોડા દિવસો માટે સમાન્તર સરકાર પણ રચવામાં આવી.

વર્ષાઋતુના આગમનથી ગેરકાયદેસર મીઠાનું ઉત્પાદન મુશ્કેલ બન્યું. આથી કૉંગ્રેસ સામુદાયિક લડતના અન્ય પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જેમાં લોકોને પ્રોત્સાહિત કરી શકાય તથા ઉદ્દામવાદને વ્યાપક બનાવી શકાય અને સામાજિક ભેદભાવ નિવારી શકાય તેવાં પગલાંનો સમાવેશ થતો હતો. મે, 1930માં મળેલી કૉંગ્રેસની કારોબારી સમિતિએ રૈયતવારી વિસ્તારોમાં કર નહિ આપવા, જમીનદારી પ્રદેશોમાં ચોકીદારી વેરો (ગામડાંમાં પોલીસના નિભાવ માટેનો વેરો) નહિ ભરવા તેમ જ જંગલ સત્યાગ્રહ મારફત આદિવાસી ગરીબ ખેડૂતોનાં ઘાસ, લાકડું અને જંગલની અન્ય પેદાશો મફત લેવાનો હક સિદ્ધ કરવા માટે અનુરોધ કર્યો. ના કરની લડત સામે સરકારે મોટા પ્રમાણમાં સત્યાગ્રહીઓની મિલકત જપ્ત કરી. આમ છતાં હજારો ખેડૂતોએ આનો મક્કમતાપૂર્વક સામનો કરીને નજીકના રાજાશાહી રાજ્યમાં સામૂહિક હિજરત કરી. ગામડાંમાંની લડતો અવારનવાર પોલીસ સાથેની હિંસક અથડામણ તથા મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં જંગલો પર મોટા સમૂહોમાં હુમલાથી ગાંધીમાર્ગથી ચલિત થઈ. બ્રિટિશ રાજ અસ્ત થઈ રહ્યું હતું તેવી અફવા પણ પ્રચલિત થઈ.

### 25.3.4 જુદા જુદા વર્ગોનો પ્રતિભાવ (Response of Different Sections)

અસહકારના આંદોલનની તુલનામાં 1930ની લડતમાં શહેરના બુદ્ધિજીવી વર્ગનો ગાંધીજીના રાષ્ટ્રવાદને ઓછો સાથ મળ્યો હોવાનું કહી શકાય, કારણ કે વકીલોએ વકીલાત છોડ્યાના કે વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓ છોડીને રાષ્ટ્રીય શાળાઓમાં જોડાયાના બહુ ઓછા કિસ્સા બન્યા. લશ્કરી માનસ ધરાવતા શહેરના શિક્ષિત યુવાનો બંગાળની ત્રાસવાદી ક્રાંતિકારી ચળવળથી વધારે આકર્ષાયા હતા. જ્યારે ઉત્તર ભારતનાં શહેરોમાં ભગતસિંહ ગાંધીજીની સ્પર્ધા કરી શકે એટલા લોકપ્રિય થયા હતા. 1919-1922ની લડતની સરખામણીમાં 1930ની લડતનું નબળું પાસું એ હતું કે તેમાં સરહદ પ્રાંત (બાદશાહ ખાન) તેમ જ દિલ્હી જેવાં થોડાંએક સ્થળો સિવાય મુસ્લિમોની ભાગીદારી ઘણી ઓછી હતી. દા.ત. 1930 થી 1933ની વચ્ચે અલ્હાબાદની જેલમાં સવિનય કાનૂન ભંગની લડતના 679 રાજકીય કેદીઓમાંથી ફક્ત 9 મુસ્લિમ હતા. મે અને જુલાઈ, 1930માં ઢાકા શહેર અને કિશોરગંજ ગામમાં સામાજિક અસંતોષ કોમી અસંતોષમાં ફેરવાઈ ગયો. તથા ગાંધી-ઈર્વિન કરાર પછી તુરત માર્ચ, 1931માં કાનપુરમાં મોટા પાયા પર કોમી હુલ્લડો થયાં. અસહકારના આંદોલન સમય જેવા મજૂર આંદોલનો થયાં હતાં. તેવાં કોઈ મજૂર આંદોલનો સવિનય કાનૂન ભંગની લડત વખતે થયાં નહિ. જોકે શહેરોમાં અવારનવાર હડતાળો પડી, પરંતુ કૉંગ્રેસે આ કાર્યક્રમમાંથી ઔદ્યોગિક તથા વેપારી સંસ્થાઓને બાકાત રાખી, જેથી બ્રિટિશ અધિકારીઓએ ઘણી રાહત અનુભવી.

સવિનય કાનૂન ભંગને શરૂઆતના મહિનાઓમાં ખેડૂતો તથા ધંધાદારી જૂથો તરફથી સારા પ્રમાણમાં ટેકો મળતાં ઉપરોક્ત ઊણપો પુરાઈ ગઈ. મોટા પ્રમાણમાં કાયદાનો ભંગ, મોટી











ચિત્ર-8 અને 9 સત્યાગ્રહમાં ભાગ લેતા સ્ત્રીઓ-પુરુષોનાં ચિત્ર

સંખ્યામાં સત્યાગ્રહીઓની ધરપકડ અને મારઝૂડ વગેરે સવિનય કાનૂન ભંગનાં મુખ્ય લક્ષણો હતાં, જેમનું અસહકારના આંદોલનમાં પ્રમાણ ઘણું ઓછું હતું. 1921-22માં જેલ જનાર સત્યાગ્રહીઓની સંખ્યા કરતાં 1930-31માં જેલ જનાર સત્યાગ્રહીઓની સંખ્યા ત્રણ ગણી કરતાં વધારે એટલે 92,214 હતી. અમદાવાદ મિલ માલિક મંડળ, મુંબઈના નાના મોટા વેપારીઓ તથા જી. ડી. બિરલાના નેતૃત્વ તળેના કલકત્તાના મારવાડીઓનો રાષ્ટ્રીય લડતને મળેલ ટેકો એ મૂડીપતિઓની તે પ્રત્યેની નક્કર સાથનાં દૃષ્ટાંતો છે. દા.ત. ઘણા શહેરોના વેપારીઓએ અમુક મહિનાઓ સુધી વિદેશી કાપડ તથા વિદેશી વસ્તુઓ આયાત નહિ કરવાના સામુદાયિક શપથ લીધા. 1929-30માં ભારતમાં બ્રિટિશ કાપડની આયાત 1248 મિલિયન વાર હતી તે મંદી તેમ જ પિકેટિંગની સંયુક્ત અસરને લીધે ઘટીને 1930-31માં ફક્ત 523 મિલિયન વારની થઈ.



ચિત્ર-10 સત્યાગ્રહમાં ભાગ લેતી સ્ત્રીઓ અને બાળકો

સ્રીઓનું મોટા પાયા પર લડતમાં જોડાણ એ સવિનય કાનૂન ભંગનું નવું અને નોંધપાત્ર લક્ષણ હતું. 1930માં તેમના શિક્ષકોથી રક્ષાયેલ થોડીએક અનુસ્નાતક વિદ્યાર્થિનીઓ વર્ગમાં ગઈ, પરંતુ સમાજના રૂઢિચુસ્ત ધંધાદારી, વેપારી તથા ખેડૂત વર્ગમાંથી આવેલી હજારો સ્ત્રીઓ લડતમાં ભાગ લઈ દુકાનો પર પિકેટિંગ કરીને તથા લાઠીઓ ઝીલીને જેલમાં ગઈ. ઉત્તર પ્રદેશના એક પોલીસ અધિકારીને લાગ્યું કે ભારતીય સ્ત્રીઓ ગૃહમોરચે તેમ જ રાષ્ટ્રમુક્તિ માટે એકી સાથે સંગ્રામ કરતી હતી. આમ છતાં રાજકારણમાં સ્ત્રીઓનો આવો સક્રિય હિસ્સો તેમના કુટુંબમાંની કે બહારની સ્થિતિમાં કોઈ ખાસ નોંધપાત્ર પરિવર્તન લાવી શક્યો નહિ. ગાંધી-પદ્ધતિની અહિંસાને સ્ત્રીની પ્રણાલિકાગત ભૂમિકામાં કોઈ ધરખમ ફેરફાર કરવાની જરૂર લાગી નહિ, એટલે સ્વાર્પણ અને યાતના સહન કરવાની ભાવના સાથેનું સ્ત્રીના રૂપમાં તે પુરુષનું કાર્ય હતું. ગાંધીજીની ધાર્મિક સંત તરીકેની ઊંડી છાપ પણ આ બાબતમાં નિર્ણાયક હતી. આમ, સ્ત્રીઓનું કૉંગ્રેસની લડતમાં જોડાવું એ એક નવા પ્રકારનું ધાર્મિક કાર્ય હતું. આથી આ સંદર્ભમાં થોડી છૂટછાટ આવકારપાત્ર અને સન્માનનીય ગણાઈ; જેમ કે મીરાને સૈકાઓ પહેલાં સંત તરીકે ભારે આદર અપાયો હતો; પરંતુ બંગાળમાં જેમ અનેક વખત બન્યું તેમ હત્યાઓ સહિતની ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની ભાગીદારીને સખત રીતે વખોડી કાઢવામાં આવી. સ્રીઓના પ્રશ્નો સંબંધે સામાન્ય રીતે બીજા કરતાં વધારે પ્રગતિશીલ રવીન્દ્રનાથ ટાગોરે પણ પોતાની 'ચાર અધ્યાય' (1934) નામે નવલકથામાં સ્રીઓને છાજે નહિ તેવી આવી ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ સ્રીઓને વખોડી કાઢી છે.

### 25.3.5 પ્રાદેશિક તફાવતો (Regional Variations)

સવિનય કાનૂન ભંગની લડત વિશેના તાજેતરના પ્રાદેશિક સંશોધનોએ તેની રસપ્રદ ભિન્નતાઓ

તથા આંતરિક તનાવો પર પ્રકાશ પાડ્યો છે. ગુજરાતમાં ખેડા જિલ્લો, સુરતનો બારડોલી તાલુકો અને અમદાવાદ તથા મુંબઈ શહેરમાં ગુજરાતી ધંધાદારીઓ અને વેપારીઓ ગાંધીજીના સત્યાગ્રહમાં લોકોની જમાવટ કરવા માટેનાં શ્રેષ્ઠ કેન્દ્રો હતાં. ગાંધીજીની વર્ગમેળની સમાધાનકારક નીતિ ખેડા અને બારડોલીના પાટીદાર જમીન માલિકો-ખેડૂતોને અનુકૂળ હતી. વળી, ત્યાં મોટા જમીનદારો નહિ હોઈને જમીન-ભાડાનો પ્રશ્ન મહત્ત્વનો ન હતો. જ્યાં કૉંગ્રેસ સંગઠન નિર્બળ હતું અથવા જ્યાં જમીનદાર-ખેડૂત વચ્ચેના સંબંધો વધારે ઉગ્ર હતા ત્યાંની ગ્રામ્ય લડતોમાં ગાંધીવાદી પદ્ધતિનો પૂરેપૂરો અમલ થયો નહિ. આમ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટક - જ્યાં અસહકારની લડતની અસર ઓછી હતી અને જ્યાં ગુજરાત, કિનારા પાસેના આંધ્ર પ્રદેશ તથા બિહારમાંના જેવા મજબૂત ગાંધીવાદી મથકો સ્થપાયા ન હતાં, ત્યાં ગાંધીવાદી વિચારસરણી અને લડતનું સ્વરૂપ અસ્પષ્ટ અને અપર્યાપ્ત હતું.



ચિત્ર-11 મીઠું પકવતા લોકોનું ચિત્ર

ઉત્તર પ્રદેશ ખાતેની લડતમાં જિલ્લા સ્તરે ગાંધીવાદી પદ્ધતિ તથા ઉગ્ર પદ્ધતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ જણાતો હતો. મજબૂત કૉંગ્રેસ સંગઠન ધરાવતા આગ્રા જિલ્લાના અમુક વિસ્તારો તથા થોડાક મોટા જમીનદારોએ બારડોલી લડત જેવી પદ્ધતિ અપનાવી હતી. તાલુકાદારોનું વર્ચસ્વ ધરાવતા રાયબરેલીમાં ખેડૂતોનું શક્તિશાળી દબાણ હતું, જ્યારે બારાબંકી જ્યાં ખાદી અને ચરખાની અસર નહિવત્ હતી, ત્યાં લડતમાં જોડાયેલ સ્થાનિક કાર્યકરો પ્રચાર કરતા હતા કે જમીન ઈશ્વરે આપેલી ભેટ હતી, માટે તેના પર માત્ર જમીનદારોનો અધિકાર ન હતો. બંગાળ – જ્યાં પ્રમાણમાં કૉંગ્રેસ સંગઠન નિર્બળ અને જૂથબંધીથી ઘેરાયેલું હતું, તેના પૂર્વ વિસ્તારોમાં કોમી લાગણી ફેલાયેલી હતી તથા જ્યાં ડાબેરી પાંખ પ્રબળ થતી હતી, ત્યાં લડતનું સ્વરૂપ ગૂંચવણભર્યું હતું. પશ્ચિમ બંગાળના મીદનાપુર, આરામબાગ સબ-ડિવિઝન અને બાંકુરા વિસ્તારોમાં ગાંધીવાદી ગ્રામ્ય લડતો શક્તિશાળી હતી, જ્યારે બંગાળમાં ધનિક મુસ્લિમ ખેડૂતોમાં પ્રજાકીય લડત ફેલાતી હતી, જે સવિનય કાનૂન ભંગની લડતથી અલગ અથવા તેની વિરોધી હતી. મુસ્લિમ બહુમતીવાળા ત્રિપુરા જિલ્લામાં કૉંગ્રેસ કાર્યકરોએ રાષ્ટ્રવાદી લડતને ઉદ્દામવાદી ખેડૂત ચળવળ સાથે જોડી દીધી, જેને સરકારી અધિકારીઓ તેમ જ સ્થાનિક હિંદુ જાગીરદારોએ બોલ્શેવિક પદ્ધતિની (સામ્યવાદી) લડત તરીકે ઓળખાવી.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. લડત શરૂ કરતાં પહેલાં ગાંધીજીએ લૉર્ડ ઈર્વિન સમક્ષ શી દરખાસ્ત કરી ? તેનાં શાં પરિણામ આવ્યાં ? આશરે 100 શબ્દોમાં જવાબ આપો :

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

2. સવિનય કાનૂન ભંગની લડતનો શો કાર્યક્રમ હતો ? આશરે પાંચ લીટીમાં જવાબ લખો :

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

3. લડતના કેન્દ્ર બિંદુ તરીકે મીઠાને શા માટે પસંદ કરવામાં આવ્યું ? આશરે 50 શબ્દોમાં જવાબ આપો :

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

4. એક વાક્યમાં જવાબ લખો :

(i) જંગલ સત્યાગ્રહનો તમે શો અર્થ કરો છો ?

...........................................................................................

...........................................................................................

(ii) ના કરની લડત સામે સરકારનો કેવો પ્રતિભાવ હતો ?

...........................................................................................

...........................................................................................

(iii) અસહકારની લડત તથા સવિનય કાનૂન ભંગની લડત વચ્ચે મૂળભૂત તફાવત શો હતો ?

...........................................................................................

...........................................................................................

## 25.4 સમાધાનના મહિનાઓ, માર્ચ-ડિસેમ્બર, 1931 (The Truce Months, March-December 1931)

સપ્ટેમ્બર-ઑક્ટોબર, 1930ની આસપાસ સવિનય કાનૂન ભંગનો પરસ્પર વિરોધી એવો બીજો તબક્કો શરૂ થયો. મહા મંદીની ઘેરી અસરને પરિણામે ના કરની લડત માટેનું દબાણ વધ્યું તેથી ઉત્તરપ્રદેશની કૉંગ્રેસને ઑક્ટોબરમાં નાકરની માગણીને સમર્થન આપવું પડ્યું. ઘણા વિસ્તારોમાં ગરીબ ખેડૂતો અને ઉગ્ર આદિવાસીઓના હિંસાત્મક બનાવો વધ્યા. આ સમય દરમિયાન સરકારી અહેવાલોએ શહેરના વેપારી વર્ગમાં લડત માટેનો ઉત્સાહ ઘટ્યો હોવાના સમાચાર આપ્યા. આમાંના ઘણાએ વિદેશી વસ્તુઓ અને વિદેશી કાપડ નહિ વેંચવાના લીધેલા શપથનો ભંગ કરીને તે વેંચવાની શરૂઆત કરી. ઠાકુરદાસે મોતીલાલ નેહરુને ચેતવ્યા કે વેપારી વર્ગની સહનશીલતાનો લગભગ અંત આવ્યો છે અને હોમી મોદી જેવા ઉદ્યોગપતિઓએ વેપાર-ધંધાને ખોરવી નાખતી અવારનવારની હડતાલને વખોડી કાઢી. અંગ્રેજ સરકાર દ્વારા મોટા પાયા પર માલ-મિલકતની થયેલી જપ્તીથી કેટલાક ખેડૂતોનો પણ લડત માટેનો જુસ્સો ઘટવા લાગ્યો. મોટા ભાગના આગેવાન કૉંગ્રેસી નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા. આ સંદર્ભમાં ગાંધીજીએ કદાચ પીછેહઠ કરી હોય અને તેમણે 14મી ફેબ્રુઆરી, 1931ના રોજ લૉર્ડ ઇર્વિનને પત્ર લખીને તેમની સાથે વાટાઘાટો કરવા માટે ઇચ્છા દર્શાવી, જેના પરિણામે 5મી માર્ચ, 1931ના રોજ ગાંધી-ઇર્વિન કરાર થયા. આ કરારના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ હતા :

(i) પ્રથમ ગોળમેજી પરિષદમાં લેવાયેલ નિર્ણયોની બીજી ગોળમેજી પરિષદમાં આગળ ચર્ચા કરવામાં આવશે.

(ii) અખિલ હિંદ રાષ્ટ્રીય કૉંગ્રેસ તુરત જ અને અસરકારક રીતે સવિનય કાનૂન ભંગની લડત પાછી ખેંચી લેશે.

(iii) વિદેશી માલનો બહિષ્કાર પણ પાછો ખેંચી લેવાશે.

(iv) સવિનય કાનૂન ભંગની લડત સંબંધમાં સરકારે પ્રસિદ્ધ કરેલા આદેશો પાછા ખેંચી લેવામાં આવશે. જે રાજકીય કેદીઓ સામે હિંસા આચરવાના આક્ષેપો નહિ હોય તેમને તુરત મુક્ત કરવામાં આવશે. વસૂલ નહિ કરાયેલ દંડ માફ કરવામાં આવશે. લડતમાં સહન કરનારને નુકસાનીની રકમ ચૂકવવામાં આવશે.

(v) મીઠાના વહીવટને લગતા પ્રચલિત કાયદાના ભંગને સરકાર માફ નહિ કરે તથા તે મીઠાનો કાયદો સુધારશે પણ નહિ, તો પણ સરકાર દરિયા કિનારાના ચોક્કસ નજીકના વિસ્તારમાં રહેતા લોકોને કંઈ પણ રકમ લીધા વગર મીઠું પકવવાની તેમ જ એકત્ર કરવાની છૂટ આપશે.

ગાંધી-ઇર્વિન કરાર સંબંધે ચર્ચા કરવા 5મી માર્ચ, 1931ના રોજ કૉંગ્રેસ કારોબારીની મળેલી બેઠકમાં મતભેદો સ્પષ્ટ થયા. ઘણા લોકોએ આ સમજૂતીને કૉંગ્રેસની જીત તરીકે બિરદાવી કારણ કે સમાધાન માટે વાઇસરોયને વાટાઘાટો કરવી પડી, પરંતુ અન્ય આ પરત્વે નારાજ થયા. જાન્યુઆરી, 1931 સુધીના તેમના વલણથી વિરુદ્ધ જઈને ગાંધીજી મહદ્અંશે બ્રિટિશ શરતો મુજબ બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા કબૂલ થયા. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની મોતની સજા હળવી કરવાની ગાંધીજીની વિનંતીને વાઇસરોયે નકારી કાઢી અને તેઓને 23મી માર્ચ 1931ના રોજ ફાંસી આપવામાં આવી. થોડાં વર્ષો બાદ જવાહરલાલ નેહરુએ પોતાની આત્મકથામાં લખ્યું કે મોટા સપાટા વગરના ધીમા કકળાટ સાથે સવિનય કાનૂન ભંગની લડતનો અકાળે અંત આવ્યો હતો.

ગાંધી-ઇર્વિન કરારના અસ્પષ્ટ પરિણામ આવ્યાં. પૂર્ણ સ્વરાજ્યનું ધ્યેય પ્રાપ્ત કર્યા પહેલાં એકાએક લડતને પાછી ખેંચી લેવા બદલ જવાહરલાલ નેહરુ સહિતના ઘણા કૉંગ્રેસ નેતાઓ નારાજ થયા અને કૉંગ્રેસના આદેશ મુજબ લડતમાં જોડાઈને પોતાની જમીન અને મિલકત ગુમાવનાર ખેડૂતો ભારે હતાશ થયા. ભગતસિંહને ફાંસી અપાયા પછી થોડા દિવસો બાદ કરાંચી મુકામે યોજાયેલ કૉંગ્રેસ અધિવેશનમાં ગાંધીજી સામે કાળા વાવટા સહિત દેખાવો કરવામાં આવ્યા. જવાહરલાલ નેહરુએ કેટલીક રાત્રિઓના ઉજાગરા પછી આ અધિવેશનમાં દિલ્હી સમજૂતીને બહાલી આપવા માટેનો ઠરાવ રજૂ કર્યો, જે પસાર થયો. વધારે ભારપૂર્વક દલીલ કરી શકાય કે જ્યારે ગામડાંના લોકોનો અસંતોષ પરાકાષ્ઠાએ હતો, મંદીની અસર હજુ પ્રારંભિક સ્થિતિમાં હતી તથા લોકોની ગરીબીએ મોટા પાયા પરની લડત પર વિપરીત અસર કરી ન હતી, ત્યારે ગાંધી-ઇર્વિન કરાર

થવાથી ના કરની લડત મંદ પડી ગઈ. જાન્યુઆરી, 1932માં જોકે કૉંગ્રેસે લોકોને ના કરની લડત ફરી શરૂ કરવા અનુરોધ કર્યો, પરંતુ આ દરમિયાન લોકોનો જુસ્સો ઓસરી ગયો હતો. ગાંધીજીની બીજી ગોળમેજી પરિષદની હાજરી પણ વાસ્તવમાં નિષ્ફળ સાબિત થઈ. સવિનય કાનૂન ભંગની લડત પૂરજોશમાં ચાલતી હોઈને કૉંગ્રેસે જાન્યુઆરી, 1931માં યોજાયેલ પહેલી ગોળમેજી પરિષદનો બહિષ્કાર કર્યો હતો પરંતુ તેમાં ઇંગ્લૅન્ડના વડાપ્રધાન રામસે મેકડોનલ્ડે ભારતને કેન્દ્રમાં જવાબદાર રાજ્યતંત્ર આપવાની દરખાસ્ત કરી હતી, જેમાં સમવાયી ધારાસભા રચવાની રજૂઆત કરાઈ હતી. તેમાં જોડાનાર રાજાઓએ પોતાના પ્રતિનિધિઓને નિયુક્ત કરવાની જોગવાઈ હતી તથા તેમાં સંરક્ષણ, પરરાજ્ય બાબતો, નાણાકીય તંત્ર અને આર્થિક બાબતો પર બ્રિટિશ અંકુશ ચાલુ રાખવા માટે કેટલીક મર્યાદાઓ અને સાવચેતી રાખવામાં આવી હતી. બીજી ગોળમેજી પરિષદમાં આ માળખાનો સ્વીકાર કરીને ચર્ચા આગળ ચલાવવાની હતી. તેમાં કૉંગ્રેસના એક માત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીએ હાજરી આપી. ગાંધીજીને અલગ મતદાર મંડળોના મુદ્દા પર મુસ્લિમ નેતાઓ, અનુસૂચિત જાતિના નેતા ડૉ. આંબેડકર તથા રાજાઓના પ્રતિનિધિઓ સાથે સંઘર્ષમય ચર્ચામાં ઊતરવું પડ્યું. બ્રિટિશ સરકાર આ દશ્ય આનંદથી જોતી રહી. આમ, કૉંગ્રેસ આ દાવપેચમાં પૂરેપૂરી ફસાઈ ગઈ.

આમ છતાં ગાંધી-ઇર્વિન કરારની અસર તદ્દન નકારાત્મક ન હતી. બ્રિટિશ સરકારને પ્રથમ વખત ગાંધીજી સાથે સમાનતાના ધોરણે ચર્ચા કરવી પડી જેનાથી ઘણા કટ્ટર અંગ્રેજ અધિકારીઓ નારાજ થયા હતા. મુક્ત કરાયેલ કૉંગ્રેસ કાર્યકરો વિજેતા તરીકે વધારે આત્મવિશ્વાસથી પોતાના શહેરો તથા ગામડાંમાં પાછા ફર્યા. કૉંગ્રેસ સંગઠન ઝડપથી ગ્રામ્ય વિસ્તારોમાં પણ ફેલાયું અને 1922 પછી જે હતાશા હતી, તેને બદલે 1932 પછી રાષ્ટ્ર પાસે જુસ્સાભરી લાગણી હતી. વાસ્તવમાં કૉંગ્રેસ સરકારનો વિકલ્પ તથા કાયદેસરની કેન્દ્રીય સત્તા બનવાનો પ્રયત્ન કરતી હતી. તેણે સ્થાનિક ઝઘડાઓ નિવારવા લવાદી અદાલતો શરૂ કરી હતી અને જમીનદારો તથા ખેડૂતો વચ્ચેના સંઘર્ષમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવવાનો આરંભ કર્યો હતો. દરમિયાનમાં ઘણા વિસ્તારોમાં લડત ફરી શરૂ કરવા માટે કૉંગ્રેસ પર લોક-દબાણ પણ વધ્યું હતું. જેમ કે ઉત્તર પ્રદેશમાં પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ ના કરની લડત ફરી શરૂ કરવાની લોક-માગણીને ડિસેમ્બર, 1931માં મંજૂરી આપવી પડી હતી. જોકે કૉંગ્રેસ નેતાગીરીએ દેશી રાજ્યોમાં દરમિયાનગીરી કરવાનો ઇન્કાર કર્યો, તોપણ દેશી રાજ્યોમાં પણ રાજકીય અસંતોષ વધતો જતો હતો તેની સાબિતી તરીકે કાશ્મીરમાં શેખ અબ્દુલાની નેતાગીરી નીચે મહારાજા સામે શક્તિશાળી લડત થઈ. (બે વર્ષ બાદ અલ્વરમાં પણ રાજા સામે આવો બળવો થયો.)

આ સંદર્ભમાં 1931ના અંતમાં બ્રિટનની નવી જમણેરી રાષ્ટ્રીય સરકાર તથા હિંદના વાઇસરોય લૉર્ડ વિલિંગ્ડને કૉંગ્રેસ ફરીથી બળવાન બને તે પહેલા અગમચેતી વાપરીને પહેલો ઘા કરવાનો નિર્ણય લીધો. આ નવી નીતિને નાગરિક-લશ્કરી કાયદાની નીતિ તરીકે જાહેર કરવામાં આવી. 4થી જાન્યુઆરી, 1932ના વટહુકમ દ્વારા બધી કૉંગ્રેસ સમિતિઓને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. (જેમાંની 272 ફક્ત બંગાળમાં હતી.) તથા લશ્કરી શાસન જાહેર કર્યા વગર દરેક પ્રકારના નાગરિક સ્વાતંત્ર્યને રદ કરવામાં આવ્યું. આમ સરકારે કૉંગ્રેસને રક્ષણાત્મક લડાઈ લડવાની ફરજ પાડી. 4થી જાન્યુઆરી, 1932ના રોજ ગાંધીજી અને સરદાર પટેલ સહિત કૉંગ્રેસના નેતાઓની ધરપકડ કરવામાં આવી. વળી રાજકીય કેદીઓ સાથે ફોજદારી કેદીઓ જેવો જ વર્તાવ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. જે આ પહેલાં ક્યારેય બન્યું ન હતું.

## 25.5 1932-34 – સવિનય કાનૂન ભંગનો બીજો તબક્કો (Civil Disobedience Again)

અગાઉ કદીયે અમલમાં ન મુકાયા હોય તેવાં દમનકારી પગલાંનો સામનો કરતી હોવા છતાંયે રાષ્ટ્રીય લડત 18 માસ સુધી વીરતાપૂર્વક ચાલુ રહી. પ્રથમ ત્રણ માસમાં 1,20,000 લોકોને કારાગૃહમાં પૂરવામાં આવ્યા. જોકે આ હકીકત 1930ની લડાઈ કરતા આ લડાઈના વધારે વિસ્તારની સૂચક હતી, પરંતુ તે વધારે સઘન અને વ્યવસ્થાબદ્ધ દમનની સૂચક હતી, કારણ કે જેલ જનારની સંખ્યા પછીથી ઘટી. એપ્રિલ, 1932માં વિલિંગ્ડને મુંબઈ શહેર અને બંગાળને બે ખરાબ સ્થળો તરીકે વર્ણવ્યાં. મુંબઈના મધ્યમ કક્ષાના ગુજરાતી વેપારીઓએ કૉંગ્રેસને મજબૂત ટેકો આપ્યો અને અવારનવારનાં ખેડૂત આંદોલનો તથા ત્રાસવાદી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

(1932-1933માં 104 હિંસક બનાવો)થી બંગાળ સરકાર માટે દુઃસ્વપ્ન બન્યું. 1930માં ગામડાંના લોકોનો જેટલો વ્યાપક ટેકો લડતને મળ્યો હતો, તેટલો ટેકો 1932-33માં મળ્યો નહિ. જોકે 2000 એકર જમીનની જપ્તી થઈ, જાહેરમાં ચાબખાની સજા થઈ તથા વીજળીના આંચકા અપાયા છતાંયે ખેડા જિલ્લાના રાસ ગામે 1933માં સરકારને મહેસૂલ આપ્યું નહિ.

ભારે દમનને લીધે સામૂહિક લડત મંદ પડી, ત્યારે રાજકીય તથા આર્થિક લાભની ગણતરી કરનારા મુંબઈના મિલમાલિકોએ ઑક્ટોબર, 1933માં લીસ-મોદી સમજૂતી કરીને જાપાનની સ્પર્ધાના ભયે લૅંકેશાયર સાથે ફરી વેપારી સંબંધો સ્થાપ્યા. અમદાવાદના મિલમાલિકોએ અને જી. ડી. બિરલાએ આ કૃત્યને દેશદ્રોહનું કૃત્ય ગણાવ્યું. જોકે બિરલા અને ઠાકુરદાસ 1932થી કૉંગ્રેસને સરકાર સાથે સમાધાન સાધવા સમજાવી રહ્યા હતા.

જેલવાસ ભોગવતા ગાંધીજી માનભરી પીછેહઠની શરતો વિશે વિચારવા લાગ્યા. તેમણે મે, 1933માં કામચલાઉ સવિનય કાનૂન ભંગની લડત મોકૂફ રાખી અને એપ્રિલ, 1934માં તે પાછી ખેંચી લીધી. મહાત્મા ગાંધીએ હવે પછીથી રચનાત્મક કાર્યક્રમમાં હરિજન ઉત્કર્ષ પ્રવૃત્તિને અગ્રસ્થાન આપવાનું નક્કી કર્યું. ભાગલા પાડો અને રાજ્ય કરોની બ્રિટિશ નીતિના ભાગરૂપ રામસે મેકડોનાલ્ડે 1932માં જાહેર કરેલ કોમી ચુકાદાનો ગાંધીજીએ આપેલો આ જવાબ હતો. કોમી ચૂકાદામાં હિંદુઓ તથા હરિજનોને બે અલગ અલગ રાજકીય એકમ ગણીને સમવાયી ધારાસભાની ચૂંટણીમાં મુસ્લિમોના અલગ મતદાર મંડળની સાથે હરિજનોને પણ અલગ મતદારમંડળ આપવામાં આવ્યું હતું. ગાંધીજીએ આ ચૂકાદાનો સખત વિરોધ કર્યો. તેમણે હિંદુ મતદાર મંડળમાં હરિજનોને વધારે અનામત બેઠકો ફાળવવા અનુરોધ કર્યો, હરિજનોના નેતા ડૉ. આંબેડકરે ગાંધીજીની આ માગણી સ્વીકારી. કૉંગ્રેસ આગેવાનોના એક વિભાગે ફરીથી ધારાસભા પ્રવેશના રાજકારણ તરફ વળવાનું પસંદ કર્યું. આથી 1923-1928ના ગાળાનું દૃશ્ય ફરી સર્જાયું. આગળના સુધારાના ખરડા કરતાં હિંદ સરકારનો 1935નો ધારો પ્રમાણમાં પીછેહઠ કરનારો હતો, કારણ કે તે બ્રિટિશ સરકારે પોતાના વિજયના સમયમાં ઘડ્યો હતો.

## 25.6 પરિણામો (Aftermath)

સરકારે સેવેલી જીતની આશા ભ્રામક હતી તે તુરત સ્પષ્ટ થયું કારણ કે 1937ની ચુંટણીમાં કૉંગ્રેસે મોટા ભાગના પ્રાંતોમાં સૌથી વધારે મતો મેળવ્યા. (વિભાગ 6નું એકમ 30 જુઓ.) કૉંગ્રેસની ચઢિયાતી પાશવી શક્તિ સામે પરાજય થયો છતાં લોકોમાં તેઓએ સ્થાપેલી પોતાની પ્રતિષ્ઠા ખૂબ ઊંડી હતી. સવિનય કાનૂન ભંગની લડતને પરિણામે ઉદ્દામવાદી વિચારસરણીનો વિકાસ થયો, કારણ કે ગાંધીજીની નીતિ જે હેતુ સિદ્ધ ન કરી શકી, તે સિદ્ધ કરવા માટે લડતે લોકોની ભાવનાને સતેજ બનાવી. નેતાગીરીના સ્તરે જવાહરલાલ નેહરુએ તથા મહદંશે સુભાષચંદ્ર બોઝે રાષ્ટ્રવાદને ઉદ્દામવાદી સામાજિક અને આર્થિક કાર્યક્રમ સાથે સાંકળવાની રજૂઆત કરી. અમુક કૉંગ્રેસી નેતાઓએ કૉંગ્રેસની અંદર 1934માં સમાજવાદી જૂથની સ્થાપના કરી. બિહાર અને આંધ્ર જેવા પ્રાંતોમાં જમીનદારો વિરુદ્ધનાં કાર્યક્રમ સાથે કિસાનસભાઓની સ્થાપના થઈ. સામ્યવાદીઓ પણ મેરઠમાં ધરપકડોમાંથી મુક્ત થયા હતા તથા સવિનય કાનૂન ભંગમાં નહિ જોડાવાની પોતાની મૂર્ખતાની તેમને પ્રતીતિ થઈ હતી. આને લીધે સાચી પરિસ્થિતિનો ખ્યાલ મેળવનાર ત્રાસવાદી ક્રાંતિકારીઓ તથા ઉદ્દામવાદી ગાંધીવિચાર ધરાવતા સક્રિય કાર્યકરો સામ્યવાદી પક્ષ તરફ આકર્ષાયા.

આવી બદલાયેલી પરિસ્થિતિમાં કૉંગ્રેસના આગેવાન જૂથોએ ઉદ્દામવાદીઓ સાથે સમાધાન સાધીને કૉંગ્રેસ પરનું પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું. જોકે આવું સમાધાન કાર્યમાં નહિ, પરંતુ નિવેદનોમાં વ્યક્ત થતું હતું. પહેલાની જાહેરાતોની તદ્દન વિરોધી એવી જમીનદારી પ્રથમ અંકુશિત કરવાની અને છેવટે તેને નાબૂદ કરવાની કૉંગ્રેસે 1930-1940ના મધ્ય ભાગમાં અપનાવેલી અધિકૃત નીતિ પણ બદલાયેલી પરિસ્થિતિની સૂચક હતી. ગાંધી-ઈર્વિન કરાર પછી તુરત મળેલ કૉંગ્રેસના કરાંચી અધિવેશનમાં મૂળભૂત અધિકારો તથા આર્થિક નીતિ વિશે થયેલા ઠરાવમાં કૉંગ્રેસના બદલાયેલ વલણનું સૂચન મળ્યું હતું. જોકે આ ઠરાવ હકીકતમાં નમ્ર હતો, તોપણ પહેલી વખત કરવેરા અને ભાડામાં ઘટાડો સૂચવવામાં આવ્યો હતો તથા કૉંગ્રેસ કાર્યક્રમમાં મજૂરો અને મજૂર સંઘોના તેમ જ તેમના યોગ્ય વેતનનો અને હકોને સ્થાન આપવામાં આવ્યું હતું. 1925 થી 1930 સુધીની સમયગાળાની મજૂર ચળવળોની માફક ખેડૂત આંદોલનોએ પણ સવિનય કાનૂન ભંગની

તાકાત વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, જેમની પણ સરકાર પર ગણનાપાત્ર અસર થઈ હતી. જોકે રાષ્ટ્રીય લડતનો મુખ્ય રાજકીય અંકુશ જમણેરી પાંખ હસ્તક હતો, તોપણ ભારતીય સમાજનાં ડાબેરી પરિબળોના દબાણને લીધે કૉંગ્રેસને ઉદ્દામવાદી કાર્યક્રમ તરફ જવાની ફરજ પડી હતી.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. ગાંધી-ઇર્વિન કરાર શું હતાં ? તેમની શી અસર થઈ ? આશરે 100 શબ્દોમાં તમારો જવાબ લખો :

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

2. લંડનમાંની બીજી ગોળમેજી પરિષદ નિષ્ફળ ગયા બાદ સરકારે સવિનય કાનૂન ભંગ પ્રત્યે કેવો પ્રતિભાવ આપ્યો ? આશરે 50 શબ્દોમાં જવાબ આપો :

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

3. નીચેનામાં કયાં વિધાનો ખરાં (√) છે અને કયાં વિધાનો ખોટાં (×) છે ?

(ક) કૉંગ્રેસે પ્રથમ ગોળમેજી પરિષદનો બહિષ્કાર કર્યો. ( )

(ખ) ગાંધી-ઇર્વિન સમજૂતીએ બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવાનો કૉંગ્રેસનો માર્ગ ખુલ્લો કર્યો. ( )

(ગ) આ સમય દરમિયાન રાજાશાહી રાજ્યોમાં પણ રાજકીય અસંતોષ વધતો જતો હતો. ( )

(ઘ) સવિનય કાનૂન ભંગની લડત દરમિયાન ગાંધીજીનો લોકલડત પર સંપૂર્ણ અંકુશ હતો. ( )

## 25.7 સારાંશ

આ એકમમાં આપણે 1930 થી 1934 સુધીની સવિનય કાનૂન ભંગની લડતની ચર્ચા કરી છે. અસહકારના આંદોલન પછીની ભારતની રાજકીય સ્થિતિએ સવિનય કાનૂન ભંગની લડતની ભૂમિકા કઈ રીતે તૈયાર કરી તે પણ આપણે શીખી ગયાં છીએ. ગાંધીજીના સમજૂતી માટેના ભારે પ્રયત્નો છતાં એ સરકારના અક્કડ વલણને લીધે ગાંધીજીને 1930માં લડત શરૂ કરવાની ફરજ પડી.

લડતને દેશના જુદા જુદા પ્રદેશોમાંથી ઉત્સાહભેર ટેકો મળ્યો અને ખેડૂતોએ પોતાની માગણીઓ સાથે તેમાં ભાગ લીધો. આમ છતાં જ્યારે લડત પુરજોશમાં હતી ત્યારે 1931માં ગાંધી-ઇર્વિન

સમજૂતીને કારણે તેને કામચલાઉ મોકૂફ રાખવામાં આવી. ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા લંડન ગયા, પરંતુ ત્યાંની તેમની વાટાઘાટો નિષ્ફળ રહી.

લડત 1932માં ફરી શરૂ કરવામાં આવી; પરંતુ તેમાં પહેલાં જેવા જુસ્સાનો અભાવ જણાયો. લડતને કચડી નાખવા સરકારે સખત દમનનીતિ અપનાવી. આ પરિસ્થિતિમાં 1934માં લડતને પાછી ખેંચી લેવામાં આવી. આમ ધ્યેય સિદ્ધ થયા વગર બીજો વીરતાભર્યો સ્વાતંત્ર્ય-સંગ્રામ પણ પૂરો થયો, પરંતુ લોકોનાં બલિદાન નિષ્ફળ ગયાં નહિ. કૉંગ્રેસ કાર્યક્રમમાં ખેડૂતોની આર્થિક માગણીઓને સમર્થન આપવાનો સમાવેશ કરવામાં આવ્યો. અને છેવટે પ્રાંતોમાં કૉંગ્રેસ પ્રધાનમંડળોની રચનાથી લોકોની લડતની સફળતાની પ્રતીતિ થઈ.

## 25.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કૅમ્બ્રિજ સ્કૂલ (શાખા)** : વિશેષતઃ કૅમ્બ્રિજ મુકામનું ઇતિહાસકારોનું એક ખાસ જૂથ, જેણે સંપ્રદાય અને પક્ષનાં હિતો પર આધારિત ભારતીય રાષ્ટ્રવાદનો ઇન્કાર કર્યો. સાંસ્થાનિક ઉપકારની ભાવનામાં તેની આસ્થા હતી અને બ્રિટન તથા ભારત વચ્ચેના સંબંધો આશ્રયદાતા અને આશ્રિત સમા હતા તેમ તે માનતું.

**સવિનય કાનૂન ભંગ** : સરકારી કાયદાનો શાંતિપૂર્વકનો પ્રતિકાર.

**દ્વિમુખી શાસન** : જેમાં અનામત તથા સોંપાયેલ એવા બે વિભાગોમાં સત્તાનું વિભાજન હતું.

**લાહોર કૉંગ્રેસ** : 1929ના અંતમાં લાહોર મુકામે મળેલ હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યના શપથ લેવામાં આવ્યા હતા. એવો પણ ઠરાવ કરવામાં આવેલો કે હવે પછીથી 26મી જાન્યુઆરી ભારતના સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવવામાં આવશે. જવાહરલાલ નેહરુ આ અધિવેશનના પ્રમુખ હતા.

**પૂર્ણ સ્વરાજ્ય** : સંપૂર્ણ સ્વતંત્રતા

**વ્યૂહરચના** : કાર્ય કે કાર્યક્રમ ગોઠવવાની કળા

**કામચલાઉ સમાધાન** : બે વ્યક્તિ કે બે જૂથ વચ્ચેની કબૂલાત

## 25.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ :

   સાયમન કમિશનના ભારતમાં આગમન બાદ, બહિષ્કાર અને હડતાળ, સામ્યવાદી નેતાગીરી નીચે ખેડૂતો અને મજૂરોની ચળવળ, ક્રાંતિકારી ત્રાસવાદી ચળવળનો ફરી આરંભ, કૉંગ્રેસની અંદર સમાજવાદી વિચારસરણીનો ઉદય વગેરે. (વિભાગ 25.2 જુઓ.)
2. (ક) √ (ખ) √ (ગ) √ (ઘ) ×

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. ગાંધીજીએ લડત શરૂ કરતાં પહેલાં સરકારની વિચારણા માટે ઇર્વિનને પોતાની દરખાસ્તો મોકલી આપી. જેમાં મીઠાના વેરાની નાબૂદી, રાજકીય કેદીઓની મુક્તિ વગેરેનો સમાવેશ થતો હતો. સરકારનો જવાબ નકારાત્મક હતો. તેથી ગાંધીજીએ લડતને માટે આદેશ આપ્યો. (વિભાગ 25.3.1 જુઓ.)
2. મીઠાના કાયદાનો ભંગ, કૉલેજો અને સરકારી કચેરીઓનો બહિષ્કાર, વિદેશી કાપડની હોળી વગેરે. (પેટા વિભાગ 25.3.2 જુઓ.)
3. મીઠું – અનિવાર્ય ખોરાક, ગામડાંના ગરીબ લોકોની સાર્વત્રિક ફરિયાદ, સામાજિક રીતે કોઈ વર્ગીય ગૂંચવણ નહિ, ગાંધીજીના અન્ય રચનાત્મક કાર્યક્રમ જોડે તેનું અનુસંધાન (પેટા વિભાગ 25.3.2 જુઓ.)

4. (i) જંગલના કાયદાનો શાંતિપૂર્વકનો ભંગ
   (ii) જેલવાસ, મિલકતની જપ્તી વગેરે
   (iii) સરકારી કાયદાનો સીધો ભંગ

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1. ગાંધીજી અને હિંદના વાઇસરોય લૉર્ડ ઇર્વિન વચ્ચે સમજૂતી. સમજૂતીની શરતો સંબંધી ઘણા રાષ્ટ્રવાદીઓના અસંતોષનો તમારા જવાબમાં નિર્દેશ થવો ઘટે. પૂર્ણ સ્વરાજ્યના ધ્યેય તથા ખેડૂતોની માગણીને મળેલી નિષ્ફળતાનો પણ ઉલ્લેખ તમારા જવાબમાં હોવો જોઈએ. (વિભાગ 25.4 જુઓ.)
2. દમનકારી પગલાં મારફત બ્રિટિશ સરકાર કૉંગ્રેસને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકવા માગતી હતી. દા.ત. તેણે કૉંગ્રેસની બધી સંસ્થાઓ પર પ્રતિબંધ ફરમાવ્યો અને કૉંગ્રેસના સભ્યોની મિલકત જપ્ત કરી. (વિભાગ 25.4 જુઓ.)
3. (અ) √ (બ) √ (ક) √ (ડ) ×

# એકમ 26 હિંદી રાષ્ટ્રીય મહાસભા – સમાજવાદી વિચારો : નેહરુ અને બોઝની ભૂમિકા (Indian National Congress — Socialist Ideas : Role of Nehru and Bose)

**રૂપરેખા**

26.0 ઉદ્દેશો
26.1 પ્રસ્તાવના
26.2 સમાજવાદી વિચારો અને પહેલાંના કૉંગ્રેસી નેતાઓ
26.3 નવું વાતાવરણ, અસહકારની લડત
26.4 જવાહરલાલ નેહરુ અને સમાજવાદ
  26.4.1 સમાજવાદ સાથે નેહરુનો સંપર્ક
  26.4.2 નેહરુની વિચારસરણીમાં પરિવર્તન
  26.4.3 સ્થાનિક રાજકારણ પર અસર
26.5 સુભાષચંદ્ર બોઝ અને સમાજવાદ
26.6 સિદ્ધાંત અને વ્યવહારમાં સમાજવાદ - એક પ્રેરક બળ
26.7 કૉંગ્રેસની નીતિ પર અસર
26.8 સારાંશ
26.9 ચાવીરૂપ શબ્દો
26.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 26.0 ઉદ્દેશો

આ એકમમાં હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)માં સમાજવાદી વિચારસરણીના ઉદયની ચર્ચા કરીશું. આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો સમજાવી શકશો :

- સમાજવાદ પ્રત્યે પહેલાંના કૉંગ્રેસી નેતાઓનું વલણ.
- સમાજવાદી વિચારો પ્રત્યે કૉંગ્રેસે કઈ રીતે સહાનુભૂતિ વિકસાવી.
- જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝનું સમાજવાદ તરફી વલણ.
- કૉંગ્રેસમાં આ વિચારસરણીનો સ્વીકાર કરાવવા માટેના તેમના પ્રયત્નો.

## 26.1 પ્રસ્તાવના

સમાજવાદ નાનકડી પણ શક્તિશાળી લઘુમતી દ્વારા વિશાળ પણ નિઃસહાય બહુમતીનું થતું શોષણ નાબૂદ કરવાનું ધ્યેય રાખે છે. તે સમાજમાંથી અસમાનતા તથા અન્યાયો દૂર કરવા પણ પ્રયત્નશીલ છે. 19મી સદીના ઉત્તરાર્ધમાં આ હેતુઓ સિદ્ધ કરવા માટે ઘણા સિદ્ધાંતો રજૂ થયા તથા ઘણી સમાજવાદી સંસ્થાઓ સ્થપાયી. (તમે આ વિશે એકમ 12માં વાંચ્યું છે.) આ વિચારો અને સંસ્થાઓને 20મી સદીના પ્રારંભમાં વિશેષ કરીને પશ્ચિમ હિંદમાં સારો એવો અનુયાયી વર્ગ પ્રાપ્ત થયો. આ સમગ્ર સમય દરમિયાન હિંદ શક્તિશાળી બ્રિટિશ શાસન નીચે કચડાયેલું હતું. જ્યારે તેના (હિંદના) લોકો આને પરિણામે અછત સહન કરતા હતા, ત્યારે બ્રિટિશ સરકાર હિંદના કુદરતી તથા આર્થિક સાધનોનો ઉપયોગ પોતાના લોકોની સમૃદ્ધિ માટે કરતી હતી. નીચેનાં કારણોસર હિંદના લોકોને નિર્ધન, નીચલી કક્ષાના, તેમ જ વિભાજિત કરવામાં આવ્યા હતાં :

- બ્રિટિશ સરકારે ભારતીય સમાજના ઉચ્ચ સ્તરના લોકોને મિત્રો તરીકે પસંદ કર્યાં.
- બ્રિટિશ સરકારે રાજાઓને, જમીનદારોને તથા શાહુકારોને ખેડૂતોનું શોષણ કરવાની છૂટ આપી.

- તેણે ઔદ્યોગિક સંસ્થાઓ તથા ઉદ્યોગપતિઓને મજૂરોના વાજબી હકો ઝૂંટવી લેવામાં આપેલો સાથ.
- તેણે એક કોમને બીજી કોમ સાથે લડાવી.

આ સંજોગોમાં એ સ્વાભાવિક હતું કે પાશ્ચાત્ય દેશોમાં રહી આવેલા અને ત્યાં પોતાના સંપર્કો ધરાવતા કેટલાક લશ્કરી માનસ ધરાવતા દેશભક્ત બુદ્ધિશાળી હિંદીઓ સમાજવાદી વિચારસરણી તરફ આકર્ષાય. મેડમ કામા, શ્યામજી કૃષ્ણ વર્મા, શાપુરજી શકલાતવાલા, કે. એસ. ભટ્ટ, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, ત્રિમૂલ આચાર્ય, ભૂપેન્દ્રનાથ દત્ત, પી. એસ. ખન્કોજા, જી. એ. કે. લુહાની અને અન્ય કેટલાક આ વર્ગના હતા. પ્રથમ વિશ્વ યુદ્ધની શરૂઆત સુધી તેઓ ભારત પરત્વે વિદેશોમાં સક્રિય હતા. એમ. એન. રોય તથા લાલા હરદયાળની માફક પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન સક્રિય એવી ઉપરોક્ત સુપ્રસિદ્ધ વ્યક્તિઓમાંથી કોઈ પણ હિંદી રાષ્ટ્રીય મહાસભા તેમજ તેની કોઈ પણ સંસ્થા કે કાર્યક્રમ સાથે જોડાયેલ ન હતી. આથી તેની નીતિ તેમ જ પ્રવૃત્તિ પર આ વ્યક્તિઓની કોઈ અસર ન હતી. પ્રથમ વિશ્વ યુદ્ધના અંત પછીનાં વર્ષો (1920-22)માં અસહકારની લડતના અંત સુધી કૉંગ્રેસની રાજકીય પ્રવૃત્તિ પર સમાજવાદની કોઈ અસર ન હતી. આમ છતાં આ સમય બાદ કૉંગ્રેસની નીતિ પર સમાજવાદની અસર શરૂ થઈ અને પછીથી ભારતીય રાજકારણમાં તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ એકમમાં કૉંગ્રેસ પર સમાજવાદી વિચારસરણીએ કેવી અસર કરી તેની ચર્ચા કરીશું. આ પ્રક્રિયામાં જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝની ભૂમિકા પણ તપાસીશું.

## 26.2 સમાજવાદી વિચારસરણી અને પહેલાંના કૉંગ્રેસી નેતાઓ (Socialist Ideas and the Early Congress Leaders)

બ્રિટિશ સરકાર અને તેની નીતિના ટીકાકાર એવા કૉંગ્રેસના શરૂઆતના નેતાઓ સમાજવાદી વિચારસરણી તથા સમાજવાદી પદ્ધતિથી પરિચિત હતા. આ નેતાઓ વિવિધ સમાજવાદી પ્રવૃત્તિઓના સંપર્કમાં પણ આવેલા હતા. દા.ત. દાદાભાઈ નવરોજી, એચ. એમ. હિન્ડમેન જેવા બ્રિટિશ સમાજવાદીઓના ગાઢ સંપર્કમાં હતા અને તેમણે ઑગસ્ટ, 1904 માં ઍમ્સ્ટરડૅમમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં હાજરી પણ આપી હતી, જ્યાં તેને ઉષ્માભર્યો આવકાર પણ મળ્યો હતો. બાલ ગંગાધર ટિળક અને લાલા લજપતરાય જેવા નેતાઓએ પણ અવારનવાર સમાજવાદી સંપર્ક રાખ્યા હતા અને તેઓએ ખાનગી મિલકતનાં અનિષ્ટો વિશે ચિંતન પણ કર્યું હતું તથા બધાને સમાન તક મળે તેની જરૂરિયાત પણ દર્શાવી હતી. કૉંગ્રેસમાં આ નેતાઓ ઉપરાંત અન્ય પણ હતા, જેઓ સમાજવાદી વિચારસરણીથી પરિચિત હતા તથા તેમના તરફ આકર્ષાયા પણ હતા.

આમ છતાં એ વાસ્તવિક હકીકત છે કે પહેલાંના રાષ્ટ્રીય નેતાઓએ સમાજવાદી વિચારસરણીનો ગંભીરતાથી વિચાર કર્યો ન હતો. કદાચ તેમના ઘણાખરા નેતાઓ એવું વિચારતા હતા કે સમાજવાદી વિચારસરણીના સ્વીકારથી રાષ્ટ્રીય જાગૃતિ નિર્બળ બને અને કૉંગ્રેસ જે રાષ્ટ્રીય એકતા માટે પ્રયત્ન કરતી હતી તેને નુકસાન થાય. કૉંગ્રેસના શરૂઆતના તબક્કામાં ભારતની રાષ્ટ્રીય લડતને બ્રિટિશ ગેરશાસન સામે સ્વરાજ કે સ્વશાસન પ્રાપ્ત કરવા માટેની એક સંયુક્ત ચળવળ તરીકે ઘટાવવામાં આવી હતી. આ સંયુક્ત જોડાણમાં બધી જ જાતિઓ, બધા જ વર્ગોના લોકો – ધનિક તથા ગરીબ, જમીનમાલિકો અને જમીનવિહોણા ખેડૂતો તથા મિલમાલિકો અને મજૂરોનો પણ સમાવેશ થતો હતો. કૉંગ્રેસની શરૂઆતના તબક્કાના નેતાઓને એવો ભય હતો કે સમાજવાદ શોષણખોરો સામે શોષિતોની, ઉદ્યોગપતિઓ સામે મજૂરોની અને જમીનદારો સામે ખેડૂતોની ચળવળને ઉત્તેજન આપતો હોવાથી ધનિક અને સંપન્ન લોકો કૉંગ્રેસના વિરોધી થશે. આમ બને તો રાષ્ટ્રીય હિત માટે આ વર્ગોનો ટેકો અને આર્થિક સહાય કૉંગ્રેસને મળે નહિ. આવો ભય બ્રિટિશ સરકાર અને તેના હિંદી ટેકેદારો વચ્ચેના સંબંધોના સ્વરૂપ વિશેની અપૂરતી સમજણ તથા સામ્રાજ્યવાદ સામેના સંગ્રામમાં ગરીબીમાં સબડતા લાખો લોકોને એકત્રિત કરવાની સમાજવાદની સબળ તાકાત સંબંધની ગેરસમજમાંથી ઉદ્ભવેલ હતો.

પ્રથમ તબક્કાના રાષ્ટ્રવાદીઓની સમાજવાદ વિશેની શંકા સમજી શકાય તેવી છે, કારણ કે તેમના મોટા ભાગના ભારતીય સમાજના ઉપલા સ્તરના વર્ગોમાંથી આવ્યા હતા. જેમાં પાશ્ચાત્ય શિક્ષણ પામેલા મધ્યમ વર્ગના નાણાં રોકનારાઓ, ધંધાદારીઓ તથા સાહસિક વેપારીઓનો

સમાવેશ થતો હતો. આવાં તત્ત્વો પોતાનાં હિતો જોખમમાં ન મુકાય ત્યાં સુધી સલામત અંતરેથી સામાન્ય લોકોનાં દુઃખો પ્રત્યે માત્ર સહાનુભૂતિ વ્યક્ત કરતાં હોય છે. વિશેષમાં પ્રથમ વિશ્વ યુદ્ધના સમય સુધી કૉંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ ઠરાવો, પ્રતિનિધિ મંડળો તથા વાટાઘાટો મારફત બ્રિટિશ શાસન પાસેથી માત્ર છૂટછાટો મેળવવા પ્રયત્નશીલ હતા. બ્રિટિશ સત્તાધારીઓએ આપેલી છૂટ-મર્યાદામાં આ નેતાઓ મુખ્યત્વે બંધારણીય પ્રવૃત્તિ અને ચળવળ ચલાવતા હતા. સ્વદેશી લડત (1905-08)ના એક માત્ર અપવાદ સિવાય આ નેતાઓ લોક આંદોલન કે સામુદાયિક પ્રવૃત્તિ ચલાવવાના મતના ન હતા.

આમ આ નેતાઓના રાજકીય કાર્યક્રમમાં ભારતના સામાન્ય લોકોનો કોઈ હિસ્સો ન હતો, ત્યારે આ નેતાઓને સામાન્ય લોકોનો સંપર્ક સાધવાની કોઈ જરૂરિયાત જણાઈ નહિ. આમ છતાં આ નેતાઓએ દુઃખી, અપમાનિત તથા નીચલા થરના લોકો પ્રત્યે કોઈ લક્ષ્ય આપ્યું ન હતું તથા તેમને તેમના ભાવિ કાર્યક્રમમાં કોઈ સ્થાન આપ્યું ન હતું એવું વિધાન કરવાનું અસત્ય ગણાય. તેઓને ખાતરી થઈ હતી કે સ્વરાજ્ય કે રાજકીય હેતુની પ્રાપ્તિ દેશને સુખી અને સમૃદ્ધ બનાવશે. તેઓ માનતા હતા કે ભારતને પુનઃ સમૃદ્ધિ પ્રાપ્ત થવાથી દેશમાંથી આર્થિક અસમાનતા નાબૂદ થશે તથા ન્યાયી અને સમાન કક્ષાની સમાજરચનાનું નિર્માણ થશે. આ મંતવ્ય સાચું હોય કે ન હોય પરંતુ 1930ના મધ્યભાગ સુધી આ વિચારસરણી પર કૉંગ્રેસનો કાર્યક્રમ ઘડાતો રહ્યો, પરંતુ આ વિચારસરણીની સાથોસાથ કૉંગ્રેસમાં આની વિરોધી વિચારસરણી ઉદ્‌ભવી, જેને બદલાયેલી રાજકીય પરિસ્થિતિમાં રોકી શકાય તેમ ન હતી.

## 26.3 નવું વાતાવરણ, અસહકારની લડત (New Climate : The Non-cooperation Movement)

પ્રથમ વિશ્વ યુદ્ધના અંત પછીનાં વર્ષોમાં મંદી આવતા તથા ચીજ-વસ્તુઓના ભાવમાં તેમ જ સરકારી દમનમાં વધારો થતાં હિંદીઓની સ્થિતિ દુઃખમય બનતાં આ પરિસ્થિતિમાં પલટો આવ્યો. ગાંધીજીની નવી અને પ્રેરણાત્મક નેતાગીરી હેઠળ કૉંગ્રેસે લાંબી ચર્ચાવિચારણા પછી બ્રિટિશ સત્તા સામે અહિંસક અસહકારનો માર્ગ અપનાવવાનો નિર્ણય લીધો, જેની સફળતા આમજનતાના મોટા પાયા પરના જોડાણ પર આધારિત હતી. બધા વર્ગોના તેમ જ વિભાગોના લોકોમાં અસહકારના આંદોલને અજોડ ઉત્સાહ પ્રગટાવ્યો. તથા હિંદના લોકોની પ્રચંડ શક્તિનો પરચો દર્શાવ્યો, આથી કૉંગ્રેસની રાજકીય વિચારસરણી તથા પ્રવૃત્તિમાં મોટું પરિવર્તન આવ્યું. આ પછી વ્યાપક પ્રવૃત્તિ એ હિંદની રાષ્ટ્રીય લડતનું મુખ્ય ધ્યેય બન્યું અને તેની પ્રત્યેક પ્રવૃત્તિ સામ્રાજ્યવાદ સામેની લડતમાં લોકજાગૃતિ કેળવવા તેમ જ આમજનતાને મોટા પાયા પર લડતમાં સામેલ કરવા તરફ વળી.

દેખીતી રીતે હિંદના લોકોનું ઐક્ય તથા બધા વર્ગોનું દઢીકરણ પહેલાંની જેમ જ અનિવાર્ય હતું. પરંતુ અગાઉ ઉપેક્ષિત એવા આદિવાસીઓ, ખેડૂતો, મજૂરો તથા સ્ત્રીઓનું લડતમાં જોડાણ તાકીદની આવશ્યકતા કહેવાય. વળી, અસહકારની લડત છેવટે પ્રેરણાત્મક રહી નહિ, કારણ કે તેને એકાએક પાછી ખેંચી લેવામાં આવતા લોકોમાં નિરાશાની લાગણી ફેલાઈ. લડતને પાછી ખેંચી લેવાની ગાંધીજીએ રજૂ કરેલી નૈતિક ભૂમિકાને તેઓ સમજી શક્યા નહિ, એટલે તેઓને લાગ્યું કે જે સમયે સરકાર પર લડતની ગંભીર અસર વર્તાતી હતી, તે જ સમયે ગાંધીજીએ તે પાછી ખેંચી લેતા લોકોમાં નિરાશા આવી. ગાંધીજીએ લોકોને એક જ વર્ષમાં સ્વરાજ્ય મેળવી આપવાનું વચન આપ્યું હતું; જેના પર લોકોએ શ્રદ્ધા રાખેલી, પરંતુ તે નિષ્ફળ જતાં લોકોમાં હતાશા ફેલાઈ, લોકોના ગુસ્સાએ વિશેષતઃ ગ્રામ્ય વિસ્તારોમાં જમીનદારો અને ગણોતિયાંઓ વચ્ચે તંગદિલી સર્જી. લડતની નિષ્ફળતાના કમનસીબ બનાવથી ગાંધીજીના કેટલાક અનુયાયીઓ ફરીથી સલામત બંધારણીય રાજકારણ તરફ વળ્યા. સૌથી ખરાબ તો એક થયું કે ગાંધીજીએ સાધેલી હિંદુ-મુસ્લિમ એકતામાં મોટી તિરાડ પડી.

બંને કોમો વચ્ચેના મતભેદ તીવ્ર બન્યા અને દેશના ઘણા ભાગો (ખાસ કરીને પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બંગાળ, આંધ્ર, સરહદ પ્રાંત તથા મલબાર)માં કોમી હુલ્લડો ફાટી નીકળ્યાં. અસહકારના આંદોલનના અસંતોષકારક પરિણામ જોયા બાદ અમુક વિચારશીલ કૉંગ્રેસી સભ્યો કે જેઓ નાફેરવાદીઓ (સ્વદેશી, હરિજન ઉત્કર્ષ વગેરે રચનાત્મક કાર્યક્રમનાં અમલ કરનાર)

તથા ફેરવાદીઓ (ધારાસભામાં પ્રવેશ દ્વારા બંધારણીય લડત આપવામાં માનનાર) સાથે જોડાયા ન હતા, તેઓએ આ કમનસીબ પ્રશ્નોનો ઉકેલ શોધવા ભારે પ્રયત્નો કર્યા.
તે નીચે મુજબ હતા :

- જુદા જુદા વર્ગો, વિભાગો તથા જાતિઓ રાજકીય રીતે સંગઠિત બને તે માટેની ભૂમિકા તૈયાર કરવી.
- સ્વાતંત્ર્ય-સંગ્રામમાં મોટી સંખ્યામાં લોકોને સામેલ કરવાના માર્ગો વિચારવા.
- સામ્રાજ્યવાદ વિરોધી છાવણીમાં ભિન્ન ભિન્ન ગુણો ધરાવતા લોકોને સંગઠિત કરવાની પદ્ધતિ નિશ્ચિત કરવી.
- સામ્રાજ્યવાદ વિરોધી રાષ્ટ્રીય સંગ્રામના હેતુઓ સ્પષ્ટ કરવા.
- હિંદની સ્વાતંત્ર્ય પ્રાપ્તિનાં શું પરિણામો આવે તેની લોકોને સમજણ આપવી.

બીજા શબ્દોમાં કહીએ તો રાષ્ટ્રીય લડતમાં કઈ યોગ્ય વિચારસરણીની શોધ અગત્યની અને માર્ગદર્શક તત્ત્વ બની રહે એ આ સ્વતંત્રતાના સંઘર્ષનો હેતુ હતો. આ હેતુથી જ બૌદ્ધિક અને રાજકીય પદ્ધતિઓ દ્વારા કૉંગ્રેસની અંદર સમાજવાદનો ઉદ્‌ભવ થયો હતો.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. સમાજવાદી વિચારોના સંપર્કમાં આવેલા શરૂઆતના ત્રણ મહત્ત્વના રાષ્ટ્રીય નેતાઓનાં નામ આપો :

   (i) ..........................................................................

   (ii) ..........................................................................

   (iii) ..........................................................................

2. શરૂઆતના કૉંગ્રેસ નેતાઓ ભારતમાં સમાજવાદી વિચારોનો અમલ કરવા માટે શાથી આનાકાની કરતા હતા ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

3. અસહકારનું આંદોલન પાછું ખેંચી લીધા બાદ કૉંગ્રેસને કયા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

## 26.4 જવાહરલાલ નેહરુ અને સમાજવાદ (Jawaharlal Nehru and Socialism)

ભારતના ભાવિ વિશે ગંભીરપણે વિચાર કરનારાઓમાં યુવાન નેતા જવાહરલાલ નેહરુ પણ હતા, જેમણે અસહકારના આંદોલનમાં ભજવેલા ભાગની આ બાબત સિદ્ધ કરી હતી. અગત્યની નોંધપાત્ર બાબત એ હતી કે 1920-21ના વર્ષ દરમિયાન ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ અને રાયબરેલી વિસ્તારોમાં ફરીને જવાહરલાલે ખેતી તથા ખેડૂતોની સમસ્યાઓ વિશે આધારભૂત માહિતી

મેળવી હતી. જવાહરલાલ ગાંધીજીની નેતાગીરીમાં પૂર્ણ વિશ્વાસ ધરાવતા હોવા છતાંએ ગાંધીજીએ જે કારણસર અસહકારનું આંદોલન પાછું ખેંચ્યું, તેના તે ટીકાકાર હતા. વળી જવાહરલાલને નાફેરવાદીઓ તથા ફેરવાદીઓ સાથે પણ મતભેદ હતા. તેઓ હિંદુઓ, મુસ્લિમો તથા કંઈક અંશે શીખો વચ્ચે પરસ્પર વધતી જતી કોમી કડવાશથી પણ બેચેન હતા. મૂંઝવણ અને અકળામણના આ સમયમાં જવાહરલાલને 1926માં પોતાની બીમાર પત્ની કમલાની વૈદ્યકીય સારવાર માટે યુરોપના સ્વિટ્ઝર્લૅન્ડ જવું પડ્યું.

### 26.4.1 સમાજવાદ સાથે નેહરુનો સંપર્ક (Nehru's Contact with Socialism)

યુરોપની આ મુલાકાત દરમિયાન જવાહરલાલને ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામ વિશે વધારે સારી સમજણ કેળવવાની તેમ જ તે પરત્વે વિશેષ વિચારણા મારફત નવા વિચારો જાણવાની તક મળી. નેહરુ બ્રિટનમાંના પોતાના અભ્યાસગાળા દરમિયાન ફેબિયન સમાજવાદની વિચારસરણીથી પણ પરિચિત થયા હતા; પરંતુ માર્ક્સવાદ સહિતની અન્ય સમાજવાદી વિચારધારાઓની તેમને જાણકારી ન હતી. સાંસ્થાનિક સત્તા સામેની લોકલડતમાં સમાજવાદી વિચારસરણી કેટલે અંશે પ્રસ્તુત હતી તેની જવાહરલાલની સમજ હજુ અપૂરતી હતી. આ પ્રકારના રાજકીય શિક્ષણની દૃષ્ટિએ વિચારતા જવાહરલાલની યુરોપમાં 18 માસની સફર તેમના વિકાસ તેમ જ કૉંગ્રેસ સંગઠનને અપાનારા નવા વળાંક માટે ઘણી મહત્ત્વની સાબિત થઈ. યુરોપમાં તે રાજકીય વિચારકો અને રાજકીય ચળવળોનાં સંપર્કમાં આવ્યા. તથા ફેબ્રુઆરી, 1927માં બ્રસેલ્સમાં સંસ્થાનવાદી અને સામ્રાજ્યવાદી ત્રાસ સામે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસમાં હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ના પ્રતિનિધિ તરીકે ભાગ લેવાનું તેમને નિમંત્રણ મળ્યું. આ પરિષદમાં જવાહરલાલ નેહરુ ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા યુરોપના પ્રથમ કોટિના વિચારકો તથા ચીન, મેક્સિકો તેમ જ અન્ય લૅટિન અમેરિકાના દેશોના તથા આફ્રિકા અને એશિયાના પ્રતિનિધિઓને મળ્યા. આ પરિષદમાં વિચારોની થયેલી આપલેની જવાહરલાલ પર ઊંડી અસર થઈ અને તેઓ બ્રસેલ્સ પરિષદે રાષ્ટ્રીય સ્વાંતત્ર્ય માટે સામ્રાજ્યવાદ વિરોધી સ્થાપેલ સંઘની કારોબારીના સભ્ય તરીકે પણ નિયુક્ત થયા. આ પછી જ પોતાના ઔદ્યોગિક ઉત્પાદન માટે કાચો માલ મેળવનાર તથા પોતાના પાકા માલ માટે વિશાળ વેચાણ બજાર પ્રાપ્ત કરનાર યુરોપનો મૂડીવાદ કઈ રીતે સામ્રાજ્યવાદ તરફ દોરી ગયો અને એશિયા, આફ્રિકા તથા લૅટિન અમેરિકામાં તેણે શોષણને કઈ રીતે વિસ્તાર્યું તેની જવાહરલાલને ખાતરી થઈ.


### 26.4.2 નેહરુની વિચારસરણીમાં પરિવર્તન (Changes in Nehru's Perspective)

ભારતની માફક અન્ય દેશોમાં પણ શોષકોને પોતાના સ્થાનિક મિત્રો હતા. આ કારણે જ વિદેશી શાસન સામેની સ્વાધીનતા માટેની લડતને ગરીબ લોકોની આંતરિક શોષકો સામેની લડત સાથે જોડવામાં આવી. આમ હવે પછી સામ્રાજ્યવાદી સત્તાઓનાં સંસ્થાનોમાં રાષ્ટ્રીય મુક્તિ માટેની લડત એ માત્ર રાજકીય સ્વાધીનતા માટેની જ લડત ન રહી, પરંતુ તેનું વિશ્વવ્યાપી મહત્ત્વ નિશ્ચિત થયું. જવાહરલાલને ખાતરી થઈ કે ભારતની સ્વાધીનતા માટેની લડત એ વિશ્વવ્યાપી સામ્રાજ્યવાદી પદ્ધતિ સામેની લડતના એક ભાગરૂપ હતી.

સામ્રાજ્યવાદ સામેની સંસ્થાના અન્ય સભ્યોની માફક જવાહરલાલને પણ લાગ્યું કે આ લડતને રશિયાની ક્રાંતિ (1917)ની સફળતાથી જબરદસ્ત બળ મળ્યું હતું તથા સોવિયેટ સંઘની વધતી જતી તાકાતથી તેને નોંધપાત્ર ટેકો મળ્યો હતો. અધિકૃત નિમંત્રણ મળવાથી જવાહરલાલે નવેમ્બર, 1927માં સોવિયેટ રશિયાની મુલાકાત લીધી. સરકાર તથા સમાજની નવરચના કરવાના સોવિયેટ રશિયાના પ્રયોગોથી જવાહરલાલ ખૂબ જ પ્રભાવિત થયા. જોકે જવાહરલાલ રશિયા તથા હિંદના રાષ્ટ્રના નવઘડતર કરવાના કાર્ય વચ્ચે તફાવત હોવા સંબંધમાં જાગ્રત હતા અને તેથી જ તેમની રાષ્ટ્રીય રાજકારણમાં ગાંધીજીની નેતાગીરી તથા બ્રિટિશ સામ્રાજ્યવાદ સામેની લોકલડતમાં અહિંસાની શક્તિમાંની શ્રદ્ધા ચાલુ રહી. આમ છતાં જવાહરલાલે રશિયાના અનુભવમાંથી બોધપાઠ લીધો હતો અને હિંદના સંબંધમાં તે તેનો પૂરો ઉપયોગ કરવા માગતા હતા. આથી જવાહરલાલ ડિસેમ્બર, 1927માં ભારત પાછા ફર્યા ત્યારે તે સમાજવાદી બની ચૂક્યા હતા. એવું અનુમાન કરી શકાય કે 1927-28 સુધીમાં જવાહરલાલ એક અગ્રગણ્ય નેતા તરીકે સ્વીકારાયા હતા ત્યારે કૉંગ્રેસની પ્રવૃત્તિઓ અને ચર્ચા-વિચારણા પર તેમના સમાજવાદી વિચારોની પ્રબળ છાપ પડી.

### 26.4.3 સ્થાનિક રાજકારણ પર અસર (Impact on Domestic Politics)

1927ના વર્ષમાં વિવિધ પ્રકારના રાજકીય વિચારો ધરાવનાર વચ્ચે કૉંગ્રેસની અંદર તથા બહાર



ચિત્ર-12 જવાહરલાલ નેહરુ

તીવ્ર મતભેદ ધરાવતી ચર્ચાઓ થઈ. આથી જવાહરલાલને પોતાના તાજેતરના ઉદ્દામ વિચારો ભારપૂર્વક રજૂ કરવાની તક સાંપડી. કૉંગ્રેસ અને અન્ય પક્ષો જે સ્વરાજ્ય મેળવવા લડત ચલાવતા હતા તેનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તેના પર ચર્ચા કેન્દ્રિત થયેલી હતી. જ્યારે બ્રિટિશ સરકારે 1919ના કાયદામાં કેવા ફેરફાર કરવાની જરૂર છે તેની ભલામણ કરવા ઇંગ્લૅન્ડની સંસદના ફક્ત અંગ્રેજ સભ્યોના બનેલ એક પંચની 1927માં જાહેરાત કરી, ત્યારે કૉંગ્રેસે અન્ય મુદ્દાઓને બદલે ઉપરોક્ત મુદ્દાને ચર્ચામાં અગ્રસ્થાન આપ્યું.

પંચ (સાયમન કમિશન)ના બધા જ સભ્યો અંગ્રેજો હોવાને કારણે જાતીય ઘમંડ વ્યક્ત થતું હતું, એટલું જ નહિ, પરંતુ ભારતના રાજકીય ભાવિ વિશે ભલામણ કરવા નિયુક્ત થયેલ પંચમાં સ્થાન મેળવવા એક પણ હિંદી લાયક ન હતો તેવી છાપ પણ સ્પષ્ટ થઈ હતી. આ પંચની નિયુક્તિમાં જે બાબત હિંદીઓને સૌથી વધારે લાગુ પડતી હતી તેમાં તેમનો અભિપ્રાય મેળવવાનો બ્રિટિશ સરકારે ઇન્કાર કર્યો હતો. સાથોસાથ હિંદીઓ પોતાનું બંધારણ ઘડવા લાયક ન હતા તથા તે માટેની તેમનામાં આવડત ન હતી એવી છાપ ઊભી કરવા પણ બ્રિટિશ સરકાર તત્પર હતી. આથી સમસ્ત હિંદના બધા પક્ષોએ બ્રિટિશ સરકારના આ કાર્યને વખોડી કાઢ્યું. ડિસેમ્બર, 1927માં મદ્રાસમાં યોજાયેલ કૉંગ્રેસ અધિવેશનમાં કૉંગ્રેસે સાયમન કમિશનનો બહિષ્કાર કરવા લોકોને અનુરોધ કર્યો. 1928ના બનાવોએ સિદ્ધ કર્યું કે સરકારની ભારે દમનનીતિ છતાંયે બહિષ્કાર ઘણો વ્યાપક અને તોફાની રહ્યો. જવાહરલાલ તથા તેના સાથીદારોએ બહિષ્કારને સફળ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

સાયમન કમિશનની હિંદની મુલાકાતથી હિંદે કેવા પ્રકારનું સ્વરાજ્ય કે બંધારણ મેળવવું જોઈએ તે મુદ્દો ચર્ચાનો મુખ્ય વિષય બન્યો. હાલ સધી કૉંગ્રેસના નેતાઓ સ્વરાજ્યનો અર્થ બ્રિટિશ

સામ્રાજ્યની છાયામાં આંતરિક કે સાંસ્થાનિક સ્વરાજ્ય કરતા હતા (જેવું સ્વરાજ્ય ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ તથા દક્ષિણ આફ્રિકા ભોગવતા હતા). જવાહરલાલ અને તેના જેવા નેતાઓને લાગ્યું કે ભારતના સ્વાતંત્ર્યની સમકક્ષ આંતરિક સ્વરાજ્યના સ્વીકારનો અર્થ હિંદમાં બ્રિટિશ સરકારની અનિવાર્યતા કહેવાય, તેમ જ પાછલા બારણેથી બ્રિટિશ સામ્રાજ્ય મારફત હિંદનું કાયમી શોષણ પણ થાય. ડિસેમ્બર, 1927માં મદ્રાસમાં યોજાયેલ કૉંગ્રેસ અધિવેશનમાં જવાહરલાલે આંતરિક સ્વરાજ્યને બદલે પૂર્ણ સ્વરાજ્યની માગણીનો ઠરાવ રજૂ કર્યો.

આમ છતાં કૉંગ્રેસ દ્વારા ફેબ્રુઆરી, 1928માં બોલાવવામાં આવેલી સર્વપક્ષીય પરિષદમાં આ મુદ્દા પરત્વે ઉગ્ર વિવાદ થયો. આ પરિષદે બર્કનહેડે આપેલ પડકાર (બધા પક્ષોને માન્ય તેવું બંધારણ ઘડવાની હિંદીઓની અશક્તિ)ના જવાબરૂપે મોતીલાલ નેહરુના પ્રમુખપદે હિંદ માટે બંધારણ ઘડવા એક સમિતિ રચી. જ્યારે નેહરુ સમિતિએ ભારતના સ્વાતંત્ર્યનો અર્થ આંતરિક સ્વરાજ્ય કર્યો અને એના અન્વયે હિંદનું બંધારણ ઘડવાની કાર્યવાહી શરૂ કરી ત્યારે જવાહરલાલ નેહરુએ તેનો વિરોધ કર્યો. સાંસ્થાનિક સ્વરાજ્યના સ્વીકાર સામે વિરોધી સંગઠન ઊભું કરવા તેમ જ બ્રિટિશ સરકાર સાથેના બધા રાજકીય તથા આર્થિક સંબંધો રદ કરીને પૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટે જવાહરલાલને જે યુવાન નેતાઓની મદદ મળી, તેમાં સુભાષચંદ્ર બોઝ પણ હતા. આ સમયે (1928) જવાહરલાલની સાથે સુભાષચંદ્ર પણ કૉંગ્રેસના સામાન્ય મંત્રી હતા.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. યુરોપના તેના રોકાણ દરમિયાન જવાહરલાલ નેહરુ સમાજવાદી વિચારોથી કઈ રીતે આકર્ષાયા હતા ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. સામ્રાજ્યવાદ વિરુદ્ધનો ભારતનો સ્વાતંત્ર્ય-સંગ્રામ અન્ય દેશોના સ્વાતંત્ર્ય-સંગ્રામો સાથે કઈ રીતે સંકળાયેલ હતો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 26.5 સુભાષચંદ્ર બોઝ અને સમાજવાદ (Subhas Chandra Bose and Socialism)

સુભાષચંદ્ર બોઝ સ્વભાવે જવાહરલાલથી જુદા પડતા હતા, તો પણ બન્ને વચ્ચે અમુક સમાનતા હતી. બંને ઉપલા મધ્યમ વર્ગના હતા અને બંનેનું શિક્ષણ વિદેશમાં થયેલું હતું. બંને પ્રખર

બુદ્ધિશાળી હતા અને બંને ભારતના રાષ્ટ્રવાદના ચુસ્ત હિમાયતી હતા. પીડિત અને અપમાનિત લોકો પ્રત્યેની હમદર્દી માટે વિખ્યાત થયેલ સ્વામી વિવેકાનંદના વિચારોથી શરૂઆતના જીવનમાં સુભાષચંદ્રે પ્રેરણા મેળવી હતી. સુભાષચંદ્ર વિદ્યાર્થી જીવનથી જ રાજકીય ક્ષેત્રે સક્રિય હતા. હિંદી વહીવટી સેવાની પરીક્ષા ઊંચી ગુણવત્તા સાથે પસાર કર્યા બાદ તેમને મળતા ઉચ્ચ સરકારી હોદ્દાનો અસ્વીકાર કર્યો. (એપ્રિલ, 1921) ત્યારથી સુભાષચંદ્ર ખૂબ લોકપ્રિય બન્યા. તેમના રાજકીય માર્ગદર્શક ગાંધીજી નહિ, પરંતુ દેશબંધુ ચિત્તરંજન દાસ હતા, જેમને 1922માં ખાતરી થઈ હતી કે હિંદે વર્ગો માટે નહિ, પરંતુ સામાન્ય લોકો માટે સ્વરાજ્ય મેળવવાનું હતું.

જવાહરલાલ નેહરુની માફક સુભાષચંદ્ર બોઝ પણ અસહકારનું આંદોલન પાછું ખેંચાયું તેના ટીકાકાર હતા અને તે નાફેરવાદીઓ (રચનાત્મક કાર્યક્રમમાં માનનારા)ના મંતવ્યને ટેકો આપતા ન હતા. ચિત્તરંજન દાસ પ્રત્યેની વફાદારીથી સુભાષચંદ્ર જોકે થોડા સમય માટે ફેરવાદીઓ (ધારાસભા પ્રવેશમાં માનનારા) સાથે જોડાયા, પરંતુ તેમાં તેમનું મન લાગ્યું નહિ. અસહકારના આંદોલનની મોકૂફી બાદ થોડા સમય સુધી જે રીતે જવાહરલાલ અલ્હાબાદ નગરપાલિકાના પ્રમુખ (એપ્રિલ, 1923 થી એપ્રિલ 1925 સુધી) હતા, તે રીતે સુભાષચંદ્ર કલકત્તા નગરપાલિકાના પ્રમુખ (જુલાઈ 1924 થી ઑક્ટોબર 1924) હતા. આ સમયમાં સુભાષચંદ્ર જવાહરલાલ અને અન્ય યુવાન નેતાઓની ચિંતા અને મૂંઝવણના સહભાગી હતા. પરંતુ જવાહરલાલ નેહરુને વિદેશના પ્રવાસમાં અગ્રેસર સમાજવાદીઓના તથા માર્ક્સવાદી વિચારધારાના પરિચયમાં આવવાની તક મળી, તેવી તક સુભાષચંદ્રને મળી ન હતી. વળી, જવાહરલાલે સખત પરિશ્રમ કરતા આમસમુદાયની વચ્ચે કંઈક અંશે કાર્ય કર્યું હતું, જ્યારે સુભાષચંદ્રે માત્ર દૂરથી આ લોકસમુદાયની યાતનાઓને નિહાળી હતી. પરિણામે સુભાષચંદ્ર ડાબેરી તેમ જ ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા હોવા છતાં એ સમાજવાદી વિચારો પરત્વે તે જવાહરલાલ જેટલા સ્પષ્ટ ન હતા. સુભાષચંદ્ર અને જવાહરલાલ વચ્ચે બીજો નોંધપાત્ર તફાવત એ હતો કે સુભાષચંદ્રને ગાંધીજીની નેતાગીરીમાં તેમ જ સામ્રાજ્યવાદ સામેની લડતમાં અહિંસાની પદ્ધતિમાં જવાહરલાલ જેવી દૃઢ શ્રદ્ધા ન હતી. આમ છતાં સુભાષચંદ્રને જવાહરલાલના સામ્રાજ્ય વિરોધી વિચારો તેમ જ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં મોટા પાયા પર આમસમુદાયની ભાગીદારી સંબંધનાં મંતવ્યો સાથે કોઈ મતભેદ ન હતો.

## 26.6 સિદ્ધાંત તેમ જ વ્યવહારમાં સમાજવાદ-એક પ્રેરક બળ (Impetus to Socialism in Theory and Practice)

જવાહરલાલે કૉંગ્રેસમાં એક અસરકારક બળ ઊભું કરવા માટે ઑગસ્ટ, 1928માં ભારત સ્વાતંત્ર્ય સંઘની સ્થાપના કરી. આની પાછળના ઉદ્દેશો નીચે મુજબ હતા :

- આંતરિક સ્વરાજ્યના ખ્યાલનો પ્રતિકાર કરવો.
- બ્રિટનથી મુક્ત એવા પૂર્ણ સ્વાતંત્ર્યની હિંદ માટે માગણી કરવી.
- સમાજવાદી ધોરણે ભારતીય પ્રજાતંત્રની સ્થાપના માટે કાર્ય કરવું.

સુભાષચંદ્ર આ સંઘમાં જોડાયા અને તેમણે તથા જવાહરલાલે સંયુક્ત રીતે ડિસેમ્બર, 1928માં કલકત્તા મુકામે મળેલ કૉંગ્રેસ અધિવેશનમાં ભારતનું ધ્યેય આંતરિક સ્વરાજ્યને બદલે પૂર્ણ સ્વરાજ્ય રાખવા વિશેનો ઠરાવ રજૂ કર્યો. જોકે તેમને આમાં મર્યાદિત સફળતા મળી તોપણ આ પરત્વે તેઓ કૉંગ્રેસના કાર્યકરોમાં જાગૃતિ કેળવી શક્યા. ડિસેમ્બર, 1929માં લાહોર મુકામે મળેલ કૉંગ્રેસ અધિવેશનમાં જવાહરલાલ પ્રમુખપદે ચૂંટાયા ત્યારે કૉંગ્રેસે પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ સ્વીકારતા આ ધ્યેયને ખરેખરી સફળતા મળી. લાહોરમાં 31મી ડિસેમ્બર, 1929ની મધ્ય રાત્રિએ કૉંગ્રેસ પ્રમુખે સ્વાતંત્ર્યનો ત્રિરંગો ઝંડો ફરકાવ્યો તથા 26મી જાન્યુઆરી, 1930નો દિવસ સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવવાનો લોકોને અનુરોધ કર્યો, ત્યારે સામ્રાજ્યવાદ વિરોધી રાષ્ટ્રીય લડતે પૂર્ણ સ્વરૂપ ધારણ કર્યું. જોકે સ્વાધીન ભારતના સામાન્ય લોકોને કેવા પ્રકારનું સ્વરાજ્ય મળવાનું છે તેને લગતી હકીકત ઠરાવમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી ન હતી.

આમ છતાં જવાહરલાલ, સુભાષચંદ્ર અને ડાબેરી વિચારસરણી ધરાવતા તેમના અનુયાયી - કૉંગ્રેસી સભ્યો તેમ જ જમણેરી વિચારસરણી ધરાવતા કૉંગ્રેસના સભ્યો માટે આ ઠરાવનો અર્થ સમજવાનું સહેજે મુશ્કેલ ન હતું. જવાહરલાલ તથા સુભાષચંદ્રે પૂર્ણ સ્વરાજ્યના ઠરાવનો



ચિત્ર-13 સુભાષચંદ્ર બોઝ

સામાન્યતઃ લોકોમાં તથા વિશેષતઃ યુવાનોમાં "યુવક સંઘ", "હિંદુસ્તાની સેવા દળ", "નવજવાન ભારત સભા", "વિદ્યાર્થી મંડળ", "અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંઘ" વગેરે મારફત વ્યાપક પ્રચાર કર્યો. આમાંનાં અમુક મંડળોના જવાહરલાલ (1929) તથા સુભાષચંદ્ર (1931) પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. પોતાનાં વ્યાખ્યાનોમાં જવાહરલાલ અને સુભાષચંદ્રે સામ્રાજ્યવાદનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું તથા સખત પરિશ્રમ કરતા લોકો માટે ચિંતા વ્યક્ત કરીને આર્થિક-સામાજિક ન્યાય સ્થાપવાની રજૂઆત કરી. આથી સામાન્ય લોકોની જાગૃતિમાં વધારો થયો. સવિનય કાનૂન ભંગની લડત વખતે જવાહરલાલ તથા સુભાષચંદ્ર બંને કારાવાસ ભોગવતા હતા (જવાહરલાલ એપ્રિલથી ઑક્ટોબર, 1930 તથા સુભાષચંદ્ર જાન્યુઆરીથી સપ્ટેમ્બર, 1930). આમ છતાં તેઓએ લડતને સમાજવાદી ભૂમિકા પૂરી પાડવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું અને જુદા જુદા વર્ગના લોકોને તેમાં ભાગ લેવા ઉત્તેજન આપ્યું. જવાહરલાલ તથા સુભાષચંદ્ર જેલમાં હોય કે જેલ બહાર હોય, પરંતુ તેમના વિચારોએ કૉંગ્રેસ તેમજ લોકોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

વિશેષતઃ જવાહરલાલ માટે આ વધારે સાચું હતું, કારણ કે કૉંગ્રેસ કેવા પ્રકારનું સ્વરાજ્ય ઇચ્છતી હતી તે તેણે સભ્યો તેમ જ લોકો સમક્ષ સ્પષ્ટ કર્યું હતું. માર્ચ, 1931માં કરાંચી મુકામે યોજાયેલ કૉંગ્રેસના અધિવેશનમાં જવાહરલાલે મૂળભૂત અધિકારોને લગતો મુસદ્દો તૈયાર કરતા સ્પષ્ટ રીતે જણાવ્યું કે લોકોનું થતું શોષણ અટકાવવા રાજકીય સ્વાતંત્ર્યમાં લાખો ભૂખે મરતા લોકોના આર્થિક સ્વાતંત્ર્યનો પણ સમાવેશ થવો જોઈએ. વળી તેણે નીચે મુજબની માગણીઓ પણ કરી :

- મજૂરોને જીવન માટે યોગ્ય રોજી.
- મિલકત પર ખાસ વેરા.
- ખાણ, રેલવે, જળમાર્ગો, વહાણવટું, જાહેર વાહનવ્યવહારનાં સાધનો વગેરે જેવા અગત્યના ઉદ્યોગો પર રાજ્યનો અંકુશ અને તેની માલિકી.

વ્યક્તિગત રીતે જવાહરલાલે સમાજ પર વ્યક્તિઓને ભયજનક સત્તા ભોગવવાની છૂટ આપતી ખાનગી મિલકતની સંસ્થા પણ નાબૂદ કરવાની તરફેણ કરી હતી.

પરંતુ આ બાબતમાં કૉંગ્રેસના મોટા ભાગના સભ્યોને પોતાની સાથે લેવાનું જવાહરલાલ માટે શક્ય ન હતું, કારણ કે તેઓ જુદા જુદા વર્ગોનું હિત ધરાવતા હતા. તેઓ જમીનદારીની નાબૂદી તથા જમીનવિહોણાને જમીન વહેંચી દેવાની માગણી સાથે સંમત થાય તેમ ન હતા. આમ છતાં મૂળભૂત હકોના મુદ્દાઓ તથા 1931નો આર્થિક કાર્યક્રમ કૉંગ્રેસ-સમાજવાદની દિશામાં એક અગત્યનું પગલું હતું.

સામ્રાજ્યવાદના કટ્ટર વિરોધીઓ તરીકે જવાહરલાલ તથા સુભાષચંદ્ર માર્ચ, 1931ના ગાંધી-ઈર્વિન કરારથી ખુશ નહતા. બંધારણવાદની ચર્ચા કરવા લંડનમાં મળેલી બીજી ગોળમેજી પરિષદ (સપ્ટેમ્બરથી ડિસેમ્બર, 1931)માં કૉંગ્રેસની નિરર્થક હાજરીથી તેઓ કશા પરિણામની આશા રાખતા ન હતા તથા સવિનય કાનૂન ભંગની લડત પાછી ખેંચવા માટે (મે, 1933) પણ તેઓને કોઈ કારણ લાગ્યું નહિ. કૉંગ્રેસ તથા દેશને દોરવણી આપવાની ગાંધીજીની શક્તિમાં સુભાષચંદ્રની હતાશાએ શંકા ઉત્પન્ન કરી તથા સામ્રાજ્યવાદ સાથે સમાધાન ન કરે તેવી વૈકલ્પિક નેતાગીરી શોધવા માટે તેમને ફરજ પાડી. જવાહરલાલના અસંતોષે કૉંગ્રેસ પ્રવૃત્તિ નિશ્ચિત કરવામાં જે

ખેંચાખેંચી તથા દબાણો થતાં હતાં તેના વિશે તેમને વધારે સજાગ બનાવ્યા અને તેથી લોકો દ્વારા સ્વીકૃત તેના (ગાંધીજી)ની નેતાગીરી નીચે કૉંગ્રેસની એકતાને મજબૂત બનાવવાની આવશ્યકતાની તેમને ખાતરી થઈ.

## 26.7 કૉંગ્રેસની નીતિ પર અસર (Impact on the Congress Policy)

સવિનય કાનૂન ભંગની લડતના અંતિમ તબક્કામાં જ્યારે જવાહરલાલે ઉત્તરપ્રદેશની ખેડૂતોની ચળવળ (અલ્હાબાદ, રાયબરેલી, ઇટાવા, ઉનાવ અને કાનપુર)માં ફરી રસ લીધો, ત્યારે સુભાષચંદ્રે મજૂરોની ચળવળને સાથ આપ્યો. આમ બંનેએ યુવાનો, વિદ્યાર્થીઓ તથા હક-વિહીન લોકો પરનો પોતાનો પ્રભાવ ચાલુ રાખ્યો તથા તેમને ઉગ્ર વલણ અપનાવવા માટે ઉત્તેજન આપ્યું. આનાથી કૉંગ્રેસ સંગઠનના માળખામાં કૉંગ્રેસ સમાજવાદી પક્ષ (મે, 1934)ની રચના માટે સરળતા થઈ. આની પાછળ જવાહરલાલ નેહરુ પ્રેરક બળ હતાં. જોકે જવાહરલાલ તેમ જ સુભાષચંદ્ર તેમાં જોડાયા નહિ, તોપણ અગત્યના મુદ્દાઓ પર તેમને સમાજવાદી પક્ષનો ટેકો મળતો રહ્યો. જેલમાં અને જેલ બહાર તેમ જ ત્યાર બાદ યુરોપની મુલાકાત દરમ્યાન (સુભાષચંદ્ર 1933 થી 1936 તથા ફરી 1937 થી 1938 અને જવાહરલાલ 1936 થી 1938) સુભાષચંદ્ર તથા જવાહરલાલ પોતાના સમાજવાદી વિચારોનો પ્રચાર કરતા રહ્યા. સુભાષચંદ્ર બ્રિટિશ સરકાર સામે સંઘર્ષ કરવા આતુર હતા, આથી તેઓ સ્વાતંત્ર્યની લડત માટેની નવી પદ્ધતિ તેમ જ વ્યૂહરચના વિચારવામાં વ્યસ્ત રહ્યા. જવાહરલાલ પણ સામ્રાજ્યવાદ વિરોધી લડતને ગતિશીલ બનાવવા માગતા હતા, પરંતુ સાથોસાથ તે આ લડતને દેશની સામાજિક આર્થિક સમસ્યાઓ સાથે પણ સાંકળવા માગતા હતા. બદલાતી જતી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના અનુસંધાનમાં તેઓ લડતમાં યોગ્ય ફેરફારો કરવાના મતના હતા.

બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે સફળતા મેળવવા જવાહરલાલે કૉંગ્રેસ જેવી રાષ્ટ્રીય સંસ્થા દ્વારા નીચલા થરના લોકોની વિશાળ જનસંખ્યા સહિત બધા જ વર્ગોના લોકોની ભરતી કરવાની દલીલ ચાલુ રાખી. તેમણે જણાવ્યું કે સામ્રાજ્યવાદ સાથે સંકળાયેલ શોષક વર્ગ વિરુદ્ધ નીચલા થરના લોકોને ટેકો આપવામાં નહિ આવે તો મોટા પાયા પર લડતમાં લોકભરતી કરવાનું તેમ જ વર્ગ અને જાતિના ભેદભાવ નાબૂદ કરવાનું શક્ય નહિ બને. સામ્રાજ્યવાદ વિરુદ્ધની લોક-લડત સફળ બનાવવા માટેની આ અનિવાર્ય શરત પૂર્ણ કરવા કૉંગ્રેસ પાસે સ્વતંત્ર, મુક્ત તથા બિન-સાંપ્રદાયિક ભારતના ભાવિ વિશેની સ્પષ્ટ યોજના હોવી જરૂરી છે. આથી કૉંગ્રેસે નીચેની બાબતો કરવી જોઈએ :

- પુખ્તવય મતાધિકારને ધોરણે ચૂંટણીઓ.
- બધા જ હિંદીઓના હકોની જાળવણીની ખાતરી માટે બંધારણ ઘડવા માટે બંધારણસભાની રચના.
- લાંબા સમયથી ચાલ્યા આવતા સામાજિક તથા આર્થિક અન્યાયોની નાબૂદી.
- આધુનિક ઔદ્યોગિક ઢબે આર્થિક સ્વાતંત્ર્યની સિદ્ધિ.

જવાહરલાલને લાગ્યું કે પરસ્પરના કલહથી નહિ, પરંતુ રાષ્ટ્રીય સર્વસંમતિ સાધીને ભારતીય પરિસ્થિતિના સંદર્ભમાં આ બધું સિદ્ધ કરવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, જવાહરલાલે ભારતમાં લોકશાહી સમાજવાદના સિદ્ધાંતોનો અમલ કરવા સતત આગ્રહ રાખ્યો અને આમાં તે કૉંગ્રેસ પાસે સમાજવાદ તરફી વલણ અપનાવવામાં સફળ રહ્યા.

જવાહરલાલ લખનૌ કૉંગ્રેસ (ડિસેમ્બર, 1935) તથા ફૈઝપુર કૉંગ્રેસ (ડિસેમ્બર, 1936) અધિવેશનના પ્રમુખ તરીકે ચૂંટાયા બાદ, વ્યાખ્યાનો, ચર્ચાઓ અને નિવેદનો મારફત તેમણે પોતાના સમાજવાદી વિચારોને વધારે વિસ્તૃત તથા સ્પષ્ટ કર્યા. કૉંગ્રેસ પ્રમુખ તરીકે જવાહરલાલને કાર્યવાહક સમિતિની બિન-સમાજવાદી કે સમાજવાદ વિરોધી બહુમતીનો સામનો કરવો પડતો; પીછેહઠ પણ સ્વીકારવી પડતી (જેમ કે 1935ના ધારા હેઠળ 1937ની ચૂંટણી પછી કૉંગ્રેસે સરકારી હોદ્દા (પ્રધાનપદ) સ્વીકારવા બાબત મુદ્દો) તથા પોતાની યોજનાની નામંજૂરી (જેમ કે મુસ્લિમોનો લોકસંપર્ક કરવાની તેની દરખાસ્તનો અસ્વીકાર) પણ સહન કરવી પડતી. આમ છતાં જવાહરલાલે સમાજવાદનો અમલ કરાવવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ સાધી :

- ફૈઝપુર કૉંગ્રેસ અધિવેશનમાં ખેડૂતોની સમસ્યાઓના પ્રશ્ને ખેડૂતોનાં હિતનો કાર્યક્રમ ઘડવા માટે ભજવેલ મુખ્ય ભાગ.

- બંધારણના મુદ્દા પર - ચૂંટાયેલ બંધારણ સભાની માગણીને આપેલો વેગ.
- નાગરિક સ્વાતંત્ર્ય સંબંધે - બધા જ રાજકીય કેદીઓને છોડી મૂકવા કૉંગ્રેસ પ્રધાનમંડળોને આપેલ આદેશ.
- જવાબદાર રાજ્યતંત્ર પરત્વે રાજવીઓનાં જુલ્મો સામે હિંદનાં રાજાશાહી રાજ્યોમાં પ્રજામંડળોની પ્રવૃત્તિને ઉત્તેજન.
- વિશ્વવ્યાપી ઝુંબેશ સંબંધે — ફાસીવાદ સામે વિરોધી, આંદોલનને સાથ, સ્પેનના આંતરવિગ્રહમાં સરમુખત્યારશાહી વિરુદ્ધ લોકશાહી સરકારને ટેકો, ઇથોપિયા પર ઇટાલીના આક્રમણનો વિરોધ, ચીન પર જાપાનના હુમલા સામે ચીનને આર્થિક સહાયનું આયોજન.

આની સરખામણીમાં ફેબ્રુઆરી, 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં પ્રમુખ તરીકે ચૂંટાયેલ સુભાષચંદ્રની પ્રમુખ તરીકે મુદત ખાસ ફળદાયી રહી નહિ; અને બીજે વર્ષે સુભાષચંદ્ર ફરીથી પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારે કૉંગ્રેસમાં તીવ્ર મતભેદો ઊભા થયા અને કૉંગ્રેસમાં ડાબેરી અને જમણેરી એવા બે સ્પષ્ટ ભાગ પડી ગયા. આમ છતાં સુભાષચંદ્રે સોવિયેત પદ્ધતિ મુજબ ભારતનો આર્થિક વિકાસ કરવા તથા ભારતનું ઉદ્યોગીકરણ કરવા કરેલ આગ્રહથી કૉંગ્રેસ પર સમાજવાદી કાર્યક્રમની અમીટ છાપ મૂકી. જવાહરલાલ નેહરુના પ્રમુખપદે કૉંગ્રેસની રાષ્ટ્રીય આયોજન સમિતિની રચનામાં પણ સુભાષચંદ્રે મુખ્ય ભાગ ભજવ્યો.

અસહકારના આંદોલનની મોકૂફી પછીનાં વર્ષોમાં દેશને જે પ્રશ્નો મૂંઝવતા હતા, તેમાંના ઘણાખરાનો આગેવાન કૉંગ્રેસી નેતાઓએ 1930 સુધીમાં ઉકેલ શોધ્યો. 1940 અને ત્યાર પછીનાં વર્ષોમાં કૉંગ્રેસ આગેવાનોએ સામ્રાજ્ય વિરોધી લડતમાં પોતાને કયાં કયાં તત્ત્વો સામે લડવાનું છે તેનો સ્પષ્ટ ખ્યાલ મેળવી લીધો હતો. વર્ગ તેમ જ સંપ્રદાયને લગતા બધા જ ખ્યાલોથી પર થઈને લોકોની ખરેખરી યાતનાઓ પર લક્ષ્ય કેન્દ્રિત કરીને સામ્રાજ્યવાદ સામેની લડત લડવાની હતી. સખત મહેનત કરતા વિશાળ જનસમુદાય સહિત સામ્રાજ્યવાદી શાસનનો ભોગ બનેલા તમામ લોકોને સંગઠિત કરીને લડતને શક્તિશાળી તથા વેગીલી બનાવવાની હતી. ખાસ નોંધપાત્ર બાબત એ હતી કે કૉંગ્રેસ નેતાઓએ સામ્રાજ્ય વિરોધી લડતની મંઝિલ તથા તેના ધ્યેયનો સંપૂર્ણ ખ્યાલ મેળવી લીધો હતો. આ બધા અગત્યના મુદ્દાઓની ક્રમશઃ સમજણ અને પરિણામે રાષ્ટ્રીય લડતની ઉદ્દામવાદ પ્રતિની પ્રક્રિયા, બહુધા જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝની મહેનત તથા દૃષ્ટિને આભારી હતી.

## તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. ભારતીય સ્વાતંત્ર્ય સંઘની શા માટે સ્થાપના કરવામાં આવી ?

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

2. 1927 પછી જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝનું ખાસ ધ્યાન સમાજના કયા વર્ગો પર કેન્દ્રિત થયું ?

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

.......................................................................................

.......................................................................................

3. જવાહરલાલ તથા સુભાષચંદ્રના સમાજવાદી વિચારોએ કૉંગ્રેસની નીતિ પર કેવી અસર કરી ?

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 26.8 સારાંશ

ભારતના મુખ્ય રાજકીય પ્રવાહમાં સમાજવાદી વિચારોનો ફેલાવો કઈ રીતે થયો તેનો આપણે આ એકમમાં અભ્યાસ કર્યો. આ વિચારોએ કૉંગ્રેસમાં ઘણાં વર્ષો સુધી મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરેલ નહિ, તે પણ આપણે આ એકમમાં શીખ્યાં. આમ છતાં, જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝ જેવા યુવાન નેતાઓના પ્રયાસોથી કૉંગ્રેસમાં સમાજવાદી વિચારોને ઉત્તેજન મળ્યું અને તેમણે પછીથી કૉંગ્રેસની રાજકીય પ્રવૃત્તિઓ તથા તેના કાર્યક્રમ પર નોંધપાત્ર અસર કરી. સમાજવાદના વિરોધી એવા અમુક આગેવાન કૉંગ્રેસ નેતાઓને જવાહરલાલ નેહરુના સમાજવાદી વિચારોનો અમલ થાય તથા કૉંગ્રેસ તેના તરફ વળે તે ગમ્યું નહિ તેની પણ આપણે આ એકમમાં [illegible] લીધી. સમાપનમાં એટલું કહી શકાય કે નેહરુ તથા બોઝના સમાજવાદી વિચારો તથા [illegible]ાને તેમની સફળતા કે નિષ્ફળતાની દૃષ્ટિએ મૂલવી શકાય નહિ, પરંતુ તેઓએ સચ્ચાઈ અને પૂરી દૃઢતાથી તેમનો કરેલ પ્રચાર અને પરિણામે તેમની થયેલી અસરથી જ તેમની મુલવણી કરવી જોઈએ.

## 26.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આંતરિક સ્વરાજ્ય** : સંસ્થાનવાદી સત્તાની દેખરેખ નીચેનું સ્વશાસન

**ફેબિયન સમાજવાદ** : હાલની સામાજિક-આર્થિક પદ્ધતિનો સમાજવાદ વિકલ્પ [illegible], પરંતુ શાંતિમય ઉપાયો મારફત સમાજને વધારે ઉદાર બનાવવો જોઈએ તેવી વિચારસરણી.

**નાફેરવાદીઓ** : સ્વરાજ્ય પક્ષના વિરોધી તથા ધારાસભાના બહિષ્કારના તરફદાર કૉંગ્રેસ નેતાઓ.

**પ્રજામંડળ ચળવળ** : લોકશાહી ઢબના શાસનની, રાજાશાહી રાજ્યોમાં માગણી કરતી લોક-ચળવળ.

**ફેરવાદીઓ** : સ્વરાજ્ય પક્ષની તરફેણ કરનાર તથા ધારાસભા પ્રવેશને ટેકો આપનાર કૉંગ્રેસી નેતાઓ.

## 26.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. 26.2 વિભાગમાં નિર્દેશાયેલ નેતાઓનાં નામ આપો.
2. કૉંગ્રેસના શરૂઆતના તબક્કાઓના નેતાઓ સમાજવાદ વિશે શંકાશીલ હતા, કારણ કે તેઓને લાગ્યું કે સમાજવાદના સ્વીકારથી ભારતમાં વર્ગ-વિગ્રહ થશે અને રાષ્ટ્રીય ચળવળ નિર્બળ બનશે. (વિભાગ-26.2 જુઓ.)

3. અસહકારના આંદોલનને એકાએક પાછું ખેંચી લેવાયા પછી સામાન્ય નિરાશા આવી તથા કોમવાદી હુલ્લડો થયાં. (વિભાગ-26.3 જુઓ.)

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. તેમની વિદેશની સફર દરમિયાન જવાહરલાલ નેહરુએ કેટલીક પરિષદોમાં ભાગ લીધો તથા અગ્રેસર સમાજવાદીઓને મળ્યા. (પેટા વિભાગ- 26.4.1 જુઓ.)
2. વિશ્વના લગભગ તમામ પ્રદેશોમાં સામ્રાજ્યવાદ સામેની લડત એ સાંસ્થાનિક શોષણ સામેની લડત હતી. આ સંદર્ભમાં ભારતની લડત પણ વિશ્વ-લડતના એક ભાગરૂપ હતી. (પેટા વિભાગ-26.4.2 અને 26.4.3 જુઓ.)

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. ભારત સ્વાતંત્ર્ય સંઘ આંતરિક સ્વરાજ્યનો વિરોધ કરવા, પૂર્ણ સ્વાતંત્ર્યનો આગ્રહ કરવા તથા ભારતીય પ્રજાતંત્રની સ્થાપના માટે રચાયો હતો. (વિભાગ-26.6 જુઓ.)
2. 1927 બાદ જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝે વિદ્યાર્થીઓ, યુવાનો તથા શ્રમજીવીઓ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. (વિભાગ-26.6 જુઓ.)
3. નેહરુ અને બોઝની અસરથી કોંગ્રેસે ખેડૂતોની સમસ્યા તેમજ નાગરિક સ્વતંત્રતાનો પ્રશ્ન હલ કરવાનું તથા ફાસીવાદનો વિરોધ કરવાનું વલણ અપનાવ્યું. (વિભાગ-26.7 જુઓ.)

# એકમ 27 ભારતમાં ડાબેરી પક્ષોનો ઉદય : ભારતીય સામ્યવાદી પક્ષ અને કૉંગ્રેસ સમાજવાદી પક્ષ (Growth of The Left : The Communist Party of India and The Congress Socialist Party)

રૂપરેખા

27.0 ઉદ્દેશો
27.1 પ્રસ્તાવના
27.2 ભારતમાં ડાબેરી ચળવળનો ઉદય કેવી રીતે થયો
27.3 ભારતના સામ્યવાદી પક્ષની રચના અને તેનો શરૂઆતનો ઇતિહાસ :
27.3.1 એમ.એન.રૉય
27.3.2 રોય અને લેનિન વચ્ચે વાર્તાલાપ
27.3.3 તાશ્કંતમાં એમ.એન.રૉય
27.3.4 પ્રારંભનાં સામ્યવાદી જૂથો
27.3.5 ભારતીય સામ્યવાદી પક્ષની રચના
27.4 મજૂરો અને ખેડૂતોનાં સંગઠનોની સ્થાપના
27.5 મજૂર સંઘો પર સામ્યવાદી અસર
27.6 મેરઠ કાવતરા કેસ અને 1934નો પ્રતિબંધ
27.7 કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચના
27.7.1 પ્રારંભના સમાજવાદીઓ
27.7.2 પ્રારંભના સમાજવાદીઓનું સંક્ષિપ્ત જીવનદર્શન
27.7.3 અખિલ હિન્દ કૉંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના
27.8 કોંગ્રેસ સમાજવાદી પક્ષનો કાર્યક્રમ
27.9 કોંગ્રેસ સમાજવાદી પક્ષના કાર્યક્રમની રાષ્ટ્રીય રાજકારણ પર અસર
27.10 સારાંશ
27.11 ચાવીરૂપ શબ્દો
27.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 27.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી પરિચિત થશો :

- ભારતમાં ઉદ્દામવાદના ઉદયની ઐતિહાસિક પૂર્વભૂમિકા
- સ્વાતંત્ર્ય-સંગ્રામ દરમિયાન ઉદ્દામવાદી પક્ષો તથા જૂથોની વિચારસરણી અને તેમના કાર્યક્રમો અને
- સ્વાતંત્ર્ય પહેલાંના સમયમાં ઉદ્દામવાદીઓએ ભારતના સામાજિક-રાજકીય જીવન પર કરેલી અસર

## 27.1 પ્રસ્તાવના

ભારતમાં ડાબેરી ચળવળના ઇતિહાસની ચર્ચા કરતા પહેલાં, "ડાબેરી" શબ્દના ઐતિહાસિક તથા આદર્શરૂપ મહત્ત્વની ચર્ચા કરવી જરૂરી છે. ફ્રેન્ચ ક્રાંતિના સમય દરમિયાન ફ્રાન્સની રાષ્ટ્રીય સભામાં ત્રણ જૂથો હતાં :

(i) પોતાના અધિકારોમાં ઘટાડો કરવા નહિ ઇચ્છતું તથા રાજા અને ઉમરાવોને ટેકો આપતું રૂઢિચુસ્ત જૂથ.

(ii) સરકારમાં મર્યાદિત સુધારા કરવા માગતું ઉદારમતવાદી જૂથ અને
(iii) રાજાની સત્તા મર્યાદિત કરીને તથા બંધારણ ઘડીને સરકારી તંત્રમાં ધરખમ ફેરફાર કરવા ઇચ્છતું ઉદ્દામવાદી જૂથ.

રાષ્ટ્રીય સભામાં રૂઢિચુસ્તો અધ્યક્ષની જમણી બાજુ બેસતા, ઉદ્દામવાદીઓ તેમની ડાબી બાજુ બેસતા, જ્યારે ઉદારમતવાદીઓ મધ્યમાં બેસતા. સમાજના પીડિત અને અધિકાર વિહીન લોકોનાં હિતોને ખ્યાલમાં રાખીને સમાજવ્યવસ્થા તેમ જ સરકારી તંત્રમાં ઉદ્દામવાદી ફેરફારો કરવા માગતા જૂથો તેમ જ આંદોલનો માટે આ સમયથી રાજકીય શબ્દકોષમાં "ડાબેરી" શબ્દનો ઉપયોગ થવા લાગ્યો. બીજી બાજુ પોતાના હિત ખાતર પ્રચલિત સમાજવ્યવસ્થા તથા સરકારી તંત્રમાં ફેરફારનો વિરોધ કરતાં જૂથો માટે 'જમણેરી' શબ્દનો પ્રયોગ થવા લાગ્યો. જેઓ પ્રચલિત સમાજવ્યવસ્થા તથા સરકારી તંત્રમાં મર્યાદિત ફેરફાર કરવા માગતા હતા, તેઓ મધ્યસ્થી તરીકે ઓળખાયા. સામાન્ય રીતે 'ડાબેરી' એ સમાજવાદનો સમાનાર્થી શબ્દ ગણાય છે, કારણ કે સમાજવાદ એ એવી વિચારસરણી છે કે જે માલિકો 'ધનિકો' દ્વારા કરાતા શોષણમાંથી સખત પરિશ્રમ કરતા શ્રમજીવીઓના રક્ષણ તેમ જ ઉત્કર્ષનું ધ્યેય રાખે છે.

ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે યુરોપમાં સમાજવાદ કઈ રીતે ઉદ્ભવ્યો અને વિકાસ પામ્યો તે તમે એકમ 12માં શીખી ગયાં છો. સમાજવાદ વિશેના કાર્લ માર્ક્સના સિદ્ધાંત, ઇતિહાસનું તેણે કરેલ આર્થિક પૃથક્કરણ, વર્ગવિગ્રહના તેના સિદ્ધાંત તથા વર્ગ-વિહીન સમાજરચના વિશેના તેના ખ્યાલથી પણ તમે પરિચિત થયા છો. લેનિને રશિયામાં માર્ક્સના સિદ્ધાંતને કઈ રીતે લાગુ કર્યો તથા તેણે તે દેશમાં શ્રમજીવીઓ (કિસાનો અને કામદારો)ની સરમુખત્યારશાહી કઈ રીતે સ્થાપી તે પણ તમે શીખી ગયાં છો. (એકમ 14) જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝ જેવા નેતાઓએ કોંગ્રેસમાં સમાજવાદી વિચારસરણી કઈ રીતે અપનાવી તે પણ તમને દર્શાવવામાં આવ્યું છે. (એકમ 26). આ એકમમાં આપણે ભારતના સામ્યવાદી પક્ષ તથા કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચના અને તેમના કાર્યક્રમોની ચર્ચા કરીશું.

## 27.2 ભારતમાં ડાબેરી ચળવળનો ઉદય કેવી રીતે થયો (How the Leftist Movement Grew in India)

આધુનિક ઉદ્યોગોના વિકાસના પરિણામે તથા ગ્રેટ બ્રિટન અને રશિયા જેવા દેશોમાં સમાજવાદી ચળવળની અસર રૂપે ભારતમાં ડાબેરી ચળવળનો ઉદ્ભવ અને વિકાસ થયો. મુંબઈ, કલકત્તા તથા મદ્રાસ જેવાં શહેરોમાં થયેલ ઔદ્યોગિક વિકાસને પરિણામે ગીચ વસ્તી ધરાવતો મોટી સંખ્યાનો શ્રમજીવી વર્ગ અસ્તિત્વમાં આવ્યો. કામ કરવા માટેની વધારે સારી શરતો તથા વધારે વેતન માટેની માગણી કરવા માટે શ્રમજીવીઓ ક્રમશઃ સંગઠિત થવા માંડ્યા. આમાંથી મજૂર ચળવળ અને મજૂર સંગઠનનો ઉદ્ભવ થયો. એકમ 28માં વધારે વેગથી ભારતમાંના મજૂર ચળવળના વિકાસની ચર્ચા કરવામાં આવશે. પરંતુ અત્રે એ નોંધવું જોઈએ કે ભારતમાં મજૂર ચળવળ અને મજૂર સંઘના વિકાસે ડાબેરી પક્ષોની રચનાની ભૂમિકા તૈયાર કરી.

રશિયામાં થયેલી સફળ સમાજવાદી ક્રાંતિથી તમે એકમ 14માં પરિચિત થયેલ છો. સોવિયટ સંઘની સામ્યવાદી સરકારના આશ્રય નીચે 1919માં જુદા જુદા દેશના સામ્યવાદી પક્ષોનું આંતરરાષ્ટ્રીય સંગઠન સ્થાપવામાં આવ્યું. અગાઉ આવાં બે સંગઠનો રચાયાં હોવાથી આ સંગઠન ત્રીજા સામ્યવાદી આંતરરાષ્ટ્રીય સંગઠન તરીકે જાણીતું બન્યું. સમસ્ત વિશ્વમાં સામ્યવાદી ક્રાંતિઓ કરાવીને શ્રમજીવી વર્ગની સરકારો સ્થાપવાનો આ સંગઠનનો હેતુ હતો.

પ્રથમ વિશ્વયુદ્ધના અંત સુધી ભારતીય ઉદ્યોગોમાં મજૂરોની હડતાળ ભાગ્યે જ પડતી. કારણ કે મજૂરો રાજકીય રીતે જાગ્રત ન હતા. પ્રથમ વિશ્વયુદ્ધની સમાપ્તિ પછીનાં વર્ષોમાં ભારતના ઉદ્યોગોમાં અવારનવાર હડતાલો પડી અને કેટલાંક મજૂર મંડળો સ્થપાયાં. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે ચીજ-વસ્તુઓના ભાવમાં થયેલા ભારે વધારા તેમ જ માલિકોની મજૂરોનું વેતન વધારવાની અનિચ્છાના પરિણામે મજૂરોમાં મોટા પાયા પર અસંતોષ ફેલાયો. આર્થિક લાભની માગણી કરતી વખતે મજૂરો રાજકીય ક્ષેત્રે પોતાને ભજવવાના ભાગથી પણ જાગ્રત બન્યા. મુંબઈ જેવા શહેરોમાં મજૂરોએ ત્રાસદાયક રોલેટ કાયદા સામે હડતાળ પાડી. રાષ્ટ્રીય નેતાઓ પણ મજૂર ચળવળમાં ખાસ રસ લેતા થયા. ઑક્ટોબર, 1920માં રાષ્ટ્રીય નેતા લાલા લજપતરાયના પ્રમુખપદે

મુંબઈમાં અખિલ હિન્દ કોંગ્રેસ મજૂર સંઘની પ્રથમ બેઠક યોજાઈ. આ પૂર્વભૂમિકા સાથે ભારતમાં ડાબેરી પક્ષોના ઇતિહાસની આપણે ચર્ચા કરીએ.

## 27.3 ભારતના સામ્યવાદી પક્ષની રચના અને તેનો શરૂઆતનો ઇતિહાસ (Formation of the Communist Party of India and Its Early History)

રશિયામાં બોલ્શેવિક ક્રાંતિની સફળતા તથા આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનની રચનાને ખ્યાલમાં રાખીને ભારત તથા ભારત બહાર કાર્ય કરતા અમુક ભારતીય ક્રાંતિકારીઓ અને બુદ્ધિજીવીઓએ ભારતમાં સામ્યવાદી પક્ષની સ્થાપના કરવાનું વિચાર્યું. એમ.એન.રૉય (માનવેન્દ્રનાથ રૉય) સૌ પ્રથમ 1920માં આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનના આશ્રયે ભારત બહાર તાશ્કન્તમાં ભારતના સામ્યવાદી પક્ષની સ્થાપના કરી.

### 27.3.1 એમ. એન. રૉય (M. N. Roy)



ચિત્ર-૧૪ એમ. એન. રોય

માનવેન્દ્રનાથ રૉયનું મૂળ નામ નરેન્દ્રનાથ ભટ્ટાચાર્ય હતું. બંગાળના 24 પરગણાંના ઉરબાલિયા ગામે એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં છઠ્ઠી, ફેબ્રુઆરી, 1889ના રોજ માનવેન્દ્રનાથ રૉયનો જન્મ થયો હતો. શરૂઆતના જીવનમાં તે ત્રાસવાદી ક્રાંતિકારી હતા. અરવિંદ ઘોષે સ્થાપેલ રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં તેમણે શિક્ષણ મેળવ્યું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જર્મન શસ્ત્રોની મદદથી તે ભારતમાં સશસ્ત્ર બળવો જગાવવામાં રોકાયેલ હતા. ક્રાંતિકારી તરીકે પોતાનું ધ્યેય સિદ્ધ કરવા તેમણે મલાયા, ઇન્ડોનેશિયા, ઇન્ડો-ચાયના, (હિન્દી ચીન-વિયેટનામ) ફિલિપાઇન્સ, જાપાન, કોરિયા, ચીન અને યુ.એસ.એ.ની મુલાકાત લીધી. 1916માં યુ.એસ.એ.ના સાનફ્રાન્સિસકો શહેરમાં પહોંચ્યા. તેમણે પોતાનું નામ બદલીને માનવેન્દ્રનાથ રૉય રાખ્યું. યુ.એસ.એ.ના તેમના વસવાટ દરમ્યાન તેમણે માર્ક્સવાદી સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો. ક્રમશઃ તે રાષ્ટ્રવાદમાંથી આંતરરાષ્ટ્રીય સામ્યવાદ તરફ વળ્યા. પ્રથમ વિશ્વયુદ્ધમાં યુ.એસ.એ., મિત્ર-રાષ્ટ્રો-ગ્રેટબ્રિટન અને ફ્રાન્સને પક્ષે જોડાતા, માનવેન્દ્રનાથ રૉયને યુ.એસ.એ.માં રહેવાનું સલામત લાગ્યું નહિ. તે મેક્સિકો ચાલ્યા ગયા. ત્યાં તે રશિયન સામ્યવાદી રાજદૂત મિચેલ બોરૉડિનના સંપર્કમાં આવ્યા. રૉયને બોરૉડિન સાથે મૈત્રી બંધાઈ અને તે સામ્યવાદી બન્યા તથા મેક્સિકોમાં સામ્યવાદી પક્ષ રચવામાં તેણે બોરોડિનને સહાય કરી. રશિયાના સામ્યવાદી નેતા લેનિનના આમંત્રણથી પછીથી રૉય મોસ્કો ગયા.

### 27.3.2 રૉય-લેનિન વચ્ચે વાર્તાલાપ (M. N. Roy-Lenin Debate)

મોસ્કોમાં જુલાઈ-ઑગસ્ટ, 1920માં યોજાએલી બીજી આંતરરાષ્ટ્રીય સામ્યવાદી પરિષદમાં રૉયે હાજરી આપી. આ પરિષદ યુરોપની સત્તાઓ દ્વારા શાસિત એશિયાના સાંસ્થાનિક દેશો પ્રત્યે આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનને અપનાવવાની નીતિ નિશ્ચિત કરવાની હતી. લેનિન માનતા હતા કે આવા દેશોમાં વિદેશી સામ્રાજ્યવાદી સરકારો સામે મધ્યમ વર્ગના સંપન્ન તથા બુદ્ધિશાળી રાષ્ટ્રવાદીઓ મારફત ચલાવાતી ક્રાંતિકારી ચળવળોને સામ્યવાદીઓએ સક્રિય ટેકો આપવો જોઈએ. લેનિનનું મંતવ્ય હતું કે બ્રિટિશ સામ્રાજ્યાવાદી સરકાર સામે લડત લડતા મહાત્મા ગાંધી જેવા રાષ્ટ્રવાદી નેતાઓ પ્રગતિશીલ હતા, પરંતુ રૉય એવા મતના હતા કે મધ્યમ વર્ગના રાષ્ટ્રવાદી નેતાઓ પ્રગતિ વિરોધી હતા અને તેથી મજૂરો તેમ જ ખેડૂતોનાં જ મંડળો રચીને સામ્યવાદીઓએ સ્વતંત્ર રીતે સામ્રાજ્યવાદ સામે લડત ચલાવવી જોઈએ. રૉયના આગ્રહને પરિણામે બીજી સામ્યવાદી આંતરરાષ્ટ્રીય પરિષદે લેનિનના વિચારોને નીચે મુજબ સરળ બનાવ્યા. "સામ્રાજ્યવાદ સામેની લડતમાં ક્રાંતિકારી મધ્યમ વર્ગના રાષ્ટ્રવાદીઓને ટેકો આપવાની સાથોસાથ સામ્યવાદીઓ મજૂરો તથા ખેડૂતોનાં મંડળોની સહાયથી સામ્રાજ્યવાદ સામે સ્વતંત્ર રીતે લડત ચલાવશે."

### 27.3.3 તાશ્કંતમાં એમ. એન. રૉય (M. N. Roy at Tashkent)


એમ.એન.રૉય ઑક્ટોબર, 1920માં અફઘાનિસ્તાનથી ખાસ દૂર નહિ એવા રશિયાના તાશ્કંત શહેરમાં પહોંચ્યા. તેણે બ્રિટિશ સરકાર સામે સશસ્ત્ર બળવો કરવાના હેતુથી ભારતની સરહદી જાતિઓને તાલીમ આપવા માટે ત્યાં એક લશ્કરી શાળાની સ્થાપના કરી તથા ભારતના સામ્યવાદી

પક્ષની પણ રચના કરી. 1921માં ભારતના સામ્યવાદી પક્ષનું આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠન સાથે જોડાણ કરવામાં આવ્યું. દરમિયાનમાં બ્રિટિશ સરકારની તુર્કસ્તાનના સુલતાન (જે મુસ્લિમોનો ખલીફા ધાર્મિક વડો પણ હતો) પ્રત્યેની દુશ્મનાવટ ભરી નીતિથી ભારે અસંતુષ્ટ થયેલ હજારો મુસ્લિમો મુજાહિર (યાત્રાળુઓ) તાશ્કંત મુકામે રૉય સાથે જોડાયા. ત્યાં તેઓએ નવી સ્થપાયેલી લશ્કરી શાળામાં તાલીમ લીધી. મે, 1921માં આ શાળા બંધ પડતાં મુજાહિરો મોસ્કો પાસેની શ્રમજીવીઓની સામ્યવાદી વિદ્યાપીઠમાં જોડાઈ ગયા. ત્યાં તેઓને માર્ક્સ તથા લેનિનના વિચારોની તાલીમ આપવામાં આવી.

મોસ્કોમાં તાલીમ લીધા બાદ મુજાહિરો ભારત પાછા ફર્યા. ત્યાં પોલીસે તેઓની ધરપકડ કરી અને તેમના પર કેસ ચલાવવા તેમને પેશાવર લાવવામાં આવ્યા. આ કેસ પેશાવર કાવતરા કેસ (1922-23) તરીકે જાણીતો થયો. કેસના પરિણામે મિયાં મુહમ્મદ અકબર શાહ તથા ગવ્હાર રહમાન ખાન નામના બે આગેવાન મુજાહિરોને સખત મજૂરી સાથેની બે વર્ષની તથા અન્ય મુજાહિરોને એક વર્ષની સજા કરવામાં આવી.

### 27.3.4 પ્રારંભનાં સામ્યવાદી જૂથો (Early Communist Groups)

આ દરમિયાન ભારત બહાર કાર્ય કરતા ક્રાંતિકારીઓ – વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, ભૂપેન્દ્રનાથ દત્ત તથા બર્કતુલ્લાહ માર્ક્સવાદી બન્યા અને ભારતમાં પણ અમુક સામ્યવાદી જૂથો આસ્તિત્વમાં આવ્યાં. મહાત્મા ગાંધીએ અસહકારનું આંદોલન મોકૂફ રાખ્યા બાદ અસહકારની લડતમાં ભાગ લીધેલ અમુક કાર્યકરો પણ સામ્યવાદ તરફ વળ્યા.



ચિત્ર-15 સામ્યવાદી નેતાઓ મુઝફ્ફર અહમદ, એસ. એ. ડાંગે અને ભૂપેન્દ્રનાથ દત્તનાં ચિત્રો

મુંબઈમાં શ્રીપદ અમૃત ડાંગેએ સામ્યવાદી જૂથની રચના કરી. ડાંગે નાસિકના મરાઠી બ્રાહ્મણ કુટુંબમાં ઑક્ટોબર, 1899માં જન્મ્યા હતા. તેમના પિતા સૉલિસિટરની પેઢીમાં કારકુન હતા. ડાંગેએ વિલ્સન કૉલેજમાં શિક્ષણ લીધું હતું. જ્યારે ગાંધીજીએ અસહકારનું આંદોલન શરૂ કર્યું ત્યારે ડાંગેએ અભ્યાસ છોડી દીધો અને આંદોલનમાં જોડાયા. અસહકારનું આંદોલન મોકૂફ રખાયા બાદ ડાંગે સામ્યવાદ તરફ વળ્યા. તેમણે 1921માં "ગાંધી વિરુદ્ધ લેનિન" નામે પુસ્તક પ્રકાશિત કર્યું. તેમાં તેમણે સમાજવાદ તરફની પોતાની પસંદગી દર્શાવી. ડાંગેએ 1922માં "સમાજવાદી" નામે સામ્યવાદી સામાયિક શરૂ કર્યું. આ સામયિકના 16મી સપ્ટેમ્બર, 1924ના અંકમાં તેમણે હિન્દી રાષ્ટ્રીય મહાસભાના ભારતીય સમાજવાદી મજૂર પક્ષની રચનાની જાહેરાત કરી. આમ, ડાંગે કૉંગ્રેસમાં સામ્યવાદીઓ એક જૂથ તરીકે કાર્ય કરે તેમ ઇચ્છતા હતા.

પોતાને સામ્યવાદી તરીકે ઓળખાવતા સિંગરવેલુ ચેટ્ટિયાર નામના વકીલે મદ્રાસમાં મે, 1923માં મજૂર-કિસાન પક્ષની જાહેરાત કરી. ડિસેમ્બર, 1922માં ગયા મુકામે યોજાયેલ હિન્દી રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં તેમણે રાષ્ટ્રીય સ્વાધીનતાને લગતો ઠરાવ રજૂ કર્યો. તેમણે ગાંધીજીએ અસહકારના આંદોલનની કરેલી મોકૂફીની ટીકા કરી અને અસહકારની લડતને મજૂરોની રાષ્ટ્રીય હડતાલની સાથે જોડવી જોઈએ તેવું સૂચન કર્યું.

1925-26માં બંગાળમાં મુઝફ્ફર અહમદે કાઝી નઝરુલ ઇસ્લામની સહાયથી મજૂર સ્વરાજ્ય પક્ષ (જેનું નામ ટૂંકમાં જ ખેડૂત-મજૂર પક્ષ રાખવામાં આવ્યું)ની રચના કરી. કાઝી નઝરુલ ઇસ્લામ તે સમયે બંગાળની 49મી લશ્કરી ટૂકડીનો હવાલદાર હતો, પછીથી તે બંગાળી કવિ તરીકે વિખ્યાત થયો. કાનપુર અને લાહોર જેવાં શહેરોમાં પણ સામ્યવાદી જૂથો રચાયાં.

આ સમય દરમિયાન એમ.એન.રોય ખાનગી દૂતો મારફત હિન્દના સામ્યવાદીઓ સાથે સંપર્કમાં રહેતા હતા. 2જી નવેમ્બર, 1922ના રોજ એમ.એન.રૉયે ડાંગેને પત્ર લખ્યો,જેમાં તેમણે ભારતના સામ્યવાદી પક્ષનાં બે પ્રકારનાં સંગઠનો રચવાનું સૂચન કર્યું : (1) જાહેર સંગઠન અને (2) ખાનગી જૂથ.

બ્રિટિશ સરકારની તેમના પ્રત્યેની દુશ્મનાવટને કારણે શરૂઆતના ભારતીય સામ્યવાદીઓને અખિલ હિંદને ધોરણે સામ્યવાદી સંગઠન સ્થાપવાનું મુશ્કેલ જણાયું. બ્રિટિશ સરકારે 1924માં ચાર આગેવાન સામ્યવાદી નેતાઓ - મુઝફ્ફર અહમદ, એસ.એ.ડાંગે, શૌકત ઉસમાની તથા નલિની ગુપ્તા સામે કાવતરું કરવાના આરોપસર કેસ દાખલ કર્યો. સરકારે આક્ષેપ મૂક્યો કે આ સામ્યવાદી નેતાઓએ ક્રાંતિકારી આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનની એક શાખા ભારતમાં સ્થાપી હતી, જેનો હેતુ બ્રિટિશ સમ્રાટ પાસેથી બ્રિટિશ હિંદનું સાર્વભૌમત્વ ઝૂંટવી લેવાનો હતો. કાનપુરમાં આ કેસ ચાલ્યો હોઈને તે કાનપુર કાવતરા કેસ તરીકે ઓળખાયો. કેસ દરમિયાન ડાંગેએ ભારતમાં સમાજવાદનો પ્રચાર કરવાનો પોતાનો હક હોવાનું જણાવ્યું, કારણ કે ગ્રેટ બ્રિટન અને બ્રિટિશ સામ્રાજ્યના અન્ય પ્રદેશોમાં તેનો પ્રચાર કરવાની છૂટ હતી. આ કેસને પરિણામે ડાંગે, મુજફ્ફર અહમદ, ઉસમાની તથા ગુપ્તાને મે, 1924માં ચાર વર્ષની સખત મજૂરી સાથેની સજા થઈ.

### 27.3.5 ભારતીય સામ્યવાદી પક્ષની સ્થાપના (Formation of the Indian Communist Party)

સપ્ટેમ્બર, 1924માં કાનપુર મુકામે સત્યભક્તે ભારતીય સામ્યવાદી પક્ષની સ્થાપનાની જાહેરાત કરી. તેણે પક્ષનું કામચલાઉ બંધારણ પણ જાહેર કર્યું. પક્ષે પૂર્ણ સ્વરાજ્ય તથા ભારતના સમસ્ત સમાજના હિતમાં સંપત્તિની ન્યાયી વહેંચણી અને ઉત્પાદનનાં સાધનો પર લોકોની માલિકી સહિત ભારતીય સમાજની પુનર્રચના કરવાનું ધ્યેય રાખ્યું. ડિસેમ્બર, 1925માં સત્યભક્તે કાનપુર મુકામે સામ્યવાદીઓની અખિલ હિન્દ પરિષદ યોજી, જેમાં જેલમાંથી મુક્ત થયેલ મુઝફ્ફર અહમદ તથા નલિની ગુપ્તા સહિત અનેક સામ્યવાદીઓએ હાજરી આપી. સિંગરવેલુ ચેટીયાર પરિષદના પ્રમુખ ચૂંટાયા હતા. કાનપુર પરિષદને ભારતના સામ્યવાદી પક્ષની શરૂઆત ગણવામાં આવે છે. આ પરિષદમાં એસ.વી.ઘાટે અને જે.પી.બેરગાર્હટાના સંયુક્ત મંત્રીપદ હેઠળ મધ્યસ્થ સમિતિની રચના કરવામાં આવી.

1926ના અંતે ભારતના સામ્યવાદી પક્ષનું બંધારણ જાહેર કરવામાં આવ્યું. આ દરમિયાન સામ્યવાદી પક્ષની મધ્યસ્થ સમિતિએ પક્ષનો કાર્યક્રમ ઘડી કાઢવા કેટલીક ખાનગી બેઠકો યોજી. 1925થી ભારતીય સામ્યવાદી ચળવળને સંગઠિત કરવા બ્રિટિશ સામ્યવાદીઓ ભારત આવવા લાગ્યા. 1928માં ભારતના સામ્યવાદી પક્ષના બે સભ્યો આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનની

છઠ્ઠી બેઠકમાં તેની કારોબારીના સભ્ય તરીકે ચૂંટાયા. 1930માં ભારતના સામ્યવાદી પક્ષને આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠન સાથે એક શાખા તરીકે જોડવામાં આવ્યો.

ભારતના શરૂઆતની સામ્યવાદી ચળવળની કેટલીક ઊણપો હતી.

- તેને નાણાંની અછત હતી.
- તેના ક્રાંતિ સ્વરૂપ તથા આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠન સાથેના તેના જોડાણથી બ્રિટિશ સરકાર ભારતના સામ્યવાદી પક્ષની ભારે વિરોધી હતી.
- તેમાં આયોજનપૂર્વકના વિસ્તારનો અભાવ હતો.
- ભારતીય સમાજનો ઉપલો વર્ગ સામ્યવાદનો વિરોધી હતો.

**ભારતમાં ડાબેરી પક્ષોનો ઉદય : ભારતીય સામ્યવાદી પક્ષ અને કૉંગ્રેસ સમાજવાદી પક્ષ**

## તમારી પ્રગતિ ચકાસો (ક)

1. 1920થી 1925 સુધીની ભારતના સામ્યવાદી પક્ષની ચળવળનો ખ્યાલ આપો. શરૂઆતના તબક્કામાં આ ચળવળની શી ઊણપો હતી ?

............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................

2. નીચેની વ્યક્તિઓ પર ટૂંકનોંધ લખો :

(i) એમ. એન. રૉય

............................................................................................................
............................................................................................................
............................................................................................................

(ii) એસ. એ. ડાંગે

............................................................................................................
............................................................................................................
............................................................................................................

(iii) મુઝફ્ફર અહમદ

............................................................................................................
............................................................................................................
............................................................................................................

(iv) સિંગરવેલુ ચેટ્ટિયાર

............................................................................................................
............................................................................................................
............................................................................................................

(v) સત્યભક્ત

............................................................................................................

..........................................................................

..........................................................................

3. (i) "ગાંધી વિરુદ્ધ લેનિન" પુસ્તક કોણે લખ્યું ?

..........................................................................

(ii) "સમાજવાદી" સામયિકના તંત્રી કોણ હતા ?

..........................................................................

## 27.4 મજૂરો અને ખેડૂતોનાં સંગઠનોની સ્થાપના (Formation of Workers' and Peasants' Parties)

વિઘ્નો હોવા છતાં એ ભારતની સામ્યવાદી ચળવળમાં વેગ આવ્યો. 1927માં મુંબઈ તથા પંજાબમાં મજૂરો અને ખેડૂતોનાં સંગઠનો રચાયાં. આ સંગઠનોએ વર્તમાનપત્રો મારફતે પોતાના વિચારો અને કાર્યક્રમનો પ્રચાર કર્યો.

મુંબઈના મજૂરો તથા ખેડૂતોનાં સંગઠને "ક્રાંતિ" નામે મરાઠી સાપ્તાહિક પ્રસિદ્ધ કર્યું.

પંજાબના મજૂરો તથા ખેડૂતોના સંગઠને 'મિહનતકક્ષ' (મજૂર) નામનું અર્ધ સાપ્તાહિક પ્રકાશિત કર્યું.

ઑક્ટોબર, 1928માં મેરઠમાં યોજાયેલી પરિષદમાં પણ મજૂરો તથા ખેડૂતોનું સંગઠન રચાયું. આ પરિષદમાં બ્રિટિશ સામ્યવાદી ફિલીપ સ્પ્રાટે હાજરી આપી હતી. આ પરિષદે નીચેની માગણીઓ કરતા ઠરાવ પસાર કર્યો :

(1930-1934)

(1920-1930)

- રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય, રાજાશાહી રાજ્યોનો અંત,
- સંગઠનો રચવાના મજૂરોના હકને માન્યતા,
- જમીનદારી પ્રથાની નાબૂદી,
- જમીનવિહોણા ખેડૂતોને જમીન,
- ખેડૂત બૅન્કોની સ્થાપના,
- આઠ કલાકનું કામ અને
- ઔદ્યોગિક કામદારો માટે ઓછામાં ઓછા વેતનનો દર.

ડિસેમ્બર, 1928માં કલકત્તામાં સોહન સિંગ જોશના પ્રમુખપદે ખેડૂતો તથા મજૂરોના પક્ષોની અખિલ હિન્દ પરિષદ યોજાઈ. આ પરિષદમાં ત્રણ મહત્ત્વના નિર્ણયો લેવાયા.

(i) આ પરિષદે આગેવાન સામ્યવાદીઓની બનેલી એક રાષ્ટ્રીય કાર્યવાહક સમિતિની રચના કરી.

(ii) પરિષદે સામ્યવાદી ચળવળના આંતરરાષ્ટ્રીય સ્વરૂપ પર ભાર મૂક્યો અને સામ્રાજ્યવાદ વિરુદ્ધની કાર્યવાહી માટે ભારતના સામ્યવાદી પક્ષનું આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠન સાથે જોડાણ કરવાની જરૂરિયાત દર્શાવી.

(iii) આ પરિષદે મધ્યમ વર્ગની નેતાગીરીવાળી કૉંગ્રેસ સાથે જોડાણ કરવાને બદલે ભારતના સામ્યવાદીઓને સ્વતંત્ર રીતે પોતાની લડત ચલાવવાનો અનુરોધ કર્યો.

## 27.5 મજૂર સંઘો પર સામ્યવાદી અસર (Communist Influence on Trade Unions)

દરમિયાનમાં સામ્યવાદીઓએ મજૂરોની હડતાળોને દોરવણી આપીને મજૂર સંગઠનો પર પોતાની અસર વધારી. ખડગપુરમાં ફેબ્રુઆરી તથા સપ્ટેમ્બર, 1927માં પડેલી રેલવે મજૂરોની હડતાળોમાં સામ્યવાદીઓએ અગ્રભાગ ભજવ્યો. મુંબઈની કાપડ મિલોના કામદારો પર પણ તેમની અસર વધી. એપ્રિલથી ઑક્ટોબર, 1928 સુધીમાં મુંબઈની કાપડ મિલોના કામદારોએ વેતન-ઘટાડા સામે વિરોધ વ્યક્ત કરવા વિશાળ-સામૂહિક હડતાળો પાડી. આ હડતાળોમાં સામ્યવાદી ગિરણી કામદાર સંગઠને સૌથી મહત્ત્વનો ભાગ ભજવ્યો. 1928માં આ સંગઠનની

તાકાતમાં ભારે વધારો થયો. ડિસેમ્બર, 1928 સુધીમાં તેની સભ્ય સંખ્યા 54,000 કામદારોની થઈ. જ્યારે જાણીતા ઉદારમતવાદી મજૂર નેતા એન. એમ. જોષીની નેતાગીરી નીચેના મુંબઈ કાપડ મિલ મજૂર સંગઠનની સભ્ય સંખ્યા માત્ર 6749ની હતી.

1928માં ઔદ્યોગિક હડતાળોની સંખ્યામાં ભારે વધારો થયો. આ વર્ષ દરમિયાન હડતાળોને પરિણામે મજૂરોએ 3,15,00,000 દિવસોની રોજી ગુમાવી. ઉદ્યોગોમાં અસંતોષ માટે સરકારે સામ્યવાદીઓને જવાબદાર ઠરાવ્યા. આથી સરકારે તેમની પ્રવૃત્તિઓ દાબી દેવાના પગલાં વિચાર્યાં. જાન્યુઆરી, 1929માં વાઇસરોય લૉર્ડ ઈર્વિને મધ્યસ્થ ધારાસભામાં પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે "અસંતોષ ઉપજાવતા સામ્યવાદી સિદ્ધાંતોનો ફેલાવો ચિંતાજનક છે." 23મી એપ્રિલ 1929ના રોજ વાઇસરોયે બંડખોર તત્ત્વોને દેશનિકાલ કરવાની જોગવાઈ કરતાં જાહેર સલામતી વટહુકમ જાહેર કર્યો. સાથોસાથ ઔદ્યોગિક ઝઘડાને લગતો કાયદો પણ પસાર કરાવામાં આવ્યો. આ કાયદાએ મજૂરોના પ્રશ્નોનો નિકાલ કરવા માટે લવાદી અદાલતોની સ્થાપના કરી તથા સરકાર પર જબરદસ્તી કરે અથવા લોકોને મુશ્કેલીમાં મૂકે તેવી હડતાળો પર પ્રતિબંધ મૂક્યો.

## 27.6 મેરઠ કાવતરા કેસ અને 1934નો પ્રતિબંધ (Meerut Conspiracy Case and the 1934 Ban)

સરકારે 14મી માર્ચ, 1929ના રોજ 31 સામ્યવાદીઓની ધરપકડ કરીને સામ્યવાદી ચળવળ સામે કડકમાં કડક પગલું ભર્યું. પછીથી એક વધુ ધરપકડ કરવામાં આવી. નામદાર શહેનશાહની સરકાર સામે કાવતરું કરાવવાના આરોપસર આ સામ્યવાદીઓ સામે મેરઠમાં મુકદ્દમો ચલાવવામાં આવ્યો. કેન્દ્રના ગૃહખાતાના જાસૂસી વિભાગના નિયામક નીચેના ખાસ ફરજ પરના અધિકારી આર.એ.હોર્ટને સામ્યવાદીઓ સામે આરોપ મૂક્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે આ સામ્યવાદીઓ આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનના માર્ગદર્શન હેઠળ સામાન્ય હળતાળો પડાવીને તથા સશસ્ત્ર બળવો જગાવીને બ્રિટિશ સમ્રાટનું ભારત પરનું સાર્વભૌમત્વ ઝૂંટવી લેવા માગતા હતા. તહોમતમાં એમ પણ દર્શાવાયું હતું કે આ હેતુ સિદ્ધ કરવા માટે સામ્યવાદીઓએ મેરઠ અને અન્ય શહેરોમાં ખેડૂતો તથા મજૂરોનાં સંગઠનો રચ્યાં હતાં. 32 વ્યક્તિઓ પર મુકાયેલ આરોપનામામાં બે અંગ્રેજ સામ્યવાદીઓ ફિલિપ સ્પ્રાટ અને બી.એફ.બ્રેડલે તથા એક અંગ્રેજ પત્રકાર લેસ્ટર હચિન્સનનો પણ સમાવેશ થતો હતો. બાકીના ભારતીય સામ્યવાદીઓ હતા. સામ્યવાદીઓ પરનો મુકદ્દમો ચાર વર્ષ ચાલ્યો. છેવટે ખાસ ફોજદારી અદાલતે કરેલી અરજી પરથી અલ્હાબાદની વડી અદાલતે કહેવાતા કાવતરા સંબંધમાં આરોપીઓએ કોઈ બિન-કાયદેસર કૃત્ય કર્યાના પુરાવા ન હોવાથી કેટલાકને છોડી મૂક્યા અને બાકીનાની સજામાં ઘટાડો કર્યો. સામ્યવાદીઓ સામેના મેરઠ કાવતરા કેસની ભારતમાં સાર્વત્રિક ટીકા થઈ. મહાત્મા ગાંધીએ આ બનાવને કાયદાના બહાના હેઠળ અંધેર રાજ્યના નમૂના તરીકે વર્ણવ્યો. અને તેનો ઇરાદો સામ્યવાદનો અંત લાવવાનો નહિ, પરંતુ લોકોમાં ભય ફેલાવવાનો હતો તેવું જાહેર કર્યું. આ મુકદ્દમાથી સામ્યવાદી ચળવળમાં પીછેહઠને બદલે વેગ આવ્યો તથા તેનાથી સામ્યવાદીઓમાં મહાપુરુષો અને શહીદો ઉદ્ભવ્યા. આરોપી સામ્યવાદીઓને સ્વબચાવમાં અદાલતમાં કરેલાં નિવેદનોથી લોકોની બ્રિટિશ સરકાર વિરુદ્ધની લાગણી તીવ્ર બની અને સામ્યવાદી ચળવળનું મહત્ત્વ વધ્યું. દા.ત. રાધારમણ મિત્રે અદાલતને કરેલ નિવેદનમાં જણાવ્યું કે,

> "આ મુકદ્દમાનું રાજકીય તથા ઐતિહાસિક મહત્ત્વ છે, 31 અપરાધીઓ સામે પોલીસે કરેલ મુકદ્દમો સામાન્યતઃ તેના ફરજનો ભાગ નથી. આ તો વર્ગવિગ્રહનો એક બનાવ છે. ચોક્કસ રાજકીય નીતિના એક ભાગ તરીકે ઊભો કરાયેલ આ મુકદ્દમો છે. ભારતની સામ્રાજ્યવાદી બ્રિટિશ સરકાર જે પરિબળને પોતાનો કટ્ટર શત્રુ માને છે તેની સામે તેણે કરેલ આ ઘા છે. તે પરિબળ તેને છેવટે ઊથલાવી નાખવાનું છે, અને તેણે સરકાર તરફ બિન-સમાધાનકારી વલણ દાખવેલ છે. અને તે સરકારને ભારે પડકારરૂપ તાકાત દર્શાવી રહેલ છે."

1934માં સામ્યવાદીઓએ મજૂર સંગઠનની લશ્કરી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી. શોલાપુર, નાગપુર અને મુંબઈમાં હડતાળો પડી. સરકાર ભયભીત બની અને સામ્યવાદીઓ સામે કઈ રીતે કામ લેવું તેની મુશ્કેલી લાગતા તેણે 23મી જુલાઈ, 1934ના રોજ ભારતના સામ્યવાદી પક્ષ પર

પ્રતિબંધ મૂક્યો. આ પછી ઘણા સામ્યવાદીઓએ કોંગ્રેસમાં તેમ જ નવા રચાયેલ કોંગ્રેસ સમાજવાદી પક્ષમાં રહીને પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી, જ્યારે સામ્યવાદી પક્ષે ભૂગર્ભમાં રહીને પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી.

**તમારી પ્રગતિની ચકાસણી (ખ)**

1. બ્રિટિશ સરકારે શા માટે અને કેવી રીતે ભારતના સામ્યવાદી પક્ષને દાબી દેવા પ્રયત્ન કર્યા ?

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. ખરેખર તો મેરઠ કાવતરા કેસે સામ્યવાદને સહાય કરી; વિવેચન કરો :

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

## 27.7 કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચના (Formation of the Congress Socialist Party)

સામ્યવાદીઓ કોંગ્રેસથી સ્વતંત્ર રીતે પોતાની પ્રવૃત્તિઓ ચલાવતા હતા, પરંતુ કૉંગ્રેસની અંદર પણ કેટલાક સમાજવાદી કે સામ્યવાદી વિચારસરણી તરફ આકર્ષાયા હતા. અને તેઓ કૉંગ્રેસ મારફત સમાજવાદી કાર્યક્રમનો અમલ કરાવવા માગતા હતા. આમાં જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ, જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દવે, અચ્યુત પટવર્ધન અને રામમનોહર લોહિયા મુખ્ય હતા.

### 27.7.1 પ્રારંભના સમાજવાદીઓ (The Early Socialist)

1934માં સવિનય કાનૂન ભંગની લડત પાછી ખેંચાયા બાદ કેટલાક કૉંગ્રેસ નેતાઓએ કૉંગ્રેસના કાર્યક્રમનો અમલ કરવા માટે ધારાસભામાં પ્રવેશ મેળવવાનો નિર્ણય લીધો. બંધારણવાદીઓ તરીકે ઓળખાયેલા આવા કૉંગ્રેસ નેતાઓને ગાંધીજીએ તેમના કાર્યક્રમના અમલ માટે સંમતિ આપી.

આ તબક્કે ધારાસભા-પ્રવેશથી કૉંગ્રેસના ક્રાંતિકારી સ્વરૂપનું ધોવાણ અટકાવવાના આશયથી કેટલાક સમાજવાદી નેતાઓએ કૉંગ્રેસમાં સમાજવાદી પક્ષની રચના કરવાનું વિચાર્યું. કૉંગ્રેસમાંના સમાજવાદીઓ સામ્યવાદીઓની માફક માર્ક્સવાદી વિચારસરણીમાં માનતા હતા, પરંતુ કોંગ્રેસી સમાજવાદીઓ અને સામ્યવાદીઓ વચ્ચે મુખ્ય બે તફાવત હતા :

(i) કૉંગ્રેસી સમાજવાદીઓ કોંગ્રેસ પ્રત્યે વફાદાર હતા, જ્યારે સામ્યવાદીઓ આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠન પ્રત્યે વફાદાર હતા.

(ii) કૉંગ્રેસી સમાજવાદીઓ રાષ્ટ્રવાદી હતા. જ્યારે સામ્યવાદીઓ સાથોસાથ આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સમાજના ધ્યેયમાં પણ માનતા હતા.

મજૂરો, ખેડૂતો તથા નીચલા મધ્યમ વર્ગના લોકોની સહાયથી રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય મેળવવા માટેની લડતમાં કૉંગ્રેસી સમાજવાદીઓ એ કૉંગ્રેસમાંના મધ્યમવર્ગના લોકશાહી પરિબળોનો સાથ મેળવ્યો હતો.

મજૂરો અને ખેડૂતોને કૉંગ્રેસ સંગઠનમાં સામેલ કરીને કૉંગ્રેસી સમાજવાદીઓ કૉંગ્રેસનું વિશાળ ફલક ઊભું કરવા માગતા હતા. તેઓ માનતા હતા કે મજૂરો તથા ખેડૂતોએ રાષ્ટ્રીય મુક્તિ માટેની લડતમાં સક્રિય ભાગ લેવો જોઈએ. વિદેશી શાસનથી મુક્તિ મેળવવા માટે તેઓ મજૂરોની હડતાળો તથા ખેડૂતોનાં આંદોલનો જેવાં શસ્ત્રોની શક્તિમાં વિશ્વાસ રાખતા હતા. કૉંગ્રેસી સમાજવાદીઓ વર્ગવિગ્રહમાં માનતા હતા અને તેઓ મૂડીવાદ, જમીનદારી પ્રથા તથા રાજાશાહી રાજ્યોની નાબૂદી માટે આગ્રહી હતા કોંગ્રેસ પક્ષના કાર્યક્રમમાં સખત પરિશ્રમ કરતા નીચલા થરના લોકોના ઉત્કર્ષ માટેના ઉદ્દામ સામાજિક-આર્થિક પગલાંનો તેઓ સમાવેશ કરવા માગતા હતા.



1934 સુધીમાં ડાબેરી કૉંગ્રેસ નેતાઓએ બિહાર, ઉત્તર પ્રદેશ, મુંબઈ તથા પંજાબમાં સમાજવાદી જૂથો રચ્યાં હતાં. 1933માં નાસિક જેલમાં જયપ્રકાશ નારાયણ, અચ્યુત પટવર્ધન, એલ. આર. મસાણી, એન. જી. ગોરે, અશોક મહેતા, એસ. એમ. જોશી, તથા એમ. એલ. દાંતવાળા જેવા યુવાન સમાજવાદીઓએ કૉંગ્રેસ સંગઠનમાં સમાજવાદી પક્ષ રચવાનો વિચાર તરતો મૂક્યો હતો. એપ્રિલ, 1934માં બનારસમાં સંપૂર્ણાનંદે એક પત્રિકા પ્રસિદ્ધ કરી, જેમાં કૉંગ્રેસની એક પાંખ તરીકે અખિલ હિન્દ સમાજવાદી પક્ષની રચના કરવા પર ભાર મૂકવામાં આવ્યો. તેઓ માનતા હતા કે આવી પાંખ કૉંગ્રેસ પરની મૂડીવાદી તથા ઉપલા મધ્યમ વર્ગની અસરનો પ્રતિકાર કરશે. કૉંગ્રેસ સમાજવાદીઓ પાશ્ચાત્ય વિચારસરણીના અસર તળેના મધ્યમ વર્ગના લોકો હતા. તેઓ માર્ક્સ, ગાંધીજી તથા પશ્ચિમની સામાજિક લોકશાહીના વિચારોથી પ્રભાવિત થયેલા હતા. તેઓ એકીસાથે માર્ક્સવાદી સમાજવાદ, કોંગ્રેસ રાષ્ટ્રવાદ તથા પશ્ચિમની ઉદાર લોકશાહીના પુરસ્કર્તા હતા.

### 27.7.2 પ્રારંભના સમાજવાદીઓનું સંક્ષિપ્ત જીવનદર્શન (Brief Sketches of the Early Socialists)

કૉંગ્રેસ સમાજવાદીઓના સૌથી અગ્રગણ્ય નેતા જયપ્રકાશ નારાયણ 1902માં બિહારમાં જન્મ્યા હતા. અસહકારની લડતમાં જોડાવા માટે તેમણે 1921માં પટણા કૉલેજનો પોતાનો અભ્યાસ છોડી દીધો. પછી ઉચ્ચ શિક્ષણ મેળવવાને યુ.એસ.એ. ગયા. ત્યાં તેમણે હાથ મજૂરીનું કામ કરીને પોતાની આજીવિકા મેળવી અને પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. અમેરિકામાં તે સામ્યવાદીઓના સંપર્કમાં આવ્યા અને માર્ક્સવાદી બન્યા. યુ.એસ.એ.થી પાછા ફરતાં તેમણે જોયું કે ભારતના સામ્યવાદીઓ મોસ્કોમાંના આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠન પાસેથી આદેશો મેળવતા હતા. જોકે જયપ્રકાશે રશિયાની બોલ્શેવિક ક્રાંતિ તથા તે દેશમાં સામ્યવાદની સફળતાની પ્રશંસા કરી, તોપણ ભારતના સામ્યવાદીઓ મોસ્કોની આદેશ પ્રમાણે કાર્ય કરે તે તેમને ગમ્યું નહિ. ભારત પાછા ફરતાં તે 1929માં કોંગ્રેસ પક્ષમાં જોડાયા. 1930માં તેમને કૉંગ્રેસના મજૂરને લગતા સંશોધન વિભાગના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. જયપ્રકાશનાં પત્ની પ્રભાવતી ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતાં. જયપ્રકાશે "સમાજવાદ શા માટે" નામે પુસ્તક પ્રસિદ્ધ કર્યું, જેમાં તેમણે ભારતને માટે સમાજવાદની આવશ્યક્તા વિશે ભારપૂર્વક જણાવ્યું.

યુસુફ મેહરઅલીનો જન્મ 1903માં મુંબઈના સમૃદ્ધ વેપારી કુટુંબમાં થયો હતો તે મેઝીની તથા ગેરીબાલ્ડીનાં લખાણો, આયર્લૅન્ડની સીન્નફીન ચળવળ તથા ચીન અને રશિયન ક્રાંતિઓથી ઘણા પ્રભાવિત થયેલ હતા. 1928માં તેમણે મુંબઈ પ્રાંતિક યુવક સભાની સ્થાપના કરી, જેણે સાયમન કમિશન સામેના દેખાવોમાં તથા સવિનય કાનૂન ભંગની લડતમાં સક્રિય ભાગ લીધો.

અચ્યુત પટવર્ધન થિયોસોફી વિચારધારાને અનુસરનાર ધનિક પિતાને ત્યાં 1905માં જન્મ્યા હતા. તેમણે બનારસ હિન્દુ વિદ્યાપીઠમાં શિક્ષણ લીધું હતું. તેનું શિક્ષણ પૂરું કર્યા પછી તેણે થોડા સમય વિદ્યાપીઠમાં વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી અને યુરોપની મુલાકાત લીધી. તેઓ સવિનય કાનૂન ભંગની લડતમાં પણ જોડાયા અને નાસિક જેલમાં કારાવાસ ભોગવ્યો. અચ્યુત પટવર્ધન ગાંધીવાદી તથા થિયોસોફી વિચારધારાથી ખૂબ પ્રભાવિત થયેલ હતા.

અશોક મહેતા 1911માં સોલાપુરમાં જન્મ્યા હતા. તેમના પિતા વિખ્યાત ગુજરાતી સાહિત્યકાર હતા. અશોક મહેતાનું શિક્ષણ મુંબઈ વિદ્યાપીઠમાં થયું હતું. તેઓ પણ સવિનય કાનૂન ભંગની લડતમાં જોડાયા હતા અને નાસિક જેલમાં કારાવાસ ભોગવ્યો હતો. વર્ષો સુધી તેમણે કૉંગ્રેસ સમાજવાદી પક્ષના સામયિક "કૉંગ્રેસ સોસિયાલિસ્ટ"નું તંત્રીપદ સંભાળેલ હતું.

એમ.આર.મસાણી મુંબઈના શિક્ષિત અને ધનિક કુટુંબમાં જન્મ્યા હતા. તેમણે લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં અભ્યાસ કર્યો હતો. તે ફેબિયન સમાજવાદ, બ્રિટિશ મજૂર ચળવળ તથા રશિયાની બોલ્શેવિક ક્રાંતિથી પ્રભાવિત થયેલ હતા.

આચાર્ય નરેન્દ્રદેવ 1889માં ઉત્તર પ્રદેશમાં જન્મ્યા હતા. તેમના પિતા વકીલ હતા. તેમની શરૂઆતની કારકિર્દીમાં તે ઉદ્દામવાદી રાષ્ટ્રીય નેતાઓ બાલ ગંગાધર ટિળક, લાલા હરદયાલ તથા અરવિંદથી પ્રભાવિત થયા હતા. બોલ્શેવિક ક્રાંતિ પછી તે માર્ક્સવાદ તરફ ઢળ્યા. રાષ્ટ્રીય તેમ જ સામાજવાદી લડતમાં ખેડૂતોના હિસ્સાને આચાર્ય નરેન્દ્ર દેવ ખૂબ પ્રાધાન્ય આપતા. આથી તેમણે ઉત્તર પ્રદેશમાં ખેડૂતોનું સંગઠન રચવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સમાજવાદી ચળવળમાં મધ્યમ વર્ગના બુદ્ધિજીવીઓના હિસ્સાને પણ તે મહત્ત્વ આપતા. આચાર્ય નરેન્દ્ર દેવ માર્ક્સવાદી વિચારસરણીના પ્રવર્તક હતા. પરંતુ સાથોસાથ તેમણે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમને પણ ટેકો આપ્યો.

ડૉ. રામ મનોહર લોહિયા 1910માં ઉત્તર પ્રદેશમાં રાષ્ટ્રવાદી મારવાડી કુટુંબમાં જન્મ્યા હતા. તેમણે બનારસ, કલકત્તા અને બર્લિન વિદ્યાપીઠમાં શિક્ષણ લીધું હતું. તેમણે બર્લિન વિદ્યાપીઠમાંથી રાજકીય અર્થશાસ્ત્રમાં પીએચ. ડી.ની ડિગ્રી મેળવી હતી. ભારત પાછા ફર્યા બાદ તેમને જવાહરલાલ નેહરુએ અખિલ હિન્દ કોંગ્રેસ સમિતિના વિદેશી વિભાગ ખાતાના વડા તરીકે નિયુક્ત કર્યા હતા. લોહિયા યુરોપના સામાજિક લોકશાહીના ખ્યાલો તથા ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયેલ હતા. તે માર્ક્સવાદી સામ્યવાદમાં માનતા ન હતા. તેમણે "કોંગ્રેસ સોસિયાલિસ્ટ" નામના સામાયિકનું તંત્રીપદ સંભાળ્યું, જે પછીથી કોંગ્રેસ સમાજવાદી પક્ષનું અધિકૃત મુખપત્ર બન્યું.

### 27.7.3 અખિલ હિન્દ કૉંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના (Towards an All India Congress Socialist Party)

બિહાર સમાજવાદી પક્ષ વતી જયપ્રકાશ નારાયણે મે, 1934માં પટણામાં પ્રથમ અખિલ હિન્દ કૉંગ્રેસ સમાજવાદી પરિષદ યોજી. તેના પ્રમુખ તરીકે આચાર્ય નરેન્દ્ર દેવેને ચૂંટવામાં આવ્યા. કૉંગ્રેસના ક્રાંતિકારી સ્વરૂપની વિરુદ્ધ જઈને ધારાસભામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા કૉંગ્રેસમાંના નવા સ્વરાજ્ય જૂથની આચાર્ય નરેન્દ્ર દેવે પ્રમુખ તરીકેના પોતાના વ્યાખ્યાનમાં ટીકા કરી. કૉંગ્રેસ સમાજવાદી કાર્યક્રમનો સ્વીકાર કરે તે માટે પોતાનું આંદોલન ચાલુ રાખવા તેણે સમાજવાદીઓને અનુરોધ કર્યો. પરિષદે કૉંગ્રેસને ધ્યેય તથા વ્યવહારમાં સમાજવાદી કાર્યક્રમ અપનાવવા અનુરોધ કરતો ઠરાવ પસાર કર્યો.

આ પરિષદ પછી કૉંગ્રેસમાંના સમાજવાદીઓએ અખિલ હિન્દ કૉંગ્રેસ સમાજવાદી પક્ષ રચવા માટે સખત પ્રયત્નો કર્યા. સંગઠન મંત્રી તરીકે જયપ્રકાશ નારાયણે પક્ષની પ્રાંતિક શાખાઓ શરૂ કરાવવા માટે દેશના વિવિધ પ્રદેશોનો પ્રવાસ કર્યો.

સંપૂર્ણાનન્દના પ્રમુખપદે ઑક્ટોબર, 1934માં મુંબઈમાં અખિલ હિન્દ કૉંગ્રેસ સમાજવાદીપક્ષનું પ્રથમ વાર્ષિક સંમેલન મળ્યું. 13 પ્રાંતોમાંના પ્રતિનિધિઓએ તેમાં હાજરી આપી. જયપ્રકાશ નારાયણના સામાન્ય મંત્રીપદ સાથે આ સંમેલનમાં કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રાષ્ટ્રીય કારોબારી રચવામાં આવી.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. 1934માં કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચના તરફ દોરી જતા સંજોગો જણાવો :

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. ભારતના સામ્યવાદી પક્ષ અને કૉંગ્રેસ સમાજવાદી પક્ષ વચ્ચે મૂળભૂત મતભેદ કયા હતા ?

........................................................................

........................................................................

........................................................................

## 27.8 કૉંગ્રેસ સમાજવાદી પક્ષનો કાર્યક્રમ (The Programme of the Congress Socialist Party)

નીચેના મુદ્દાઓ સહિતના બંધારણનો કૉંગ્રેસ સમાજવાદી પક્ષે સ્વીકાર કર્યો :

(i) રાષ્ટ્રીય મહાસભા કોંગ્રેસ સમાજવાદી પક્ષના કાર્યક્રમનો સ્વીકાર કરે તે માટે પ્રયત્નો કરવા.

(ii) સ્વાતંત્ર્ય અને સમાજવાદની સિદ્ધિ માટે તેમ જ મજૂરો અને ખેડૂતોના આર્થિક ઉત્કર્ષ માટે લડત ચલાવવા તેમનાં મંડળો રચવાં.

(iii) યુવાનો, સ્ત્રીઓ તથા સેવકોના સંગઠનો રચવાં અને કૉંગ્રેસ સમાજવાદી પક્ષના કાર્યક્રમમાં તેમનો ટેકો મેળવવો.

(iv) સામ્રાજ્યવાદી યુદ્ધોમાં ભારતને સામેલ કરવાના બ્રિટિશ સરકારના પ્રયત્નોનો સામનો કરવો અને સ્વાતંત્ર્ય-સંગ્રામને સઘન બનાવવા માટે આવી કટોકટીનો ઉપયોગ કરવો.

(v) બંધારણીય બાબતો પરત્વે બ્રિટિશ સરકાર સાથે વાટાઘાટો કરવાના પ્રયત્નોનો વિરોધ કરવો.

મુંબઈમાં યોજાયેલી પક્ષની બેઠકે નીચેના મુદ્દાઓનો સમાવેશ કરતા વ્યાપક કાર્યક્રમનો સ્વીકાર કર્યો :

1. બધી જ સત્તા લોકોને સુપરત.
2. દેશના આર્થિક વિકાસ માટે રાજ્ય દ્વારા સંચાલિત આયોજન.
3. ઉત્પાદન અને વહેંચણીનાં સાધનોનું ક્રમશઃ સામાજિકીકરણ કરવા માટે મુખ્ય ઉદ્યોગો જેવાં કે પોલાદ, કાપડ, શણ, રેલવે, વહાણવટું, બાગાયત, ખાણો, વીમો વગેરેનું સામાજિકીકરણ.
4. વિદેશી વેપારનો રાજ્યનો ઇજારો.
5. આર્થિક જીવનના બિન-સંગઠિત વિભાગમાં ઉત્પાદન, વહેંચણી અને ધિરાણ માટે સરકારી મંડળીઓની સ્થાપના.
6. રાજાઓ, જમીનદારો અને એવા બીજા શોષક વર્ગોને વળતર આપીને નાબૂદ કરવા.
7. ખેડૂતોને જમીનની પુનર્વહેંચણી.
8. રાજ્ય દ્વારા સરકારી અને સામુદાયિક ખેતીને ઉત્તેજન અને તેના પર નિયંત્રણ.
9. ખેડૂતો તથા મજૂરોને દેવામાંથી મુક્તિ.
10. લોકોને કામ આપવાના હકનો રાજ્ય મારફત સ્વીકાર.
11. આર્થિક સાધનોની વહેંચણીમાં "દરેકને જરૂરિયાત મુજબ મળવું જોઈએ" તે સિદ્ધાંતનો સ્વીકાર.
12. ફરજના ભાગરૂપે પુખ્તવય મતાધિકારનો અમલ.
13. રાજ્ય, જ્ઞાતિ કે જાતિ તેમ જ ધર્મ પર રચાયેલ ભેદભાવોને ટેકો આપશે નહિ.
14. રાજ્ય સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવોને સ્વીકારશે નહિ.
15. ભારતનાં કહેવાતાં જાહેર દેવાંનો ઇન્કાર.

સમાજવાદી પક્ષની મુંબઈ-બેઠકે મજૂરો અને ખેડૂતોના ઉત્કર્ષ માટે અલગ કાર્યક્રમ અપનાવ્યો. મજૂરોનાં હિત માટે મંડળો રચવાની તેમ જ હડતાળ પાડવાના હકના વેતન વધારવાની, 40 કલાકના અઠવાડિયાની તથા બેકારી, માંદગી, અકસ્માત અને વૃદ્ધાવસ્થા સામે વીમાની સગવડની માગણી કરવામાં આવી.

ખેડૂતોનાં હિત માટે જમીનદારીની નાબૂદી, સહકારી ખેતીને ઉત્તેજન, બિન-આવકવાળી જમીન પરના કર અને ભાડાની નાબૂદી, જમીન મહેસૂલમાં ઘટાડો તથા સામંતશાહી લાગાનો અંત વગેરે માગણીઓ કરવામાં આવી.

કૉંગ્રેસ સમાજવાદી પક્ષનાં મુખ્ય બે ધ્યેય બ્રિટિશ સામ્રાજ્યથી દેશની મુક્તિ અને સમાજવાદનો અમલ કરવાનો નિર્ણય લેવાયો. સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટે કૉંગ્રેસ સમાજવાદી પક્ષે સામ્રાજ્ય વિરોધી તથા કૉંગ્રેસના બિન-સમાજવાદી તત્ત્વોનો સાથ લીધો. જયપ્રકાશ નારાયણે કહ્યું કે કૉંગ્રેસને

વાસ્તવમાં સામ્રાજ્યવાદ વિરોધી સંસ્થા તરીકે વિકસાવવાની અમારી નીતિ છે. તેણે 1935માં પોતાના સાથીદારોને ચેતવણી ઉચ્ચારતાં કહ્યું કે ખરેખરાં રાષ્ટ્રીય તત્ત્વો સમાજવાદી પક્ષના વિરોધી બને તથા તેઓ જમણેરી પાંખ સાથે હાથ મિલાવે તેવું તેઓ પ્રત્યે વલણ રાખવું નહિ.

પરંતુ કૉંગ્રેસ સમાજવાદી પક્ષનો આખરી હેતુ ભારતમાં સમાજવાદી ઢબની સમાજરચના કરવાનો હોઈને હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ) પાસે સમાજવાદી કાર્યક્રમનો સ્વીકાર કરવાનો તેણે આગ્રહ રાખ્યો. પ્રથમ અખિલ હિન્દ કૉંગ્રેસ સમાજવાદી પરિષદના પ્રમુખપદેથી આચાર્ય નરેન્દ્ર દેવે આપેલ વ્યાખ્યાનમાં જણાવ્યું કે કૉંગ્રેસ સમાજવાદીઓએ સમાજવાદ પ્રતિની કે કૉંગ્રેસ સમાજવાદીઓએ સમાજવાદ પ્રતિની દિશામાં રાષ્ટ્રીય લડતને દોરી જવાના પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ.

સ્વાતંત્ર્ય અને સમાજવાદના બેવડા હેતુઓ સિદ્ધ કરવા માટે કૉંગ્રેસમાંના સમાજવાદીઓએ ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ કરી :

1. કૉંગ્રેસમાં કૉંગ્રેસ સભ્યો તરીકે તેના કાર્યક્રમને સામ્રાજ્યવાદ વિરોધી અને રાષ્ટ્રીય સ્વરૂપ આપવા માટે કાર્ય કર્યું.
2. કૉંગ્રેસની બહાર તેઓએ સમાજવાદનું ધ્યેય સિદ્ધ કરવા માટે મજૂરો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, બુદ્ધિજીવીઓ, યુવાનો અને સ્ત્રીઓનાં મંડળોને ઉત્તેજન આપ્યું.
3. તેઓએ આ બંને પ્રવૃત્તિઓનું સંકલન કરવાના પણ પ્રયત્નો કર્યા.

## 27.9 કૉંગ્રેસ સમાજવાદી પક્ષના કાર્યક્રમની રાષ્ટ્રીય રાજકારણ પર અસર (The Impact of the Congress Socialists' Programme Upon National Politics)

કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચના સંબંધે કૉંગ્રેસના કાર્યકરોમાં મિશ્ર પ્રત્યાઘાત પડ્યા. કૉંગ્રેસની રૂઢિચુસ્ત કે જમણેરી પાંખે મિલકતની જપ્તી તથા વર્ગવિગ્રહ પરત્વેની કૉંગ્રેસ સમાજવાદીઓની અસ્પષ્ટ રજૂઆતની ટીકા કરી. મહાત્મા ગાંધીએ પણ વર્ગવિગ્રહને લગતો તેમનો વિચાર અમાન્ય કર્યો. ગાંધીજીને રાજાશાહી, સામંતશાહી અને મૂડીવાદને નાબૂદ કરવાની જરૂર જણાઈ નહિ. ગાંધીજી રાજાઓ, જમીનદારો તથા મૂડીપતિઓનો હૃદયપલટો કરવા માગતા હતા, જેથી તેઓ રાજ્યના, જમીનના તથા કારખાનાના માલિકોને બદલે પોતાની પ્રજાના, ગણોતિયાઓના તથા મજૂરોના વાલીઓ તરીકેનો વર્તાવ કરી શકે.

જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝ જેવા ડાબેરી કૉંગ્રેસ નેતાઓએ કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચનાને આવકાર આપ્યો. જોકે નેહરુ તેમ જ બોઝ તેના સભ્ય તરીકે જોડાયા નહિ. એપ્રિલ, 1936માં લખનૌ મુકામે મળેલ કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં પ્રમુખપદેથી કરેલ વ્યાખ્યાનમાં જવાહરલાલ નેહરુએ સમાજવાદના ધ્યેયની પ્રશંસા કરતાં કહ્યું કે :

> "સમાજવાદ સિવાય ભારતના લોકોની ગરીબી, વ્યાપક બેકારી, ગૌરવ-હાનિ તથા ગુલામી નાબૂદ કરવાનો બીજો કોઈ માર્ગ નથી. આ માટે સામંતશાહી-રાજાશાહી રાજ્યો અને જમીન તેમ જ ઉદ્યોગમાં માલિકી ધરાવતાં તત્ત્વોને નાબૂદ કરીને રાજકીય તથા સામાજિક માળખાંમાં ક્રાંતિકારી ફેરફારો કરવા અનિવાર્ય છે. આનો અર્થ એ છે કે હાલની ખાનગી મિલકત તથા નફાકીય પદ્ધતિને બદલે સહકારી ધોરણે સેવાના ઉચ્ચ આદર્શવાળી પદ્ધતિની રચના કરવી જરૂરી છે."

1936માં જવાહરલાલ નેહરુએ ડાબેરી સુભાષચંદ્ર બોઝ સહિત ત્રણ કૉંગ્રેસ સમાજવાદી નેતાઓ આચાર્ય નરેન્દ્ર દેવ, જયપ્રકાશ નારાયણ અને અચ્યુત પટવર્ધનનો કૉંગ્રેસ કારોબારીના સભ્યો તરીકે સમાવેશ કર્યો. જવાહરલાલ નહેરુના પ્રમુખપદે 1936ના અંતે ફૈઝપુર મુકામે યોજાયેલ કૉંગ્રેસના અધિવેશને જમીન મહેસૂલમાં ઘટાડો, સામંતશાહી કરો અને લાગાની નાબૂદી, સહકારી ખેતીના અમલ, ખેત-મજૂરોને યોગ્ય વેતન તથા ખેડૂતોનાં સંગઠનોની રચના અંગેનો ખેડૂતોના ઉત્કર્ષ માટેના કાર્યક્રમનો સ્વીકાર કર્યો. દરમિયાનમાં 1937માં પ્રાંતોમાં રચાયેલ કૉંગ્રેસ પ્રધાનમંડળોને કૉંગ્રેસની મજૂર સમિતિએ મજૂરોનાં હિતોના રક્ષણ માટેનાં પગલાં લેવાનો અનુરોધ કર્યો.

કૉંગ્રેસના સમાજવાદી નેતાઓએ કિસાન ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. પ્રોફેસર

એન.જી.રંગા, ઇન્દુલાલ યાજ્ઞિક અને સ્વામી સહજાનંદ સરસ્વતીના પ્રયત્નોથી અખિલ હિંદ કિસાન સભાની સ્થાપના થઈ. પ્રથમ અખિલ હિંદ કિસાન પરિષદ 1936માં લખનૌમાં મળી. કિસાન સંગઠનોએ જમીનદારીની નાબૂદી, જમીન મહેસૂલમાં ઘટાડા તથા કૉંગ્રેસ સાથે સામૂહિક જોડાણની માગણી કરી. કૉંગ્રેસ સમાજવાદી નેતાઓએ દેશી રાજ્યોની બાબતમાં કૉંગ્રેસની અલગતાની નીતિનું તેમના પ્રશ્નોમાં ઊંડો રસ લેવાની નીતિમાં પરિવર્તન કર્યું. કોંગ્રેસ સમાજવાદી કાર્યકરોએ આપખુદ રાજાઓ સામેની દેશી રાજ્યોમાંની લોકશાહી લડતોમાં પણ ભાગ લીધો. તેઓએ નાગરિક હકો અને જવાબદાર રાજ્યતંત્ર માટેની ચળવળ પણ ચલાવી.

**ભારતમાં ડાબેરી પક્ષોનો ઉદય : ભારતીય સામ્યવાદી પક્ષ અને કૉંગ્રેસ સમાજવાદી પક્ષ**

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

1. કૉંગ્રેસ સમાજવાદી પક્ષનાં મુખ્ય બે ધ્યેયો કયાં હતાં ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. રાષ્ટ્રીય રાજકારણ પર કૉંગ્રેસ સમાજવાદી પક્ષના કાર્યક્રમે કેવી અસર કરી ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 27.10 સારાંશ

યુરોપમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે ડાબેરી ચળવળ શરૂ થઈ. ભારતમાં આધુનિક ઉદ્યોગોના ઉદ્ભવ અને વિકાસને પરિણામે આ ચળવળનો પ્રારંભ થયો. અન્ય દેશોમાં મજૂરોની ચળવળ, રાષ્ટ્રીય જાગૃતિ તથા સમાજવાદી લડતો-વિશેષતઃ રશિયાની બોલ્શેવિક ક્રાંતિએ પણ ભારતમાં ડાબેરી ચળવળના ઉદ્ભવમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. ભારતના માર્ક્સવાદી નેતા અમે.એન.રોયે તાસ્કંતમાં 1920માં ભારતીય સામ્યવાદી પક્ષની સ્થાપના કરી. જોકે 1920 સુધીમાં ભારતમાં કેટલાક સામ્યવાદી જૂથો હતાં, તોપણ ભારતની સામ્યવાદી પક્ષની સ્થાપના 1925માં કાનપુર મુકામે યોજાયેલ પરિષદમાં થઈ. ભારતના સામ્યવાદી પક્ષનું ધ્યેય બ્રિટિશ સામ્રાજ્યવાદને ઊથલાવીને રશિયામાં જેવું મજૂરો તેમ જ ખેડૂતોનું શાસન સ્થપાયું. તે પ્રકારનું શાસન ભારતમાં પણ સ્થાપવાનું હતું.

સામ્યવાદીઓ રાષ્ટ્રીય કૉંગ્રેસથી અલગ રીતે પોતાની લડત ચલાવતા હતા, કારણ કે તેઓ કૉંગ્રેસને હિંદના બુર્ઝવા તેમ જ માલિકી હક ધરાવતા વર્ગોની સંસ્થા માનતા હતા. સામ્યવાદીઓએ મજૂર સંઘો પર ઝડપથી પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. સામ્યવાદીઓ દ્વારા સંચાલિત ગિરણી કામદાર સંગઠન 1928માં ઘણું શક્તિશાળી બન્યું. બ્રિટિશ સરકારે સામ્યવાદી નેતાઓ સામે કાવતરા કેસો ઊભા કરીને સામ્યવાદી ચળવળને કચડી નાખવાના પ્રયત્નો કર્યા. 1929માં 31 સામ્યવાદીઓ સામે ખૂબ જાણીતો થયેલ મેરઠ કાવતરા કેસ ચલાવવામાં આવ્યો. બ્રિટિશ સરકારે 1934માં ભારતના સામ્યવાદી પક્ષ પર પ્રતિબંધ મૂક્યો.

જોકે હિન્દી રાષ્ટ્રીય મહાસભા બહુધા મધ્યમ વર્ગ દ્વારા સંચાલિત હતી તથા તે વિદેશી શાસનથી

ભારતને મુક્ત કરવાનું ધ્યેય રાખતા હતા, તોપણ કૉંગ્રેસનો એક અગત્યનો વિભાગ ભારતમાં સમાજવાદી શાસન સ્થાપવાનું ધ્યેય રાખતો હતો. 1934માં જયપ્રકાશ નારાયણ તથા આચાર્ય નરેન્દ્ર દેવ જેવા ડાબેરી કૉંગ્રેસી નેતાઓએ કૉંગ્રેસની એક પાંખ તરીકે કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચના કરી. કૉંગ્રેસમાંના સમાજવાદી નેતાઓએ વિદેશી શાસનથી ભારતની મુક્તિની સાથોસાથ સમાજવાદી શાસનની સ્થાપના માટેની ચળવળ પણ ચાલુ રાખી. તેઓએ મજૂરો તથા ખેડૂતોના ચળવળોને સંગઠિત કરી. તેઓએ રાજાશાહી, જમીનદારી તથા મૂડીવાદ નાબૂદ કરવા માટેની ચળવળ પણ ચાલુ રાખી. તેઓની ચળવળને પરિણામે કૉંગ્રેસે મજૂરો તથા ખેડૂતોના ઉત્કર્ષ માટેનો કાર્યક્રમ અપનાવ્યો.

## 27.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**બુર્ઝવા** : મધ્યમ વર્ગ, મિલકત ધરાવનારા, મૂડીપતિઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, અને બુદ્ધિજીવીઓ નાના બુર્ઝવા એટલે નીચલો મધ્યમ વર્ગ.

**મૂડીવાદ** : ઉત્પાદન તથા અંગત સાહસનાં સાધનો પર વ્યક્તિગત માલિકી પર આધારિત આર્થિક-વ્યવસ્થા.

**સામ્યવાદ** : કાર્લ માર્ક્સે રજૂ કરેલ સમાજવાદનો સિદ્ધાંત.

**વર્ગવિગ્રહ** : કાર્લ માર્ક્સે એવો વિચાર વ્યક્ત કર્યો કે માનવ ઇતિહાસ એટલે વિશિષ્ટ હક ધરાવનારા વર્ગો તથા હક નહિ ધરાવનાર વર્ગો વચ્ચેના વર્ગવિગ્રહનો ઈતિહાસ. તેણે એવી આગાહી કરી કે મૂડીવાદીઓ અને મજૂરો વચ્ચેના વર્ગવિગ્રહમાં છેવટે મજૂરોનો વિજય થશે અને શ્રમજીવીઓની સરમુખત્યારશાહી સ્થપાશે.

**ફાસીવાદ** : બહુમતી સરકારના લોકશાહી ખ્યાલ તથા વર્ગવિગ્રહના સામ્યવાદી ખ્યાલથી વિરોધી એવો રાજકીય સિદ્ધાંત. તે સરમુખત્યાર દ્વારા દૃઢ શાસનમાં માને છે.

**ફેબિયન સમાજવાદ** : ધીમી અને ક્રમશઃ પદ્ધતિથી સમાજવાદીની સ્થાપનામાં માનનાર ઇંગ્લૅન્ડના સમાજવાદની એક શાખા.

**ઉદારમતવાદી** : શાંત ઉપાયો દ્વારા લોકશાહીમાં માનનાર.

**કામદાર વર્ગ** : અકિંચન, જમીનવિહોણા મજૂરો, સમાજમાં સૌથી નીચલા થરના લોકો.

**સામાજિક લોકશાહી** : લોકશાહી પદ્ધતિ મારફત સમાજવાદની સિદ્ધિમાં માનનાર યુરોપની એક શાખા.

**સમાજવાદ** : સમસ્ત સમાજ અથવા રાજ્યની ઉત્પાદનનાં સાધનો પરની માલિકીમાં માનનાર આર્થિક વ્યવસ્થા.

**મજૂર સંગઠન** : મજૂરોનાં હિતોની રક્ષા માટેની મજૂર સંસ્થા.

## 27.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. પેટા વિભાગો - 27.3.4, 27.3.5 :
   તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ.
   (i) શરૂઆતના સામ્યવાદી જૂથોની રચના
   (ii) સામ્યવાદી પક્ષોની સ્થાપના
   (iii) એસ.એ.ડાંગે અને એમ.એન.રોયનો હિસ્સો જવાબના બીજા ભાગ માટે તમારે (i) ભંડોળની સમસ્યા (ii) બ્રિટિશ સરકારનાં વલણ તથા (iii) વિભાગીય વિસ્તારની યોજનાનો સમાવેશ કરવો જરૂરી છે.
2. (1) એમ.એન.રૉય - પેટા વિભાગ - 27.3.1, 27.3.2, 27.3.3 :
   તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવશે થવો જોઈએ.
   (i) રૉય અને સોવિયત રશિયા સાથેનો તેનો સંપર્ક
   (ii) ભારત વિશે લેનિન સાથે તેની ચર્ચા
   (iii) તાશ્કંતમાં તેનું અવલોકન

(2) એસ.એ.ડાંગે - પેટા વિભાગ - 27.3.4 :

તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ.

(i) તેના વ્યક્તિગત જીવનની રૂપરેખા

(ii) તેનાં લખાણો

(iii) કૉંગ્રેસમાં એક જૂથ તરીકે સામ્યવાદીઓ કાર્ય કરે તેવું ગોઠવવામાં તેનો હેતુ

(3) મુઝફ્ફર અહમદ - પેટા વિભાગ - 27.3.4 :

મજૂર સ્વરાજ્ય પક્ષની રચનામાં તેણે ભજવેલ ભાગનો તમારા જવાબમાં સમાવેશ થવો જોઈએ.

(4) સિંગર વેલુ ચેટ્ટીયાર - પેટા વિભાગ - 27.3.4 :

તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવશે થવો જોઈએ.

(i) 1923માં મજૂર - કિસાન પક્ષની સ્થાપનામાં તેનું પ્રદાન

(ii) હિન્દી રાષ્ટ્રીય મહાસભાના ગયા – અધિવેશનમાં તેનો રજૂ કરેલ ટીકાત્મક ઠરાવ

(5) સત્યભક્ત - પેટા વિભાગ - 27.3.4 :

તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ.

(i) ભારતીય સામ્યવાદી પક્ષની રચનામાં તેણે ભજવેલ ભાગ

(ii) કાનપુર પરિષદ

3. (i) એસ.એ.ડાંગે

(ii) એસ.એ.ડાંગે

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. વિભાગો - 27.5 અને 27.6

તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ:

(i) હડતાળો અને ચળવળો દ્વારા સામ્યવાદીઓ પોતાને ઉથલાવી નાખે તેવો બ્રિટિશ સરકારને ભય.

(ii) જાહેર સલામતી વટહુકમ અને મજૂરોની સમસ્યાઓને લગતો કાયદો

(iii) મેરઠ કાવતરા કેસ

(iv) 1934માં ભારતનાં સામ્યવાદી પક્ષ પર મુકાયેલ પ્રતિબંધ

2. વિભાગ - 27.6 :

તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ.

(i) મેરઠ કાવતરા કેસની સાર્વત્રિક ટીકા

(ii) આ કેસે સામ્યવાદીઓને પોતાના વિચારો અને જવાબદારીઓ વ્યક્ત કરવા માટે જાહેર મંચ પૂરો પાડ્યો.

## તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. વિભાગ - 27.7

તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ.

(i) કોંગ્રેસ પર સમાજવાદી વિચારસરણીની અસર

(ii) કોંગ્રેસમાં સમાજવાદી પક્ષની સ્થાપના

(iii) શરૂઆતના સમાજવાદીઓને માર્ગદર્શન આપવામાં જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દેવ અને એવા અન્ય સમાજવાદી નેતાઓનો ફાળો

(iv) પ્રથમ અખિલ હિન્દ કોંગ્રેસ સમાજવાદી પરિષદ

(v) અખિલ હિન્દ કોંગ્રેસ સમાજવાદી પક્ષની પ્રથમ વાર્ષિક બેઠક

પેટાવિભાગ - 27.7.1 :

કૉંગ્રેસ સમાજવાદી નેતાઓ અને સામ્યવાદી નેતાઓ વચ્ચેની વિચારસરણીમાં મુખ્ય તફાવત

(i) પ્રથમનું ધ્યેય ભારતમાં જ સમાજવાદ સ્થાપવા પૂરતું મર્યાદિત હતું. જ્યારે બીજાનું ધ્યેય આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સમાજના અંગ તરીકે કામ કરવાનું હતું.

(ii) કૉંગ્રેસ સમાજવાદી નેતાઓ કૉંગ્રેસમાં રહી તે જ કાર્ય કરવા માગતા હતા, જ્યારે સામ્યવાદી નેતાઓ કૉંગ્રેસથી સ્વતંત્ર રીતે કામ કરવાના મતના હતા.

2. પેટા વિભાગ - 27.7.2

(1) જયપ્રકાશ નારાયણ :

(i) જીવન રેખા (ii) હિંદના સામ્યવાદીઓ સાથે તેમના મતભેદો

(2) આચાર્ય નરેન્દ્ર દેવ :

(i) તેમના પર ડાબેરી રાષ્ટ્રવાદી નેતાઓની અસર

(ii) તેમનું માર્ક્સવાદ તરફ વલણ

(iii) તેમનું દષ્ટિબિંદુ અને તેનું પ્રદાન

(iv) ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓને ટેકો

(3) અચ્યુત પટવર્ધન :

(i) ગાંધીજીના તેમ જ થિયોસોફીના વિચારોની તેના પર અસર

(ii) સવિનય કાનૂન ભંગની લડત દરમિયાન કારાવાસ

(4) અશોક મહેતા :

(i) રુઢિચુસ્ત માર્કસવાદ તથા સામ્યવાદ પ્રત્યે અણગમો

(ii) લોકશાહી સમાજવાદના પુરસ્કર્તા

(iii) કૉંગ્રેસ સમાજવાદી સામયિકના તંત્રી

(iv) મજૂર ચળવળના નેતા

(5) રામ મનોહર લોહિયા :

(i) યુરોપના સમાજવાદી લોકશાહી વિચારોની તેના પર અસર

(ii) માર્ક્સવાદ કે સામ્યવાદમાં માનતા નહિ

(iii) કૉંગ્રેસ સમાજવાદી સામયિકના તંત્રી

## તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. વિભાગ - 27.8 :

   તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :

   (i) સ્વતંત્રતા (ii) સમાજવાદ

2. વિભાગ - 27.9 :

   તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :

   (i) રુઢિચુસ્તોનો પ્રત્યાઘાત

   (ii) નેહરુ જેવા ડાબેરી કૉંગ્રેસી નેતા પર અસર

   (iii) કિસાન સભામાં પ્રદાન

   (iv) કૉંગ્રેસ નીતિમાં પરિવર્તન, જેમ કે કૉંગ્રેસના કાર્યક્રમમાં જમીનદારી નાબૂદીનો સમાવેશ.

# એકમ 28 મજૂર સંગઠન અને ખેડૂત ચળવળનો વિકાસ : 1920-1930 (Growth of Trade Union and Peasant Movement : 1920-1930)

**રૂપરેખા**


28.0 ઉદ્દેશો
28.1 પ્રસ્તાવના
28.2 મજૂરોની સ્થિતિ
28.3 મજૂર સંગઠનનો ઉદય
    28.3.1 મજૂર સંગઠનનો અર્થ
    28.3.2 પ્રારંભિક ઇતિહાસ
    28.3.3 અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠન
28.4 મજૂર સંગઠનોનો વિકાસ
28.5 અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠનમાં ભાગલા
28.6 નવો તબક્કો
28.7 ખેડૂતોની મુશ્કેલીઓ
28.8 1920 દરમિયાનની ખેડૂત ચળવળો
28.9 1930 દરમિયાનની ખેડૂત ચળવળો
28.10 અખિલ હિંદ કિસાન સભાની રચના
28.11 કૉંગ્રેસ અને ખેડૂતો
28.12 સારાંશ
28.13 ચાવીરૂપ શબ્દો
28.14 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 28.0 ઉદ્દેશો

આ એકમનો હેતુ 1920થી 1939 સુધી ભારતમાં કામદાર (મજૂર) સંગઠનો તથા ખેડૂત ચળવળોના થયેલ વિકાસનો ટૂંકો ઇતિહાસ આપવાનો છે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચેની બાબતોથી પરિચિત થશો :

- મજૂરોની સ્થિતિની જાણકારી
- મજૂર સંગઠનના અર્થ, તેનો શરૂઆતનો ઇતિહાસ તથા અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠન વિષેની સમજણ
- મજૂર સંગઠન દ્વારા ચળવળના થયેલ વિકાસની પ્રક્રિયા તેમ જ પછીથી તેમાં પડેલ ભાગલા પરત્વેની જાણકારી
- ખેડૂતોને વેઠવી પડેલી મુશ્કેલીઓની સમજણ
- દેશના જુદા જુદા ભાગોમાં ઉદ્‌ભવેલ કિસાન આંદોલનો અને પરિણામે કિસાન સભાઓની થયેલી સ્થાપના વિશેની માહિતી.

## 28.1 પ્રસ્તાવના

19મી સદીના ઉત્તરાર્ધમાં થયેલી ખેડૂતો તથા મજૂરોની ચળવળો વિશેનો અભ્યાસ તમે વિભાગ-2ના એકમ 7માં કરેલો છે. આ એકમમાં 1920 થી 1939 સુધીમાં થયેલી ખેડૂતો તથા મજૂરોની ચળવળોનો ઇતિહાસ આપવામાં આવશે. પહેલા આપણે મજૂર ચળવળો અને ત્યાર બાદ ખેડૂત ચળવળોની હકીકત આપીશું. સંસ્થાનવાદી સરકાર, જમીન-માલિકો તથા કારખાનાંના માલિકો દ્વારા કરાતા ત્રાસ અને શોષણને પરિણામે 19મી સદીના ઉત્તરાર્ધમાં ઉદ્‌ભવેલ મજૂર તથા ખેડૂત આંદોલનો વિશેની માહિતી તમે મેળવલી છે. 20મી સદીના પૂર્વાર્ધમાં આ ચળવળો સંગઠિત

બની અને તેઓએ સાંસ્થાનિક સરકારને તેમની પ્રત્યેની નીતિ બદલવાની ફરજ પાડી. આ સમયનાં ખેડૂત તથા મજૂર આંદોલનો સંબંધના કેટલાંક અગત્યના મુદ્દાઓ ખાસ નોંધપાત્ર છે.

- રાષ્ટ્રીય લડતમાં નવા વલણનો ઉદ્ભવ વિશેષતઃ સામાન્ય લોકોની રાજકારણ તેમ જ રાષ્ટ્રીય પ્રવાહમાં મોટા પ્રમાણમાં ભરતી.
- પ્રથમ વિશ્વયુદ્ધનાં આર્થિક અને સામાજિક પરિણામો, જેમની ભારતના જુદા જુદા વર્ગો પર વિપરીત અસરો.
- બોલ્શેવિક રશિયાનો પ્રભાવ અને ભારતમાં સમાજવાદી વિચારોનો ઉદ્ભવ.

આ પરિબળોને લીધે ભારતમાં મજૂરો તથા ખેડૂતોની ચળવળોનો ઉદ્ભવ થયો. જે 19મી સદીની ચળવળો કરતાં બિલકુલ ભિન્ન પ્રકારની હતી.

## 28.2 મજૂરોની સ્થિતિ (Condition of the Workers)

મજૂરોની સ્થિતિના ટૂંકા વર્ણનથી ભારતમાં મજૂરોની ચળવળ કઈ રીતે ઉદ્ભવી તેનો ખ્યાલ આવશે. ભારતના કાપડ ઉદ્યોગના મુખ્ય મથક મુંબઈમાં તથા શણ અને ચાના ઉદ્યોગના મુખ્ય મથક બંગાળમાં ભારતના મજૂર વર્ગની સૌથી વધારે વસ્તી હતી. મજૂરોનાં કામ તેમ જ જીવનની સ્થિતિ ઘણી કરુણાજનક હતી. તેઓને 15,16 કે 18 કલાક કામ કરવું પડતું. રજાને લગતા તેમ જ નોકરીની સલામતી સંબંધી કોઈ નિયમો ન હતા. જેના પર મજૂરોનું નસીબ આધારિત હતું તેવા મુકાદમોને મજૂરોએ લાંચ આપવી પડતી. મજૂરો અંધારી ચાલીઓમાં રહેતા હતા, જેમાં પાણી કે આરોગ્યને લગતી કોઈ વ્યવસ્થા ન હતી.

કોલસાની ખાણોમાં કામ કરતા મજૂરોની સ્થિતિ સૌથી કરુણાજનક હતી. ઝરિયા અને ગિરિદિહના કોલસાની ખાણોના મજૂરોને સવારના 6 થી સાંજના 6 સુધી કામ કરવુ પડતુ. સ્ત્રીઓ અને બાળકો પણ ખાણોની અંદર કામ કરતા તથા અકસ્માત થવા તે સામાન્ય હતું, પરંતુ છેક 1923માં સરકારે અકસ્માતનો વીમો દાખલ કર્યો. આમ છતાં બદલાને માટે પોતાનો દાવો રજૂ કરવાનું મજૂરો માટે મુશ્કેલ હતું. માલિકોને વધારે નફો મળે માટે મજૂરોને ઓછો પગાર અપાતો. મજૂરોની સ્થિતિની તપાસ માટે નિયુક્ત થયેલ શાહી કમિશને અહેવાલ આપ્યો કે મદ્રાસ તથા કાનપુરમાં મજૂરોને સૌથી ઓછો પગાર અપાતો જ્યારે મુંબઈમાં સૌથી વધારે પગાર અપાતો. ભાંગતૂટ, મોડી હાજરી તથા ઓછા ઉત્પાદન બદલ મજૂરોનો વર્ષો સુધી દંડ કરવામાં આવેલ. મજૂરોની સ્થિતિ દેવાદાર બની હતી અને તેઓ પઠાણો પાસેથી ભારે વ્યાજથી નાણાં ઉછીના લેતા. નિવૃત્તિ વેતન કે ભવિષ્યનિધિ માટે કોઈ જોગવાઈ ન હતી. જ્યારે મજૂરો વૃદ્ધ થતાં, ત્યારે તેઓ પોતાની નોકરી ગુમાવતા અને તેઓને પોતાના ભરણપોષણ માટે પોતાનાં બાળકો અથવા સગાસંબંધીઓ પર આધાર રાખવો પડતો.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો :
   મજૂરોની સમસ્યાઓ પર આશરે પાંચ લીટીઓ લખો :

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. પ્રત્યેક વાક્ય આગળ "હા" કે "ના" લખો :
   (i) ભારતના શણ ઉદ્યોગનું મુંબઈ મુખ્ય કેન્દ્ર હતું. ( )
   (ii) કલકત્તા અને મુંબઈમાં મજૂરોની વસ્તી સૌથી વધારે હતી. ( )
   (iii) મજૂરોને રોજની 15 થી 16 કલાક કામ કરવું પડતું. ( )
   (iv) મજૂરોની સ્થિતિની તપાસ માટે શાહી કમિશન નિયુક્ત કરવામાં આવ્યું હતું. ( )
   (v) મજૂરોને હડતાળ પાડવાનો હક હતો. ( )
   (vi) મજૂરોને વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ વેતનનો હક હતો. ( )

## 28.3 મજૂર સંગઠનનો ઉદય (Rise of Trade Unionism)

પોતાના શોષકો સામે લડત ચલાવવા મજૂરોએ કઈ રીતે મજૂર સંગઠનો સ્થાપ્યા તેને લગતી માહિતી આ વિભાગમાં અપાશે. મજૂર ચળવળમાં મજૂર સંગઠનોના ઉદયે એક નવો ઈતિહાસ સર્જ્યો.

### 28.3.1 મજૂર સંગઠનનો અર્થ (Meaning of Trade Unionism)

મજૂર સંગઠનો, જે હાલમાં સામાન્ય છે, તે મિલો અને કારખાનાંમાં કામ કરતા મજૂરોની સ્થિતિ સુધારવા માટે સ્થપાયેલાં મંડળો કહી શકાય. 19મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં કારખાનાં તથા મિલો સ્થપાતા સેંકડો મજૂરો રોજ સાથે કામ કરવા અને મળવા લાગ્યા. આનાથી તેમને તેમની સમસ્યાઓની ચર્ચા કરવાની તેમ જ તેમના માલિકો સમક્ષ તેની રજૂઆત કરવાની તક મળી. મોટા ભાગના મજૂરો અશિક્ષિત હતા. શરૂઆતમાં એક થવાનો કે સંગઠનો રચવાનો તેમને ખ્યાલ ન હતો. થોડાએક બહારના બુદ્ધિજીવીઓએ મજૂરોને શિક્ષણ આપવાનો તથા તેમનાં મંડળો રચવાનો વર્ષો સુધી પ્રયત્ન કર્યો. અવારનવાર તેઓ આવાં સંગઠનોના નેતા બનતા હતા.

### 28.3.2 પ્રારંભિક ઈતિહાસ (Early History)

મજૂરોની દુઃખદ સ્થિતિ જોઈને થોડાએક બુદ્ધિજીવીઓએ તેમની સ્થિતિ સુધારવા પ્રયત્ન કર્યા. દા.ત. બ્રહ્મોસમાજના ઉદ્દામવાદી સભ્ય બંગાળના શશીપાદ બેનરજીએ મજૂરોની ક્લબની સ્થાના કરી. તેમણે 1874માં "ભારત શ્રમજીવી" નામે સામયિક પણ પ્રસિદ્ધ કર્યું તથા શણની મિલોના કામદારોમાં શિક્ષણનો ફેલાવો કરવા રાત્રિ શાળાઓ પણ શરૂ કરી, પરંતુ તેમણે મજૂર સંગઠન સ્થાપ્યું ન હતું. તે જ રીતે મુંબઈમાં એન.એમ.લોખંડેએ 1880માં "દીનબંધુ" નામે સાપ્તાહિક શરૂ કર્યું તથા 1890માં મુંબઈ મિલ કામદાર મંડળ સ્થાપ્યું. જોકે આ મંડળ મજૂર સંગઠન ન હતું. તોપણ તેણે નીચેની માગણીઓ રજૂ કરી :

(i) કામના કલાકોમાં ઘટાડો

(ii) સાપ્તાહિક રજા

(iii) કારખાનાંમાં કામ કરતી વખતે મજૂરને થયેલ ઈજાનું વળતર

એની બેસન્ટના નિકટના સાથીદાર બી.પી.વાડિયાએ એપ્રિલ, 1918માં મદ્રાસ સંગઠન સ્થાપ્યું. ભારતમાં આ પહેલું મજૂર સંગઠન હતું. સુતરાઉ કાપડના ઉદ્યોગના કેન્દ્ર અમદાવાદમાં મોહનદાસ કરમચંદ ગાંધીના નેતૃત્વ નીચે મિલ કામદારોએ 1918માં હડતાળ પાડી. મજૂરોની સ્થિતિને ધ્યાનમાં લઈને ગાંધીજીએ પોતાની આત્મકથા (સત્યના પ્રયોગો)માં લખ્યું કે વેતન ઘણું ઓછું હતું અને મજૂરો તેમાં વધારો કરવા લાંબા સમયથી ચળવળ ચલાવતા હતા.

ગાંધીજીએ અમદાવાદના મિલ-માલિકોને આ બાબત લવાદને સુપરત કરવા અનુરોધ કર્યો. પરંતુ તેઓએ તેનો ઈન્કાર કર્યો. આથી ગાંધીજીએ મજૂરોને હડતાળ પાડવાની સલાહ આપી. હડતાળ 21 દિવસ ચાલી. ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા, પરંતુ ત્રીજા દિવસે સમાધાન થયું. આ પછી 1920માં ગાંધીજીએ મજૂર મહાજનની સ્થાપના કરી, જેણે મજૂરો અને માલિકો વચ્ચેના સંબંધો સુમેળભર્યા રાખવા તેમ જ સમસ્યાઓનો નિકાલ લવાદથી લાવવાનો અનુરોધ કર્યો.

### 28.3.3 અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠન (All India Trade Union Congress AITUC)

ઉપર દર્શાવ્યા મુજબ મજૂર સંગઠનો સ્થાપવાની પ્રવૃત્તિ ક્રમશઃ વધતી જતી હતી. 1919-20ના વર્ષોમાં કાનપુર, કલકત્તા, મુંબઈ, મદ્રાસ, જમશેદપુર તથા અમદાવાદ જેવાં ઔદ્યોગિક કેન્દ્રોમાં મજૂરોની હડતાળો પડી હતી. હજારો મજૂરોએ આ હડતાળોમાં ભાગ લીધો હતો. આ સંદર્ભમાં મુંબઈમાં 1920માં અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠનની સ્થાપના થઈ. તેના પ્રથમ અધિવેશનના પ્રમુખ તરીકે લાલા લજપતરાય ચૂંટાયા તથા તેમાં મોતીલાલ નેહરુ, એની બેસન્ટ, સી.એફ.એન્ડ્રૂઝ, બી.પી.વાડિયા અને એન.એમ.જોશી જેવા આગેવાન રાષ્ટ્રીય નેતાઓએ તથા મજૂર ચળવળના આગેવાનોએ હાજરી આપી. અખિલ હિન્દ કૉંગ્રેસ મજૂર સંગઠન ભારતના મજૂરોનું કેન્દ્રીય સંગઠન હતું.

જોકે 1920 થી 1929 સુધીમાં મજૂરોની અવાર-નવાર હડતાળો પડી. તોપણ મજૂર સંગઠનો રચવાની પ્રવૃત્તિ ઘણી ધીમી હતી, તે માટે મજૂરોની સ્થિતિ તપાસવા નિયુક્ત થયેલ શાહી કમિશને મુખ્ય બે કારણો આપેલાં છે :

(i) જાતિ અને ભાષાના ભેદભાવ મજૂરોની એકતાના માર્ગમાં વિઘ્નરૂપ હતા. દા.ત. બંગાળની શણની મિલોમાં મોટા ભાગના મજૂરો બિહાર તથા ઉત્તર પ્રદેશના હતા, જ્યારે બંગાળના મજૂરો લઘુમતીમાં હતા.

(ii) મુકાદમો અને મિલ-માલિકો મજૂર સંગઠનોની વિરુદ્ધ હતા.

1929ના વર્ષમાં અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠનની સાથે 1,90,436 સભ્યો સહિત ફક્ત 51 મજૂર મંડળો જોડાયેલ હતાં. આમ મોટા ભાગના મજૂરો હજુ મજૂર સંગઠનમાં જોડાયા ન હતા. નોકરીમાંથી રુખસદ મળવાના ભયથી પણ ઘણા મજૂરો મજૂર સંગઠનમાં જોડાયા ન હતા.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

તમારા જવાબ માટે નીચે આપેલી ખાલી જગ્યાનો ઉપયોગ કરો :

1. મજૂર સંગઠન એટલે શું ? 25 શબ્દોમાં જવાબ આપો :

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

2. શું મજૂર સંગઠન મજૂરોને માટે લાભદાયી છે ? 25 શબ્દોમાં જવાબ આપો :

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

3. મજૂરોની સ્થિતિ સુધારવા માટે શરૂઆતમાં થયેલા પ્રયત્નોનો પાંચ વાક્યોમાં જવાબ આપો :

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

4. અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠન કેવી રીતે સ્થપાયું ? 50 શબ્દોમાં જવાબ આપો :

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

## 28.4 મજૂર સંગઠનોનો વિકાસ (Growth of Trade Unions)



ઉપરોક્ત વિઘ્નો છતાં મજૂર ચળવળ મજૂરોમાં લોકપ્રિય થતી જતી હતી. આનું મુખ્ય કારણ એ હતું કે મજૂરોને લાંબા કલાકો સુધી કામ, ખરાબ રહેઠાણો, ઓછું વેતન, નોકરીમાંથી રુખસદ વગેરે જેવી ઘણી મુશ્કેલીઓ હતી. આના નિવારણ માટે તેઓએ બહારના લોકો પ્રત્યે દષ્ટિ કરી. બહારના આ લોકો રાષ્ટ્રવાદીઓ, સામ્યવાદીઓ તથા સમાજવાદીઓ હતા. તેમાંના કેટલાક કોઈ પક્ષના સભ્ય નહિ તેવા સ્વતંત્ર પણ હતા. આ લોકો કામદારોની સભાઓ કરતા, તેમને માલિકોને સંબોધીને અરજીઓ લખી આપતા અને મજૂરોની માગણીઓ અંગે રજૂઆત કરાવતા.

આ લોકો મજૂરોનાં સંગઠનો રચતા અને તેમનું બહુધા અખિલ હિન્દ કૉંગ્રેસ મજૂર સંગઠન સાથે જોડાણ કરતા. જ્યારે માલિકો મજૂરોની માગણીઓ સ્વીકારવાનો ઇન્કાર કરતા, ત્યારે તેઓ (મજૂરો) કામ બંધ કરી દેતા. હડતાળ દરમિયાન મજૂર સંગઠનો મજૂરોને ઘણી વખત પૈસાની મદદ કરતા, કારણકે હડતાળ દરમિયાન મજૂરોને પગાર મળતો નહિ. જ્યારે હડતાળ મહિનાઓ સુધી ચાલતી ત્યારે મજૂરોને ઘણી મુસીબત વેઠવી પડતી. તોપણ કારખાનામાં ઘણી હડતાળો પડી. સરકારી કચેરીઓ તથા વેપારી પેઢીઓમાં કામ કરતા મધ્યમ વર્ગના કર્મચારીઓ પણ સંગઠનો રચતા અને હડતાળો પાડતા. આ સમય દરમિયાન ભારતમાં પડેલી મુખ્ય હડતાળો નીચે પ્રમાણે હતી.

ભારતમાં સુતરાઉ કાપડની મિલોનું સૌથી મોટું કેન્દ્ર મુંબઈ હતું. આમાંની ઘણી ખરી મિલોના માલિકો હિન્દીઓ હતા. આગલાં ચાર વર્ષ દરમિયાન ચૂકવાયેલ બોનસ તે પછીના વર્ષે ચૂકવવાનો મિલમાલિકોએ ઇન્કાર કરતાં મુંબઈના 1,50,000 મજૂરોએ 1924માં હડતાળ પાડી. 1926માં એન.એમ.જોશીના પ્રમુખપદે કાપડ મજૂર મહાજનની સ્થાપના થઈ. એપ્રિલ, 1928માં મુંબઈની બધી મિલોમાં હડતાળ પડી, જેમાં મોટા ભાગના મજૂરોએ ભાગ લીધો. સરકારે 9મી ઑક્ટોબરના રોજ મજૂરોની સ્થિતિની તપાસ કરવા તેમ જ તેમની માગણીઓ પર વિચાર કરવા માટે એક સમિતિ નિયુક્ત કરી, ત્યારે મજૂરોએ હડતાળ પાછી ખેંચી. આમ હડતાળે મજૂરો અને માલિકો વચ્ચેની તકરારમાં સરકારને દરમિયાનગીરી કરવાની ફરજ પાડી.

બંગાળમાં અંગ્રેજ મૂડીપતિઓ શણની મિલોના માલિકો હતા. બંગાળનો આ સૌથી મોટો ઉદ્યોગ હતો. 1921 થી 1929ની વચ્ચે બંગાળમાં 592 ઔદ્યોગિક ઝઘડા થયા; આમાંના 236 શણની મિલોમાં થયા. હાવરા જિલ્લાના બૌરિયા ગામની ફોર્ટ ગ્લોસ્ટર મિલના મજૂરોએ 1928માં કામ બંધ કરીને હડતાળ પાડી. આ હડતાળ એટલા માટે ખાસ નોંધપાત્ર હતી કે તે 17 જુલાઈથી 31 ડિસેમ્બર એટલે કે લગભગ છ માસ ચાલી. જવાહરલાલ નેહરુએ આ હડતાળ વિશે નીચે મુજબ નોંધ કરી છે :

> "હાવરા શહેરથી 16 માઈલ પર બૌરિયા ગામ આવેલું છે. આ ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં શણનાં કારખાનાંના ગરીબ મજૂરો અને બંગાળના શણના રાજા સમાન માલિકો વચ્ચે તીવ્ર લડત ચાલી. 15,000 જેટલા મજૂરોએ આ લડત 6 માસ સુધી ચલાવી."

જુલાઈ, 1929માં શણની મિલોમાં સાર્વત્રિક હડતાળ પડી. બંગાળની કૉંગ્રેસે હડતાળ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. સરકારે દરમિયાનગીરી કરી અને હડતાળ 16મી ઑગસ્ટે પાછી ખેંચાઈ.

જમશેદજી તાતાએ જમશેદપુરમાં ભારતનું પોલાદનું કારખાનું સ્થાપ્યું. તેને જમશેદજીનું નામ આપવામાં આવ્યું. આ કારખાનામાં આશરે 20,000 મજૂરો કામ કરતા હતા. તેઓએ 1920માં પોતાનું મજૂર સંગઠન સ્થાપ્યું. તાતા સ્ટીલ કારખાનાનાં ઘણી મોટી સંખ્યામાં મજૂરોને રુખસદ અપાયાના વિરોધમાં કારખાનાના મજૂરોએ 1928માં હડતાળ પાડી, જે છ માસ કરતાં વધારે સમય સુધી ચાલુ રહી. જોકે હડતાળને સંપૂર્ણ સફળતા મળી નહિ, તો પણ કારખાનાંના માલિકોને મજૂર સંગઠનની માન્યતા આપવાની ફરજ પડી.

અમદાવાદમાં પણ 1928માં મિલમાલિકોએ મજૂરોના વેતનમાં 20 ટકાનો કાપ મૂકતાં, તેઓએ હડતાળ પાડી. અમદાવાદની કાપડની 64 મિલોમાંથી 56 મિલો હડતાળમાં જોડાઈ. મદ્રાસ શહેર પણ મજૂર ચળવળનું અગત્યનું મથક હતું. સિંગરવેલુએ મદ્રાસમાં પ્રથમ મે દિન 1923માં ઊજવ્યો.

## 28.5 અખિલ હિન્દ કૉંગ્રેસ મજૂર સંગઠનમાં ભાગલા (Split in the AITUC)

યુ.એસ.એ.માં મહાન આર્થિક મંદી શરૂ થઈ અને 1929માં તે દુનિયાભરમાં પ્રસરી. મંદી ભારતમાં 1936 સુધી ચાલુ રહી. સેંકડો કારખાનાં બંધ પડ્યાં અને હજારો મજૂરો બેકાર બન્યા. મજૂર સંગઠનોની સંખ્યા પણ ઘટી.

કમનસીબે આ સમય દરમિયાન અખિલ હિન્દ કૉંગ્રેસ મજૂર સંગઠનમાં બે વખત ભાગલા પડ્યા. પ્રથમ વિભાજન 1929માં થયું. આ વખતે જવાહરલાલ નેહરુ સંગઠનના પ્રમુખ હતા. વિવાદનો મુખ્ય મુદ્દો એ હતો કે અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠને બ્રિટિશ સરકારે મજૂરો માટે નિયુક્ત કરેલ શાહી કમિશનનો બહિષ્કાર કરવો કે ન કરવો. મવાળવાદીઓ તેમાં જોડાવા માગતા હતા, જ્યારે ઉદ્દામવાદીઓ તેનો બહિષ્કાર કરવા ઇચ્છતા હતા. છેવટે મવાળવાદીઓએ અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠનનો ત્યાગ કર્યો અને તેઓએ વી.બી.ગિરિના પ્રમુખપદે ભારતીય મજૂર સમવાયી સંગઠન (Indian Trade Union Federation – ITUF)ની સ્થાપના કરી. 1931માં સંગઠનમાં બીજું વિભાજન થયું. સામ્યવાદીઓએ અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠનનો ત્યાગ કર્યો અને સામ્યવાદી મજૂર કૉંગ્રેસ સંગઠનની રચના કરી. (Red Trade Union Congress–RTUC) જે વખતે હજારો મજૂરોને મિલમાલિકો રુખસદ આપતા હતા, તે સમયે આ સંગઠનમાં ભાગલા પડ્યા. આ ભાગલાથી મજૂર ચળવળ નિર્બળ બની.

## 28.6 નવો તબક્કો (New Phase)

1935થી મજૂર ચળવળનો નવો તબક્કો શરૂ થયો. અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠનની એકતા ફરી સ્થપાઈ. 1936થી ભારતની અર્થવ્યવસ્થામાં સુધારો થયો. 1937માં કૉંગ્રેસે પ્રાંતોમાં પ્રધાનમંડળો રચ્યાં. કૉંગ્રેસ પ્રધાનમંડળોની રચનાએ મજૂરોમાં નવી આશાઓ જન્માવી. 1936 થી 1939ની વચ્ચે મજૂર સંગઠનોની સંખ્યા બેવડી થઈ તથા તેમના સભ્યોની સંખ્યામાં પણ સારો એવો વધારો થયો. 1936માં હડતાળોની સંખ્યા 157 હતી, તે વધીને 1939માં 406ની થઈ. નોંધવાલાયક હડતાળોમાં 1935માં કલકત્તાની કેશોરામ સુતરાઉ મિલો તથા અમદાવાદની કાપડની મિલોની હડતાળ, ડિસેમ્બર 1936થી ફેબ્રુઆરી 1937ની બંગાળ-નાગપુર રેલવે હડતાળ અને 1936-37ની કલકત્તાની શણની તથા કાનપુરની કાપડ મિલોની હડતાળ મુખ્ય કહેવાય. આ સમયની બીજી નોંધપાત્ર ઘટના એ હતી કે સામ્યવાદીઓ અને સમાજવાદીઓએ મજૂર ચળવળ તથા ખેડૂત ચળવળને એક સંયુક્ત ચળવળ તરીકે જોડી દેવા પ્રયત્ન કર્યો. અલબત્ત તે મજૂર ચળવળના વિકાસનો તબક્કો કહી શકાય.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. મજૂર સંગઠનની ચળવળ મજૂરોમાં લોકપ્રિય શાથી થઈ ? બહારનાએ મજૂરોને કયા પ્રકારની મદદ કરી ? આશરે 10 લીટીઓમાં જવાબ લખો :

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. મજૂરો પર મહામંદીની શી અસર થઈ ? આશરે 3 લીટીમાં જવાબો આપો :

........................................................................................................

........................................................................................................

........................................................................................................

3. 1937 પછીથી મજૂર ચળવળનો થયેલ વિકાસ ટૂંકમાં વર્ણવો. આશરે 100 શબ્દોમાં જવાબ આપો :

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 28.7 ખેડૂતોની મુશ્કેલીઓ (Hardships of the Peasantry)

1920થી 1939ની વચ્ચે ભારતમાં કેટલાંક ખેડૂત આંદોલનો થયાં. વિભાગ 2ના એકમ 7માં તમે વાંચ્યું છે કે સાંસ્થાનિક શાસનની સ્થાપનાએ ભારતના ખેડૂતો પર વિપરીત અસર કરી અને પરિણામે તેઓએ પોતાના શોષકો સામે બંડો કર્યાં. આ એકમમાં આપણે એ જાણીશું કે સમયના પરિવર્તન સાથે પણ ખેડૂતોનું આ શોષણ અટક્યું નહિ,પરંતુ સતત ચાલુ રહ્યું. પરંતુ ખેડૂતોએ અનુભવે જાણ્યું હતું કે તેઓએ સરકાર અને જમીનદારો સામે લડવા માટે સંગઠન સાધવું જોઈએ. ૨૦મી સદી દરમિયાન તાલુકદારી અને જમીનદારી દ્વારા થતા અતિ શોષણ સામે ખેડૂતોએ બળવો પોકાર્યો તથા કિસાન સભાઓ જેવા પોતાનાં સંગઠનો સ્થાપ્યાં.
ભારતના જુદા જુદા વિસ્તારોમાં શોષણના પ્રકારમાં અમુક ભિન્નતા હતી, તોપણ ભારતના ખેડૂતો ભારે મુસીબતો ભોગવતા હતા તે સામાન્ય હકીકત હતી. તેઓ જમીનદારો અને એવા અન્ય તત્ત્વોની દયા પર જીવતા હતા. અત્રે ખેડૂતોની મુખ્ય મુસીબતોની યાદી કરવાથી ખેડૂતોની તે સમયની સ્થિતિ સમજવામાં સરળતા રહેશે.

- ઘણા પ્રદેશોમાં ખેડૂતો જે જમીન ખેડતા, તે જમીન પર તેમના માલિકી હક હતા નહિ. જમીનદારોને ખેડૂતોને કાઢી મૂકવાની સત્તા હતી, જે સત્તાનો ઉપયોગ તેઓ ખેડૂતોને હેરાન કરવામાં કરતા.
- નિયમિત કરવેરા ઉપરાંત જમીનદારો ખેડૂતો પાસેથી જુદાં જુદાં બહાનાં હેઠળ નઝરાણા અને અન્ય એ પ્રકારની ભેટો ફરજિયાત લેતા.
- કરવેરાના ભારે બોજથી ખેડૂતોને દેવું કરવું પડતું અને તેઓને ભારે વ્યાજથી જમીનદારો કે વેપારીઓ પાસેથી રકમ ઉછીની લેવી પડતી જેમાંથી તે ભાગ્યે જ મુક્ત થતો અને તે દેવું પેઢી દર પેઢી સુધી ચાલતું.
- પ્રથમ યુદ્ધની શરૂઆતે ખેડૂતોની યાતનાઓમાં વધારો કર્યો. દા.ત. ઘણા પ્રદેશોમાં ખેડૂતોને યુદ્ધભંડોળ, લશ્કરી સેવા વગેરેમાં રકમ આપવી પડતી.
- આ સમય ગાળામાં અનાજની કિંમતમાં ભારે વધારો થયો. આ વધારાથી મધ્યસ્થ તથા વેપારી લોકોને ફાયદો થયો, પરંતુ ગરીબોને નુકસાન થયું.

આવી પરિસ્થિતિમાં ખેડૂતોને મદદ કરવી તે સરકારની ફરજ હતી, પરંતુ સરકાર તો જમીનદારોની તરફેણ કરતી હતી કારણ કે તેનું પોતાનું શાસન દેશમાં સ્થિર રાખવા માટે જમીનદારોના સાથની જરૂર હતી. આ સંજોગોમાં મુસીબતોના ભારે ભારણથી મુક્તિ મેળવવા ખેડૂતોએ બળવાનો માર્ગ સ્વીકાર્યો.

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. ખેડૂતોની મુખ્ય ફરિયાદ શી હતી ? આશરે 100 શબ્દોમાં જવાબ આપો :

........................................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. નીચેનાં વિધાનો સામે ખરાં (√) કે ખોટાં (×) ની નિશાની કરો.
   - (i) આ સમયમાં પ્રથમ વખત ખેડૂતોએ પોતાનાં કિસાન સંગઠનો રચ્યાં. ( )
   - (ii) ખેડૂતો જે જમીન ખેડતા તેમાંથી તેમને હટાવવાનો હક જમીનદારોને હતો નહિ. ( )
   - (iii) ખેડૂતો ફરજિયાતપણે નહિ, પરંતુ મરજિયાતપણે જમીનદારોને નઝરાણાં વગેરે આપતા. ( )
   - (iv) અનાજના વધેલા ભાવો ખેડૂતો માટે ફાયદાકારક હતા. ( )
   - (v) સરકાર ખેડૂતોની મુસીબતો પ્રત્યે ખૂબ સહાનુભૂતિ રાખતી હતી. ( )

## 28.8 1920 દરમિયાનની ખેડૂત ચળવળો (Peasant Movements During 1920s)

ઉપરોક્ત ભૂમિકાના સંદર્ભમાં 1920 દરમિયાન થયેલી ખેડૂતોની અગત્યની ચળવળોની ચર્ચા કરીએ. આ સમય દરમિયાન ઉત્તરપ્રદેશ ખેડૂત આંદોલનોનું એક મુખ્ય કેન્દ્ર હતું. તાલુકદારી અને જમીનદારી પદ્ધતિના ત્રાસથી ખેડૂતોનું જીવન અસહ્ય બન્યું હતું. રાષ્ટ્રવાદીઓએ ખેડૂતોની સમસ્યાઓમાં ઊંડો રસ દર્શાવ્યો, પરંતુ બાબા રામચંદ્રે જમીનદારો વિરુદ્ધ ઔધના ખેડૂતોને સંગઠિત કરવાની પહેલ કરી. બાબા રામચન્દ્ર જન્મે મહારાષ્ટ્રના બ્રાહ્મણ હતા. તે 1905માં કરારનામા પ્રમાણેના મજૂર તરીકે ફીજી ગયેલા અને ત્યાંથી પાછા ફરીને 1917-18માં ઔધના ગ્રામ્ય પ્રદેશમાં વસેલ. તે સંન્યાસીના વેશમાં ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોનો સંપર્ક સાધતા, તેમની સભાઓ કરતા અને તેમને જાગ્રત કરવા તથા સંગઠિત કરવા રામચરિત માનસના શ્લોકો ટાંકતા. બાબા રામચંદ્ર ખેડૂતોને કહેતા કે તેઓ સરકાર અને તાલુકદારોના ગુલામ હતા. જો તેઓ સંગઠનના સ્વરૂપમાં એકત્ર થશે તો જ તેઓ આ ગુલામીમાંથી મુક્ત થઈ શકશે જ્યારે સરકારે 1920માં બાબા રામચંદ્રની ધરપકડ કરી, ત્યારે હજારો ખેડૂતો તેમને છોડાવવા અદાલતના ચોગાનમાં એકત્ર થયા હતા. 1920માં કૉંગ્રેસે અસકારનું આંદોલન શરૂ કરતા ખેડૂતોની ચળવળ તેની સાથે જોડાઈ ગઈ. 1921માં ખેડૂતોની લડત ઉગ્ર અને લશ્કરી ઢબની બની તથા તે ઉત્તરપ્રદેશના વિસ્તારો રાયબરેલી, ફૈજાબાદ તથા સુલતાનપુરામાં ફેલાઈ. જમીનમાંથી ખેડૂતોને રુખસદ આપવાનું બંધ થવું જોઈએ એવી માગણી સાથે તેઓએ મોટા પાયા પર દેખાવો કર્યા. તેઓએ જમીનદારો અને ધીરધાર કરનાર શાહુકારોના ઘરો પર હુમલા કર્યા. છઠ્ઠી જાન્યુઆરી, 1921ના રોજ ખેડૂતો ફરસતગંજ બજારમાં મોટી સંખ્યામાં એકત્ર થયા અને અનાજ તથા કાપડની ભારે કિંમત, વેપારીઓના મોટા નફા તેમ જ તાલુકાદારોના ત્રાસ સામે સખત વિરોધ વ્યક્ત કર્યો. પોલિસ તેમને વિખેરવામાં નિષ્ફળ જતાં તેણે તેમના પર ગોળીબાર કર્યા. આમાં છ ખેડૂતો મરાયા. જ્યારે 7મી જાન્યુઆરીને રોજ રાયબરેલીમાં મુન્શીગંજ પુલ પાસે હજારો ખેડૂતો એકત્ર થયા, ત્યારે પણ પોલીસે તેમના પર ગોળીબાર કર્યા. જવાહરલાલ નેહરુએ પોતાની આત્મકથામાં આ બનાવનું નીચે મુજબ વર્ણન કર્યું :

"જેવો હું નદી પાસે પહોંચ્યો કે બીજી બાજુથી ગોળીબારના અવાજો સંભળાવા માંડ્યા. મને પુલ પાસે રોકવામાં આવ્યો. અમને જાણવા મળ્યું કે ગોળીબારમાં ખેડૂતો મૃત્યુ પામ્યા હતા."

પરંતુ 1921ના ઉનાળામાં પરિસ્થિતિમાં પલટો આવ્યો. સરકારની દમનનીતિ, લડતને અંકુશિત કરવાના કૉંગ્રેસ નેતાઓના પ્રયાસો તથા 1921માં ઔધ ભાડા કાયદામાં કરાયેલ સુધારાથી લડત ઓસરી ગઈ. પરંતુ આનાથી ખેડૂતોને સંતોષ થયો નહિ અને 1921ના અંતમાં તથા 1922ની શરૂઆતમાં હરદોઈ, બારબંકી, સીતાપુર વગેરે જિલ્લાઓમાં ફરી લડત શરૂ થઈ. આ જિલ્લાઓમાં ખેડૂતોએ "એકા" ચળવળ શરૂ કરી.મદારી પાસી નામના ઉદ્દામ ખેડૂત નેતાએ આ ચળવળને પ્રેરણા આપી. તેની દોરવણી નીચેની આ લડતે જમીનદારો તથા સરકારને ગંભીર પડકાર આપ્યો. પરંતુ સરકારની સખત દમન નીતિને લીધે આ લડત પણ છેવટે સફળ થઈ શકી નહિ, જોકે સરકાર મદારી પાસીની ધરપકડ કરી શકી નહિ.

ઉત્તર બિહારમાં સ્વામી વિદ્યાનંદની નેતાગીરી નીચે ખેડૂતોની લડત શરૂ થઈ. આ વિસ્તારમાં વિશાળ જમીનના માલિકી ભોગવતા દરભંગાના રાજા સ્થાનિક ખેડૂતોને ઘણો ત્રાસ આપતા. સ્વામી વિદ્યાનંદે દરભંગાના રાજા સામે ખેડૂતોને સંગઠિત કરીને લડત આપી. પરંતુ બિહારના ખેડૂતોની લડત ઉત્તર પ્રદેશના ખેડૂતોની લડત જેવી ઉગ્ર ન હતી.

બંગાળના ખેડૂતો પણ ના-કરની લડતમાં જોડાયા. મિદનાપુર જિલ્લામાં આ લડત વધારે પ્રબળ હતી. ખેડૂતોએ યુનિયન બોર્ડના કરો આપવાનો ઈન્કાર કર્યો. લડત એટલી જલદ બની કે યુનિયન બોર્ડના સભ્યોએ ત્યાગપત્ર આપ્યાં. સરકારે યુનિયન બોર્ડ પ્રત્યે કોઈ કાર્યવાહી કરી નહિ, એટલે લડત સફળ બની.

કૉંગ્રેસે ગુજરાતમાં ખેડૂતોને સંગઠિત કરવાના પ્રયાસો કર્યા. રૂની કિંમતમાં ઘટાડો થયો હોવા છતાંએ સરકારે 1927માં બારડોલી તાલુકાનું મહેસૂલ વધાર્યું. આ સામે વલ્લભભાઈ પટેલ, કુંવરજી મહેતા અને અન્ય નેતાઓએ ખેડૂતોને સંગઠિત કર્યા. આને પરિણામે 1928માં વિખ્યાત બારડોલી સત્યાગ્રહ થયો. ખેડૂતોએ સરકારને મહેસૂલ આપવાનો ઇન્કાર કર્યો. આથી સરકારે ભારે દમન ગુજાર્યો અને ખેડૂતોની જમીન જપ્ત કરી, પરંતુ છેવટે સરકારને નમવું પડ્યું અને વધારાના મહેસૂલનો દર ઘટાડવો પડ્યો.

ઉપરોક્ત લડતો ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ ખેડૂતોના છૂટાછવાયા બળવા થયા. રાજસ્થાન, મલબાર, ઓરિસ્સા, આસામ અને અન્ય પ્રાંતોના ખેડૂતોએ પણ પોતાને થતાં અન્યાયો સામે પ્રબળ વિરોધ વ્યક્ત કર્યો.

## 28.9 1930 દરમિયાનની ખેડૂત ચળવળો (Peasant Movements in the 1930s)

1930 દરમિયાન પણ જુદા જુદા પ્રાંતોમાં ખેડૂતોના બળવા થયા. ઉત્તર પ્રદેશમાં ખેડૂતોની લડત સૌથી ઉગ્ર હતી. આ પ્રાંતમાં કૉંગ્રેસે ખેડૂતોને કર નહિ ભરવા માટે અનુરોધ કર્યો તથા જમીનદારોને સરકારને મહેસૂલ આપવાનું બંધ કરવા અપીલ કરી. પરંતુ અમુક નેતાઓ "ભાડું-નહિ"ની લડત શરૂ કરવા માગતા હતા. "ભાડુ-નહિ"ની લડત એટલે શું ? જમીનદારોને ખેત-મજૂરો (ગણોતિયા) મારફત અપાતું ભાડુ બંધ કરવાની લડત એટલે "ભાડુ-નહિ"ની લડત. ના-કરની લડત સરકાર સામે હતી, જ્યારે "ભાડું-નહિ"ની લડત જમીનદારો સામે હતી. 1931ના શિયાળામાં "ભાડું-નહિ"ની લડત શરૂ કરવામાં આવી. ગણોતિયાએ લડતને પૂરો સાથ આપ્યો. તેઓએ જમીનદારોને ભાડું આપવાનું બંધ કરી દીધું. લડત રાયબરેલી, ઈટાવા, કાનપુર, ઉનાવ અને અલ્હાબાદ વિસ્તારોમાં ફેલાઈ. રાયબરેલીના નેતા કાલકાપ્રસાદે ખેડૂતોને તમામ પ્રકારના કર આપવાનું બંધ કરવાનો અનુરોધ કર્યો. સરકારે લડતને દબાવી દેવાનો પ્રયાસ કર્યો. તેણે ખેડૂત સંગઠનને ગેરકાયદેસર જાહેર કર્યું અને ભારે દમનથી લડતને કચડી નાખી.

બંગાળ અને બિહારના ખેડૂતોએ પણ ના-કરની લડતમાં સક્રિય ભાગ લીધો. બંગાળમાં ખેડૂત સ્ત્રીઓએ મિદનાપુર જિલ્લામાં પ્રતિબંધિત મીઠું તૈયાર કર્યું અને વેચ્યું. આથી પોલીસે તેમને માર માર્યો. માનભુમ, સિંગભુમ અને દીનાજપુર જિલ્લાઓમાં આદિવાસી ખેડૂતો મીઠાંના સત્યાગ્રહમાં જોડાયા અને જેલવાસ ભોગવ્યો. પરંતુ આ વિસ્તારોમાં જમીનદારો સામે "ભાડું-નહિ"ની લડત થઈ ન હતી.

મદ્રાસ પ્રાંતમાં પણ ખેડૂતોની લડત ઉદ્ભવી. પ્રોફેસર એન.જી.રંગાના નેતૃત્વ તળે 1928માં આંધ્ર પ્રજા મંડળ સ્થપાયું હતું. આ મંડળે ખેડૂતોની તાત્કાલિક માગણીઓને લોકપ્રિય બનાવી અને જમીનદારોને અસર કરતી ભાડું ઘટાડવાની માગણી પણ તેમણે કરી. જ્યારે સવિનય કાનૂન ભંગની લડત શરૂ થઈ, ત્યારે આંધ્ર પ્રજા મંડળે ગામડામાં સભાઓ કરી અને ખેડૂતોને સરકારને મહેસૂલ નહિ આપવા માટેની જેહાદ ચલાવી. તાંજોર, મદુરા અને સાલેમમાં આ આંદોલન વધારે ઉગ્ર બન્યું. 1931ના અંત ભાગમાં કેટલાક જિલ્લાઓમાં અનાજ હુલ્લડો થયા. કૃષ્ણા નદીના વિસ્તારમાં ધીરધાર કરનાર શાહુકારના ઘર પર હુમલો કરવામાં આવ્યો અને તેનો અનાજનો કોઠાર લૂંટી લેવામાં આવ્યો. ગુંતુર જિલ્લામાં ખેડૂતો અને પોલીસ વચ્ચે સંઘર્ષ થયો. સરકાર અને કૉંગ્રેસના ખેડૂતોની લડતને અંકુશિત કરવાના પ્રયત્નો છતાંએ તે વધારે ઉગ્ર બની.

## 28.10 અખિલ હિંદ કિસાન સભાની રચના (Formation of the All India Kisan Sabha)

1920થી 1929ની વચ્ચે જુદા જુદા પ્રદેશોમાં પ્રાંતિક કિસાન સભાઓ સ્થપાઈ હતી. પરંતુ સમાજવાદીઓ તથા સામ્યવાદીઓને એક કેન્દ્રીય કિસાન સભાની આવશ્યકતા જણાઈ હતી. તેઓના પ્રયત્નોને લીધે 1936માં અખિલ હિંદ કિસાન સભા (AIKS)ની સ્થાપના થઈ. 1937 સુધીમાં અખિલ હિંદ કિસાન સભાની શાખાઓ જુદા જુદા પ્રાંતોમાં રચાઈ. એન.જી.રંગા, સ્વામી સહજાનંદ, નરેન્દ્ર દેવ, ઇન્દુલાલ યાજ્ઞિક અને બંકિમ મુખરજી અખિલ હિંદ કિસાન સભાના આગેવાન નેતાઓ હતા. કિસાન સભાના હેતુઓ નીચે મુજબ હતા :

- આર્થિક શોષણથી ખેડૂતોને રક્ષણ
- જમીનદારી અને તાલુકદારી પદ્ધતિઓ જેવી જમીન માલિકીની પ્રથાની નાબૂદી
- જમીન મહેસૂલ અને ભાડામાં ઘટાડો
- દેવા મોકૂફીની નિશ્ચિત મુદત
- ધીરધાર કરનાર શાહુકારોને અધિકૃત પરવાના
- ખેત મજૂરોના વેતનનું ન્યૂનતમ ધોરણ
- વ્યાપારી પેદાશો માટે યોગ્ય કિંમત
- સિંચાઈની સગવડો વગેરે



KISAN SUPPLEMENT

**The All India Kisan Conference**

A conference of representatives of Kisan organisations of different provinces was held at Meerut on January 16th, 1936 under the presidentship of Shrimati Kamla Devi. The conference appointed a committee to organise the All-India Conference at Lucknow with a view to foster, co-ordinate, guide and help the various provincial and other local organisations and to generally strengthen the Kisan movement in the country.

The All-India Kisan Conference, was accordingly held at Lucknow on 11th and 13th April under the presidentship of Swami Sahajanand, the leader of the Kisan movement in Behar. More than one thousand delegates and visitors attended the conference. The representatives of the All Bengal Peasants' Federation, the Andhra Ryots' Association, the Punjab Peasants' Relief Committee, the U. P. Kisan Sangh, South Indian Federation of Peasants ... the Peasants ... Malabar, the ... and the K... Gujerat, C... deliber...

agrarian problem which was the most complicated in India

**RESOLUTIONS**

III The object of the Kisan movement is to secure complete freedom from economic exploitation and the achievement of full economic and political power for the peasants and workers and all other exploited classes.

The main task of the Kisan Movement shall be the organisation of peasants to fight for their immediate political and economic demands in order to prepare them for their emancipation from every form of exploitation.

The Kisan Movement stands for the achievement of ultimate economic and political power for the producing masses through its active participation in the national struggle for winning complete independence.

**ZEMINDARI SYSTEM MUST GO!**

In Bengal

And whereas the Zamindars etc., ... tenants ... their ... rack rent ... neglecting the irrigation sources. All such systems of landlordism shall be abolished, and all the rights over such lands be vested in the cultivators.

The Zemindari system was the root of all the trouble and he was determined to press for its complete abolition. He concluded ...

This conference protests against the arrest and detention of Syt. Subhash Chandra Bose, our distinguished patriot and hopes that he will very soon be set at liberty to carry on our national struggle for freedom.

Issued by the All India Kisan Sabha

With a view to presenting in proper form the demands and grievances of the impoverished peasants of Bengal before the Bengal Land Revenue Commission, the Conference calls upon all progressive organisations in the province to co-operate with the District, Sub-divisional and Primary Congress Committees in launching a country-wide campaign.

16 'અખિલ ભારતીય ખેડૂત સભા'ના છાપાંઓમાં આવેલા લખાણમાંથી લીધેલાં અવતરણો

આના સંદર્ભમાં સ્વામી સહજાનંદના પ્રમુખપદે લખનૌમાં 1936માં 11થી 13મી એપ્રિલ સુધી અખિલ હિંદ કિસાન પરિષદ યોજાઈ. 1000થી વધારે પ્રતિનિધિઓ તથા મુલાકાતીઓએ તેમાં હાજરી આપી. પરિષદમાં ઉપરોક્ત માગણીઓના અનુસંધાનમાં ઠરાવો કરવામાં આવ્યા તથા જમીનદારી પદ્ધતિ નાબૂદ કરવા, ખેડૂતોનું શોષણ અટકાવવા તેમ જ તેમને સમાન આર્થિક અને રાજકીય હકો આપવા માટેના પ્રસ્તાવો પાસ કરવામાં આવ્યા.

ઉપરોક્ત માગણીઓનો બહોળો પ્રચાર કરવા કિસાન સભાએ સભાઓ યોજી તથા દેખાવો કર્યા અને સરકારને આ માગણીઓ સ્વીકારવા માટે દબાણ કર્યું. ફૈઝપુર ખાતેની પોતાની બીજી વાર્ષિક સભામાં અખિલ હિંદ કિસાન સભાએ ભારતની બ્રિટિશ સરકાર, જમીનદારો, તાલુકદારો, ઉદ્યોગપતિઓ તથા શાહુકારો જેવા શોષણખોરો સામે સંયુક્ત લડત આપવા માટે સામ્રાજ્યવાદ વિરોધી બધાં જ તત્ત્વોને ખાસ કરીને ખેડૂતો અને મજૂરોને અપીલ કરી. અખિલ હિંદ કિસાન સભાએ કૉંગ્રેસથી સ્વતંત્ર રીતે કાર્ય કરવાનો નિર્ણય લીધો અને જાહેર કર્યું કે ખેડૂતોની મુક્તિ ખેડૂત સંગઠન (કિસાન સભા) દ્વારા જ થઈ શકશે.

કિસાન સભાએ એક નવી જાતની લડત શરૂ કરી, જે મુખ્યત્વે જમીનદારો સામે હતી. બિહારમાં 1937-38માં બકશ્ટ નામે ઓળખાયેલી લોકપ્રિય લડત શરૂ કરવામાં આવી. બકશ્ટ એટલે જાતે-ખેડેલી જમીન. જમીનદારો ઘણી વખત જમીન ખેડતા ગણોતિયાને રુખસદ આપતા. 1937માં પ્રાંતોમાં કૉંગ્રેસ પ્રધાન-મંડળો રચાતાં કિસાન સભાએ વિચાર્યું કે બકશ્ટ જમીનની માગણી કરવાનો આ સમય બરોબર હતો. કિસાન સભાએ બકશ્ટ ચળવળ શરૂ કરી,જે દરમિયાન ખેડૂતો પોતાની હકાલપટ્ટી સામે લડ્યા. પરિણામે જમીનદારો અને ખેડૂતો વચ્ચે સંઘર્ષ થયો.

બંગાળમાં પણ કિસાન સભા ખૂબ સક્રિય હતી. બદવાન જિલ્લામાં દામોદર નહેરના બાંધકામ બાદ ખેડૂતો પર નહેર-વેરો નાખવામાં આવ્યો. કિસાન સભાએ નહેર-વેરો ઘટાડવા માટે સત્યાગ્રહ કર્યો. સરકારે કિસાન સભાની માગણી અંશતઃ સ્વીકારી તેથી લડત પાછી ખેંચી લેવામાં આવી. ઉત્તર બંગાળના જિલ્લાઓમાં હાટ-તોલા લડત શરૂ કરવામાં આવી જે ખેડૂતો મેળા અને હાટ (અઠવાડિક બજાર)માં ચોખા, ડાંગર, શાકભાજી અને ઢોર વેંચતા હતા, તેમની પાસેથી જમીનદારો કર ઉઘરાવતા હતા. ખેડૂતોએ આ કર આપવાનો ઇન્કાર કર્યો. કેટલીક વખત જમીનદારો આ બાબતમાં ખેડૂતો સાથે સમાધાન કરતા અને ગરીબ ખેડૂતોને આ કરમાંથી મુક્તિ આપતા.

1939માં પાક ઉગાડનાર ભાગીદારોની લડત શરૂ થઈ. ગરીબ ખેડૂતો જમીનદારોની જમીન ખેડતા અને તે બદલ તેઓ પાકનો અમુક હિસ્સો જમીનદારોને આપતા, પરંતુ તેમની જમીન ભોગવટાની કોઈ સલામતી ન હતી અને જમીનદારો તેમને ગમે ત્યારે રુખસદ આપી શકતા. 1939માં ભાગુઆત ખેડૂતો પાકને ખેતરમાંથી ખળામાં લઈ ગયા. આ પહેલાં તેમને પાક જમીનદારના કોઠારમાં લઈ જવો પડતો, જ્યાં પાકને વીણ્યા પછી જમીનદાર અને ગણોતિયા ખેડૂત વચ્ચે તેના ભાગ પડતા. ઉત્તર બંગાળના દીનાજપુર જિલ્લામાં આ લડત ઘણી પ્રબળ બની. સરકારે ખેડૂતો સાથે સમાધાન કર્યું. એવું નક્કી કરવામાં આવ્યું કે ભવિષ્યમાં ડાંગર જમીનદાર તથા ખેડૂત સંયુક્ત રીતે નિર્ણય કરે તે જગ્યાએ એકત્ર કરવામાં આવશે. આ રીતે લડત સફળ થઈ. અને ખેડૂતોને સંગઠનની શક્તિનો ખ્યાલ આવ્યો. તે જ રીતે ઓરિસ્સા અને આંધ્ર પ્રદેશમાં પણ આ સમયે ખેડૂતોનાં આંદોલનો થયાં. આંધ્ર પ્રદેશમાં ખેડૂતોને સંગઠિત કરવામાં એન.જી.રંગાએ સૌથી મહત્ત્વનો ભાગ ભજવ્યો.

## 28.11 કૉંગ્રેસ અને ખેડૂતો (The Congress and the Peasantry)

અગત્યનો પ્રશ્ન એ છે કે કૉંગ્રેસનો ખેડૂત ચળવળ પ્રત્યેનો પ્રતિભાવ કેવો હતો તથા ખેડૂતોનો કૉંગ્રેસ દ્વારા ચલાવાતી લડત પ્રત્યેનો અભિગમ કેવો હતો ? કૉંગ્રેસની નેતાગીરી ખેડૂતોની તાકાત તથા રાષ્ટ્રીય લડતમાં તેમના જોડાણની અગત્યથી સારી રીતે પરિચિત હતી. કૉંગ્રેસના નેતાઓ ખેડૂતોની ફરિયાદો તેમ જ મુસીબતોથી ચિંતિત હતા. આ ચિંતા નેહરુએ 1937માં કરેલ વિધાનમાં પણ વ્યક્ત થાય છે. "ભારતની મુખ્ય સમસ્યા એ ખેડૂતોની સમસ્યા છે, બાકીની બધી સમસ્યાઓ ગૌણ છે."

પરંતુ ભારતીય સમાજમાં પ્રભાવશાળી સામાજિક જૂથનું પ્રતિનિધિત્વ ધરાવતી કૉંગ્રેસની જમણેરી પાંખના નેતાઓને ભારતીય ખેડૂતોની વધતી જતી જાગૃતિ તેમ જ કિસાન સભાની જમીનદારી નાબૂદ કરવાની માગણીથી ભય લાગતો હતો. સામ્રાજ્યવાદ વિરોધી ચળવળને

# KISAN BULLETIN

## KISANS MARCH AHEAD

The Kisans of The United Provinces have been hit hard by recent hailstorms and showers which have ruined the rabi crops. Zemindari terrorism continues unabated. Still Kisans are organising themselves everywhere and are preparing to march ahead.

Rai Bareli Kisan Conference

On January 31, a divisional conference was held at Unchahar under the presidentship of Dr. Z. Ahmed and was attended by more than 10,000 Kisans. Messrs Harsha Dev Malaviya, Devanandan Pande and other leaders addressed the gathering. In his presidential address, Dr Ahmed explained the objects of the Kisan Sabha and its relation with the National Congress.

Munshi Kalika Prasad denounced the terrorism of the local zemindars and urged Kisans to be ready to march to ... ed by rains, congratulating Mr. Subhas Bose on his re-election as president and supporting the move to give an ultimatum to the British Government.

Kisan Week at Cawnpore

Kisan Week was observed in Cawnpore district from February 1 to 8. Mr. Arjun Arora inaugurated the week and addressed a big meeting at Kasaganj. Numerous meetings were held throughout the district and about 2,000 members were enrolled in the Kisan Sabha.

**Bengal Kisans On March**

*Jute Ordinance Protest Day* on October 12—Pursuant to the instructions of the secretariat of the B. P. K. C. most of the District Kisan Committees observed the All Bengal Jute Ordinance Protest Day on 15th October. Jute growers in the districts demanded Rs. 10/- as the minimum price of raw jute and protested against the Government's new attack on the peasants and the jute workers who have protested against the 30% wage-cut due to the ordinance. A workers' delegation is going to the jute-growing districts to initiate the joint struggle of workers and peasants.

*Hunger march to Santipur*—On the 2nd October last about a thousands peasants from the surrounding villages of Santipur marched in a huge procession shouting revolutionary slogans and waving the Red and the National Flags. Unprecedented scenes of enthusiasm were witnessed in the town and in the neighbouring villages when even hungry half-naked women and children came out in the street to join the Hunger March. These peasants lost their all during the heavy floods. Comrades Abdul Momin and Ananta Malaguri addressed the meeting and spoke on the demands for granting urgent relief to the hungry and homeless peasantry. Rice was distributed among the hunger-marchers by the local Kisan Sabha.

**Land Satyagraha In Bihar**

The struggle between zamindars ... the possession

**Malabar Kisans Forge Ahead**

The years 1933-34 witnessed the birth of a militant kisan movement in Malabar. The leftists and socialists formulated the peasants' demands which were adopted by the Provincial Congress Committee. A series of meetings and conferences were held in 1935-36, and the Congress election propaganda of 1936-37 gave a great impetus to the nascent kisan movement. The work of agitation was followed by organisation of taluka kisan committees in 1937. And in May last the representatives of these committees met to form the All Malabar Kisan Sabha.

## The Peasants World

## GUJERAT GOES FORWARD

A meeting of the Gujerat Provincial Kisan Sabha was held at Borsad (Dt. Kaira) on Feb. 12 under the presidentship of Mr. Ramalashankar Pandya. Among those present were Messrs D. M. Pangarkar, Indulal Yagnik and Chhotubhai Sudhla. At the outset it was announced that about 7000 members had been enrolled in the Kisan Sabha as compared to the 2500 enrolled last year.

**5000 Kisans' Hunger March**

About 5000 Kisans arrived at Madaripur on Feb. 13 and marched in a procession through the streets of the town in pursuance of their decision to hunger-strike in order to press the demands from Government. When the procession terminated in a meeting near the court premises, a telegram from the Premier was read in which he promised to send relief if the unconstitutional agitation was dropped. The peasants' march and great success have created a great ferment among the Kisans of the Bhul area in East Madaripur.

**Kisan Rally At Jalpaiguri**

More than 10,000 peasants, many of whom came on foot from long distances, marched through Jalpaiguri town with Red and National flags and banners inscribed with Kisans' demands on the occasion of the Provincial Conference. The Peasants' Rally was held in the Conference Pandal when Mr. Subhas Bose and Com. Bankim Mukerjee addressed the gathering. Order was maintained by a well disciplined Kisan Volunteers' Corps at the meeting. Great enthusiasm and eagerness prevailed among the peasants who attended the Rally and the Conference.

... of Bakasht lands has again broken out in the Barahia Tal (Monghyr District) since 10th October.

It will be remembered that when there was a struggle at this harvesting time last year and mounted police were posted there, Babu Rajendra Prasad and the Premier intervened in the matter and a compromise was arrived at according to which the zamindars promised to settle lands with the tenants or at least allow lands to them without hesitation for cultivation. But since then the zamindars (particularly of Barahia) have gone back on their word. The lands actually belong to the Kisans and they have been cultivating them since time immemorial. As the zamindars are forcibly trying to cultivate these lands for themselves the kisans are offering Satyagrah and are successfully obstructing the zamindars. More over, the lands already cultivated by the zamindars are sought to be recultivated nominally by the zamindars to prove their possession. This the kisans do not allow to be done.

About two dozen mounted police along with the same number of armed force are patrolling the area. None has been arrested so far. But there has been merciless beating of the kisan pickets by the zamindars and their men and about 60 persons have received various injuries. One of them got his teeth broken by a blow. An aged woman of about 60 got serious injuries and is lying in a hospital. Even minor children have offered satyagraha successfully. Young and old, men, women and children, all are taking part in it.

VIII *Minimum demands.* The peasants will immediately take all possible steps to achieve the following minimum demands:—

1. Cancellation of all arrears of rent and revenue.
2. Abolition of all Land Revenue Assessment and rent from uneconomic holdings.
3. The reduction by 50 per cent of rent and revenue and also of water-rates.
4. Abolition and penalisation of all feudal and customary dues and forced labour including Begar and illegal exactions.
5. The declaration of a 5 years' moratorium for all agrarian indebtedness.
6. An immediate enquiry to be made into the extent of repayment of the principal borrowed, interest thereon and the assessment of the assets and liabilities of the peasants.
7. Freedom from arrest and imprisonment for inability to pay debts, rents and revenue.
8. Immunity from attachment for all mi-

17. છાપાંઓમાં 'ખેડૂત ચળવળ'ની પ્રગતિને લગતા પ્રગટ થયેલા લેખોમાંથી લીધેલાં અવતરણો.

પ્રબળ બનાવવા તેઓ ખેડૂતોને ટેકો મેળવવા માગતા હતા, પરંતુ જમીનદારો વિરુદ્ધના ખેડૂતોની માગણીઓની તેઓ ઉપેક્ષા કરતા હતા. જ્યારે જ્યારે ખેડૂતો જમીનદારો વિરુદ્ધ આંદોલન કરતા હતા, ત્યારે ત્યારે કૉંગ્રેસની નેતાગીરી તેમને અંકુશિત કરવા પ્રયત્ન કરતી હતી. ડાબેરી પાંખના નેતાઓ કિસાન સભાની રચનાને કૉંગ્રેસ માટે પડકારરૂપ માનતા હતા. મહાદેવ દેસાઈએ વિધાન કર્યું કે :

> "જો કિસાન સભા ખેડૂતો અને જમીનદારો વચ્ચે આંતરિક કલહ ઊભો કરે, તો કૉંગ્રેસના હેતુને નુકસાન થાય. રાષ્ટ્રનાં જુદાં જુદાં તત્ત્વો સાથે કઈ રીતે કામ લેવું તે કૉંગ્રેસ સારી રીતે જાણે છે. નીતિ નક્કી કરવાનું કાર્ય કૉંગ્રેસનું છે અને દબાણ કે ધમકીથી કૉંગ્રેસ પાસે આવી નીતિ નિશ્ચિત કરાવવાનું વ્યક્તિઓ કે જૂથોનું કામ નથી."

કિસાન પત્રિકાએ કિસાનોની સમસ્યાઓના ઉકેલ માટે નીચેની માગણીઓનો તાત્કાલિક સ્વીકાર કરવાની રજૂઆત કરી હતી :

1. અગાઉનાં બધાં જ ભાડાં અને મહેસૂલના કર રદ કરવા.
2. બિન-આર્થિક જમીનોના કર તેમ જ ભાડાની નાબૂદી.
3. મહેસૂલ તથા ભાડામાં 50 ટકાનો ઘટાડો અને પાણીના કરમાં પણ ઘટાડો.
4. બેગર અને એવા ગેરકાયદેસર ઉઘરાણાં સહિતના વેઠ તેમ જ બધા જ રૂઢિગત સામંતશાહી લાગાઓની નાબૂદી.
5. ખેડૂતોના બધા જ દેવાં માટે પાંચ વર્ષ સુધી મોકૂફી જાહેર કરવી.
6. ખેડૂતોએ કરેલ દેવાં તેમ જ તે પરના વ્યાજ અને ચુકવણી સંબંધે તથા ખેડૂતોની માલ-મિલકત અને આર્થિક જવાબદારીઓ પરત્વે તાત્કાલિક તપાસ.
7. દેવાં, ભાડાં તેમ જ મહેસૂલની ચુકવણીની અશક્તિ સંબંધમાં ખેડૂતોને ધરપકડ અને જેલની સજામાંથી મુક્તિ.
8. બધી જ પ્રકારની જપ્તીમાંથી મુક્તિ.

કિસાન સભા તથા કિસાનોની લડતોને લક્ષ્યમાં લેતાં એ નોંધવું જોઈએ કે કિસાન નેતાઓએ કદી પણ કૉંગ્રેસ વિરુદ્ધ કાર્ય કર્યું ન હતું. તેઓને કૉંગ્રેસ અને દેશની સ્વતંત્ર કરવાની તેની કામગીરીમાં પૂરી શ્રદ્ધા હતી, પરંતુ કૉંગ્રેસની જમણેરી પાંખથી જુદું મન્તવ્ય ધરાવતા કિસાન નેતાઓ કિસાનો તેમ જ દેશને માત્ર બ્રિટિશ શાસનથી જ નહિ, પરંતુ સાથોસાથ જમીનદારો તથા મૂડીપતિઓના વર્ચસ્વથી પણ મુક્ત કરવા માગતા હતા. આ મુદ્દા પર જ કૉંગ્રેસ નેતાઓ તેમ જ કિસાન નેતાઓ વચ્ચે મુખ્ય મતભેદ હતો. સહજાનંદે 4થી ઑક્ટોબર, 1939ના રોજ આપેલ વ્યાખ્યાનથી ખેડૂતોનું કૉંગ્રેસ પ્રત્યેનું દૃષ્ટિબિન્દુ સ્પષ્ટ થાય છે :

> "અમે કૉંગ્રેસ સાથે તેના ચમત્કાર કે રહસ્ય માટે નહિ, પરંતુ તે દેશની પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવે છે તથા કટોકટીને સમયે તેણે અયોગ્ય પગલું લીધું નથી માટે જોડાએલ રહીશું. મુક્તિ માટેના રાષ્ટ્રીય સંગ્રામની કટોકટીની પળોમાં અમે યોગ્ય નિર્ણયો લઈને કૉંગ્રેસના હાથ મજબૂત કરીશું."

## તમારી પ્રગતિ ચકાસો (ચ)

1. 1920 દરમિયાન ઉત્તર પ્રદેશમાં ખેડૂતોની લડત કઈ રીતે શરૂ થઈ ? આશરે 100 શબ્દોમાં જવાબ આપો :

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

......................................................................................

..............................................................................................................

..............................................................................................................

2. અખિલ હિંદ કિસાન સભાની મુખ્ય માંગણીઓ શી હતી ? આશરે 5 લીટીઓમાં જવાબ આપો :

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

3. તમારો જવાબ એક વાક્યમાં આપો :
   (i) ના-કરની લડત એટલે શું ?
   (ii) 1928ના બારડોલી સત્યાગ્રહના નેતા કોણ હતા ?
   (iii) બકશ્ટ જમીન એટલે શું ?
   (iv) પાકમાં ભાગીદાર કોણ કોણ હતા ?

## 28.12 સારાંશ

મજૂરોની મુસીબતો અને યાતનાઓએ ભારતમાં મજૂર ચળવળના વિકાસની યોગ્ય ભૂમિકા સર્જી; પરંતુ મજૂરોની નિરક્ષરતા, ભાષા, જ્ઞાતિ તેમ જ જાતિ પરત્વેના તેમના ભેદભાવો અને માલિકોના મજૂર સંઘ વિરોધી વલણથી ભારતમાં મજૂર સંગઠનની રચનામાં વિલંબ થયો.

આમ છતાં 1920 થી 1929 ની વચ્ચે મજૂર ચળવળ પ્રબળ બની. બહારનાએ પણ આમાં સહાય કરી. 1920માં અખિલ હિંદ કોંગ્રેસ મજૂર સંગઠનની થયેલી સ્થાપના આ દિશામાં સીમાચિહ્ન ગણાય. એ યાદ રાખવું જોઈએ કે અખિલ હિંદ કોંગ્રેસ મજૂર સંગઠનમાં કોંગ્રેસ નેતાઓ, સામ્યવાદીઓ, સમાજવાદીઓ તથા સ્વતંત્ર સભ્યોએ સાથે કાર્ય કર્યું.

1937થી મજૂર ચળવળનો વિસ્તાર વધ્યો. કોંગ્રેસે પ્રાંતોમાં પ્રધાનમંડળો રચ્યા. આનાથી લોકોની અપેક્ષાઓ વધી અને તેઓ મજૂર સંગઠનોમાં જોડાયા તથા હડતાળો પાડી. આ હડતાળોમાં સામ્યવાદીઓ અને સમાજવાદીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

કરવેરાના અતિ ભારણે, રુખસદના ભયે, જમીન પરના માલિક હકના અભાવે, અને જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારાએ તેમ જ આવા અન્યાયો પ્રત્યે સરકારની ઉપેક્ષાએ ખેડૂતોને બળવો કરવાની ફરજ પાડી.

1920 અને 1930 દરમિયાન ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં ખેડૂતોનાં શ્રેણીબદ્ધ આંદોલનો થયાં. ખેડૂતોએ કિસાન સભાઓ સ્થાપી અને નવી જાતની લડત શરૂ કરી. ખેડૂતોની લડત વિશેષતઃ જમીનદારો સામે હતી. ખેડૂતોની મધ્યસ્થ સંસ્થા તરીકે અખિલ હિંદ કિસાન સભાની સ્થાપના થઈ. આ સમયની ખેડૂતોની લડતોની આ એક કાયમી અસર હતી.

## 28.13 ચાવીરૂપ શબ્દો (Key Words)

**હાટ-તોલા** : ગામડાંના બજારમાં વેપારીઓ પરનો કર.

**જોબર** : કારખાનાં માટે મજૂરો મેળવી આપનાર મધ્યસ્થી.

**મહાજન** : ધીરધાર કરનાર વ્યક્તિ.

**મે દિવસ** : 1861માં અમેરિકામાં પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલ મજૂરોની યાદમાં દુનિયાભરમાં ઊજવાતો મજૂર દિન (1લી મે). આ મજૂરો દિવસના આઠ કલાકના કામ માટે આંદોલન ચલાવતા હતા.

**કબજા અધિકાર** : પોતાના કબજા હેઠળની જમીન ખેડૂત જ્યાં સુધી ખેડે ત્યાં સુધી તેને તેમાંથી હટાવી શકાય નહિ તેવા હકનો સ્વીકાર; પરંતુ તેઓ આ જમીનના માલિક ગણાય નહિ.
**જમણેરી પાંખ** : સમાજવાદના વિરોધી એવા કૉંગ્રેસના નેતાઓ.
**હડતાળ** : ચોક્કસ માગણીઓનો સ્વીકાર ન થાય ત્યાં સુધી કામ કરવાનો મજૂરોનો ઇન્કાર.
**મજૂર સંબંધી શાહી કમિશન** : ભારતીય મજૂરોની સ્થિતિની તપાસ માટે બ્રિટિશ સરકાર મારફત નિયુક્ત થયેલ કમિશન.
**મજૂર સંગઠન-પદ્ધતિ** : મજૂર સંગઠનોની વિચારસરણી, કાર્યપદ્ધતિ અને વ્યવસ્થા.

## 28.14 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. મજૂરો ઘણી દુઃખદ સ્થિતિમાં જીવન જીવતા હતા. તેઓને રજા, કામની સલામતી તથા વૃદ્ધાવસ્થામાં પેન્શનની કોઈ જોગવાઈ ન હતી.(વિભાગ 28.2 જુઓ.)
2. (i) ના (ii) હા (iii) હા (iv) હા (v) ના (vi) ના

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. મજૂર સંગઠન એ કામદારોનું મંડળ છે. (પેટા વિભાગ 28.3.1 જુઓ.)
2. મજૂર સંગઠન શોષણ સામે સંગઠિત રીતે લડવાની મજૂરોની તક પૂરી પાડે છે. (પેટા વિભાગ 28.3.1 જુઓ.)
3. કેટલીક વ્યક્તિઓએ કામદારોની યાતનાઓ જોઈને તેમની સ્થિતિ સુધારવા તેમને શિક્ષિત અને સંગઠિત કરવાના પ્રયત્નો કર્યા. (પેટા વિભાગ 28.3.2 જુઓ.)
4. મજૂર સંગઠન રચવાનો વિચાર ક્રમશઃ મજૂરોમાં લોકપ્રિય થતો જતો હતો. છેવટે મજૂરોના મધ્યસ્થ મંડળ તરીકે અખિલ હિંદ મજૂર સંઘ કૉંગ્રેસની રચના થઈ. (પેટા વિભાગ 28.3.3 જુઓ.)

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. મજૂરોની મુસીબતોને કારણે મજૂર ચળવળ મજૂરોમાં લોકપ્રિય થઈ. બહારના નેતાઓએ સભાઓ, અરજીઓનાં લખાણ અને મજૂરોના હક વિશે આપેલ શિક્ષણથી મજૂર ચળવળને મદદ મળી. (વિભાગ 28.4 જુઓ.)
2. વસ્તુઓની કિંમતમાં વધારો, કારખાનાંઓને તાળાબંધી, મજૂરોની હકાલપટ્ટી વગેરે. (વિભાગ 28.5 જુઓ.)
3. દેશના અર્થતંત્રમાં સુધારો, અખિલ હિંદ કૉંગ્રેસ મજૂર સંગઠનમાં ફરી સ્થપાયેલ એકતા, પ્રાંતોમાં કૉંગ્રેસ પ્રધાનમંડળોની રચના વગેરે. (વિભાગ 28.6 જુઓ.)

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. ખેડૂતોને કબજા હક નહિ, જમીન પરથી હકાલપટ્ટીનો ભય, મહેસૂલનો ભારે બોજો વગેરે. (વિભાગ 28.7 જુઓ.)
2. (i) √ (ii) √ (iii) × (iv) × (v) ×

### તમારી પ્રગતિ ચકાસો (ચ)

1. તાલુકદારો દ્વારા ખેડૂતોને ત્રાસ, બાબા રામચંદ્રે ખેડૂતોને એકત્ર કરવા કરેલ પહેલ તથા લડતનો વિકાસ – જવાબના મુખ્ય મુદ્દાઓ (વિભાગ 28.8 જુઓ.)
2. આર્થિક શોષણમાંથી ખેડૂતોનું રક્ષણ, જમીનદારોની નાબૂદી, મહેસૂલ અને ભાડામાં ઘટાડો વગેરે – જવાબના મુખ્ય મુદ્દાઓ (વિભાગ 28.10 જુઓ.)
3. (i) સરકારને જમીન મહેસૂલ આપવાનો ઇન્કાર
   (ii) વલ્લભભાઈ પટેલ
   (iii) જાતે કેળવેલી જમીન
   (iv) ભાગીદારના ધોરણે ગરીબ ખેડૂતો મારફત જમીનનું ખેડાણ

# કેટલાંક ઉપયોગી પુસ્તકો

Bipan Chandra; *Nationalism and Colonialism in Modern India* (Orient Longman, New Delhi, 1979).
A. R. Desai; *Peasant Struggles in India* (O. U. P., New Delhi, 1979).
D. N. Dhanagare : *Peasant Movements in India* ( O. U. P., New Delhi, 1983).
Kapil Kumar, *Congress and Classes* (Manohar, New Delhi, 1988).
Geetanjali Pandey : *Between Two Worlds, An Intellectual Biography of Premchand* (Manohar, New Delhi, 1989).
Sumit Sarkar : *Modern India* (Macmillan, New Delhi, 1982).
Sukomal Sen : *Working Class of India : History of Emergence and Movement* (K. P. Bagechi, Calcutta, 1977).
Pattabhi Sitaramyya; *History of Indian National Congress,* Vol. I (Padma, Bombay, 1947).

નોંધ

# નોંધ